અમરસિંહ.

(એક ઐતિહાસિક નવલકથા.)

અનુવાદક,

માણેકલાલ કાલિદાસ ભટ્ટ.
પ્રે૦ રા. ટ્રે. કૉલેજ—અમદાવાદ.

છપાવી પ્રસિદ્ધ કરનાર,
સોમચંદ ભગવાન શાહની કંપનિ,
પાનકોરને નાકે,—અમદાવાદ.

અમદાવાદ—શાહપુર નવીપોળમાં આવેલા શ્રી "પ્રજાહિતાર્થ મુદ્રાલય" પ્રેસમાં પટેલ ડાહ્યાભાઇ દલપતરામે છાપી.

સંવત્ ૧૯૭૫. સને ૧૯૧૯.
આવૃત્તિ પહેલી. પ્રત ૧૨૦૦.

કિંમત રૂ. ૧—૪—૦

પ્રસ્તાવના.

આ ઐતિહાસિક નવલકથા શ્રીયુત બાબુ નનીલાલની બંગાળી નવલકથા ‘ કોહેનૂર ’ નો અનુવાદ છે.

અભ્યાસને ખાતરજ આ અનુવાદ કરવામાં આવ્યો હતો; છતાં કેટલાક સ્નેહીઓની ઇચ્છાથી એને પ્રસિદ્ધ કરવાનો વિચાર થયો, અને તે અમલમાં પણ મૂક્યો.

બંગાળી ભાષાનું બંધારણજ પુષ્કળ સંસ્કૃત શબ્દોવાળું છે; આથી બંગાળીમાંથી જે અનુવાદો કરવામાં આવે છે, તેમાં સ્વાભાવિક રીતેજ સંસ્કૃત શબ્દો વધુ આવી જાય છે. આ અનુવાદ પણ એમાં અપવાદ નથી; છતાં અમુક અમુક પ્રસંગો બાદ કરતાં એની ભાષા બને તેટલી સરળ કરવા પ્રયત્ન કરેલો છે.

આ નવલકથા લગભગ બે વર્ષ જેટલે લાંબે સમયે છાપખાનામાંથી છપાઇને બહાર પડતી હોવાથી એમાં જોડણી વગેરેનું એકસરખું ધોરણ સાચવી શકાયું નથી, એમ સાફ કહી દેવામાં અડચણ નથી; છતાં તેમ કરવા પ્રયત્ન કર્યોજ નથી, એમ પણ નથી.

માણેકલાલ કાળિદાસ ભટ્ટ

અનુક્રમણિકા.

પૃષ્ઠ.

ઉપક્રમણિકા. 1-24

ખંડ પહેલો.

પરિચ્છેદઃ—

૧.	જાલીમ બાદશાહ.	૨૫
૨.	રાઠોડ વીર.	૩૩
૩.	શમશેરઅલી.	૪૨
૪.	વિચિત્ર ફકીર.	૫૦
૫.	ફકીરની સલાહ.	૫૭
૬.	રાજપૂત માતા.	૬૪
૭.	માર્ગદર્શક.	૭૦
૮.	કાફિર કે મુસલમાન ?	૮૦
૯.	મનુષ્ય કે ભૂત.	૮૯
૧૦.	આ પણ શું સ્વપ્ન છે ?	૯૫
૧૧.	વિદાય.	૧૦૦
૧૨.	પકડાયા.	૧૦૪
૧૩.	દરબાર.	૧૦૯
૧૪.	હાલ સમય નથી.	૧૧૭

ખંડ બીજો.

૧.	અરવલ્લી પહાડ પર ચઢવું.	૧૨૩
૨.	અંતરમાં પ્રેમ.	૧૨૮
૩.	મંગલ આરતિ.	૧૩૪

૪. વિજયપાલ. ૧૩૬
૫. બાદશાહનો પત્ર. ૧૪૨
૬. વીર-પ્રદર્શની. ૧૫૦
૭. જયમાળા. ૧૫૭
૮. સ્વર્ગમાં પિશાચ. ૧૬૦
૯. રક્ષા-બન્ધન. ૧૬૬
૧૦. દેશનિકાલ. ૧૭૪
૧૧. બદલો. ૧૮૧
૧૨. કાળાપહાડનું સ્વપ્ન. ૧૮૫
૧૩. શેતાની. ૧૯૫
૧૪. કેશરી અને શૃગાલ. ૨૦૨
૧૫. અગળા કે પ્રગળા ? ૨૦૭
૧૬. ચિર-સંન્યાસ. ૨૦૯

ખંડ ત્રીજો.

૧. કાળાપહાડનો પ્રસ્તાવ. ૨૨૦
૨. બે સંન્યાસિની. ૨૨૮
૩. સંન્યાસિનીની ભિક્ષા. ૨૩૬
૪. ફકીરનો પ્રસ્તાવ. ૨૪૦
૫. તોરણ-પ્રવેશ. ૨૪૪
૬. ભારતની રમણી. ૨૪૮
૭. રમણી-હૃદય. ૨૫૨

અમરસિંહ.

ઉપક્રમણિકા.

(૧)

આજ રાજસ્થાનમાં આહેરનો ઉત્સવ છે. જન-કોલાહલ-પૂર્ણ રાજનગર આજ જનશૂન્ય છે. રાજપથમાં પથિક નથી; ઘરમાં મરદ નથી; રાજધાનીમાં કોલાહલ નથી. આજ બાલક, વૃદ્ધ, યુવક સર્વ એકઠા થઇ મૃગયા કરવા માટે ગિરિકન્દરાઓમાં અથવા શૈલશિખર પર ગયા છે. હમણાંજ સૂર્યાસ્ત થયો છે; છતાં પશુયુદ્ધની રંગભૂમિમાંથી હજુ સુધી કોઇ પાછું ફર્યું નથી. અન્યાન્ય દિવસે સંધ્યાકાળ પહેલાંજ રાજ-સમુદ્ર ઝીલના કિનારે લોકની ભારે ભીડ થતી હતી; કિન્તુ આજ અત્યારસુધી ત્યાં કોઈએ આવ્યું નથી. કેવળ રાજ-સમુદ્રના કિનારે આવી રહેલા વિષ્ણુ-મંદિરના દરવાજા ઉપર શિશિર-મથિતા-પદ્મિની જેવી એક શુભ્રવસના, છૂટા કુન્તલવાળી, વિધવા યુવતી ફૂલ અને બીલીપત્ર સામે રાખી, હાથ જોડી, શિર નમાવી, અધખુલાં નયનો રાખી, કાતર વચનોથી પ્રભુ પાસેથી વરદાન માગી

રહી છે. એનાથી થોડે દૂર શુક્લપક્ષની દશમીના અપૂર્ણ કળાવાળા ઈન્દુના જેવી દશ વર્ષની એક બાલિકા કુસુમ-ગુચ્છથી નમી ગએલા કિંશુક–તરુની નીચે ઉભી ઉભી આકાશ તરફ જોઈ રહી છે.

આજ વખતે એક પંદર વર્ષનો બાળક એ ઝીલના કિનારે આવી પહોંચ્યો. બાળકંનું શરીર લોહીથી તરબોળ છે, એની કમરે તલવાર લટકી રહી છે, અને એણે બે હાથમાં બે પક્ષી પકડી રાખ્યાં છે. પોતાના શરીર પરનું લોહી ધોવા માટે તે ઝીલના આરાનાં પગથીઆં પર આવી ઉભો, અને પક્ષીઓને કયાં રાખવાં તેના વિચારમાં પડયો. તેમને છૂટાં મૂકી જતાં તો તે ઉડીને પાછાં રાનમાં ચાલ્યાં જાય એમ હતું. હવે શું કરવું ? એટલામાં આમ તેમ જોતાં તેણે કિંશુક–વૃક્ષની નીચે ઉભી રહી આકાશ સામું જોઇ રહેલી પેલી બાલિકાને જોઇ. તેણે તેની પાસે જઈ પૂછ્યું: “ તું કોણ છે ? અહિં એકલી ઉભી ઉભી આકાશ સામું કેમ જોઇ રહી છે ?”

બાલિકાએ એક ઉંચી ડાળી તરફ આંગળી કરી કહ્યું: “ પેલું જુઓ, કેવું મોટું ને સુંદર ફૂલ ખીલી રહ્યું છે!”

“ તને એ ફૂલ ચૂંટી લેવાની ઇચ્છા છે ?”

"કેવી રીતે ચૂંટી લઈ શકું? એ તો બહુ ઉંચે ફૂલી રહ્યું છે."

બાળકે હસીને કહ્યું: "ઉંચી ડાળી પરનું ફૂલ શું કોઈજ તોડી શકતું નહિ હોય?"

બાલિકા બંને પક્ષીઓને પકડી, ખુશખુશ થતી વૃક્ષ તરફ જોઈ બોલી:

"પણ તમારા શરીરમાં ઘણાક કાંટા ભોકાશે જો!"

બાળકે કહ્યુ: "કાંટા ભોકાવાના ભયથી શું રજપૂત ફૂલ ચૂંટવાથી ડરી જતા હશે કે?

સાંભળ, આજ કની, હું પહાડ ઉપર પશુયુદ્ધમાં ગયો હતો; ત્યાં મને બાળક જાણી સર્વેએ પાછળ રહેવાને કહ્યું. એટલામાં એક જંગલી સુવર અને સોલંકી સેનાપતિ વિક્રમ-સિંહ વચ્ચે સન્મુખ–યુદ્ધનો આરંભ થયો. જોતજોતામાં સેનાપતિ શિથિલગાત્ર થઈ ગયા, અને સુવર પોતાના તીક્ષ્ણ દાંતથી એમનું હૃદય ચીરી નાખે એવો પ્રસંગ આવી રહ્યો. તેજ વખતે હું પાછળથી હાથમાં તલવાર લઈ ધસી ગયો. અને સેનાપતિની આગળ જઇ ઉભો રહ્યો. આ જો મારી છાતીમાં સુવરના દાંતનાં નિશાન છે! હજુ પણ જો આ લોહી વહી રહ્યું છે! એવે સમયે પણ શું હું લગારે ડર્યો હતો કે? એ પછી આ બે પક્ષીઓ પકડવા હું રાનમાં

ઘુસ્યો હતો, ત્યારે પણ મારા શરીરમાં કેટલાએ કાંટા ભચો-ભચ પેસી ગયા હતા! તો હવે શું . હું આ એક ફૂલ તોડવામાં કાંટાથી ડરી જઈશ ?"

આ સાંભળી બાલિકા ફૂલ મળવાની આશાથી પ્રસન્ન થઈ ગઈ; પરંતુ તે મનમાં ને મનમાં જરા ડરતી હતી, કે ફૂલ તોડતાં આ વીર બાળકના દેહમાં રખેને કાંટા પેસી જાય! બાલિકાએ આવા વિચારથી પોતાના ગાલ પર આવી રહેલા વાંકડીઆ વાળને હાથ વડે ઉંચે ચઢાવતાં કહ્યુ: "પણ જુઓ, ફૂલ તોડવા જતાં તમને કદી કાંટા વાગે તો મને દોષ ન દેશો."

બાળકને લાગ્યું, કે આ બાલિકાનું મુખમંડળ જેવું સુંદર છે, તેવી એની વાતો પણ સુંદર છે!

ભગવાન્ સૂર્યનારાયણ અસ્ત પામી ચૂકયા છે. સંધ્યા-સમયનાં લાલ સૂર્ય-કિરણ બાલિકાના બાલેન્દુ સમાન વદન-મંડળ પર પડી તેને અધિક ઉજ્જવલ બનાવી રહ્યાં છે. પપૈયો સંભ્રમ સ્વરે લોક-મનો-મોહિની સુધાંશુ-પ્રણયિની તાન મારી રહ્યો છે. રાજ-સમુદ્રની તરંગમાળા સંગેમરમરના પગથીઆંને ધોતી પ્રેમ-કલ્લોલ ને પુલક-હિલ્લોલથી નાચી રહી છે. તરંગ-આલિંગનથી પોતાના તાપે તપેલા ચંચલ-દેહને શીતળ કરી જાણે રાત્રિને મળવા જતો હોયની એમ

સમીર ત્વરિત ગતિએ વહી રહ્યો છે! કોઈ ગૌરાંગીના નીલ-વસનમાં આવી રહેલી હીરાકણીઓ જેવો તારકસમૂહ આકાશ-પ્રાન્તમાં શોભી રહ્યો છે. ભગવાન્ શીતરશ્મી નીલાંબરમાંથી મુખમંડળ બહાર કાઢી આશા યા નિરાશાના ભરોસા કે ભયથી ચારે તરફ દૃષ્ટિપાત કરી રહ્યા છે.

બાળકે એક વાર ચોતરફ જોયું; પછી બાલિકાનાં ચકિત હરિણીના જેવાં ચંચલ નેનો તરફ જોતાં કહ્યું: "તારે માટે ફૂલ તોડતાં કદાપિ આ શૈલખંડોનો સઘળો કંટકસમૂહ મારા હૃદયને વીંધી નાખશે, તોપણ હું તારા ઉપર નારાજ નહિ થાઉં, ને તને દોષ નહિ દઉં!"

બાળક કૂદતોકને કાંટાવાળા વૃક્ષ ઉપર ચઢી ગયો. આ સમયે બાલિકાના હાથમાંનું એક પક્ષી અચાનક ઉડી ગયું. બાળક ફૂલ તોડી સત્વર નીચે ઉતર્યો; અને બાલિકાના હાથમાં એકજ પક્ષી જોઈ પૂછ્યું: "કેમ, બીજું પક્ષી કેમ ઉડાડી મૂક્યું?"

"શું મેં જાણીજોઇને ઉડાડી મૂક્યું છે?"

"ત્યારે કેવી રીતે ઉડી ગયું?"

"હું બેધ્યાન થઇ તમે ફૂલ તોડતા હતા તે તરફ જોઈ રહી હતી:—

અને આ પ્રમાણે—આ હવે—આ બીજુંએ ઉડી ગયું!"

આમ બાલિકાના હાથમાંથી બંને પક્ષીઓ ઉડી ગયાં; છતાં બાળક નારાજ ન થયો. બાલિકાના લજ્જા અને ક્ષોભથી લાલચોળ થઇ ગએલા મુખ તરફ જોઈ તેણે કહ્યું: "આ ફૂલ લે. હું હમણાં એ બંનેને પકડી લાવું છું; તું જરા અહિં ઉભી રહેજે."

બાળક ફરી પહાડ તરફ દોડી ગયો.

જે વિધવા યુવતી મંદિરના દરવાજે બેસી પૂજન કરી રહી હતી, તેની પૂજા સમાપ્ત થઇ ગઈ. તેણે બાલિકાની પાસે આવી ચુંબન લેતાં કહ્યું: "ચાલો દિકરી, સંધ્યાકાળ થઇ ગયો છે, અને રાણાને પાછાં ફરવાનો સમય પણ થઇ ગયો છે."

બાલિકાને સાથે લઇ તે ચાલી. કેટલેક દૂર ગયા પછી તેણે પૂછ્યું: "બેટા, વારંવાર એ પહાડ તરફ શું જોયા કરે છે?"

બાલિકાએ આંખમાં ઝળઝળીઆં સાથે કહ્યું: "જોને મા, એ તો હજુય પાછા ન આવ્યા!"

(૨)

એક દિવસ ઉનાળામાં મધ્યાહ્ન સમયે ઉદેપુરના રાજપ્રાસાદમાં મહારાણા જયસિંહની પટરાણી કર્ણાવતી

ઉદાસ ચહેરે, નીચે મોઢે પલંગ ઉપર બેઠી હતી. કંઇ દિવસથી મહિષીના દિલમાં શાન્તિ ન હતી. એનો પંદર વર્ષનો કુમાર **અમરસિંહ** આજ બે મહિના ઉપર **આહેર** ઉત્સવને દિવસે પહાડ ઉપર શિકાર ખેલવા ગયો હતો. એ દિવસથી તેને કોણ જાણે શું થઈ ગયું છે, કે તે એકલો ઉદાસીમાં બેસી રહે છે. વખતે ભોજન પણ કરતો નથી, અને કોઇની સાથે ખુલાસાથી વાત પણ કરતો નથી. કોઈ કોઇ વખત રાત્રિએ એકલો **રાજ–સમુદ્ર**ના કિનારા પર જઇને બેસી રહે છે. કોઈ પૂછે છે, તો તેને સાફ જવાબ પણ આપતો નથી. બે મહિનામાં તરેહતરેહના ઉપાયો કરી કેટલાએ વૈદ્યોને બતાવ્યા છતાં, અને તેમના કહેવા પ્રમાણે ઔષધોપચાર કરવા છતાં, પુત્રની ઉદાસીને મહારાણી કોઇ પણ પ્રકારે દૂર કરી શકી ન હતી.

દેવી **કર્ણાવતી**ની પાસેજ બીજા પલંગ પર બેસી નાની રાજરાણી **કમલાદેવી** દર્પણમાં જોઇ પોતાના હાથવડે કેશ-કલાપ સમારી રહી હતી. વચ્ચે વચ્ચે કોકિલના જેવા સુમધુર કંઠે કંઇ ગણગણતી પણ જતી હતી. પાછળ દાસી ચુપકીથી ઉભી રહી હતી. ઇતિહાસ જાણનાર પાઠકોને સ્મરણ હોવુંજ જોઈએ, કે **પરમાર** રાજવંશમાં જન્મેલી રાણી **કમલાદેવી** ઇતિહાસમાં "અભિમાનિની રાણી"ના નામથી પ્રખ્યાત છે.

કમલાવતીએ કેશ સમારી દર્પણમાં પોતાના તાંબુલના રંગથી રંગાએલા અધરનું નિરીક્ષણ કરતાં કરતાં કર્ણાવતી પ્રત્યે કહ્યું: "મોટી બેન, તમે તો કોઇની વાતજ કાને ધરતાં નથી; જે તમારા મનમાં આવે છે તેજ કરે જાઓ છો! મારી સલાહ માની હોત, તો અત્યારે તો ક્યારનુંએ બધું ઠીક થઈ ગયું હોત."

"કઈ સલાહ બેન?"

"જો મારી વાત સાંભળો તો કહું; નહિતો વ્યર્થ અરણ્ય-રુદનથી શો લાભ?"

"સાંભળીશ; કેમ નહિ સાંભળું બેન? અમર જેવો મારો છે, તેવો તમારોએ છે. મારે પેટે જન્મ્યો, તેથી શું તમારે કંઈ નહિ?"

"હું તો એમજ સમજું છું; પણ લોક એમ નથી સમજતા! ખેર; હવે હું એમ કહું છું, કે વાર ન કરતાં શીઘ્ર કુમારનાં લગ્ન કરી નાંખો. મેં તે દિવસે એને બહુ બહુ પૂછપાછ કરી ત્યારે જણાયું, કે રાજ-સમુદ્રના કિનારા ઉપર એક દિવસ એને એક સુંદર બાલિકાની મુલાકાત થઇ હતી. એ પછી તેને કોઇ દિવસ ન દેખી શકવાથી એનું મન બહુ ઉદાસ રહ્યાં કરે છે. મને સંપૂર્ણ વિશ્વાસ છે, કે એક સુંદર કુમારિકાની શોધ કરી કાઢી તેની સાથે

કુંવરનું લગ્ન કરી નાખવાથી સઘળી પીડા આપોઆપ પતી જશે."

કર્ણાવતીએ લગાર આશ્ચર્ય પામી પૂછયું, "લગ્ન કરવાથીજ જો એમ થઈ જતું હોય, તો પછી ચિંતાજ શી હતી ?"

કમલાદેવી અભિમાનથી ઉઠી ઉભી થઈને બોલી: "હું સારી પેઠે જાણું છું, કે મારી વાત તમને પસંદ નહિજ આવે. મેં તો તમને પહેલાંથીજ નહોતું કહ્યું, કે તમને સલાહ આપવી એ અરણ્ય-રુદન કરવા જેવું છે."

કર્ણાવતીએ જરા શરમાઇ કહ્યું: "ગુસ્સે ન થશો બેન ! જેથી સારૂં થઇ જાય એવીજ સલાહ હું આપને પૂછું છું. ધારો કે લગ્ન કરી નાખવું એજ નિશ્ચય થયો; પરંતુ જે બાલિકા કુમારને રાજ-સમુદ્રના કિનારે મળી હતી તે મળશે કયાં ? અને તેનો પત્તો એ શી રીતે લાગશે કે તે કોણ હતી ?"

"બેન, માનોની કે તે આકાશમાંથી આવી પડી હતી ! પણ તેથી શું ? શું તેના વિના અન્ય કોઇ રૂપ-લાવણ્ય-યુકત કુમારિકા પૃથ્વીમાં હોયજ નહિ કે ? ઉદેપુરના મહારાણાના કુંવર માટે સુંદર કન્યાઓની શું ખોટ પડી ગઈ છે કે ? સેનાપતિ વિક્રમસિંહની કન્યા વિલાસકુમારીના

જેવી સર્વાંગ–સુંદર કુમારી આજ સુધીમાં કોઇએ કદાપિ જોઈ પણ નહિ હોય! તેની સાથેજ કુમારનું લગ્ન કેમ ન કરી નાખવું ? ઠીક યાદ આવ્યું બેન ! મારો આગ્રહ છે, કે તમે જરૂર વિક્રમસિંહ સોલંકીની કન્યા વિલાસકુમારી સાથે અમરનું લગ્ન કરી નાખો. તમે પણ તેને જોઇ તો હશેજ ?"

"ના; મેં તેને કદાપિ જોઇ નથી."

"અહા ! માનો બેન, એ એક સાધારણ બાલિકા નહિ, પણ સાક્ષાત્ વીણાપાણિ દેવી સરસ્વતીનોજ અવતાર છે ! આ વખતે જ્યારે હું પિયર ગઇ હતી ત્યારે વિક્રમ-સિંહ મારી સાથે આવ્યા હતા. એમની સાથે એમની એ મોં–જોઈ પુત્રી પણ હતી. બેન, વિશેષ વખાણની જરૂરજ નથી; તમે મારી એ લાલસા પૂરી કરો—વિલાસકુમારી સાથે અમરનાં લગ્ન કરી નાખો. આમ કરશો તો હું કદી તમારી સાથે લડીશ નહિ, કે તમારી વાત ઉથાપીશ નહિ."

"બેન, ધારો કે મેં સેનાપતિ વિક્રમસિંહ સોલંકીની પુત્રી વિલાસ સાથે અમરનાં લગ્ન કરી નાખવાની હા પાડી; પણ શું રાણાજી આટલી નાની ઉંમરે પુત્રનાં લગ્નની હા પાડશે ખરા ?"

"એ મારે માથે ! શું રાણાજીને આંખો નથી ? શું

તે જોતા નથી, કે મારા સોનાસમા પુત્રનું શરીર દિન પર દિન ગળાતુંજ ચાલ્યું જાય છે ? રાણાજીમાં શું એટલીએ બુદ્ધિ નથી, કે માત્ર લગ્ન કરી નાખવાથીજ બંને તરફની નિરાંત થઇ જશે એમ સમજી ન જાય ?"

કુર્ણાવતીએ મનમાં ને મનમાં કહ્યું: "રાણાજીને બુદ્ધિ આપનારી તો બેન તુંજ છે તો !" પછી મોટેથી બોલી: "માનોની બેન, કે તેમણે હા પાડી; પણ કદાચ અમરજ એ લગ્ન કરવા રાજી નહિ હોય તો ?"

"ના બેન, તમારે પગે લાગું છું. હવે એમાં તમે તર્કવિતર્ક કર્યા ન કરશો. હું હમણાં જઈ રાણાજીને ખુશ કરી હા પડાવી આવું છું."

ચંચલબુદ્ધિ ને સરલ હૃદયની અભિમાનિની રાણી કમલાદેવીએ રાણા જયસિંહને પોતાની વાતથી રાજી કરી લગ્નની તૈયારી કરવાને સમજાવવા રાણાના શયન-ખંડમાં પ્રવેશ કર્યો. રાણા જયસિંહ સોનાના પલંગ પર આરામ લેવા આડા થતાં નિદ્રાવશ થઇ ગએલા હતા. રાણી કમલાદેવીના સાદર આલિંગનથી તેની ઉંઘ ઉડી ગઈ !

(૩)

અજમેર નગરથી કેટલેક અંતરે પહાડ ઉપર એક પુરાણો કિલ્લો હતો. એ કિલ્લો 'અચળગઢ'ના નામથી

અદ્યાપિ પણ મશહૂર છે. કિલ્લાના માલિક સોલંકી સેનાપતિ વિક્રમસિંહ થોડાક સૈન્ય સાથે એ કિલ્લામાં નિવાસ કરતા હતા. વિક્રમસિંહને માત્ર અગિઆરેક વર્ષની એકની એક પુત્રી 'દેવયાની' સિવાય આ જગત્‌માં અન્ય કોઇ ન હતું. દેવયાનીને નાના પ્રકારના વસ્ત્રાલંકાર સજવાનું બહુ ગમતું; તેથી તેના પિતાએ તેનું બીજું નામ 'વિલાસકુમારી' રાખ્યું હતું, અને સર્વ કોઈ તેને તેજ નામથી સંબોધતું. માત્ર એક વર્ષની ઉંમરેજ વિલાસકુમારીને પિતાને ખોળે સોંપી તેની માતાએ સ્વર્ગગમન કર્યું હતું. પત્નીના અવસાન પછી વિક્રમસિંહે ફરી લગ્ન કર્યું ન હતું. માતા-વિહીન વિલાસનું પાલણ-પોષણ કરવામાં પિતાનો સ્નેહ પરિપૂર્ણ-તાએ પહોંચ્યો હતો. વીર રજપૂતો પોતાના પુત્રને જેવી કેળવણી આપે છે, તેવીજ કેળવણી વિક્રમસિંહ પોતાની એકની એક બાલિકાને આપતા. તે પોતેજ તેને સંસ્કૃત શીખવતા, અસ્ત્રવિદ્યા શીખવતા, અને વખતોવખત શિકાર કે યુદ્ધસ્થાનમાં પણ તેને સાથે લઇ જતા.

સંધ્યાકાળ થતા પહેલાં સેનાપતિ પોતાના મહેલની અગાસી ઉપર બેઠા હતા. વિલાસકુમારી પિતાની પાસે ઉભી રહી કાંસકીથી તેમના વાળ ઓળતી ઓળતી કહેવા લાગી: "પંદર વર્ષના બાળકનું એવડું સાહસ! પિતાજી, મોટા થતાં તો કુમાર કોણ જાણે કેવાએ વીર થશે!"

વિક્રમસિંહે હસીને કહ્યું: " બેટા, કેટલીએ વાર તારે મોઢે એની એજ વાત સાંભળી છે !"

વિલાસકુમારીએ ઉત્તર આપ્યો: " પિતાજી, એ વીર બાળકની વાત વારંવાર મને યાદ આવ્યા વિના રહેતી નથી. આહેર ઉત્સવને દિવસે એણે આપને બચાવ્યા, તેથી હું એને અત્યંત ચાહું છું. જંગલી સુવરની સાથે યુદ્ધ કરતાં જ્યારે તમારા હાથમાંથી તલવાર પડી ગઈ, ત્યારે એ વીર બાળક તલવાર હાથમાં લઇ તમારી આગળ કદાચ ન આવ્યો હોત, તો સુવરના દાંત આપની છાતીને ભેદી નાખ્યા વિના રહેત કે ? પિતાજી, ખરેખરી વાત કહું છું, કે એ વીર કુમારને એક વાર નજરે નિરખવાનું મને બહુ મન થાય છે. "

" એમાં ચિન્તા શી છે બેટા ! આ વખતે જ્યારે રાણાજીને મળવા હું ઉદેપુર જાઉં, ત્યારે તું પણ જરૂર સાથે આવજે. ત્યાં હું કુમાર અમરસિંહ સાથે તારી મુલાકાત કરાવી આપીશ.—આ શું કર્યું બેન ! બધું તેલ મોં પર ઢોળી નાખ્યું !"

બાલિકાએ શરમાતાં શરમાતાં પિતાના મોં પરનું તેલ લૂછી લેતાં કહ્યું: " પિતાજી, આજજ રાણાજીને મળવા ઉદેપુર ચાલોની !"

આજ વખતે દાસીએ આવી ખબર આપી, કે રાજમહિષી કમલાદેવી વિલાસને એક વાર ફરી જોવા ઇચ્છા રાખે છે. વિલાસને લેવા માટે તેમણે એક પાલખી અને વાહક પણ મોકલ્યા છે !

વિલાસકુમારીએ જરા આશ્ચર્ય પામી કહ્યું, "પિતાજી, રાણીજી મને જોવા કેમ ઇચ્છા રાખતાં હશે ?"

વૃદ્ધ સેનાપતિએ હસતાં હસતાં જરા ટોળમાં કહ્યું: "બેન, કદાચ અમર સાથે તારાં લગ્ન કરવાની રાણીજીની ઇચ્છા હશે !"

(૪)

પાલખી લેવડાવી દાસી કમલાદેવીના મહેલમાં આવી. કમલાદેવીએ દોડી જઇ વિલાસકુમારીને પોતાની ગોદમાં લઇ લીધી; અને વારંવાર તેનું મુખ ચુંબતાં કહ્યું: "તું અહીં ક્યાંથી અલી 'બિલાડી' ?"

"આપેજ તેડવા મોકલ્યું હતું તો."

"મને શું તું ઓળખે છે ? તો કહે, હું કોણ છું ?"

વિલાસકુમારીએ કમલાદેવીની ગોદમાંથી ખસતાં કહ્યું: "આપ રાણીજી છો !" કમલાદેવીએ ફરી તેને છાતી સાથે ચાંપી, અને ચુંબન કરતાં કહ્યું: "તારી વાતો

બહુ મીઠી હોય છે, માટે હું તને આટલી બધી ચાહું છું. તેં શાથી જાણ્યું કે હું રાણી છું ? તું પણ રાણી થઇશ? સત્વર કહે જોઈએ; તને રાણી થવાની ઇચ્છા થાય છે કે નહિ ?"

બાલિકાએ જવાબમાં કહ્યું, "ઇચ્છા થાય એટલેજ શું કોઈ રાણી થઇ શકે ખરી કે ?"

"તું એ નથી જાણતી, કે હું તને રાણી બનાવીશ? કેવળ રાણીજ નહિ; રાણીઓની રાણી, મહારાણી બનાવીશ. પેલા સિંહદ્વાર તરફ જો. પેલું કોણ જાય છે ? એને શું તું ઓળખે છે ? એ શું ? આમ ચોંકી કેમ ઉઠી ? એને શું અગાઉ કદી જોએલો ? બોલ, જલદી બોલ."

"એ તો કુમાર **અમરસિંહ** છે."

"તેં કેવી રીતે એ જાણ્યું અલી ?"

"પિતાજીને મોંએ એમની અનેક વાતો મેં વારંવાર સાંભળી છે. **આહેર** ઉત્સવને દિવસે એમણે મારા પિતાજીના પ્રાણ બચાવ્યા હતા."

વિલાસકુમારી એ નહોતી જાણતી કે ખરેખરજ કમલાદેવીએ કુમાર **અમરસિંહ** સાથે તેનાં લગ્ન કરવાનું નક્કી કરી મૂકયું છે. તેણે તો ધાર્યું, કે રાણી મારી મશ્કરી

કરે છે ! આથી તેની આંખોમાંથી બે અશ્રુબિંદુ સરી પડયાં. તે જોઇ કુમલાદેવી કહેવા લાગી: " અલી, આ શું ? તારી આંખોમાં આંસુ કેવાં ? રાણી થઇશ; આવો ચંદ્રના બચ્ચા જેવો, હીરના લાછા જેવો વર પામીશ; છતાં વળી આમ રડે છે કેમ ? સાત સાત ભવ તપશ્ચર્યા કરવા છતાંએ એવો વર મેળવવા સ્ત્રીઓ ભાગ્યશાળી થતી નથી. પરંતુ હાં હાં; હવે હું સમજી. અમરે તારા તરફ જોયું નહિ, તેથી તને આવડું લાગ્યુ ...વુ જોઇએ ! પણ એમાં માઠું શાનું માને છે ? લગ્ન...ને શુભમિલનને સમયે જ્યારે તે તને જોશે, ત્યારેજ તું જા...શ કે મારો અમર તને કેટલી ચાહાય છે !"

...લાસકુમારીએ સ્વસ્થ થઈ પૂછયું: " શુભમિલન તે શું ... રાણીજી ?"

" વળી મને 'રાણીજી' કહી બોલાવે છે કે ? આજથી મને '...જી' કહીને બોલાવજે ! શુભમિલન કોને કહે છે, તે તું આઠ દિવસ પછી જાણીશ. મેં બડી મુશ્કેલીથી મહારાણીન સમજાવી–પટાવી સઘળી ગોઠવણ નક્કી કરી તને તેડવાને માણુસ મોકલ્યાં હતાં. ચાલ હવે, તને એક વાર મારાં મોટાં બેન પાસે તેડી જાઉં. તારૂં ચંદ્રના જેવું મુખ જોયા વિના તેમને કોઇ રીતે સંપૂર્ણ ખાત્રી થનાર નથી. જો, એમની પાસે જઇ એમને પ્રણામ કરજે, ભૂલીશ નહિં;

નહિતો તે નારાજ થશે. વળી ધ્યાનમાં રાખજે, કે તારે તેમને 'મોટાં માજી' અને મને 'માજી' કહી બોલાવવાનું છે!

કમલાદેવી વિલાસકુમારીનો હાથ ઝાલી તેને મહારાણી કર્ણાવતીના મહેલમાં લઇ ગઇ.

(૫)

આજે પૂર્ણિમાની રાત્રિ છે. અચળગઢની ચારે બાજુએ આજે મોટી મેદની ભરાએલી જણાય છે. આજ રાત્રિએ સેનાપતિ વિક્રમસિંહની કન્યા દેવયાની કે વિલાસકુમારી સાથે ઉદેપુરના મહારાણા જયસિંહના પુત્ર અમરસિંહનાં લગ્ન થવાનાં છે. સંધ્યાકાળથી ગગનભેદી વાજા વાગી રહ્યાં છે. મોટા સમારોહથી જાનૈયાઓ એકઠા થયા, વરઘોડો નીકળ્યો, અને બે પહોર રાત્રિ જતાં લગ્નમંડપે આવી પહોંચ્યો. સેનાપતિ વિક્રમસિંહ રાજાધિરાજના પુત્રને કન્યા-દાન આપવા માટે વિલાસકુમારીને ગોદમાં લઈ બેઠા. રાણા જયસિંહ પણ પુત્રને લઇ સામી બાજુએ બેઠા. વેદીની સામે બેસી પુરોહિત વેદમંત્રના ઉચ્ચાર કરવા લાગ્યા. કન્યા ઘુંઘટમાંથી પોતાના ભાવી જીવનના અધીશ્વર અમરની અનિંદ્ય મુખશ્રી પ્રસન્નતાપૂર્વક જોવા લાગી. કુમાર અમર-સિંહે પણ પોતાના ભવિષ્ય-જીવનની સહચરી પ્રત્યે નીચી નજરે જોયું. તેના મુખમંડળ પર ચંચલતાનાં ચિહ્ન ઝલકવા

લાગ્યાં ! કુમારના મનમાં સંદેહ હતો, કે તેના પિતા જેની સાથે તેનું લગ્ન કરવાને તત્પર થયા છે, તે રાજ–સમુદ્રના કિનારા પર તેણે જોએલી સુમધુર લાવણ્યમયી બાલિકા નથી; પણ માત્ર તેને પ્રસન્ન કરવાને માટેજ તેની નાની મા કમલાદેવીએ આ વિવાહ ગોઠવી આપ્યો છે, અને તે આ વિવાહમાં અસંમત ન થાય તે માટે ખોટી અફવા ચલાવી છે, કે એ તેજ બાલિકા છે. ખરેખર, હતું પણ તેમજ! અમર સેનાપતિની પુત્રી સાથે વિવાહ કરવાની ના ન પાડે તે માટે રાણી કમલાદેવીએ જૂઠીજ વાત ઉડાવી હતી, કે તેણે રાજ–સમુદ્રના કિનારા ઉપર જે બાલિકાને જોઇ હતી તે સેનાપતિ વિક્રમસિંહની પુત્રી વિલાસકુમારીજ હતી. અમર જાણતો ન હતો, કે આ વાત તદ્દન જૂઠી છે; છતાં તેના મનમાં કંઇક સંદેહ તો હતોજ. આ સમયે સહસા તે સંદેહ વધુ દૃઢ થયો. કન્યાનું મુખ ઘુંઘટમાં ઢંકાયલું હોવા છતાં પણ અમરે જોઈ લીધું હતું, કે તેનો ચહેરો પણ પેલી રાજ–સમુદ્રના કિનારાવાળી બાલિકાના જેવોજ સુંદર, સુલલિત, અને ઘાટીલો છે; એનો વર્ણ પણ શરદની શુભ્ર કૌમુદીના જેવોજ છે; એની અંગુલિઓ પણ ચંપકકલિકાના જેવીજ છે; અને એના ચરણ પણ રક્તકમલના જેવાજ રંગદાર છે. પુરોહિત મન્ત્રપાઠ પૂરો કરી વરકન્યાના કરયુગલ

મેળવી તેમને અંતઃપુરમાં લઇ ગયા ! શુભદૃષ્ટિનો સમય આવી પહોંચ્યો. રમણીઓએ શુભદૃષ્ટિને માટે વરકન્યાને એક સાથે ઉભાં રાખી બંનેના માથા પર મન્ત્રથી પવિત્ર કરેલું પટ્ટવસ્ત્ર ઢાંકી કન્યાનું મુખ ઉઘાડી નાખ્યું. કન્યાએ તીરછી નજરે વરપ્રતિ જોઇ પોતાની દૃષ્ટિ નીચી કરી નાખી. વર કન્યાના મુખ તરફ જોઈ એકાએક ચોંકીને પાછો હઠી ઉભો રહ્યો. તેણે વળી પણ એક વાર કન્યાના મુખપ્રતિ જોયું. સહસા રમણીઓનાં મંગલગીત, શંખધ્વનિ, અને આનંદરવને ભેદી નાખે એવા સ્વરે કુમાર **અમરે** ત્રાડ મારી કહ્યું:—

" અરે ! આ તો તે નહિં !"

રમણીઓમાં ' આ શું ?' ' આ શું ?' 'વર નાસે છે!' ' વર નાસે છે !' ઇત્યાદિ કોલાહલ વ્યાપી રહ્યા ! શીઘ્રતા-પૂર્વક અમર ત્યાંથી નીકળી જઈ પલાયન કરી ગયો ! તેને રોકવાને માટે કેટલાએ લોક તેની પછવાડે દોડયા; પણ તે સર્વને તલવાર ખેંચી **અમરે** કહ્યું, સાવધાન ! કોઇએ મને હાથ લગાડવો નહિ !

અમરે બહાર નીકળી ગયા પછી એક ઘોડેસ્વારને તેના ઘોડા પરથી ખેંચી પાડયો; અને પોતે સ્વાર થઈ ઘોડો મારી મૂકયો.

(૬)

દિન ગયા, માસ ગયા, વર્ષ ગયાં, અને કુમાર અમરસિંહનું મન વધારે ને વધારે અસ્વસ્થ થતું ગયું. રાણા જયસિંહ કુમાર પર બહુજ નારાજ થઇ ગયા. તેમણે અધૂરાં લગ્ન પૂરાં કરી લેવાને પુત્રને આજ્ઞા કરી. કુમાર કદી રાણાજીની આજ્ઞા નહિ માને એવી આશંકાથી રાણી કર્ણાવતીએ કુલ–પુરોહિતને બોલાવી સઘળી વાત યથાસ્થિત સમજાવી દીધી. પુરોહિતે રાણા પાસે જઈ બહુ બહુ પ્રકારનો પ્રબોધ આપતાં કહ્યું: " રાણાજી, કુમાર મોટા થશે, એટલે સ્વયં લગ્ન સંપૂર્ણ કરી ભાર્યાનું પાણિગ્રહણ કરી લેશે. મેવાડના રાજવંશમાં જન્મ લઇ કોણે કદાપિએ પોતાની ધર્મદારાનો અકારણ પરિત્યાગ કીધો છે ?"

પુરોહિતના ઉપદેશથી રાણાનું મન કંઇક શાંત થયું.

એક દિવસે મહારાણી કર્ણાવતી એકલાં બેઠાં બેઠાં વિચાર–નિમગ્ન થઇ રહ્યાં હતાં, એવામાં કમલાદેવી ત્યાં આવી બોલી: " હજુએ કહું છું કે બેન, મારી વાત સાંભળો; પછી કંઇજ ચિંતા નહિ રહે."

કર્ણાવતીએ લગાર વિરક્તિપૂર્વક કહ્યું, "વળી શું ?"

કમલાદેવીએ કહ્યું, " વિલાસકુમારીને તેના પિયરથી બોલાવી કેટલાક દિવસ રાજગૃહમાં રાખો. જુઓ કે એમ

કરવાથી અમરનું મન ફરે છે કે નહિ. પણ મારી વાત તો કાને ધરશોજ નહિને !"

"તમારી વાત સાંભળવાથી તો અંતે આ પરિણામ આવ્યું."

અભિમાનિની રાજ-મહિષી કમલાદેવીએ કહ્યું, "મારી વાત સાંભળવાથીજ ! તમે અમરની મા છો અને હું એની શત્રુ છું ખરૂંની; એથી જાણીબુઝીને મેં તમને ઉંધી સલાહ આપી ! શું હું જાણુતી હતી, કે આવી સર્વાંગસુંદર બાલિકા પણ તમારા પુત્રને પસન્દ નહિ પડે ? હું શું ભવિષ્યવેત્તા છું ? કે જ્યોતિ:શાસ્ત્ર ભણેલી છું ?"

"હશે બેન, જે થવાનું હતું તે થઇ ગયું છે. હવે તમારી વાત સાંભળવાની કંઈ જરૂરત નથી."

કમલાદેવીએ રડતાં રડતાં કહ્યું: "વાત તો ખરીજ છે. અમર તમારા પેટમાં પાકયો છે; તમે એનાં માતા છો. હું પરાઇ નહિ તો બીજું શું ? હું અભાગણી વન્ધ્યા રહી, એટલે મારી વાત કોણ સાંભળે બેન ! હું હવે અહીં રહેવા ઇચ્છતીજ નથી. હમણાજ રાણાજીને જઇ કહું છું, કે મને મારે પિયર મોકલી દે !

કમલાદેવી કંપતી કંપતી, રુદન કરતી રાણાની પાસે ગઈ. તેમની વચ્ચે શી વાત થઈ તે તો પ્રભુ જાણે; પરંતુ

બીજે દિવસે સવારમાંજ રાણા જયસિંહ મન્ત્રીને રાજકારભાર સોંપી દઇ, કમલાદેવીને સાથે લઇ, જય-સમુદ્રના એકાન્ત પ્રમોદ-ભવનમાં ચાલ્યા ગયા !

(૭)

યુવરાજ અમરસિંહની સાથે સોલંકી સેનાપતિ વિક્રમસિંહની કન્યા વિલાસકુમારીના અધુરા વિવાહની વાત ચારે બાજુએ પ્રસરી ગઇ. એની સાથેજ વિલાસકુમારીના અનુપમ રૂપ-લાવણ્યની પ્રશંસા પણ સેંકડો મુખે સંભળાવા લાગી. યવન સેનાપતિ અફ્જલખાં એ અફ્વાની સચ્ચાઈ જાણવા માટે વિક્રમસિંહને મળવાને બહાને ચાલાકીથી અચળગઢમાં આવ્યો, અને ત્યાં તેણે પરમ રૂપવતી વિલાસને જોઇ. વિલાસકુમારી આ સમયે ચૌદ વર્ષની બાલિકા છે. અધખિલ્યા ફૂલની સુગંધ-લાલસાથી બેકિમાન અફ્જલખાંનું મન તલપાપડ કરી રહ્યું !

કેટલાક દિવસ વીત્યા બાદ ઉનાળાની એક રાતે વિલાસકુમારી પિતાની પાસે અગાસીમાં સૂતી હતી. એકાએક ઘણાંક મનુષ્યોના અવાજથી તેની નિદ્રામાં વિક્ષેપ પડયો. બાલિકાએ ઉઠીને જોયું, કે ચારે બાજુએ હથિયારબંધ યવનો ફેલાઇ રહ્યા છે. આ શું ? સૂતેલા પિતાની સમીપમાં હાંથમાં નાગી તલવાર લઈ એક ડરામણી શિકલ

ઉભી છે ! બદમાસ યવન સેનાપતિ **અફજલખાંએ** સૂતેલા વીર વિક્રમસિંહની છાતીમાં તલવાર ભોંકી દીધી. વિલાસ-કુમારી તે જોઈ બેહોશ થઇ પૃથ્વી પર તૂટી પડી. **અફ-**જલખાં બેહોશ બાલિકાને આલિંગન દેવાને હસતો હસતો હાથ પ્રસારી આગળ વધ્યો. કિલ્લામાં જે થોડી રાજપૂત સેના હતી, તે આ અચાનક બૂમાબૂમ ને ગડબડાટ સાંભળી ઉપર આવવા પ્રયત્ન કરી રહી હતી. મુસલમાનોને તે ઉપર આવવાનો રસ્તો રોકવા લાગ્યા. પણ આ શું ? આ કોણ છે ?—એકાએક **અફજલખાંએ** ડર અને તાજુબીની સાથે જોયું, તો તેની સામે એક ભીષણમૂર્તિ ફકીર ઉભેલો જણાયો. તેના જમણા હાથમાં નાગી તલવાર વિજળીની પેઠે ઝગકારા મારી રહી હતી. મોટી, લાલ આંખોમાંથી ક્રોધાગ્નિના તણખા ઉડી રહ્યા હતા. ફકીરને જોઈ અફજ-લખાં ચોંકીને પાછો હઠી ઉભો રહ્યો. ફકીરે એક હાથે તેનાં જુલ્ફાં પકડી બીજા હાથમાં ઝાલેલી નાગી તલવાર ઉંચકી કહ્યું: “ બદમાસ ! દોજખીકુત્તા ! મારા હાથે તારૂં મૃત્યુ થાય, એ તારાં પાપની યથાયોગ્ય સજા નથી. જા, હરામ-જાદા, ભાગી જા. ”

અફજલખાં જીવ લઇને નાઠો. તેના સાથીઓ પણ એક વાર તે ભીમમૂર્તિ ફકીર તરફ જોઇને તેની પછવાડે

મુઠીઓ વાળી નાઠા. દાવ આવતાં કિલ્લાની ફોજ પણ 'માર' 'માર' કરતી તેમની પાછળ દોડી.

ફકીરે વિક્રમસિંહના દેહ પર હાથ મૂકી જોયું તો લાગ્યું, કે તેમાં હવે પ્રાણ નથી. આથી તે બેહોશ વિલાસ-કુમારીને જમીન પરથી ઉપાડી પોતાની ખાંધ પર નાખી ધીમે ધીમે ત્યાંથી ચાલ્યો ગયો. કેટલેક દૂર જતાં બાલિકામાં હોશ આવ્યા, અને તેણે પૂછ્યું: "મારા પિતા ક્યાં છે?"

ફકીરે રૂંધાઈ જતા સ્વરે પ્રત્યુત્તર આપ્યો: "બેટા, આજથી હું તારો પિતા છું!"

અમરસિંહ.

પરિચ્છેદ પહેલો.

જાલીમ બાદશાહ.

સાંભળવામાં આવ્યું છે, કે એક દિવસ બાદશાહ અકબરે પોતાના દરબારીઓને સંબોધી પોતાના રાજ-સિંહાસન તરફ ઈશારો કરતાં કડવા શબ્દોમાં કહ્યું હતું કે:-

"જે દિવસે મુસલમાન બાદશાહો આ મોટા સામ્રાજ્યનું શાસન કરવામાં હિંદુ-મુસલમાનો વચ્ચે ભેદ સમજશે, તેજ દિવસે સત્ય માનજો, કે આ રત્ન-સિંહાસનના ટુકડે ટુકડા થઈ જશે!"

મહા પ્રતાપી અકબરશાહની આ ભવિષ્યવાણી જરૂર હવે ખરી પડવાની! સત્યદ્વેષી, કપટાચારી, સ્વાર્થી, અને નિષ્ઠુર ઔરંગજેબ હાલ ભારતના સિંહાસનને લજાવી રહ્યો છે! શોણિત-સાગર તરી; દુરાકાંક્ષાના કઠોર શૈલાઘાતથી ભારતવાસીઓનાં જાતીય-હૃદય વિદીર્ણ કરી; ભાઈના લોહીથી, પિતાનાં આંસુથી, અકબરના પવિત્ર, પ્રેમાળ, પ્રેતાત્માનું તર્પણ કરી; પવિત્ર ઇસ્લામ ધર્મને સ્વાર્થ-સિદ્ધિની

આશાથી વિકૃત અને કલંકિત કરી; ઔરંગઝેબ, દાનવોના જેવા દર્પથી ને પિશાચોના જેવા ગૌરવથી ભારતના પવિત્ર સિંહાસન પર બેઠેલો છે. ધર્મના પૂર્ણ અવતાર મહાત્મા મહમ્મદે પાપને દૂર કરી, પ્રેમ-રાજ્ય સ્થાપિત કરી, સ્વર્ગીય ઉપદેશથી માનવજાતિને મુગ્ધ અને પુલકિત કરી હતી. તે સ્વર્ગીય ઉપદેશ દાનવ-સમ્રાટ્‌ની આજ્ઞાથી આજ કલુષિત અને રાક્ષસધર્મ બની ગયો છે! આજ ભારતમાં તે પવિત્ર મુસલમાન ધર્મના પ્રચારકોને ‘ યવન ’ અને ‘ મ્લેચ્છ’ ના નામથી સંબોધવામાં આવે છે. સમસ્ત ભારત, પ્રપીડિત હિંદુઓના હાહાકારથી અને યવન પિશાચોના અટ્ટહાસથી પ્રતિધ્વનિત થઇ રહ્યું છે. મ્લેચ્છોના લોમહર્ષણ અત્યાચાર ને પશુવત્‌ પાપાચારથી આર્યજાતિ વિસ્મિત ને સ્તંભિત થઇ રહી છે! વીસ કરોડ હિંદુઓ ધર્મલોપ અને પાપસ્પર્શની આશંકાથી દુઃખિત અને ઉદાસ છે. યમુના કિનારે હવે વેદપાઠ સાંભળવામાં નથી આવતો; જાહ્નવી—તરંગમાં હવે શંખધ્વનિ પ્રતિધ્વનિત નથી થતા; મંદિરોમાં હવે મંગલ-આરતિ નથી થતી. અધિતશાસ્ત્ર અધ્યયન-વ્રત પંડિતોએ પુરાણ, સાંખ્ય, પાતંજલ, ગીતા, ઉપનિષદ્‌ મનુ ને પરાશર, માઘ ને કાલિદાસ, એ સર્વને જમીનમાં દાટી દીધાં છે; કારણ કે સંસ્કૃત પુસ્તકોને દેખતાંજ યવનો તેમને

ભસ્મસાત્ કરવા ચૂકતા નથી. અતિ પરિશ્રમથી બનાવેલી, અશેષ યત્નથી પરિરક્ષિત, અસંખ્ય લોકોથી સંમાનિત, અનંત પ્રેમથી પૂજિત દેવ–મૂર્તિઓ કોઇ નિર્જન ઘરમાં પાંદડાંઓની નીચે છુપાવી રાખવામાં આવે છે. બાદશાહની આજ્ઞાથી હિંદુઓની દેવ–મૂર્તિઓ ભાગી તે વડે મુસલમાનોની મસ્જિદોની સીઢીઓ બનાવવામાં આવે છે ! જ્યોતિર્મયી, પવિત્રતામય આર્ય લલનાઓ પિશાચોના ડરથી અંત:પુરમાં છુપાઈજ રહે છે. યવનો કહેછે કે ઇન્દ્રિય–સુખ લૂટવાને માટેજ અલ્લાએ સ્ત્રીઓને ઉત્પન્ન કીધી છે ! મંગલ ભારતભૂમિ જંગલ બની ગઇ છે. ખેડુતો ખેતી કરવાને ન ચાહતાં, ઘરનાં દ્વાર બંધ કરી, ગાય અને બળદ સંતાડી જમીન પર પડયા પડયા રડયા કરે છે; કારણુ કે ગોમાંસ ખાધા વિના યવનોનો જઠરાગ્નિ પરિતૃપ્ત થતો નથી !

એક દિવસ સમ્રાટ્ ઔરંગઝેબ પોતાની જુમા—મસ્જિદની છત ઉપર ઉભા રહી આંખો બંધ કરી નમાજ પઢી રહ્યા હતા. ખુશામતી અફ્જલખાં પણુ તેજ પ્રમાણે સમ્રાટ્ની પાછળ ઉભો રહી નમાજ પઢી રહ્યો હતો. નમાજ સંપૂર્ણ થયા પછી ઔરંગઝેબ પાસેની સંગેમરમરની ચોકી ઉપર ઘુંટણુ ટેકવી કેટલીક વાર સુધી હાથ જોડી આંખો બંધ કરી રહ્યા. કેટલીક વાર પછી તેમણે આંખો ઉઘાડી.

અફ્જલખાં હાથમાં એક તસ્વીર લઈ જમીન પર ઘુંટણુ ટેકવી સલામ કરી સમ્રાટ્‌ની સામે ઉભો રહ્યો. સમ્રાટે પૂછયું: "બોલ અફ્જલ, હવે શી ખાયશ છે? કુરાન શરીફ્‌ને અપમાન આપી આજ આ કયા કાફિરે વળી તને રંજ પહોંચાડયો છે? આ તસ્વીર કોની છે?

અફ્જલે જવાબ આપ્યો: "ખુદાવંદ, આ તેજ ઘોડ-સ્વાર લોહીતરસ્યા, વિકરાળ-દર્શન, ભુટ્ટા-ભોજી કાફિર સિપાહસાલારની બહુ પુરાણી તસ્વીર છે. આ જુઓ, સફેદ ઘોડા પર સ્વાર થઈ તલવાર સાથે બાંધેલો ભુટ્ટા છોલી ખાઇ રહ્યો છે!

એકાએક સમ્રાટ્‌નો હસતો ચહેરો કાળોધબ પડી ગયો. તેણે તસ્વીર તરફ જોઇ કહ્યું, "સમજયો; એ લોહીતરસ્યા રાઠોડ સિપાહસાલાર દુર્ગાદાસનું ચિત્રપટ છે. ઠીક, કહો શાંતિમય મહંમદીય રાજ્યમાં બીજી કંઇ ફિસાદ થઇ કે? અફ્જલ, ખરી વાત તો એ છે, કે એ ભુટ્ટા—ભોજી કાફિરની ખૂનખાર શિકલ યાદ આવતાંજ કલેજું કાપી ઉઠે છે!"

અફ્જલે કુર્નિશ કરીને કહ્યું: "જહાંપનાહ! આજ બે વર્ષ થયાં આપે એ કાફિર સેનાપતિનું શિર કાપી લાવવાનો હુકમ આપ્યો છે. આજ એ દાવ પૂરોપૂરો હાથમાં આવેલો છે!"

"કેમ; કેવો દાવ હાથમાં આવેલો છે?"

"એ કાફિર પોતે ગઇ રાતે આ શહેરમાં આવેલો છે!"

"એકલો?"

"નહિ હજુર! એકલો નહિ. એની સાથે કેટલાક રાઠોડ સિપાહી અને કેટલીક રાઠોડ ઓરતો પણ છે. જશવન્તસિંહનો નાનો બેટો પણ સાથમાં છે."

સમ્રાટ્‌ના મુખમંડળ પર હાસ્ય–રેખા ફૂટી. તેણે કહ્યું: "સમજ્યો; પહાડી લડાઇમાં બદમાસ જશવન્તસિંહના મોત પછી, તેના રસાલાનાં માણસો જોધપુર જાય છે. બહુ આશ્ચર્યની વાત છે, કે આ ખુશ ખબર હજુ સુધી મને કોઈએ કહી ન હતી. અફ્‌જલ, તું જલદી જઇ શાહજાદા અકબરને મારી પાસે મોકલી આપ."

અફ્‌જલ સમ્રાટ્‌નો હુકમ માથે ચઢાવી ચાલતો થયો.

સમ્રાટ્ મનમાં કહેવા લાગ્યો: "આટલા લાંબા સમય પછી મોગલ સામ્રાજ્યનો એક પુરાણો શત્રુ જડમૂળથી ઉખડી જવાનો! જશવન્તસિંહના બાળકને આજેજ જલ્લાદની લોહી તરસી તલવારને સ્વાધીન કરી દઇશ."

કેટલોક સમય વીત્યા બાદ શાહજાદો અકબર અફ્‌જલની સાથે આવી કુર્નિશ બજાવી ઉભો રહ્યો. ઔરંગઝેબે

તેના તરફ જોઈ કહ્યું: " શાહજાદા, આપણા આ મહંમદીય સામ્રાજ્યના રહ્યાસહ્યા કાફિર દુશ્મન જશવન્તસિંહ અને તેના બેટા પૃથ્વીસિંહને તો બડી ચાલાકીથી અમે દોજખ-માં પહોંચાડી દીધા છે; પણ એ ઝેરીલા ખાનદાનનો એક સાપ હજુ પણ જીવતો છે. એને પણ બહુ જલદી દોજખમાં મોકલી આપવો જોઇએ. અફજલના મોંએ સાંભળ્યું છે, કે એ સાપનો કણો આજ અહીં આપણા શહેરમાં આવ્યો છે. "

શાહજાદા અકબરે ઉત્તર આપ્યો: " જહાંપનાહ! હું જાણું છું, કે જોધપુરાધિપતિ જશવન્તસિંહના મરણ પછી એનો રસાલાદાર અને સિપાહીઓ એના નાના બેટાને સાથે લઈ આજ દિલ્હી શહેરમાં આવી રહેલા છે. એ લોક જલ્દીજ જોધપુર તરફ ઉપડી જશે. "

"—અને જોધપુર જઇ તેઓ એ નાના સાપને માટે નવું રાજ-સિંહાસન તૈયાર કરશે; આથી તને હું હુકમ કરૂં છું, કે જશવન્તસિંહના સિપાહીઓને લાલચ આપી કે ડર દેખાડી, એ સાપના કણાને મારી નજર આગળ લાવી ખડો કર. જ્યાં સુધી હું એ બચ્ચાને જહન્નમમાં મોકલી નહિ શકું, ત્યાં સુધી મારા કલેજામાં શોકની અગ્નિ-ગારી સળગતીજ રહેશે."

શાહજાદાએ ઉત્તર આપ્યો: “જહાંપનાહ! આજ જશવન્તસિંહના રસાલાદાર અને પતિ–પુત્ર વિહોણી જોધપુરની મહારાણી બડી આફતમાં છે. આપ સારા હિંદુસ્તાનના બાદશાહ છો; આથી એ નિરાશ્રય, શોકાતુર, વિધવા રાણીએ આપના સિંહાસનના છત્ર નીચે આશ્રય લીધો છે, આવા સમયે એ આશ્રિત રાજ–પરિવારની સાથે આવું વર્તન કેવળ રાજનીતિ વિરુદ્ધ લાગે છે.”

સમ્રાટ્નું મુખમંડળ ક્રોધથી લાલ થઈ ગયું. તેણે ક્રોધથી કંપતા સ્વરે કહ્યું, “ચુપ રહે ગદ્ધા! મને રાજનીતિ શીખવવા આવ્યો છે! વિપન્ન કે આશ્રિત, ધનહીન કે ધનવાન, કાફિરની સાથે રહેમદીલીથી વર્તવાની રાજનીતિ તું ક્યાંથી શીખ્યો? હવે તને હુકમ કરૂં છું કે તું જા; અને જલદી મારો હુકમ બજાવી પાછો આવ. ચાલાકી વાપરી કે જબર્દસ્તી કરી, લાલચ દેખાડી કે તલવાર ચલાવી, જે રીતે થઇ શકે તે રીતે એ રાજકુમારને એની માતાની સોડમાંથી છીનવી લઇ જલ્લાદની તીક્ષ્ણ તલવારને સ્વાધીન કર. જલદી રાઠોડોને મારો આ હુકમ સંભળાવી દે, કે જોધપુર-નરેશના બાળકુમારને દિલ્હીશ્વરને સ્વાધીન કર્યા વિના તમારાથી દિલ્હીથી કૂચ કરી શકાશે નહિ. તું એકલો જઈ ન શકતો હોય, તો અફજલને સાથે લઈ જા. જા, અફજલ! જલદી

જા. એ ભુટ્ટા-ભોજી રાઠોડ સેનાપતિને કહે કે જો તે જશવન્તસિંહના નાના પુત્રને મારી પાસ મોકલી આપશે, તો હું તેને આખા મારવાડનો સુબેદાર બનાવીશ. જો કદાચ આ વાત તે કબુલ નહિ કરે, તો દિલ્હી શહેરમાં આજે કાફિરોના લોહીની નદી વહેશે. મોગલ ફોજને હુકમ આપો, કે તેઓ રાઠોડોના ઉતારાને ચારે બાજુથી ઘેરી લે; જેથી કોઇ નાસી શકે નહિ. જા, અકબર! એક વખત મારા હુકમ પ્રમાણે ન વર્તવાથી તારા મોટા ભાઈ મોઆઝીમની જે વલે થઇ છે, તે ભૂલી ન જતો!"

શાહજાદા અકબરે કંઇ ઉત્તર ન આપતાં માથું નીચું નમાવ્યું! જાણે કે તે પિતાની આજ્ઞાનું પાલન કરવામાં સમ્મતિ આપી ખુશામતીઆ અફ્જલની સાથે જવાને તૈયાર ન હોય!

પરિચ્છેદ બીજો.

રાઠોડ વીર.

દિલ્હી નગરના એક વિશાળ મકાનના અંદરના ચોકમાં જોધપુરની મહારાણી અરુંધતી દેવી પોતાના શિશુ-પુત્રને ગોદમાં લઈ ઉભી હતી. એની સામેજ રાઠોડ સેનાધિપતિ વીર દુર્ગાદાસ ઉભા હતા. દુર્ગાદાસ રાજમહિષીને કહી રહ્યા હતા, કે દેવી! આપણે ખરેખરજ ભ્રમમાં ભોળવાયાં છીએ. મેં તો પહેલાંથીજ કહ્યું હતું, કે રાજકુમાર અજીતસિંહ અને રાઠોડ વંશની રાજ–લલનાઓને લઇ દિલ્હી જવું કોઇ પણ રીતે વ્યાજબી નથી. આપણે જાણી-બુઝીને ઝેરીલા સાપના દરમાં હાથ નાખ્યો છે!

રાજમહિષીએ ઉત્તર આપ્યોઃ “ કેમ, વળી આપણે દિલ્હીશ્વરનો શો અપરાધ કર્યો છે? હું એક રાજ–રાજેન્દ્રની રાણી હોવા છતાં પણ, એની કરણીના પરિણામે એક રસ્તે રખડતી ભિખારિણી બની ગઇ છું! એણે વગર અપરાધેજ મારા વીર પુત્ર, રાઠોડ–રાજ–કુલના અમૂલ્ય રત્ન પૃથ્વીસિંહનો નાશ કરી નાખ્યો છે. એણે તરેહતરેહ-

નાં છલ્‌બલ્‌થી મારા સ્વામીને પણ મરાવી નંખાવ્યા છે. આમ એ નરાધમની સર્વ ઇચ્છા તો પરિપૂર્ણ થઇ ચૂકીછે; તો પછી હથિયારબંધ મોગલ સેનાએ આ શોકભવનને શા માટે ઘેરી લીધું છે ?"

દુર્ગાદાસે ઉત્તર આપ્યોઃ "દેવી ! દાસનો અપરાધ ક્ષમા કરશો. હજુ સુધી દાનવ ઔરંગઝેબની દેવ–રુધિરની તૃષા પરિતૃપ્ત થઈ નથી. આપ શું સમજી નથી શકયાં, કે આ સર્વ કાણ્ડ આપના નવ–પ્રસૂત શિશુતનય, આ રાઠોડ–કુલ–કમલની ક્ષુદ્ર કલિકાને નષ્ટ કરવાને માટે થઇ રહ્યા છે ?"

મહારાણી અરુન્ધતીએ પોતાની ગોદમાંના બાળકને વારંવાર ચુમ્બન કરતાં અશ્રુપૂર્ણ નયને કહ્યું: "નહિ, નહિ; દુર્ગાદાસ ! એ અસમ્ભવ વાત છે. આ સ્તનપાન કરતું ફુલ પણ શું સમ્રાટ્‌નો શત્રુ છે ? કયા દાનવનું એટલું કઠિન હૃદય છે, કે જે આ દાનવ–દલિત શુષ્ક નંદનવનની પારિજાત–કલિકાને વૃન્તચ્યુત કરવાની ચેષ્ટા કરી શકશે ? "

દુર્ગાદાસે મ્યાનમાંની લટકતી તલવાર પર હાથ નાખી કહ્યું: "જો એમ કરવાની કોઈની ઈચ્છા હશે તો જોઇ લઇશ, કે કયો દાનવ એવડું સાહસ કરવા ધારે છે ! હવે આપ

અંતઃપુરમાં પધારો. હું જલદીજ આપને ચોકસ ખબર આપું છું, કે શા માટે મોગલ ફોજે આપણા ઉતારાને ઘેર્યો છે. આપ કોઈ પણ પ્રકારની ચિંતા ન કરશો. દુર્ગાદાસ આપનો સાચો સેવક છે."

મહારાણીએ પૂછ્યું: "તમે લોક હમણા બાદશાહના દરબારમાં ગયા હતાની? બાદશાહે તમને શું કહ્યું?"

દુર્ગાદાસે ઉત્તર આપ્યો: "મહારાણી! આપ સારી પેઠે જાણો છો, કે ઔરંગઝેબ બડો કપટી ને શઠ પુરુષ છે. તેણે ચોખેચોખ્ખી કોઇ વાત ન કહેતાં કેવળ એટલુંજ કહ્યું, કે તમે લોક દિલ્હી છોડશો તે પહેલાંજ તમને મારી આજ્ઞા મળશે; હું બહુ સત્વર તમને ખબર મોકલીશ."

દુર્ગાદાસ બહાર આવી જુએ છે તો દરવાજા ઉપર રાઠોડ ફોજ ઉભી છે; અને તેની સામેજ અફજલખાંની પાસે સમ્રાટ્-તનય અકબર મલિન મુખે ચુપચાપ ઉભો છે. દુર્ગાદાસ અકબરને સસન્માન અભિવંદન કરી તેની પાસે જઈ ઉભા રહ્યા.

અકબરે કહ્યું: "વીર રાઠોડ સેનાપતિ! ઇચ્છા ન છતાં પણ પિતાનો દૂત થઈ હું આપની પાસે આવ્યો

છું. તેમણે આપને કહેવાના જે સમાચાર મોકલ્યા છે, તે સેનાપતિ અફ્જલખાં સત્વર તમને કહેશે. કદાચ હું એમનો હુકમ ન માનું, તે ખાતર તેમણે અફ્જલખાંને મારી સાથે મોકલ્યા છે! ઠીક, અફ્જલ! પિતાજીનો હુકમ રાઠોડ સેના·પતિને સ્પષ્ટ રીતે જણાવી દો; હું હવે જુમા–મસ્જિદમાં જાઉં છું. તમે કેટલોક સમય વીત્યા બાદ રાઠોડ સેનાપતિ-ની ઇચ્છા જાણી લઈ મને ત્યાં મળજો. ”

કુમાર અકબર ધીમે ધીમે કોણ જાણે શોએ વિચાર કરતો કરતો ચાલ્યો ગયો. અફ્જલખાં એ નક્કી ન કરી શક્યો, કે શી રીતે સમ્રાટ્‌ની આજ્ઞા રાઠોડ સેનાપતિને કહેવી. તેણે અચકાઇને ચારે તરફ જોયું. પછી જમીન તરફ દૃષ્ટિ કરી દુર્ગાદાસના મુખ તરફ જોયું. એકાએક તે પગથી તે માથા સુધી કાંપી ઊઠયો! તેણે પેલા શ્વેત ઘોડા પર બેઠેલા બુઢ્ઢા-ભોજી રાઠોડ–વીરની ચિત્રપટ પરની જીવનમૂર્તિ સા-ક્ષાત્ પોતાની આંખો સામેજ ઉભેલી જોઇ! તેનું આખું શરીર ભયથી થર થર કંપવા લાગ્યું!

દુર્ગાદાસે કહ્યું: “ સેનાપતિ સાહેબ! કહો, બાદશાહ સલામતે શી આજ્ઞા આપી છે?”

વીર, રાઠોડ સેનાપતિનો એ ગંભીર સ્વર કાપુરુષ અફ્જલના હૃદયમાં વજ્ર પેઠે ધ્વનિત થયો. તેણે મનમાં ને

મનમાં કહ્યું: " આટલા દિવસો પછી જાણ્યું, કે આ કાફિર બહાદુરની છબી જોતાંજ ખુદ બાદશાહ સલામતના મનમાં પણ કેમ ધ્રાસ્કો પડે છે. "

દુર્ગાદાસે ફરી કહ્યું: " બોલો, આપ શું કહેવા આવ્યા છો ?"

અફજલે પ્રત્યુત્તર વાળ્યો:–"મને માફી આપો તો–"

દુર્ગાદાસ હસ્યા. કોષાધ્યક્ષ ચંદ્રભાનુએ કહ્યું: " તમે તો માત્ર દૂત છો, તમને કહેતાં ભયનું કંઇ કારણ નથી !"

અફજલ ચુપ રહ્યો.

સેનાપતિ રઘુનાથે હસીને કહ્યું: " અમે બાયલા શત્રુની નિંદા કરીએ છીએ અને તેને માફ કરીએ છીએ. તમને કોઈ પણ પ્રકારનો ભય નથી. "

અફજલે ચારે બાજુએ જોતાં કહ્યું: " તો—તો—તો ક–હું. આપના કદમોથી–પણ જો આપ લોકોમાંથી કોઇ જોરથી મારી ગરદન પકડી મને જહન્નમમાં મોકલી આપો, તો મારી મદદ કરનાર અહીં એકે મુસલમાન નથી. "

" ત્યારે તમે બાદશાહને જઈ કહો, કે અમે તેમના દરબારમાં ઉપસ્થિત થવા તૈયાર છીએ. ત્યાં જે આજ્ઞા તેઓ આપશે, તે અમે ખુશીથી સાંભળીશું. "

અફ્જલે કહ્યું: "એ શું કદી બનવાજોગ છે. એવું કરવાથી બાદશાહની પાસે પહોંચતાંજ તે મને શૂળી પર ચઢાવી દેવાનો હુકમ આપશે. ખેર, જે કંઇ મારા નસીબમાં હશે તે થશે. હું કહું છું, તે સાંભળો:—

"બાદશાહ સલામતે હુકમ આપ્યો છે, કે મહારાજ જશવન્તસિંહનો નાનો પુત્ર, જે આપની સાથે છે, તેને બાદશાહની હજુરમાં મોકલી આપ્યા પછીજ—"

"તે પછી, તે પછી, જલદી બોલો; ડરો નહિ." સામટા કેટલાએ અવાજ થઇ રહ્યા!

"તે પછી તેમણે એક બહુ સારી વાત કહી છે. બાદશાહની પાસે એ બચ્ચાને મોકલી આપવાથી તેઓ આખું મારવાડ સેનાપતિ દુર્ગાદાસ અને તેના સાથીઓને માટે છોડી દેશે. એ લોકો મોટા સુખથી આલ—ઓલાદ સહિત—"

દુર્ગાદાસના વજ્ર જેવા ગંભીર શબ્દો ફરી અફ્જલને કાને પડ્યા. તેણે કહ્યું: "બસ કરો, અમે બધું સમજી ગયા છીએ."

અફ્જલ કાંપતો કાંપતો જમીન પર બેસી ગયો. ફરી સાહસ કરી કહેવા લાગ્યો, કે "બાદશાહ સલામતના

હુકમની મતલબ હજુ સુધી આપ લોક સમજી શક્યા નથી. તે આપ સર્વ ઉપર બહુ કૃપાવાન છે. ખરેખરજ મારવાડ આપ સર્વને તેઓ આપી દેશે."

રઘુનાથે કહ્યું: "સેનાપતિ સાહેબ, તમારા બાદશાહ પાગલ તો નથી થઈ ગયાને? મારવાડ તો સદા સ્વાધીન છે; એમનો ત્યાં શો અધિકાર છે? ધારો કે અમે સર્વ બાદશાહની આ વાત કરવાને રાજી ન હોઈએ તો?"

અફ્ઝલે કહ્યું: "હા, ઠીક યાદ દેવડાવ્યું. જો કંહિ આપ સર્વ એ કુમારને આપવાને રાજી ન હો, તો—તો—તો—"

"તો શું થશે? કહી નાખોને જલદી!"

અફ્ઝલખાંએ ઉત્તર આપ્યો: "–તો–તો–અરે અલ્લા! કોણ જાણે કેવા ખરાબ ચોઘડીએ બાદશાહે મને અહીં મોકલ્યો છે!–તો તેમણે કહ્યું છે, કે–પણ એમાં મારી કંઈ કસુર નથી—તેમણે કહ્યું છે, કે–દિલ્હીના રાજ–માર્ગ ઉપર આજ આપ લોકના લોહીની નદી વહેશે. તેઓ કોઇનેએ સટકી જવા દેશે નહિ."

આ વાત સાંભળતાંજ ખણખણાટ કરતી રાઠોડ વીરોની તલવારો મ્યાનમાંથી બહાર નીકળી પડી! સેંકડો તલવારો-

નો આકસ્મિક ચમકાર ઉજ્જવલ સૂર્ય-કિરણની પેઠે પ્રતિ-સ્ફુલિત થયો.

દુર્ગાદાસે ઉત્તર આપ્યો: "હવે જણાયું, કે હું ધારતો હતો તે સર્વ ખરૂંજ છે. એટલાજ માટે દાનવ-સમ્રાટ્‌ની ફોજે અમારૂં નિવાસ-સ્થાન ઘેરી લીધું છે. સાંભળો; રાક્ષસોના સેનાપતિ! આપના દાનવ-સમ્રાટ્‌ને જઈને કહેજો, કે અમે લોકો એમની આજ્ઞાનું પાલન કરવાને રાજી નથી. એમને કહેજો, કે મારી પાસે પાંચસો રાઠોડ સિપાહી છે. એ પાંચસોની તલવારો આજ નીકળશે, તો દિલ્હીશ્વરના એક લાખ સૈનિક માર્યા જશે. એ પાંચસો-માંથી એક પણ વીર જીવતો રહેશે ત્યાં સુધી તે સ્વર્ગગત જશવંતસિંહના શિશુપુત્રને તમારા હાથમાં સોંપશે નહિ. કાપુરુષ સમ્રાટ્‌ને કહેજો કે અમે રાજપૂત-વીર છીએ; અમે મોટા પ્રેમથી મોતને ભેટી શકીએ છીએ. હવે પધારો આપ અહિંથી સુખે!"

કંપતો કંપતો અફજલ જીવ લઇને નાઠો! વચ્ચે વચ્ચે તે પાછું ભાળી જોઈ પણ લેતો હતો, કે કોઇ તલ-વાર લઇ તેની પાછળ તો નથી આવતો!

દુર્ગાદાસે પોતાના સાથીઓના તરફ જોઇ ઉચ્ચ સ્વરે કહ્યું: "રાઠોડ-વીર-ગણ! મરુભૂમિના વીર વંશના

વંશધર-ગણુ ! આજે આપણો મનુષ્ય જન્મ ધન્ય થશે. આજ આપણે આપણા હૃદયના શોણિતનું દાન દઈ, સ્વર્ગગત જશવન્તસિંહના શિશુપુત્રની રાક્ષસ-સમ્રાટ્‌ના ભયથી રક્ષા કરીશું. નરાધમ ઔરંગઝેબે જે વાતનો સ્વપ્ને પણ વિચાર કર્યો નહિ હોય, તે આજ તે પોતાની આંખો વડે પ્રત્યક્ષ જોઇ શકશે; કે પાંચસો રાજપૂત વીરો પાંચ હજાર યવન સિપાહીઓને અનાયાસે યમલોકના યાત્રાળુ બનાવી શકે છે ! આજ આ યવન રાજધાની દિલ્હી નગરીમાં યવનોના લોહીની નદી વહેશે. આ જુઓ, દેવ જશવન્તસિંહ સ્વર્ગલોકથી પ્રસન્નતાપૂર્વક રણ-સમુદ્રમાં કૂદવાને માટે આપણુને ઉત્સાહિત કરી રહ્યા છે ! હવે વધુ અસુરૂં કરવાની જરૂર નથી. પોતપોતાના ઘોડા પર જીન કસો; સર્વ જણુ એક બીજાને કંઠાલિંગન દઈ લ્યો; અને પછી બોલો: 'જય ! દેવ જશવન્તસિંહજીનો જય !"

એકાએક એ રણોન્મત્ત રાઠોડ વીરોનો જયધ્વનિ દિગ્મંડળને પ્રતિધ્વનિત કરતો જઇ, વિશ્રામ-ભુવનમાં બેઠેલા બાદશાહ ઔરંગઝેબને કાને પડયો.!

પરિચ્છેદ ત્રીજો.

શમશેરઅલી.

શાહજાદો અકબર બાદશાહના વિશ્રામ—ભુવનમાં ઉદાસ મુખે એમની સામે આવી ઉભો રહ્યો. સમ્રાટે કહ્યું: "સમજ્યો, કે મૂર્ખ રાઠોડ સેનાપતિ મારી આજ્ઞા માનવાને રાજી નથી. પરંતુ શું એ જાણતો નથી, કે દિલ્હીશ્વરની અગણિત સેના એકે એકે સર્વનો વધ કરી, એ ભુજંગ-શિશુને હુમણાજ મારી સામે જલ્લાદોની તીખી તલવારને સ્વાધીન કરવા રજુ કરી દેશે ?"

અકબરે કમ્પિત સ્વરે ઉત્તર આપ્યો: "પિતાજી ! આજે જે ભયંકર દૃશ્ય જોયું છે, તેવું સ્વપ્નમાં પણ કદી જોવામાં આવ્યું નથી. મેં દૂરથી જોયું, કે અફજલના મુખમાંથી આપની આજ્ઞા સાંભળતાંજ પાંચસો રાઠોડ વીર એકાએક ઉન્મત્ત થઈ જઇ, પાંચસો નાગી શમશેરો ચમકાવતા આનંદથી નાચી રહ્યા હતા ! આ સાંભળો, પિતાજી ! આ સમયે પણ તલવારોના ખણખણાટથી દિગ્મંડળ પ્રતિધ્વનિત થઇ રહ્યું છે ! એ પછી—"

બાદશાહે ઉપહાસથી ખડખડ હસતાં કહ્યું: "એ પછી તું એ પાગલોના–કુત્તાઓના કાપી નાખવાના ભયથી સ્ત્રીઓની સોડમાં ભરાઇ જવા ત્યાંથી ભાગ્યો ! એ પછી બીજું શું કહેવાનું છે, કહે ?"

જાણે સમ્રાટ્‌ના કહેવાનો મર્મજ પોતે ન સમજ્યો હોય, એમ કરી નાખી અકબરે આગળ કહેવાનો આરંભ કર્યો:– "એ પછી જે ભીષણ દૃશ્ય જોવામાં આવ્યું, તેને યાદ કરતાં અત્યારે પણ હૃદય કંપી ઊઠે છે. રાઠોડ વીરોએ પોતાના મરણ બાદ પોતાની સ્ત્રીઓ દુશ્મનોથી અપમાનિત ન થાય તે માટે તે સર્વને એક ભલા ઘરમાં પુરી ઘરને આગ લગાડી દીધી! કેવળ એકી વારે પાંચસો વીર રમણીઓનો ભીષણ, હૃદય–વિદારક શબ્દ સંભળાયો ! ક્ષણભરમાં અગ્નિ ચારે બાજુએ પોતાની ભીષણ જ્વાળાઓ પ્રસરાવતો ફરી વળ્યો; અને જોતજોતામાં તે વીરનારીઓનો દેહ ભસ્મ-રાશિમાં પરિણત થઇ ગયો."

ઔરંગઝેબે હસીને કહ્યું: "બહુ સુંદર દેખાવ થયો ! રાજદ્રોહી, વિધર્મી કાફિરો દિલ્હીશ્વરની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાનું ફળ પોતાની મેળેજ પામવા લાગ્યા છે ! અકબર, તો પછી મોગલફોજ–રૂપી અગ્નિએ રાઠોડ સેનાપતિને તેના સૈનિકો સાથે ઘેરી લઇ કેમ ભસ્મસાત્ કરી નાખ્યો નહિ?"

અકબરે નમ્રતાપૂર્વક કહ્યું: "જહાંપનાહ! ક્ષમા કરવામાં શી અડચણ છે? મને સંપૂર્ણ વિશ્વાસ છે, કે જો વીર રજપૂતો આપના શત્રુ ન હોતાં મિત્ર હોત, તો નિશ્ચય આ દિગ્દિગન્ત વ્યાપી મોગલ સામ્રાજ્યનું ગૌરવ દિન પર-દિન વધતુંજ ચાલ્યું જાત! આથી આપને આ દાસની એવી નમ્ર પ્રાર્થના છે, કે આપ રાઠોડ સિપાહીઓનો અપરાધ ક્ષમા કરશો, અને વિપન્ન, નિ:સહાય, શોકાતુર, રાઠોડ-રાજમહિષી અને તેના નિરપરાધી શિશુપુત્રને જોધપુર જવાનો આજ્ઞા આપશો!"

સમ્રાટ્‌નું મુખમંડળ એકાએક લાલચોળ થઇ ગયું! તેણે ક્રોધપૂર્વક કેટલાક સમય સુધી અકબરના તરફ તાકીને જોયું. એ પછી ઉભાં થઈ તેણે કહ્યું: "આટલા દિવસ સુધી હું નહોતો જાણતો, કે મેં ઘરમાં સાપ પાળી રાખ્યો છે! હા! તેં શું કર્યું? મૂર્ખ અકબર! જે ઔરંગઝેબનું પ્રધાન વ્રત સારા ભારતવર્ષમાંથી કાફિરોને નષ્ટ-ભ્રષ્ટ કરી નાખવાનું છે, તે હું શું તારા જેવા મૂર્ખ છોકરાની સલાહ માની જાળમાં ફસાયલા શત્રુને નાસી જવા દઈશ? હાય! કોણ જાણે કયા ખરાબ ચોઘડીએ મોગલ-સમ્રાટ્-કુલ-કલંક અકબરના નામ પર તારૂં નામ પાડવામાં આવ્યું છે! અરે મૂઢ અકબર! તું નક્કી જાણ, કે મારી

અટલ પ્રતિજ્ઞા છે, કે રાઠોડી રાજધાની જોધપુરની સાથે સમગ્ર રાજસ્થાનની ભૂમિને હું સત્વર એક ભયંકર શ્મશાન-ભૂમિ બનાવી દઈશ. જા; જો જીવવાનો ખપ કરતો હોય, તો મારી આગળથી ભાગી જા. આ જીવનમાં ફરી તું તારૂં કાળું મોં મને કદી ન બતાવતો !"

અકબરનું સુકુમાર મુખમંડળ લાલચોળ થઇ ગયું. તેણે ઉત્તર આપ્યો, કે ભારતના અધીશ્વર, કરોડો હિંદુ–મુસલમાનોના ભાગ્ય–વિધાતા, પવિત્ર મહંમદીય ધર્મના અવતાર, હિંદના શહેનશાહની શું આ પ્રતિજ્ઞા વ્યાજબી છે? આપ નિશ્ચય સમજજો, કે અંતે 'ધર્મનો જય અને પાપનો ક્ષય' થયા વિના રહેનારજ નથી. હું દિવ્યચક્ષુએ જોઇ રહ્યો છું, કે ભારતવર્ષમાં મુસલમાની સામ્રાજ્યના અધઃપતનને હવે ઝાઝી વાર નથી !"

અકબર ચિંતામગ્ન હૃદયે ધીમે ધીમે પાદશાહની પાસેથી ખસી ગયો. તે રાજ–ભુવનમાંથી નીકળી કોણ જાણે કોને શોધવા લાગ્યો. બહુએક શોધ કર્યા પછી તે એકઠી થએલી મુસલમાન સેના સમક્ષ આવ્યો. એ રજપૂત રાજપુરુષોને ઘેરીને પડેલી ફોજથી થોડેક દૂર એક પ્રૌઢવયસ્ક મુસલમાન એકલો ઉભો ઉભો કુતૂહલપૂર્વક ઉન્મત્તપ્રાય રાઠોડ ફોજ અને તેનો રસ્તો રોકી પડેલી મુસલમાન ફોજ

તરફ જોઈ રહ્યો હતો. અકબરે તેની પાસે જઈ મોટેથી કહ્યું: " શમશેરઅલી! અહીં એકલા ઉભા ઉભા શું જોઇ રહ્યા છો?"

શમશેરે ચોંકીને જોયું, તો માલમ પડયું કે પોતાની સામે અકબર ઉભો રહ્યો છે! તેને તેણે ઝૂકીને સલામ કરી કહ્યું: "શાહજાદા! ગુલામનો અપરાધ ક્ષમા કરશો. મને આપના અહીં આવવા વિષે અત્યાર સુધી ખબર નહોતી. હુમણા મેં જે દૃશ્ય જોયું છે, તેથી મારા હોશ ઉડી ગયા છે. આ રાઠોડ વીરોનું ભીમ-ગર્જન સાંભળી અહિં આવતાં મેં જોયું, કે મોગલ ફોજે રાઠોડોના વાસ-ભવનને ઘેરી લીધું છે; અને રાઠોડ ફોજ તીખી તલવારો આમતેમ ઘુમાવતી આનંદથી નૃત્ય કરી રહી છે! આ પછી મેં જે જોયું, તેથી તો મારા હૃદયનું લોહી સુકાઈ ગયું! મેં જોયું, કે આ રાજપૂત વીરોએ પોતાની બેન, પત્ની, સ્ત્રી, અને પુત્રીઓને પ્રેમપૂર્વક આલિંગન દઈ આ બળીને ખાખ થઇ ગએલા ઓરડામાં પૂરી દીધી, અને એ રીતે કેટલીએ વીર-રમણીઓને અગ્નિની રક્ષામાં સોંપી તેઓ આનંદથી અધિક નૃત્ય કરવા લાગ્યા! ક્ષણુવારમાંજ એ સેંકડો વીર સ્ત્રીઓના કુસુમના જેવા કોમળ દેહ ભસ્મસાત્ થઇ ગયા! અને હવે આ જુઓ, રાઠોડ વીર-ગણુ મોટી :સંખ્યાવાળી મુસલમાન

ફોજને આવકાર આપવાને હાથમાં તલવારો લઇ આગળ વધી રહ્યા છે. સાંભળવામાં આવ્યું છે, કે બાદશાહ સલામતનો મુસલમાની ફોજને એવો હુકમ છે, કે આ રાઠોડ વીરોનો સંહાર કરી જોધપુરાધિપતિ જશવન્તસિંહના બાળક-પુત્રને તેમની સમક્ષ રજુ કરી દેવો. યુવરાજ! આ સેવકની ક્ષુદ્ર બુદ્ધિમાં તો આવતુંજ નથી, કે બાદશાહ આવું નીચ, હીણું, ને પાપી કૃત્ય કરવાને કેમ તૈયાર થયા હશે."

અકબરે કરુણ સ્વરે કહ્યું: "શમશેર! આજ બાદશાહનું આ કર્મ જોઈ હું પણ તમારી પેઠે ક્ષુબ્ધ, વિસ્મિત, અને મર્માહત થયો છું; પરંતુ આ વખત માત્ર આવી વાતો કરી બેસી રહેવાનો નથી. હું ઘણો સમય થયાં એક જરૂરી કામને માટે તમને શોધી રહ્યો છું. એ કામ તમારા સિવાય અન્ય કોઇ પરિપૂર્ણ કરી શકે તેમજ નથી. તમે બચપણથી પિતાની પેઠે મારૂં લાલનપાલન કર્યું છે, અને સુખ-દુઃખમાં તમે હંમેશાં મારા સાથી બન્યા છો. આથી આજ તમને હું એક બહુ ભારે જવાબદારીનું કાર્ય સોંપવાની ઇચ્છા રાખું છું!"

શમશેરઅલીએ ઉત્તર આપ્યો: "શાહજાદા, શીઘ્ર આજ્ઞા કરો; હું આપને માટે મારા પ્રાણ અર્પણ કરવા પણ તૈયાર છું."

અકબરે કહ્યું: "બહુ સારૂં; શમશેર, હું તમને પહેલાંથીજ કહી ચૂક્યો છું, કે પિતાના આ નિષ્ઠુર કાર્યથી હું બહુ દુ:ખિત થયો છું. મેં આ અધમ કાર્ય ન કરવા માટે તેમની અત્યંત પ્રાર્થના કરી, કિન્તુ સર્વ વ્યર્થ ગયું. હવે મેં પ્રતિજ્ઞા કરી છે, કે કોઇ પણ રીતે એ નિરપરાધી રાઠોડ રાજકુમારનો જીવ બચાવવો. ઘણોક વિચાર કરી એનો એક માર્ગ મેં નક્કી કર્યો છે."

શમશેરે હાથ જોડી કહ્યું: "આજ્ઞા કરો!"

અકબરે કહ્યું: "તમે જરા પણ વાર ન લગાડતાં ખુમચાવાળાનો વેશ ધારણ કરી રાઠોડ સેનાપતિ દુર્ગાદાસને ચુપચાપ જઇ મળો. તેમને આપણો ઉદ્દેશ જણાવી, રાજકુમારને ખુમચામાં છુપાવી, દૂર લઇ જઈ કોઇ ગુપ્તસ્થાનમાં સંતાડી રાખજો; અને એ પછી મને ખબર પહોંચાડવાની તજવીજ કરજો."

શમશેરે કહ્યું: "પણ હું એ બાળકનો જીવ જરૂર બચાવીશ એ વાતમાં વિશ્વાસ કોણ કરશે? સર્વ રજપૂતો એમજ સમજશે, કે હું બાદશાહનો ગુપ્તચર છુ."

અકબરે ઉત્તર આપ્યો: "શમશેર, તમે નથી જાણતા કે રાઠોડ સેનાપતિ દુર્ગાદાસ અસાધારણ બુદ્ધિમાન છે. મને વિશ્વાસ છે, કે તે તમને જોતાંજ તમારી વાતમાં

વિશ્વાસ રાખી સમજી જશે, કે તમે તેમના સાચા મિત્ર છો. બહુ સારૂં, હવે જાઓ, વિલંબ કરવામાં માલ નથી. નિખિલ બ્રહ્માંડના અધિપતિ, હિન્દુ અને મુસલમાન ઉભયના રક્ષક, પાલક, પોષક, સર્વ શકિતમાન્, સર્વદર્શી અલ્લાહ જરૂર તમને એ ઉમદા કૃત્યનો બદલો આપશે."

શમશેરનું મુખમંડળ પ્રસન્ન થઈ ગયું. તે પવિત્રાત્મા અકબરની આજ્ઞાનું પાલન કરવા તૈયાર થઈ ગયો. આ પાપનગરી દિલ્હીમાં, અધર્મના નિબિડ અન્ધકારમાં, મહંમદના પવિત્ર ધર્મની દિવ્ય જ્યોતિનો પ્રકાશ દેખાયો; છુપાઈ રહેલી આગની ચણુગારી હવા લાગતાંજ તગતગી ઉઠી. શમશેરઅલી જીવનની આશા છોડી અકબરની આજ્ઞાનું પાલન કરવા દોડી ગયો. અકબર પાસેજ છુપાઇને વ્યાકુળ ચિત્તે આ દેવ-દાનવોના ભીષણ યુદ્ધના પરિણામની પ્રતીક્ષા કરવા લાગ્યો.

કેટલોક સમય વીત્યા બાદ જાલીમ બાદશાહ ઔરંગઝેબે સાંભળ્યું, કે ભુટ્ટા-ભોજી રાઠોડ સેનાપતિ દુર્ગાદાસે પોતાના પાંચસો સૈનિકોની સહાયતાથી પાંચ હજાર મોગલ ફોજને છિન્નભિન્ન કરી નાખી, રાજનગરી દિલ્હીના રાજપથમાં યવનોના લોહાની નીકો વહેવડાવી છે; બાદશાહના મહેલના દરવાજા સામે મનુષ્યનાં માથાંનો ઢગ મારી રાઠોડો

પરાક્રમપૂર્વક જોધપુર તરફ ચાલ્યા ગયા છે; અને એક મુસલમાન જોધપુરના બાળ રાજકુમારને સસ્નેહ અને સાદર છાતી સાથે ચાંપી, છુપાવી કોઇ નિર્જનસ્થાનમાં લઇ ગયો છે!

પરિચ્છેદ ચોથો.

વિચિત્ર ફકીર.

સૂર્યોદય થતા સુધીમાં તો રાઠોડ સેનાપતિ દુર્ગાદાસ અને તેનો વિશ્વાસુ મુકુન્દદાસ, જોધપુર રાજ–મહિષી અરુન્ધતી દેવી અને અંબર–રાજતનયા અંબાલિકાને સાથે લઈ એક મસ્જિદની સામે આવી ઉભા રહ્યા. મસ્જિદની આસપાસ કોઈ નથી! કેટલાએ દિવસની થકાવટ, અનિદ્રા અને અનશનથી રાજ–મહિષી તથા અંબાલિકાની દેહલતાઓ કંપી રહી હતી. દુર્ગાદાસે ત્યાં આવતાંજ કહ્યું: "મહારાણી! આજ તે દયાવાન, ખુદાના બંદા મુસલમાનને રહેવાની મસ્જિદ છે."

અરુન્ધતી દેવીએ પૂછયું: "કયાં છે? તે ફકીર કયાં છે? આ મસ્જિદમાં કોઇ મનુષ્ય તો જણાતું નથી. તો

શું મારો જીવન–સર્વસ્વ બાળ એ મકાનમાં નથીજ ? અરે ! મેં જે ધાર્યું હતું તે સાચુંજ પડ્યું ! જરૂર બાદશાહના ગુપ્તચરે મારા હૃદય–ધન, પ્રાણાધાર, પ્રિય અમરને કોણ-જાણે ક્યાં એ લઈ જઈ મારીજ નાખેલો. ”

દુર્ગાદાસે ઉત્તર આપ્યો: “ દેવી ! એમ બનેજ નહિ. આપ લગારે ચિંતા કરશો નહિ. મસ્જિદની અંદરના ભાગમાં ચાલો; એ ફકીરનો સત્વર આપણને ભેટો થશે. હું બહુ દિવસથી એને ઓળખું છું, અને મને એનામાં સંપૂર્ણ શ્રદ્ધા છે. હમણાં અહીંજ જરા વિશ્રામ લો. ”

રાજ–મહિષી કેટલીક વાર સુધી મસ્જિદમાં બેસી, પછી પાણીભરી આંખે બહાર આવી ઉભી રહી. એકાએક એની આંખોમાંથી અશ્રુ સુકાઇ ગયાં ! સામેથી એક લાંબા, પહોળા, સફેદ દાઢી–મૂછવાળા મુસલમાન ફકીરને પોતાના તરફ આવતો તેણે જોયો. ફકીરની પાછળ કોણ જાણે કોણ એક છૂટા કેશવાળી, શુભ્રવસના, દેવી–સ્વરૂપિણી નવયુવતી એક નાના સરખા બચ્ચાને ગોદમાં લઇ, અત્યંત પ્રેમથી તેનું મુખ ચુંબતી ત્વરાથી પોતાના તરફ આવતી હતી. તેઓ પાસે આવી પહોંચતાંજ અરુન્ધતી દેવીએ દોડી જઇ, ફકીરને પ્રણામ કરી, પોતાના શિશુપુત્રને અત્યંત પ્રેમપૂર્વક પોતાની સોડમાં લઇ લીધો.

ફકીરે કહ્યું: "મહારાણી, અંદર પધારો."

મહારાણી ફકીરની સાથે સાથે મસ્જિદના અંદરના ભાગમાં ગઈ. અંદર જઇ ફકીરે કહ્યું: "તમે સર્વ ઘણાં થાકી ગએલાં જણાઓ છો. અત્રે નાહીધોઇ કેટલોક સમય આરામ લો. તે પછી મહારાણીની આજ્ઞાનુસાર ભવિષ્યમાં શું કરવું તેનો નિશ્ચય કરી લઇશું."

દુર્ગાદાસે પૂછ્યું: "શમશેરઅલી હમણાં ક્યાં છે?"

ફકીરે ઉત્તર આપ્યો: "તે અહિંજ છે. રાજ–શિશુને ગોદમાં લઇ તે કોઇ ગુપ્ત સ્થાનની તલાશ કરી રહ્યા હતા, તે સમાચાર હું પહેલાંથીજ જાણતો હતો. એમને આ સ્થાન બતાવવાને માટે મેં મારા એક શિષ્યને એમની પાસે મોકલ્યો હતો; અને એ પછી આપને ખબર આપવામાં આવી હતી. હવે એ વાતોની વિશેષ જરૂર નથી. બેટા વિલાસકુમારી, મહારાણી અને એમની સહચરીને આપણા અંત:પુરમાં લઈ જા. મહારાણી, મેં બહુ દિવસોથી વૈરાગ્ય–વ્રત ધારણ કર્યું છે; છતાં હજુ પણ હું સંસારને છોડી શકતો નથી! આ મસ્જિદ અને એની આસપાસનાં મકાનોમાં મારા કેટલાએ હિંદુ–મુસલમાન શિષ્યો રહે છે. એમાંના અનેક મારા ગુપ્તચર બની, ભારતનાં વિભિન્ન સ્થાનોમાં ભ્રમણ કરતા ફરે છે; અને દાનવ–સમ્રાટ્ ઔરંગ-

ઝેબના અત્યાચારોની મને ખબર આપે છે. હું એ અત્યાચારો બનતા અટકાવવાને યથાસાધ્ય શ્રમ લઉં છું. આ સમયે મારા સાંસારિક જીવનનું એજ વ્રત છે. એ સિવાય મારી આ પ્રિયતમ, પાલિત કન્યાએ મને આ જીવનને માટે સંસાર–સૂત્રમાં બાંધી રાખ્યો છે. એનો સંપૂર્ણ પરિચય આપને એજ, આપશે તો વધારે ઠીક થઇ પડશે. પછી વિલાસકુમારીને ફકીરે કહ્યું: "તો જાઓ બેટા, વાર ન કરો. આજે ધન્ય ઘડી ધન્ય દહાડો, કે જોધપુરનાં મહારાણી તારાં મહેમાન થયાં છે. એમની આજ યથાશકિત સેવા કરી જીવન સાર્થક કરો."

આહારાદિથી પરવાર્યા પછી અરુન્ધતી દેવીએ વિલાસકુમારીને પૂછ્યું: "બેન, તું કેટલા દિવસથી આ ફકીરની મસ્જિદમાં રહે છે? તારા વિષે કંઈક સાંભળવાને મારૂં મન બહુ ઉત્સુક બની રહ્યું છે."

વિલાસકુમારીએ એક દીર્ઘ નિ:શ્વાસ નાંખતાં કહ્યું: "મહારાણી, મારા પૂર્વ જીવનની કહાણી સાંભળવાથી આપના મનમાં બહુ દુ:ખ થશે. મારો સંક્ષિપ્ત પરિચયજ હું આપને આપું, એથી આપ સઘળું સમજી જશો. હું મેવાડના સેનાપતિ સ્વર્ગવાસી વિક્રમસિંહની પુત્રી છુ!"

એકાએક અરુન્ધતી દેવીનું મુખમંડળ લાલ થઇ ગયું.

તેમણે કહ્યું: " હું જાણું છું, કે સોલંકી સેનાપતિની સુંદર પુત્રીનું હરણ કરવા માટે પાપાત્મા યવનોએ તેમનો નિદ્રામાંજ ઘાત કીધો હતો. "

વિલાસકુમારીએ કહ્યું: " સાચી વાત મહારાણી. એ ઘટનાને બને આજ તો આઠ વર્ષ વીતી ગયાં છે. આ દેવ જેવા મુસલમાન ફકીરે તે રાત્રિએ અચાનક મારા મૃત્યુ પામેલા પિતાના દેહ પાસે આવી પહોંચી મને તે પાપી પિશાચોના હાથથી બચાવી હતી. તે દિનથી માંડીને આજ સુધી એ સાધુ–આત્માના અતુલ યત્નથી આ પિંડનું રક્ષણ ને પાલન–પોષણ થાય છે. એમના અપરિમિત સ્નેહ અને યત્નની તે હું આપને શી વાત કહું ! મારા આ લોક ને પરલોકના ગુરુદેવ—એ ફકીર સારી પેઠે જાણતા હતા, કે મારા પિતા મને કેવા પ્રકારની શિક્ષા આપી રહ્યા હતા. આથી એમણે પણ મને રાજપૂત સૈનિકનો વેશ સજાવીને શસ્ત્રવિદ્યાની શિક્ષા આપવાનો આરંભ કરી દીધો ! પિતા મને સંસ્કૃતના કાવ્યગ્રંથ અને ધર્મશાસ્ત્ર શીખવતા હતા; ગુરુદેવ પણ મને પિતાની પેઠે કાલિદાસ, ભારવિ, ગીતા, ઉપનિષદ્, અને એ સર્વની સાથે મહંમદીય પવિત્ર ધર્મ–ગ્રન્થ કુરાન શીખવવા લાગ્યા. મને વસ્ત્રાભૂષણ બહુજ ગમતાં; તેથી મારા પિતા મને કેટલાંએ બહુ–મૂલ્ય વસ્ત્ર ને અલં-

કાર આણી આપતા હતા, એજ રીતે ગુરુદેવ પણ લાવી આપી મારા મનના કોડ પૂરા પાડે છે. હું નાની હતી, ત્યારે ગાવા બજાવાનું બહુ પસંદ કરતી હતી; એ માટે ગુરુદેવે પણ પોતાની વયોવૃદ્ધ મુસલમાન શિષ્યાઓને મને સંગીત વિદ્યા શીખવવાને નિયુક્ત કરી હતી. મારા ગુરુદેવ મુસલમાન હોવા છતાં પણ સંસ્કૃતના અદ્વિતીય પંડિત છે. ગીતા અને ઉપનિષદ્ આદ્યોપાન્ત એમને કંઠસ્થ છે! શસ્ત્ર-વિદ્યામાં એમના જેવા રાજપૂતોમાં પણ ભાગ્યેજ કોઇ હોય! હું આટલી મોટી થઇ છું, છતાં ગુરુદેવની નજરે તો હું એક બાલિકા માત્ર છું! મારી આ સર્વ શિક્ષા હજુ સમાપ્ત થઈ નથી. હું હમણા પણ જયદેવની આવૃત્તિ કરૂં છું; ગુરુ-દેવની શિષ્યા સાથે સિતાર બજાવી ગાઉં છું. હજુ પણ પુરુષનો વેશ પહેરી તલવાર લઈ યુદ્ધ કરતાં શીખું છું! એ ઉપરાંત સુંદર વસ્ત્રાભૂષણ સજી નાનાવિધ ફૂલોના હારગજરા વગેરે ગુંથતાં શીખું છું. ગુરુદેવના મુખથી હું પ્રતિદિન જે મધુર સ્વર્ગીય ઉપદેશ સાંભળું છું, તેનું સ્મરણ કરવાથી મારા આ અંધકારમય હૃદય-પ્રદેશમાં આનન્દ-ધારા વહેવા લાગે છે."

અરુન્ધતી દેવીએ વિચાર કરતાં કહ્યું: "મને કંઇ કંઇ યાદ આવે છે. ઘણું કરીને મેં સાંભળ્યું હતું, કે વીર

સેનાપતિ વિક્રમસિંહની પુત્રીની સાથે મેવાડાધિપતિ જય-સિંહના પુત્ર અમરનાં લગ્ન થયાં હતાં."

એકાએક વિલાસકુમારીનું મુખમંડળ પીળું પડી ગયું! એની ઉજ્જવળ આંખોમાં જલબિંદુ ભરાઇ આવ્યાં. તેણે કેટલીક વાર ચુપ રહી આ જિંદગીમાં પહેલવહેલાંજ એ વાત જૂઠી છે એમ કહ્યું! તેણે કહ્યું: "મહારાણી, સંભવ છે, કે આપે એ જૂઠી વાર્તા સાંભળી હશે. હવે મને પણ એક વાત જાણવાનું કુતૂહલ ઉત્પન્ન થયું છે. આપ કહેશો, કે આપની સાથે આ અપ્સરા જેવી સુંદર સંગિની કોણ છે, અને કયાંથી આવી છે? આપને એની સાથે શો સં-બંધ છે?"

અરુન્ધતી દેવીએ કહ્યું: "બેન, તેં સાંભળ્યુંજ હશે, કે આઠ વર્ષ કરતાં અધિક સમય પર રાક્ષસ ઔરંગઝેબે વીર, ધર્મપરાયણ અંબરાધિપતિ મહારાજ જયસિંહને મારી નાખ્યા હતા. તેમની નાની રાણી પોતાની નાની પુત્રી અંબાલિકાને મેવાડ-નરેશની પાસે મૂકી મૃત પતિની પાછળ સતી થવાને માટે ઉદયપુર—મારા પિયરમાં આવી હતી. ત્યાં વિધવા અંબર-રાજ-મહિષી સાથે મારે મળવું થયું. એ પોતાની આ બાલિકાને મારે ચરણે સોંપી પોતે પતિ પાછળ ચિતામાં સમાઈ ગઇ! એ દિવસથી હું આ અંબર-

રાજનન્દિની અંબાલિકાને મારા પેટની પુત્રી પેઠે પાળું છું.

વિલાસકુમારીએ આ સઘળું સાંભળી કહ્યું: " મહારાણી, આજે મારે મોટો સૌભાગ્યનો દિવસ છે! મને સ્વપ્ને પણ આશા નહોતી, કે મારૂં આવું સુભાગ્ય હશે! પેલા જુઓ, મારા ગુરુદેવ, સેનાપતિ દુર્ગાદાસની સાથે આ તરફ આવી રહ્યા છે."

પરિચ્છેદ પાંચમો.

ફકીરની સલાહ.

વિલાસકુમારી આનંદપૂર્વક ઉઠી ઉભી થઇ, અને બે-એક ડગલાં આગળ વધી પેલા ફકીરને કહેવા લાગી: " ગુરુદેવ! આ જે મહારાણી અરુન્ધતીની સંગિની આજ આપણી મસ્જિદને પોતાના રૂપજ્યોતિથી ઉજ્જ્વલ કરી રહી છે તેનો પરિચય—"

ફકીરે એ વાતને વચમાંથીજ કાપી નાખતાં કહ્યું: " બેટા, મેં દુર્ગાદાસને મોંએથી એનો સંપૂર્ણ પરિચય મેળવ્યો છે. એ અંબર-રાજકુમારી અંબાલિકા છે.

ફકીરે અરુન્ધતી દેવી તરફ જોઈ કહ્યું: "મહારાણી!

કહો, આપ ભવિષ્યમાં હવે શું કરવા ચાહો છો ? આપ નિઃસંકોચથી મને આપની ઇચ્છા જણાવો. મને આપ આપના વીર સેનાપતિ દુર્ગાદાસની પેઠેજ એક વિશ્વાસુ સેવક સમજશો. આપ કંઇક વિસ્મય તો પામશોજ, કે હું મુસલમાન થઇ યવન બાદશાહનો વિરોધ કેમ કરી રહ્યો છું? સંભવ છે, કે એથી આપના મનમાં તરેહ તરેહના સંશય ઉત્પન્ન થઇ રહ્યા હશે !”

અરુન્ધતી દેવીએ કહ્યું: “ દેવ ! અહિં આવતા પહેલાં-જ હું દુર્ગાદાસ પાસેથી આપને વિષે સર્વ સાંભળી ચુકી છું. એ સિવાય આજ આપની આ પાલિત કન્યા લોક-મનોમોહિની વિલાસકુમારીએ કેટલીક વિશેષ વાતો પણ આ-પને વિષે સંભળાવી છે. એ વાતમાં કંઇ સંદેહ નથી, કે આપ મનુષ્યના વેષમાં કોઇ દેવજ છો !”

ફકીરે ગંભીરતાથી કહ્યું: “ મહારાણી ! હું નિર્બળ અને દરિદ્ર વૃદ્ધ ફકીર છું; પરંતુ ક્ષુદ્ર તૃણ પણ અકારણ, વિના પ્રયોજન ઉગતું નથી. હું લોકાલયમાં મનુષ્ય લોકને વિષે ઉત્પન્ન થયો છું. મનુષ્યજાતિનું તલમાત્ર પણ કલ્યાણ થાય એવા કૃત્યમાં મારો દેહ જો ઉપયોગી થઈ પડે, તો હું મારી જાતને કૃતકૃત્ય માનું છું; નહિ તો હું મારી જા-

તને જંગલી પશુથી પણ અધમ માનું છું. આ સમયના ભારત-સમ્રાટ્ મોહ અને દુરાકાંક્ષાના ભ્રમથી ન્યાય, સત્ય, ધર્મની વિરુદ્ધ ઉભા છે. મહુંમદનો પવિત્ર ઉપદેશ અને કુરાન-શરીફની સારનીતિને કલંકિત કરવાને પગભર થઈ ચૂક્યા છે. આ સમયે મુસલમાનમાત્રનું કર્ત્તવ્ય છે, કે તેણે એમની આ પાપી અને નિષ્ઠુર રાજનીતિની વિરુદ્ધ શસ્ત્ર લઇ ખડાં થઈ જવું, અને પવિત્ર મહુંમદીય ધર્મના ગૌરવનું રક્ષણ કરવું. આથીજ હું મુસલમાન ફકીર હોવા છતાં પણ, મુસલમાન સમ્રાટ્નો વિરોધ કરવાને તત્પર થઇ રહ્યો છું. હવે આપની ઇચ્છા જાણ્યા પછી હું નિશ્ચય કરી શકીશ, કે હું શી રીતે આપને ઉપયોગી થઇ પડીશ."

અરુન્ધતી દેવીએ કહ્યું: "હે દેવ! આપ તો જાણો છોજ-બીજાંની વાત તો બાજુએ રહી-કે બાદશાહ મારા જેવી અબળા ઉપર પણ કેટલાએ દિવસથી કેટકેટલા નિષ્ઠુર અને પૈશાચિક અત્યાચારો કરતા આવ્યા છે. એમણે કેટલી ચાલાકીથી મારા પૃથ્વીરાજને અપરાધ વિના કિશોરાવસ્થામાંજ વિશ્વાસઘાતથી મરાવી નાખ્યો છે. એમણે તરેહ-તરેહનાં છળ કરીને મારા રાજાધિરાજ, શિરછત્ર, પ્રાણપતિના જીવનનો નાશ કરી નંખાવ્યો છે. આટલું આટલું કર્યા છતાંએ એમણે હવે મારા અંધકારમય હૃદય-કાનનની

આ ક્ષુદ્ર કુસુમ—કલિકાનું પણ મારી પાસેથી અપહરણ કરવાને કાલાન્તક—મૂર્તિ ધારણ કરી છે. એમણે આ મારી કન્યાતુલ્ય પાલિત પુત્રીના વીર—ક્ષત્રિય ગૌરવયુક્ત પિતાને મરાવી મધ્ય સમુદ્રમાં નંખાવી દીધા છે. એમણે આપની આ પાલિત કન્યાની પેઠે કેટલીએ વીર રજપૂત—રમણીઓના જીવનનો સર્વનાશ કર્યો છે. ખરેખર! એમણે રાજસ્થાનને શ્મશાન બનાવવાનો વિચાર કર્યો હોય, એમ લાગ્યા વિના રહેતું નથી. દેવ! હું એક ક્ષત્રિય—રાજ—તનયા છું; ક્ષત્રિય—રાજ—મહિષી છું; આથી એ સર્વ અત્યાચારો અને અપમાનોનો બદલો લેવાની હું દૃઢ પ્રતિજ્ઞા કરૂં છું! બાદશાહ સવંશ અને સસૈન્ય ભસ્મ થાય એ માટે હું રાજસ્થાનની ગિરિકંદરાઓમાં ભીષણ સમરાગ્નિ પ્રજ્જ્વલિત કરીશ!"

દુર્ગાદાસે તલવાર મ્યાનમાંથી બહાર ખેંચી કહ્યું: "અને આપનો આ ચિરદાસ, સ્વર્ગસ્થ જશવન્તસિંહનો ચિરવિશ્વસ્ત સેવક પણ, આ તલવાર વડે એ ભીષણ સમરાનલમાં હજારો યવન—મુંડની આહુતિ આપશે! યવનોના રક્તસ્રોતથી ભારત—જનનીની છાતીમાંથી દાનવોના પાદચિહ્નને પણ ધોઇ નાખશે!"

અરુન્ધતી દેવીએ કહ્યું: "દુર્ગાદાસ! વીર—કેસરી દુર્ગા-

હાસ ! આ ઘોર વિષદ્દમાં તમેજ એક મારૂં ભરોસાનું પાત્ર છો. તમે જ્યારે મારા સહાય છો, અને આ દેવ જ્યારે મારા ઉપર પ્રસન્ન છે, ત્યારે મારી પ્રતિજ્ઞા સફલ થવામાં લેશમાત્ર પણ સંશય મને રહેતો નથી. હું કેટલાએ રાજપૂત નરેશોની પાસે જઈ, એમની પાસે તલવાર-ભિક્ષા માગીશ ! હું સમસ્ત રાજપૂત જાતિને બહુ દિનની ગાઢ નિદ્રામાંથી ઉઠાડી, એને રણક્ષેત્રમાં દોડી જઇ પોતાનું ગૌરવ બતાવી આપ્રવાની પ્રેરણા કરીશ !"

ફકીરે કહ્યું: "મહારાણી, હું આપને વિશેષ શું કહું ? હું દિવ્યચક્ષુથી જોઈ રહ્યો છું, કે આપની પ્રતિજ્ઞા શીઘ્ર પરિપૂર્ણ થશે. હવે આપ કહો, કે આપના આ શિશુ-તનય-ને આપ ક્યાં, કોની પાસે રાખવા ચાહો છો ?"

મહારાણીએ ઉત્તર આપ્યો: "હું એ બાળકને આપનીજ પવિત્ર, શીળી, છત્રછાયા નીચે રાખવા ઈચ્છા રાખતી હતી; પરંતુ દુર્ગાદાસ કહે છે, કે હવે આપના આ સ્થાનનો મુસલમાન સેનાને પત્તો લાગી ગયો છે. આથી હવે હું એને આબુ પહાડ પર છુપાવવાની ઇચ્છા રાખું છું."

દુર્ગાદાસે કહ્યું: "અહિં આવતા પહેલાંજ મેં કેટલીક ફોજ આબુ ઉપર મોકલી દીધી છે. તે ત્યાં જઇ મારી સહ જોઇ રહી હશે. હું સત્વર મુકુન્દદાસ અને બાળ-રાજકુમાર-

ને સાથે લઈ તેને જઈ મળું છું. વધેલા રાઠોડ સિપાહીઓને મેં મંડલગઢના કિલ્લામાં મોકલી દીધા છે. ત્યાં તેઓ સર્વ મહારાણીની વાટ જોતા હશે."

અરુન્ધતી દેવીએ કહ્યું: "હું અહીંથી કેટલાક દિવસથી મારા મહિઅર ઉદેપુર જઈ, ત્યાંના રાજભવનમાં રહી, આ મહાવ્રતની સાધનાનો ઉદ્યોગ કરીશ. ઘણીજ ત્વરાથી અરવલ્લીની ટેકરીઓમાં એક નવો વિશાળ કિલ્લો બંધાવીશ; જ્યાં સર્વ રાજપૂત-રાજગણ પોતપોતાની સેના સહિત એકત્ર થશે. દેવ! આશીર્વાદ આપો, કે હું મારા અંતિમ જીવનનું એ લક્ષ્ય સાધી શકું!"

ફકીરે કહ્યું: "મહારાણી! ખુદા આપની એ શુભ ઈચ્છા પુરી પાડવામાં સહાય થશે!"

દુર્ગાદાસે ફકીરને અભિવંદન કરતાં કહ્યું: "આ સઘળો બંદોબસ્ત થઇ ગયા પછી, અને અરવલ્લી ઉપર નવો કિલ્લો તૈયાર થઈ ગયા પછી, સર્વ રાજાઓ ત્યાં એકત્ર થાય તે પહેલાં હું આપને અહીં આવી મહારાણીને મળીશ."

વિલાસકુમારી અત્યાર સુધી ઉભી ઉભી છાનીમાની સઘળી વાતો સાંભળી રહી હતી. આ પછી તે મહારાણીના તરફ જોઈ બોલી: "દેવી! આપ ગુરુદેવ સમક્ષ પ્રતિજ્ઞા કરશો, કે અરવલ્લીના કિલ્લામાં જતા પહેલાં આપ અહીં

આવી અમને મળશો."

મહારાણીએ વિલાસકુમારીને સ્નેહપૂર્વક ગળે લગાડી કહ્યું: "બેટા, તારા ગુરુદેવે મારા ઉપર કૃપા કરી મારા આ કાર્યમાં સહાયતા આપવાનું વચન આપ્યું છે. એમની સલાહ તથા આશીર્વાદ લેવા સત્વરજ મારે પાછાં અહિં આવવાનું થશે."

વિલાસે પ્રસન્નતાપૂર્વક કહ્યું: "બહુ સારૂં, જરા થોભો. ગુરુદેવે મને જે તલવાર ભેટ આપી છે, તે હું એક વાર આપને બતાવી લઉં!"

વિલાસકુમારી દોડતી ગઇ, અને બીજા ઓરડામાં જઇ એક તલવાર લઈ પાછી આવી બોલી: "જુઓ; આ તલવારને હાથમાં ઝાલી હું રજપૂતનો વેશ ધારણ કરી ગુરુદેવની પાસેથી યુદ્ધ-વિદ્યા શીખું છું. આપ જ્યાં સુધી અહીં નહિ આવો, ત્યાં સુધી હું એની પૂજા કર્યા કરીશ. તે પછી હું એ તલવાર લઈ આપના એ મહાવ્રત-સાધનમાં સામેલ થઇશ! મહારાણીજી! આપની પાસે બીજી પણ એક ભિક્ષા માગવાની હું ધૃષ્ટતા કરૂં છું. આપ જ્યારે અહીં આવો, ત્યારે આ રાજકુમારી અંબાલિકાને પણ સાથે લાવવાનું ભૂલશો મા."

મહારાણીએ કહ્યું: "બેટા, અંબાલિકા તો આ સમયે

સુખ અને દુઃખમાં મારી સાથી છે. એ મારી સાથે અવશ્યજ આવશે. ”

વિલાસકુમારીએ અરુન્ધતી દેવીના પગની રજ લઇ પોતાને માથે ચઢાવી, અને અંબાલિકાને ગળે લગાવી તેના મુખનું સ્નેહપૂર્વક ચુંબન કર્યું.

પરિચ્છેદ છઠ્ઠો.

રાજપૂત માતા.

અલ્પ સમયમાંજ રાઠોડ સેનાપતિ દુર્ગાદાસના ભેરીરવથી આખું રાજસ્થાન ગાજી ઊઠયું. એકે એકે સર્વ રાજપૂત રાજાઓએ અરવલ્લીની ખીણોમાં આવી દુર્ગાદાસને દૃઢાલિંગન દીધું. કેવળ રાજકુલશ્રેષ્ઠ મેવાડાધિપતિ આ માતૃમંદિરના મહાવ્રતમાં સામેલ થયા નહિ. સર્વ રાજાઓએ એકત્ર થઇ રાણાની પાસે એક પ્રેરક અને વિનીત પ્રાર્થનાપત્ર મોકલ્યું. આ દુર્દિનના સમયે રાજસ્થાનના દુઃખની કહાણી સાંભળી રાણાનું હૃદય ધડકતું ન જોઇ, દુઃખિત અને વિસ્મિત રાજપૂત રાજાઓએ એનું કારણ જાણવાને માટે ઉદેપુરના રાજભવનમાં મહારાણી કર્ણાવતીની પાસે એક

દૂત મોકલ્યો. દૂતનાં કરુણ વચનોથી ક્ષત્રિય રાણીનું હૃદય વિદીર્ણ થઈ ગયું. દૂત વિદાય થયા પછી તેણે પોતાના પ્રાણાધિક પ્રિય પુત્ર અમરસિંહને બોલાવવા મોકલ્યું.

અમરસિંહ માતાની સામે આવી બોલ્યો, "માતા! શા માટે આપે મને બોલાવ્યો છે? આ શું માતા? આપ રુદન કરો છો કેમ? શું થયું છે મા?

મહારાણી કર્ણાવતીએ રડતાં રડતાં કહ્યું: "હાં, બેટા અમર! આજ મેવાડના રાજવંશનું એ ઘોર કલંક કોણ દૂર કરશે?

"કલંક કેવું મા! મને તો એની કંઇ ખબરે નથી."

કર્ણાવતીએ કહ્યું: "તેં શું હજી સુધી નથી સાંભળ્યું, કે જોધપુરનાં મહારાણી અરુન્ધતી દેવી અને એમના વીર સેનાપતિ દુર્ગાદાસ દિલ્હીના બાદશાહ ઔરંગઝેબ સાથે યુદ્ધ કરવાને મોટો શ્રમ ઉઠાવી રહ્યાં છે; તથા અરવલ્લીના પહાડોમાં માતૃમંદિર બનાવ્યું છે. મહારાણી અરુન્ધતી દેવીના એ મહાવ્રતમાં મદદ આપવાને માટે રાજપૂતાનાનું સમસ્ત રાજમંડળ માતૃમંદિર તરફ ગયું છે."

અમરે પ્રત્યુત્તર આપ્યો, "માતા! હું તો બહુ દિવસથી એ સમાચાર સાંભળું છું. મ્લેચ્છોના પગ તળે

દબાયલા તમસાચ્છન્ન ભારતમાં હવે અરુણોદય થવાને વાર નથી !"

કર્ણાવતીએ કહ્યું: "કિન્તુ બેટા ! શું તું નથી જાણતો કે રાજપૂતાનાના સર્વશ્રેષ્ઠ વંશની વીરકીર્તિ ઉપર આટલા સમય પછી કેવી કાળી વાદળી છવાઇ ગઈ છે ? મેવાડાધિપતિ મહારાણા, આ મહાવ્રતમાં સામેલ થવાનું તો દૂર રહ્યું, પણ જયસમુદ્રના પ્રમોદવનમાં આવેલા રાજમંદિરમાં કમળાદેવીના ભુજપાશમાં પડ્યા રહી આ દેશોદ્ધારના યજ્ઞની વાત કાને પણ ધરતા નથી !"

અમરે દીર્ઘનિશ્વાસ નાખતાં કહ્યું: "માતા ! હું એનું કારણ હજુ સુધી સમજી શકતો નથી, કે શા કારણથી પિતાજી એ મહાયજ્ઞમાં સહાય થવાને અદ્યાપિ તૈયાર થયા નથી."

"હાય, અમર ! એ બહુ દુ:ખની વાત છે ! એકત્ર થએલા સર્વ રાજાઓએ એ પુણ્ય-સમરમાં સામેલ થવાને એમને કેટલાએ પ્રાર્થના-પત્ર લખ્યા છે; રાણી અરુન્ધતીએ પણ એમને ઘણું ઘણું નિવેદન કર્યું છે; કિન્તુ એમની મોહ-નિદ્રા કોઈ રીતે તૂટતી નથી ! આથી એ સર્વેએ વિચાર કરી રાણાજીને સમજાવવા માટે મારી પાસે દૂત મોકલ્યો હતો. એ બિચારાં શું જાણે, કે આ સમયે મારા પર

એમનો કેટલો પ્રેમ છે અને મારી સાથે એ કેવો સંબંધ ધરાવે છે!"

અમરસિંહે દિલગીર થઈ કહ્યું: "માતા! હું જાણું છું કે દૂત આપને મળી ઉદાસ ચહેરે પાછો વળ્યો છે. હું જાણતો નથી, કે પિતા આટલા બધા દિવસો સુધી એક અધીરો, આળસુ, અને અકર્મણ્ય મંત્રીના હાથમાં રાજ્ય-ભાર સોંપી નિશ્ચિન્ત થઈ ત્યાં કેમ પડી રહ્યા છે!"

"તે વાત તો તેઓ જાણે કે એમની કમળાદેવી જાણે!"

"હું સમજી શકતો નથી કે નાનાં મા આ સમયે આમ કેમ કરી રહ્યાં છે. એ તો મને બહુ ચાહતાં હતાં! મારાથી એમનો શો અપરાધ થયો છે, તે હું જાણતોએ નથી. અહીંથી એઓ ચાલ્યાં ગયાં, તે પહેલાં આપે એમને કંઈ કડવી વાત કહી હતી?"

"ભગવાન જાણે! હું તો સદા એમને નાની બહેન-ના જેવાં ગણતી હતી. અહિંથી જતા પહેલાં એક દિવસ એમણે મને કહ્યું હતું, કે વિક્રમસિંહની કન્યા વિલાસકુમારી-ને અહીં લાવી રાખો; એથી અમરનું ચિત્ત ઠેકાણે આવી જશે. એ વાત તે વખતે મને ઠીક ન લાગી; એથી મેં તેને

બહુ ગણુકારી નથી. આ સિવાય તો તેમના એ મહા ક્રોધનું કંઇ કારણ મારા તરફથી મળ્યું હોય એમ મને નથી લાગતું."

એકાએક અમરસિંહનું મુખમંડળ મલિન થઇ ગયું. એ કેટલોક સમય માથું નીચું કરી રહ્યા; અને પછી તેણે કહ્યું: "માતા! આજ્ઞા આપો, કે આ દાસ એ પુણ્ય–સમરમાં પ્રાણ સમર્પણ કરી મેવાડના ગૌરવને બચાવે."

"બેટા! એકલો તને એટલે દૂર કેવી રીતે મોકલું?"

અમરે કહ્યું: "એકલો કેમ મા? આપણા સિપાઇઓ બહુ દિવસથી યવનોનું લોહી પીવાને તલસી રહ્યા છે. ઇશારો થતામાં તેઓ એ પુણ્ય–સમર તરફ દોડી જઇ અતુલ વીરત્વ દાખવી જગત્‌ને વિસ્મિત કરી નાખશે!"

મહારાણીએ ક્ષોભ અને અભિમાનથી દીર્ઘ નિઃશ્વાસ નાખતાં કહ્યું: "મહારાણાની આજ્ઞા વિના યુદ્ધમાં ફોજ લઇ જવાથી એમનો અને કમળાદેવીનો ક્રોધાગ્નિ બેવડો પ્રજ્વલિત થઈ ઊઠશે!"

પુત્રે હાથ જોડી કહ્યું: "તો આજ્ઞા આપો માતા, હું એકલોજ જાઉં."

મહારાણીએ આંખમાં અશ્રુ સાથે કહ્યું: વિધાતા! મેવાડના મહારાણાના પુત્રને યવનોની સાથે યુદ્ધ કરવા માટે

આજ એકલાં જવું પડે છે! બહુ સારૂં બેટા! સમય ગુમાવવાની જરૂર નથી. આ રાજકુમારનો વેશ ઉતારી એક દીન--હીન ખેડુતનો વેશ ધારણ કર."

"કેમ માતા? ખેડુતનો વેશ કેમ પહેરૂં?"

"બેટા! રાજસ્થાનના કેટલાએ રાજાઓ ત્યાં સેના-સામન્ત સાથે આવેલા છે; અને તું મેવાડનો પાટવી એકલો, માત્ર એક તલવાર લઇ તેમની પાસે જઇ ઉભો રહીશ?" તે સર્વ તને પૂછશે, કે મહારાણા ક્યાં છે? તેમના અસંખ્ય સૈનિકો ક્યાં છે? તે સમયે તું શો ઉત્તર આપીશ? એથી તો આખું જગત્ રાણાનું ખોટું બોલશે. બેટા, તું એ નિંદા શી રીતે સહી શકીશ? માટેજ હું કહું છું, કે દીન-હીન ખેડુતનો વેશ ધારણ કરી એકત્ર થએલ ક્ષત્રિય રાજાઓના સાથમાં બે વર્ષ સુધી યુદ્ધમાં જોડા. બે વર્ષ સુધી કોઇને તું તારો પરિચય ન આપતો. જો કોઇ પૂછે તો કહેજે, કે હું મેવાડ દેશના એક દીન-હીન ખેડુતનો બાળક છું!"

રાજપૂત-માતાએ રૂમાલ વડે પોતાનાં આંસુ લૂછી, પોતાના હાથે પુત્રને દીન-હીન ખેડુતનો વેશ પહેરાવ્યો; પછી કહ્યું: "જા બેટા! આશીર્વાદ આપું છું, કે ફરી એક વાર આ સુરાસુર સંગ્રામમાં ક્ષત્રિય-શૌર્યના તેજથી માતા

વસુમતીને ઉજ્જવલ કર. જો ભગવાન તારી રક્ષા કરે, તો બે વર્ષ પછી ફરી આ તારૂં મનોહર મુખડું મને બતાવજે !"

ખેડુ-વેશધારી કુમાર અમરસિંહ જનનીની ચરણ-ધૂલિ મસ્તક પર ચઢાવી એકલો, માત્ર ઘોડો અને તલવાર લઈ જનની જન્મભૂમિની સેવા ખાતર રાજભવનમાંથી બહાર નીકળી પડયો !

હાય ! આજ એ દિવસો ક્યાં ગયા ? આજે એ સ-મયની સત્ય કથાઓ ઉપન્યાસમાં પણ અસંભવ અને ઉપ-હાસાસ્પદ માલમ પડે છે !

પરિચ્છેદ સાતમો.

માર્ગદર્શક.

ઉનાળાની રાત્રિ રૂમઝુમ કરતી ચાલી જાય છે. ફકીર પોતાની મસ્જિદની સામે ચાંદનીમાં એકલા આંખો બંધ કરી બેઠા છે. એકાએક એક ઘોડેસ્વાર એમની સામે આવી ઉભો રહ્યો. ફકીરે આંખો ઉઘાડી કહ્યું: " ઇનાયતઅલી, આજ બહુ દિવસે આવ્યા; કંઈ નવા સમાચાર હોય તો સંભળાવો. "

ઇનાયતઅલીએ ઉત્તર આપ્યો: “ આજકાલ બાદશાહ-ની સાથે રાજપૂતોની લડાઇઓ થઈ રહી છે. પ્રાય: સર્વ લડાઇઓમાં બાદશાહના સૈન્યની હાર થઇ છે !”

ફકીરે કહ્યું: “ એ યુદ્ધોની વાત આજે મેં રાઠોડ સેનાપતિ દુર્ગાદાસને મોંએ સાંભળી છે. દુર્ગાદાસ અને જોધપુરનાં મહારાણી બે દિવસથી અત્રે આવેલાં છે. હવે બીજી જો કોઈ નવી જાણવાજેવી વાત હોય તો કહો. ”

“ દુર્ગાદાસ અને જોધપુરની મહારાણીએ બાદશાહ-ના રાજ્યને ખેદાનમેદાન કરવાને જે બંદોબસ્ત કર્યો છે, તેમાં સામેલ થવાને પ્રાયઃ સર્વ રાજપૂતોએ તેમને વચન આપ્યાં છે; કેવળ મેવાડના રાણા જયસિંહ—”

ફકીરે કહ્યું: “ એ વાત પણ મેં દુર્ગાદાસને મોંએ સાંભળી છે. ”

“ કિન્તુ આપ હજુ સુધી ઘણું કરીને તો જાણી ન-હિજ શક્યા હો, કે રાણા જયસિંહના પુત્ર અમરસિંહ નકલી વેશમાં આ તરફ આવેલા છે !”

ફકીરે આશ્ચર્ય પામી કહ્યું: “ તે ક્યાં છે ? તારે તેમની મુલાકાત થઈ હતી ?”

“ રસ્તામાં તે મને મળ્યા હતા. મારાથી તેમણે

પોતાનો પરિચય છુપાવ્યો હતો, પણ હું તો પહેલાંથીજ એ વાત જાણતો હતો. તેમણે મને કહ્યું: ‘ હું મેવાડનો એક ગરીબ ખેડુત છું. રાઠોડ વીર દુર્ગાદાસને મળવાની ઇચ્છા રાખું છું.’ હું તેમને રસ્તો બતાવી આ તરફ લઈ આવ્યો છું ! ”

ફકીરે ત્વરાથી કહ્યું: “–તો તું તેમને મારી આ મસ્જિદમાં કેમ ન લઈ આવ્યો ?”

“ તેઓ અહિં આવવાને માટે રાજી ન હતા. તેમણે કહ્યું: ‘ હું એકલોજ દુર્ગાદાસની પાસે જઇશ.’ તેઓ આ ઝાડીમાં નદી કિનારે થોભ્યા છે. એમનો સફેદ ઘોડો વટ-વૃક્ષના મૂળે બાંધેલો છે.”

ફકીરે કહ્યું: “ હું હમણા યુવરાજ અમરસિંહને મળી તેમને અહિં તેડી લાવતો–પણ, આ શું ? આ બૂમાટો શેનો ? ”

ઈનાયતઅલીએ કહ્યું: “ એક બીજા સમાચાર આપને કહેવાનો ભૂલી ગયો હતો. રસ્તામાં સમાચાર મળ્યા કે અફજલખાં જજીયા વસુલ કરવાને આજ હરદેવપુર ગામ-ની નિરપરાધ અને નિરીહ પ્રજાનું સર્વસ્વ લૂટી લેવાનો છે, ઘણું કરીને તે હરદેવપુર પર આક્રમણ કરી ચૂકયો છે !”

ફકીરે કહ્યું: “ તમે હમણાં જરા આરામ લો, હું એનો

પ્રબંધ રચું છું."

ઇનાયતઅલી ચાલ્યો ગયો. ફકીરે કેટલોક સમય વિચાર કરી પાસેના ઓરડાની બારી પાસે જઈ અત્યંત સ્નેહથી બૂમ પાડી, "બેટા વિલાસકુમારી! જરા અહિં તો આવ; બહુ જરૂરી કામ છે!"

વિલાસકુમારીએ ફકીરની પાસે જઇ કહ્યું: "પિતા! ગુરુદેવ! મને શી આજ્ઞા છે?"

ફકીરે કહ્યું: "બેટા એકાએક આવી પડેલા એક જરૂરી કામને લીધે તને જગાડવી પડી છે."

વિલાસકુમારીએ સલજ્જ–ભાવે કહ્યું: "ગુરુદેવ! હું એક સ્વપ્ન જોઈ રહી હતી, અને તેમાં એક રાજકુમાર આપણી મસ્જિદમાં આવ્યા હોય એમ મને લાગ્યું હતું!"

ફકીરે કહ્યું: "કલ્યાણી! તારૂં સ્વપ્ન હમણાજ ખરૂં પડશે, આ સાંભળ!"

"ગામનાં રહેવાસીઓ બૂમાબૂમ કરી રહ્યાં છે. પાપિષ્ઠ યવન–સેનાપતિ અફજલખાંની ફોજે એમના ઉપર આક્રમણ કીધેલું છે. આથી તારે આ સમયે એક બહુ મહત્વનું કાર્ય કરવું પડશે. આ પાસેની ઝાડીમાં નદીના કિનાર પર એક સફેદ ઘોડો બાંધેલો છે, અને એ ઘોડાની પાસેજ એક વીરપુરુષ સૂઇ રહ્યા છે. તું તેમને યવનયુદ્ધનો રસ્તો બતાવ.

અથવા તેમને મારી પાસે તારી સાથેજ લઇ આવ. બીજી એક વાત છે બેટા, સાવધાન રહેજે; હૃદયને કાબુમાં રાખજે; તેમને તું તારો પરિચય આપીશ નહિ કે તેમનો માગીશ નહિ."

"તો શું હું સિપાહીના વેશમાં ઘોડા પર બેસીને જાઉં ?"

"નહિ દિકરા, હજુ તે સમય નથી આવ્યો !"

વિલાસકુમારી શીઘ્રતાપૂર્વક ચાલી ગઇ. ફકીરે મસ્જિદની પાસેના એક બીજા ઓરડાની પાસે જઈ જોરથી બૂમ મારી, "વીર સેનાપતિ દુર્ગાદાસ! રાઠોડ વીર મુકુન્દદાસ! જલદી તલવાર લઈ બહાર આવો."

ફકીરે ધાર્યું હતું, કે દુર્ગાદાસ અને મુકુન્દદાસ ઘણું કરીને એજ ઓરડામાં સૂતા હશે. પરંતુ તેમનો ઉત્તર ન મળવાથી તેણે મનમાંજ કહ્યું: "અરે હું કેમ ભૂલો પડયો? દુર્ગાદાસ અને મુકુન્દદાસ તો હમણાં પ્રાતઃકૃત્ય કરવાને નદીકિનારે ગયા છે."

પ્રત્યૂષકાલે હરદેવપુર ગામથી થોડેક દૂર નદીકિનારે નિર્જન વનમાં ખેડુ–વેશધારી કુમાર અમરસિંહ એકલા જમીન ઉપર સૂતા સૂતા વિચાર કરી રહ્યા હતા. આઠ વર્ષ ઉપર બચપણમાં રાજસમુદ્રના કિનારા ઉપર એક

બાલિકા કોણ જાણે કયાંથી આવી એમને એક વાર દર્શન દઈ, પાછી કોણ જાણે કયાં ચાલી ગઇ હતી. એ પછી એ કૃષક–વેશધારીએ અનેક વાર તેની શોધ કરી હતી; કિંતુ તે અપાર્થિવ રૂપનિધિ, તે હરચૂડાસ્ખલિત સુધાંશુરેખા, આ જગત્‌માં ફરી ન મળી તે નજ મળી ! ખેડુ–કુમાર મનમાં વિચાર કરતા હતા, કે કેવી રીતે અને કયાં જાઉં તો એ રૂપમનોમોહિની બાલિકાનાં દર્શન પામું !"

વિચાર કરતાં કરતાં યુવક જરા જંપી ગયા. ઉંઘમાં તેમણે એક સ્વપ્ન જોયું. જાણે કે તેઓ પેલા પાર્થિવ રૂપનિધિને શોધતા શોધતા એકલા એક ઉંચા પર્વતના શિખર ઉપર ચઢી ગયા છે; જાણે તે પહાડ પર બીજું કોઇ કરતાં કોઈ નથી; શિખરની નીચે એક નાની નદી 'હર' 'હર' કરતી વહી રહી છે; જાણે એ નિર્જન પહાડના શિખર ઉપર ઉભા રહી યુવકે કહ્યું: "હાય ! ફરી શું એકે વાર તે નહિ મળે ?"

"કોણ જાણે કોણે ઉપરથી ઉત્તર આપ્યોઃ "કંઈ ચિંતા નહિ; તે ફરીથી મળશે."

યુવકે ચોંકીને જોયું, તો એક લાવણ્યમયી છૂટા કેશ-વાળી વીર રમણી ઉપરથી આવી, એમની પાસે ઉભી રહી, અને કહેવા લાગીઃ "ફરી મળશે !"

ખેડુ-કુમારે દુઃખિત ભાવથી પૂછ્યું: "ક્યાં મળશે? ક્યારે મળશે?"

રમણીએ કહ્યું: "હમણાજ; આ સામેજ જુઓ!"

યુવકે આગ્રહ અને આશ્ચર્યની સાથે સામે જોયું:— સામે મોટાં મોટાં સુંદર મકાનોથી ભરપૂર રાજધાની છે. તેની વચ્ચે એક વિશાળ મંડપમાં બેસી અસંખ્ય દાનવો ભીષણ, હૃદય-વિદારક, અટ્ટહાસથી આકાશ પ્રધ્વનિત કરી રહ્યા છે. જાણે એ અટ્ટહાસમાં ચારે પાસથી અસંખ્ય લોકોના કરુણ હાહાકારનો રવ મળી જાય છે! રાજધાનીની ચારે બાજુએ શોણિતની સરિતા વહી રહી છે. એ રક્ત-સરિતામાં હજારોહજાર નર-શરીર, યજ્ઞોપવિત-ધારી બ્રાહ્મણોનાં કપાયલાં શિર, અને કેટલીએ યુવતીઓની ગળા સુધીની કપાયલી લાસો વહી કે ડુબી રહી છે!

રમણી કેટલોક સમય ચુપ રહી ફરી બોલી: "હવે ઉપર જુઓ."

યુવાને કાંપતાં કાંપતાં ઉંચે જોયું:—નીલ ગગન ઉપર રત્ન-સમૂહ જડેલો એવો એક પર્વત ખંડ છે. પર્વતની નીચે શ્વેત સલિલવાળી, કનક-કમલથી શોભાયમાન મન્દાકિની મૃદુ, મધુર રવથી કલ કલ કરતી વહી રહી છે. પર્વતની ટોચે પારિજાતનાં ફૂલ પર એક ચકચકિત બહુ-

મૂલ્ય રત્ન-સિંહાસન આવી રહેલું છે. જાણે એ સિંહાસન ચંદ્રમાના કિરણોનું કે પારિજાતનાં ફૂલનું બનાવેલું છે! સિંહાસનને ઘેરી અસંખ્ય સુર-રમણીઓ મંગલ ગીત ગાતી ગાતી અમર-પ્રદેશને પ્રતિધ્વનિત કરી રહી છે. અને આ શું? ખેડુ-કુમારે આનંદ અને વિસ્મય પામતાં જોયું, કે એ રત્નગિરિની ઉપર કાંચનકમલ-માલામયી મંદાકિનીને કિનારે, તે સુધાશું-નિર્મિત સિંહાસનની સામે પેલી અસંખ્ય સુરનારીઓમાં, અસંખ્ય તારાદલમાં પૂર્ણ શશીની પેઠે આલોકમયી પેલી કિશોરી મૂર્તિ છે! એ તો તેજ છે! અહા! અતિસુંદર મૂર્તિ છે!

રમણીએ મુગ્ધ-હૃદય યુવકનું લલાટ ચુંબીને કહ્યું: "તમે શું પણ જવાને ઇચ્છો છો? કિંતુ ત્યાં જવાને માટે તો અપાર સાહસ અને અનેક સાધનો હોવાં જોઇએ. આ ભીષણ-મૂર્તિ ભીષણ-પરાક્રમ દાનવોને સન્મુખ સમરમાં હઠાવીને આ નિમિલિત-નયન ખિન્ન-વદન દેવતાઓનો આશીર્વાદ લઈ પેલી રક્ત-નદીને ઓળંગી જશો તો ત્યાં જઇ શકાશે. બોલો જઇ શકશો,?"

યુવાને કહ્યું: "દેવી! આશીર્વાદ આપો, હું અવશ્ય જઇ શકીશ."

રમણીએ બહુ ઉંચા મધુર સ્વરથી આકાશ, પૃથ્વી, અને પર્વતનાં શિખરો કંપાવતાં કહ્યું: "ત્યારે ઊઠો, હવે નિદ્રા ત્યાગો!"

યુવકની નિદ્રા ઉડી ગઈ. સુખનું સ્વપ્નું સમાપ્ત થઇ ગયું. તેણે આંખો મીચીને ચારે તરફ જોયું. એક બાજુએ કાલિન્દી નદી મંદ મંદ ગતિએ વહન કરી રહી છે; ચારે તરફ જનશૂન્ય ઘોર ઝાડી આવી રહેલી છે; પેલું પર્વતનું શિખર કયાં છે? પેલી દાનવોની રાજધાની ક્યાં છે? પેલા દેવગણ ક્યાં છે? પેલો રત્નગિરિ કયાં છે? કયાં છે તે મંદાકિની, સૈકતવાસિની, અપ્સરા મધ્યવર્તિની, પૂર્ણશશિ-રૂપિણી, ગૌરવમયી અને આલોકમયી મૂર્તિ! યુવાને પાછાં ફરી જોયું તો તે છૂટા કેશવાળી સુર રમણી ઉભી છે! શું આ પણ સ્વપ્ન છે? એ નિશ્ચિત કરવાને યુવક ચારે બાજુએ જોવા લાગ્યો, કે તે જાગે છે કે ઉંઘે છે. આકાશમાં નક્ષત્ર દોડી રહ્યાં છે; ચંદ્રમા મધુર હાસ્ય કરી રહ્યા છે; નીચે નીલવસના ચંચલપ્રાણા તરંગિની તારાનો હાર પહેરી નૃત્ય કરી રહી છે. ત્યારે શું આ સ્વપ્ન નથી? સત્યજ છે?

રમણીએ કહ્યું: "ઊઠો ઊઠો; હવે નિદ્રા ત્યાગો!"

આ તો તેજ મધુર, કોમલ, મનમોહક કંઠસ્વર પણ

છે! યુવક ચકિત થઈ રમણી તરફ જોતો જોતો ઊઠી ઉભો થયો.

રમણીએ પૂછ્યું: "તમારી પાસે તલવાર છે?"

નિદ્રામામાંથી ઉઠેલો યુવક મુગ્ધ ને વિસ્મિત છે. તેનાથી પ્રત્યુત્તર આપી શકાતો નથી.

રમણી જવાબ મેળવવા માટે કેટલીક વાર ત્યાં ઉભી રહી. ફરી તેણે પૂછ્યું: "તમારી પાસે તલવાર છે? તમારા હૃદયમાં સાહસ છે? તમારી ભુજાઓમાં બલ છે? તમારી નસોમાં આર્યોનું રુધિર વહે છે? તમારા હૃદયમાં '**स्वर्गादपि गरीयसी जननी जन्मभूमि**'–ને માટે મીઠો મમકાર છે? બોલો; જવાબ દો!"

"હા, છે."

"તો મારી સાથે ચાલો!"

"ખેડુ–કુમાર મંત્રમુગ્ધ થઈ ગયો હોય તેમ તે લલનાની પાછળ પાછળ ચાલ્યો!" રમણીએ શીઘ્રતાથી ચાલી થોડા સમયમાં મસ્જિદની સામે પહોંચી જઈ ખેડુ-કુમારને કહ્યું: "તમે ક્ષણભર અહીં થોભો; હું હમણા પાછી આવું છું."

રમણી મસ્જિદમાં ચાલી ગઇ. ખેડુ–કુમારને વધુ સમય સુધી ત્યાં ખોટી થવું ન પડ્યું. બહુ જલદી રમણી ફકીરને તેડી બહાર આવી. ખેડુ–કુમારે જોયું કે ફકીરે ગેરૂઆ રંગનાં

વસ્ત્ર પહેરેલાં છે. તેના જમણા હાથમાંનું ભીષણ કૃપાણ ચંદ્રમાની જ્યોતિથી ચલક ચલક થઈ રહ્યું છે. તેનો સફેદ દાઢી, મૂછ, અને જટાજૂટથી સુશોભિત વેશ જોઇ ખેડુ-કુમાર-ને રોમાંચ થઇ ગયો! તેનું હૃદય ભક્તિરસથી રસબસ થઈ રહ્યું! આવી જ્યોતિર્મયી યોગમૂર્તિ એણે કદી પણ જોઈ નહોતી! ફકીરે આંખ ફાડી ખેડુ-કુમારને નિહાળ્યો, અને રમણી પ્રતિ કહ્યુઃ "બેટા, તું અહીંજ રહેજે. હું આ વીર યુવકને સાથે લઇ મુસલમાનો સાથે યુદ્ધ કરવા જાઉં છું."

ફકીરે સત્વર પગ ઉપાડયો. ખેડુ-કુમાર પણ એક શબ્દ બોલ્યા કે સાંભળ્યા વિના તેની પૂંઠે પૂંઠે ચાલવા લાગ્યો!

પરિચ્છેદ આઠમો.

કાફિર કે મુસલમાન?

"ચુપ! ચુપ! પેલો ઔરંગઝેબ બાદશાહનો સેના-પતિ અફજલખાં આ તરફ આવી રહ્યો છે."

હરદેવપુર ગામમાં એક સ્ત્રી મધ્ય રાત્રિએ પોતાના બચ્ચાને ભય દેખાડતી સુવાડી રહી છે. બાદશાહનો પ્રિય

સેનાપતિ અફ્જલ બહુ દિવસથી કાફિર-ધર્મનું નામ-નિશાન લુપ્ત કરી નાખવાને જીવતોડ મહેનત કરી રહ્યો છે. વિશેષતઃ ' જજીયા ' યાને 'કાફિર-કર' વસુલ કરવાને સમયે તેણે કેટલીએ વાર પોતાના વિશેષ પરાક્રમનો પરિચય જગતને આપ્યો છે ! હાલમાં હરદેવપુર અને તેની નજીકનાં અન્યાન્ય ગામોએ પણ ' જજીયા ' આપવાનો ઇન્કાર કર્યો હતો. અફ્જલે મોટી ફોજ લઈ તે ગામ પર આક્રમણ કર્યું હતું, ને વિદ્રોહી પુરુષોના હાથ, સ્ત્રીઓનાં સ્તન, અને બચ્ચાંની આંગળીઓ કાપી નાંખવાની આજ્ઞા આપી હતી ! અનેક કાફિરોને ગો-રકતથી સ્નાન કરાવી ' કુરાન-શરીફ ' નો કુલ્મો પઢાવ્યો હતો. એ સમયથીજ એ ગામનાં નાનાં મોટાં સ્ત્રી-પુરુષ પાપી અફ્જલથી બહુજ ડરતાં હતાં. વિશેષતઃ બચ્ચાંઓને ખાસ વિશ્વાસ છે, કે અફ્જલ ભૂતોનો સરદાર છે ! એથીજ માતા આજ બચ્ચાને ' અફ્જલ ' નામથી ડરાવી રહી હતી. બચ્ચાએ ' અફ્લજ ' નું નામ સાંભળતાંજ રડવાનું બંધ કરી દીધું, અને જીવ લઈ માને ગળે વળગી પડી આંખો બંધ કરી દીધી !

એકાએક માની સોડમાંથી બાળક છુટું પડી ગયું ! જનની કાંપતી કાંપતી બેઠી થઇ ગઇ ! બચ્ચું ડરીને ફરી રડી ઊઠયું ! ખરેખાતજ અફ્જલ આવ્યો છે. આખા ગામ-

માં બૂમરાણ થઇ રહ્યું, અને ગ્રામવાસીઓ ડરથી બૂમો પાડતા કહેવા લાગ્યા, " **ફરી અફજલ !**" ' જજીયા ' તો આ વખતે આ ગામના સર્વ લોકોએ આપી દીધો છે; કોઇની પાસે હવે એક પૈસો પણ બાકી નથી.—તો ફરી પાછો અફજલ કેમ આવ્યો છે ? મુસલમાની ફોજ મકાનોનાં કમાડ તોડી, અંદર દાખલ થઇ, ગૃહસ્થોના ઘરનું સોનું—રૂપું લૂટવા લાગી; ગાયોને ખીલેથી છોડી, અને સ્ત્રીઓના ચોટલા પકડી પકડી બહાર લાવવા લાગી; અને ગ્રામવાસી રડતા રડતા, કલ્પાંત કરતા કરતા કહેવા લાગ્યા, " બાદશાહની આણ છે ! અમે કંઇ અપરાધ કર્યો નથી ! "

પરંતુ સાંભળે છે કોણ ? ઘોડા પરથી અફજલે લલકારીને પોતાના સિપાઇઓને કહી દીધું: " ખબરદાર ! એક પણ કાફિર નાસવા પામ્યો તો ! જો જો ! એક પણ સ્ત્રી યા ગાય હાથમાંથી સટકી ન જાય ! માત્ર બુઢ્ઢી સ્ત્રીઓ અને બચ્ચાંઓને છોડી દેજો !"

નિરાધાર ગામડીઆઓને એટલો સમય પણ ન મળ્યો, કે તેઓ પોતાના બચાવનો કંઇ ઉપાય કરી શકે; હથિયાર વગેરે લઈ તેમની સામે થઇ શકે. મુસલમાન ફોજ યુવા, વૃદ્ધ, યુવતી, અને ગાય—એ સર્વને બાંધી પોતાની છાવણી-

માં લઇ ચાલી. એ નિર્જન પ્રાન્તમાં મુસલમાની ફોજના આનંદની સીમા ન રહી. પહેલાં કઇ ગાયને જબે કરવામાં આવશે; કોણ કઈ યુવતીને રાખી લેશે, અફજલ પોતે કઇ યુવતી ઉપર પ્રીદા થઇ જશે એ વાતના તર્ક-વિતર્ક ને મીમાંસા થવા લાગી ! એ સમયે પીરબખ્સે કહ્યું: "ઓ રહીમ ચાચા ! બે કાફિર ઘણું કરીને રસ્સી તોડવાને ભાગી રહ્યા છે" રહીમખાંએ કહ્યું: "ખરી વાત છે! પણ નહિ, આ લોકોમાંથી કોઇ નહિ; એતો કોઇ બીજા ગામના હશે."

"બીજા ગામના હશે તેમાં શું થયું ? કાફિર તો છેના !"

•

ખરેખાતજ બે હિંદુઓ નદીમાં સ્નાન કરીને મહિમ્નઃ સ્તોત્રનો પાઠ કરતા કરતા એજ રસ્તે ચાલ્યા આવતા હતા. પીરબખ્સની વાત પુરી ન થઈ એટલામાં તેઓ સત્વર તેમની પાસે આવી પહોંચ્યા. તેમાંના એકે પૂછયુ: "કેમ ભાઇ ! આજે અહિં આટલું બધું આ શું છે ?"

પીરબખ્સે જવાબ આપ્યો, "તું વળી 'આ શું છે' એમ પૂછે છે ? કાફિર ! કમબખ્ત ! તમારે બંનેને પણ એમની સાથેજ ચાલવું પડશે."

"એમને ક્યાં લઇ જાઓ છો, મીઆં સાહેબ!"

"નવાબ સાહેબના તંબુએ. ચાચા, જુઓ છો શું? બાંધો એ સાળાઓને પણ!"

"આટલા બધા ગરમ શું કરવા થઇ જાઓ છો? અમે કંઈ નાસતા તો છીએ નહિ! જે પૂછીએ છીએ તેનો જવાબ આપવામાં તમને શી અડચણ છે? આટલાં બધાં મનુષ્ય, પશુ, અને સ્ત્રીઓને લઇ જઇ શું કરશો?"

"અરે કાફિર! કમબખ્ત! સમજતો નથી? આ સર્વ ગાયોને ઝબે કરી કબાબ બનાવીશું અને એમના લોહીમાં આ સર્વ કાફિરોને નવડાવીશું!"

પીરબખ્સ અંધકારને લીધે જોઇ શક્યો ન હતો, કે તેની સાથે વાતો કરનારાની આંખો યવા–કુસુમ જેવી લાલચોળ થઈ ગઈ હતી; તે આગળ કહેવા લાગ્યો: "તે પછી આ સર્વ કાફિરોને એકે એકે શૂળીએ ચઢાવીશું, અને આ યુવતીઓમાંની દરેકની સાથે અમે એક એક જણ નિકાહ કરીશું? અને આ જે—પીરબખ્સ પોતાની પાસે ઉભી રહેલી એક ઘુંઘટાવાળી યુવતીના ગળામાં હાથ નાખતો નાખતો કહેવા લાગ્યો–ઘુંઘટાવાળી બીબીજાન છે, તેની સાથે તંબુમાં પહોંચ્યા પછી આ પીરબખ્સ ખુદ નિકાહ—"

પીરબખ્સનું બોલવું પુરૂં ન થાય, એટલામાં તો એ આવનારમાંના એકે તેની છાતીમાં જોરથી એક મુક્કી જમાવી દીધી ! તે થોડે દૂર જઈ પડયો, ને બેહોશ થઈ ગયો. બીજા આદમીએ બહુ જલદી ટોળામાંના બીજા બેએક કેદીઓના હાથ છોડી નાંખ્યા. પીરબખ્સની દશા જોઈ કેટલાક મુસલમાનોએ તે બંને આગન્તુકો ઉપર દોડી જઈ હુમલો કીધો. દૂરથી અફજલખાંએ હુકમ આપ્યોઃ “એ બંને હરામજાદાઓને પણ આ સર્વની સાથે બાંધી લઇ ચાલો !”

પરંતુ કોણ કોને બાંધે ? બંને આગન્તુકોએ શીઘ્રતાપૂર્વક આંબાના ઝાડની એક એક ડાળી ભાગી ઉંચા અને ગંભીર સ્વરે ભોળાનાથની સ્તુતિ આરંભીઃ—

पशूनां पतिं पापनाशं परेशं
गजेन्द्रस्य कृत्तिं वसानं वरेण्यम् ।
जटाजूटमध्ये स्फुरद्गाङ्गवारिं
महादेवमेकं स्मरामि स्मरारिम् ॥ १ ॥
महेशं सुरेशं सुरारातिनाशं
विभुं विश्वनाथं विभूत्यङ्गभूषम् ।
विरूपाक्षमिन्द्वर्कवह्नित्रिनेत्रं

सदानन्दमीडे प्रभु पञ्चवक्त्रम्   ॥ २ ॥
गिरीशं गणेशं गले नीलवर्णं
गवेन्द्राधिरूढं गुणातीतरूपम् ।
भवं भास्वरं भस्मना भूषिताङ्गं
भवानीकलत्रं भजे पञ्चवक्त्रम् ॥ ३ ॥
शिवाकान्त शम्भो शशाङ्कार्द्धमौले
महेशान शूलिन् जटाजूटधारिन्
त्वमेको जगद्व्यापको विश्वरूप
प्रसीद प्रसीद प्रभो पूर्णरूप   ॥ ४ ॥
परात्मानमेकं जगद्बीजमाद्यं
निरीहं निराकारमोङ्कारवेद्यम् ।
यतो जायते पाल्यते येन विश्वं
तमीशं भजे लीयते यत्र विश्वम् ॥ ५ ॥
न भूमिर्न चापो न वह्निर्न वायुर्
न चाकाशमास्ते न तन्द्रा न निद्रा ।
न ग्रीष्मो न शीतं न देशो न वेशो
न यस्यास्ति मूर्तिं स्त्रिमूर्तिं तमीडे ॥६॥

अजं शाश्वतं कारणं कारणानां
शिवं केवलं भासकं भासकानाम् ।
तुरीयं तमःपारमाद्यन्तहीनं
प्रपद्ये परं पावनं द्वैतहीनम् ॥ ७ ॥

नमस्ते नमस्ते विभो विश्वमूर्ते
नमस्ते नमस्ते चिदानन्दमूर्ते ।
नमस्ते नमस्ते तपोयोगगम्य
नमस्ते नमस्ते श्रुतिज्ञानगम्य ॥ ८ ॥

प्रभो शूलपाणे विभो विश्वनाथ
महादेव शम्भो महेश त्रिनेत्र ।
शिवाकान्त शान्त स्मरारे पुरारे
त्वदन्यो वरण्यो न मान्यो न गण्यः॥९॥

× × ×

આમ બંને વીરો મહાદેવની સ્તુતિ કરતા કરતા પેલી શાખાઓના ફટકાથી મુસલમાનોને મારી મારી નીચે પાડવા લાગ્યા. કેદીઓ પણ છુટા થઈ જઇ 'બં' 'બં' બોલતા મહાદેવની સ્તુતિ ગાવા લાગ્યા. અફજલખાંએ ભયભીત અને વિસ્મિત સાથીઓને સંબોધી કહ્યું: "નામર્દો! હથિયાર

હાથમાં હોવા છતાં પણ તમે કાયરોની પેઠે માર ખાઈ રહ્યા છો! તમે ધારો તો હમણાંજ એમને જહન્નમમાં મોકલી આપો તેમ છો!"

આ સાંભળતાંજ મુસલમાની ફોજ એ બંને આગન્તુકો ઉપર તલવાર, ભાલા, બરછી ઇત્યાદિના પ્રહારનો વરસાદ વરસાવવા લાગી! બંને વીર જરા ગભરાયા પણ નહિ, કે એક ડગલું પાછા પણ હઠયા નહિ! નિર્ભીક હૃદય, અમાનુષિક સાહસ, અને અવિચલિત ચરણથી બંને વીર પોતાના પર હથિયાર ચલાવનારા ઉપર વૃક્ષની શાખાવડે મારો ચલાવ્યાજ જતા, અને સાથે સાથે 'બં બં શંકર' નો જયધ્વનિ કરતા જતા. કેદીઓ પણ તેમનું સંપૂર્ણ અનુકરણ કરવા મંડી ગયા. કેદી સ્ત્રીઓ પણ મંત્રમુગ્ધની પેઠે પાછળ ઉભી રહી તાળીઓ વગાડતી 'બં બં શંકર'નો જયધ્વનિ કરવા લાગી!

કિન્તુ તલવારોની સામે વૃક્ષની શાખાઓ કેટલો સમય ટકી શકે? સશસ્ત્ર યોદ્ધાઓની સામે અશસ્ત્ર યોદ્ધાઓ ક્યાં સુધી ઝૂઝી શકે? બંને યોદ્ધાઓ ઘાયલ થઇ બહુજ નિર્બળ થઇ ગયા. એ સમયે અચાનક રણક્ષેત્રની એક બાજુએથી 'બં બં શંકર'નો અવાજ આવ્યો. એ શબ્દ આવ્યા બાદ સહજ વારમાં એક તરુણ-અરુણ-મૂર્તિ ખેડુ-કુમાર યુદ્ધમાં

સામેલ થઇ ગયો. અને વળી આ શું ? એજ સમયે એક દીર્ઘકાય મુસલમાન ફકીર પણ એક લાંબી તલવાર હાથમાં લઇ 'અલ્લા હો અકબર'ના ધ્વનિથી દિશાઓ ગજાવતો હિંદુઓના પક્ષમાં આવી ઊભો રહ્યો; અને એમની સાથે સાથે મુસલમાનોનો ઘાણ કાઢવા લાગ્યો !

પરિચ્છેદ નવમો.

મનુષ્ય કે ભૂત ?

"મુસલમાન શું કદીએ કાફિરોની સાથે મળી મુસલમાનો પર હાથ ઉઠાવે ? એ જરૂરજ ભૂત હતો !"

"એ ભૂત હતો એમાં શો સંદેહ છે ?"—કિન્તુ મારા સમજવામાં હજુએ નથી આવતું, કે હિંદુના ભૂતે મુસલમાન ફકીરનો વેશ શા માટે ધારણ કર્યો, અને એ વારંવાર 'અલ્લા ! અલ્લા !' કેમ કરતો હતો. જો આ પ્રમાણે હિંદુલોક બેચાર ભૂત પોતાના હાથમાં રાખી શકે, તો તો એ મુસલમાનોને માટે મોટી આફતની વાત થઇ પડે."

"જે થવાનું હશે તે થશે; હવે તો ભૂત ચાલ્યો ગયો હશે. ચાલો, એક વાર નવાબને જોઈ આવીએ, કે એમની શી દશા થઇ છે. આ તરફ જુઓ ચાચા! એ પણ—"

મરણથી બચી ગએલા ચાર મુસલમાન સિપાહીઓ યુદ્ધ-ક્ષેત્રમાંથી ભાગી બે કોસ દૂર જઈ બેઠા બેઠા ઉપર લખેલી વાતો કરી રહ્યા હતા. એ સમયે તેમણે જોયું, કે એક ઘોડેસ્વાર તેમની તરફ આવે છે. ભૂતનો ડર હજુ સુધી તેમના હૃદયમાંથી ગયો ન હતો. એમને વિશ્વાસ હતો કે આજનો એ અમાનુષિક સંગ્રામ ભૂતોનો વ્યાપાર હતો! તે વીરયુવકની અને મુસલમાન ફકીરની ચમકાટ કરતી તલવારોનો ઝણઝણાટ હજુ સુધી એમના હૃદયમાં રમી રહ્યો હતો. તેમને લાગ્યું કે જરૂર એ ચારે ભૂતોમાંનો એક ભૂત ઘોડેસ્વારનો વેશ લઈ તેમના તરફ આવી રહ્યો છે! તરતજ તેઓ જીવ લઇને નાઠા. એ જોઈ અશ્વારોહીએ લલકારીને બૂમ મારી, કે ડરો નહિ! ડરો નહિ! આમ નામર્દની પેઠે નાસો છો શું?"

રહીમબખ્સે કહ્યું: "અને પુફા, આતો ખુદ આપણા નવાબ સાહેબ જ છે!"

"અરે મૂર્ખ! ભૂતની શક્તિ વિષે તું શું સમજે?

તને ખબર છે, કે ભૂત કેટલા પ્રકારના વેશ ધારણ કરી શકે છે? તને કદી મરવાની ઇચ્છા હોય તો ભલે, તું અહીં રહે. અમે તો નાસીને જાન બચાવીશું."

ઘોડેસ્વાર અફ્જલે થોડી વારમાં નાસતા સિપાહીઓની પાસે આવી કહ્યું: "નિમકહરામો! તમે મુસલમાન થઇને હિંદુના ડરથી નાસો છો? કાફિરોને રણસંગ્રામમાં પીઠ બતાવવાથી અંતમાં કયાં જવું પડે છે, તે શું તમને સૌને માલમ નથી?"

નાસનારા આ સાંભળી જરા લજ્જિત થયા અને સાહસ કરી ઉભા રહ્યા- રહીમબખ્સે કહ્યું: "હાં, હાં, હજુર! હું પણ એજ કહેતો હતો! પરંતુ કુફ્રાએ કહ્યું કે આપ અમારા હજરત નહિ, પણ હિંદુઓના ભૂત છો. અને હજરત બની અમને મારી નાખવાને આવ્યા છો!"

ક્રોધથી હજરત અફ્જલખાંએ રહીમબખ્સને તેની આવી બેવકુફાઇની સજા આપવાને તલવાર ઉપાડી. રહીમબખ્સના કુફ્રાએ પાછાં હઠી કહ્યું: "કેમ રે બેવકુફ! મારૂં કહેવું સાચું પડયું ને? આ જોઇ લે ભૂતે તલવાર ઉપાડી તે. ઓ કરીમ ચાચા હજુ પણ નાસીને જાન બચાવો!"

અફ્જલે જોયું કે ભય બતાવવાથી અહીં કંઇ પાકશે

નહિ. આથી તેણે તેમને ધીરજ આપતાં કહ્યું: “ તમે એમ સમજો છો, કે આજે આપણે ભૂતની સાથે યુદ્ધ કર્યું છે? એવું હોતે તો હું પોતે શી રીતે જીવતો રહેતે? ભૂતજ હોય, તો આપણામાંના કેટલાક બચી ગયા છે તે શી રીતે બચી જતે? ભૂતનો હાથ પકડી શું કદી કોઇ પોતાના પ્રાણ બચાવી શકે છે?”

“ એ વાત ખરી છે; પરંતુ તે જો મનુષ્યજ હતો, તો મુસલમાન ફકીર હોવા છતાં હિંદુઓની સાથે મળી જઇ મુસલમાનોને કેમ મારે?”

અફજલે ધીરજ આપતાં કહ્યું: “ મુસલમાન શું કાફિર નથી હોતા? હું એ ફકીરની વાત બહુ દિવસોથી જાણું છું. તે ક્યાં રહે છે, તે પણ હું તમને બતાવી શકું તેમ છું. હિંદુઓએ એને લોભ અને રૂસ્વત આપી કાફિર બનાવી દીધો છે!”

“ વારૂ, કદી મનુષ્યજ હતો તો ચાર હિંદુઓએ જોત-જોતામાં દોઢ સો મુસલમાનોને ગાજરની પેઠે કેમ કરી કાપી નાખ્યા?”

આ વખતે ‘ખાં’ સાહેબ શો ઉત્તર દેવો તેનો ચોક્કસ વિચાર કરી ન શકયા! છતાં જરા લાંબો વિચાર કરી

બોલ્યા, "તમે લોકો આટલા અક્કલમંદ છતાં એટલુંએ સમજી ન શકયા? પહેલેથીજ તમારા હૃદયમાં એવા ડરની છાપ બેસી ગઇ હતી, કે એ મનુષ્ય નહિ, ભૂત છે. આથી તમ લોકમાંથી કેટલાક તો બીલકુલ લડયાજ નહિ.

આજ એ ભૂતના ડરેજ આપણા લોકોનું સત્યાનાશ વાળી નાખ્યું! નહિં તો શું હિંદુડાઓની સાથે લડવામાં મુસલમાન બચ્ચા કદી પણ હારે કે? એવી વાત કદાપિ સાંભળી પણ છે કે?:કુરાન—શરીફને પણ આજ ભૂલી ગયા?

ધીરે ધીરે અફજલે ચારે અનુચરોને સમજાવી દીધા, કે વ્યર્થ આશંકાથી ડરીનેજ આજે મુસલમાનોએ પોતાના પ્રાણ ગુમાવ્યા છે. જો તેઓ હિંમત રાખી ડર્યા વિના લડયા હોત, તો જરૂરજ તેમનો જય થાત. તેમણે સર્વેએ મળી કહ્યું: "હવે હજરતનો શો હુકમ છે?"

અફજલખાં ખૂશ થઈ બોલ્યો: "એ બહુ શરમની વાત છે, કે આજે મળેલો શિકાર આપણે ગુમાવી બેઠા. ખેર! એ વાત હવે તમે કોઇને કહેશોજ નહિ. જે પૂછે તેને એમજ કહેવું, કે અમે પચાસ મુસલમાનો ઉપર પાંચ હજાર હિંદુ તૂટી પડયા હતા. આથી કેટલાક મુસલમાનો માર્યા પણ ગયા છે; છતાં હિંદુઓની મરણ—સંખ્યા અગણિત

છે. વળી જુઓ, આજના એ ફકીરને અને ત્રણે હિંદુઓને એમના ગુનાની ઉપયુક્ત સજા આપ્યા વિના આપણી આબરૂ સચવાવાની નથી ! આ લડાઇના મેદાનથી અડધા કોસ ઉપર એક પુરાણી મસ્જિદ છે. એ ફકીર એજ મસ્જિદમાં રહે છે. ત્રણે હિંદુ પણ ફકીરની સાથે એજ મસ્જિદમાં ગયા છે. તમે લોકો ચુપચાપ એમની હીલચાલ જોતા રહો. હું હવે બાદશાહની પાસે જઇ આજના આ અપમાનનો બદલો લેવાની પેરવી કરૂં છું. સત્વરજ તમે જોશો, કે આખું હિંદુસ્તાન હિંદુઓના લોહીથી તરબોળ થઇ જશે. હવે તમારે બડી ઇમાનદારીથી મારો હુકમ માનવો. જો એમ કરશો તો અવશ્ય તમે ઇનામ મેળવવાને ભાગ્યશાળી થશો.

ચારે અનુચરોને વિદાય કરી અફજલખાં ઘોડેસ્વાર થઇ ધીમે ધીમે અજમેર તરફ ચાલ્યો, ધીરે ધીરે ચાલવાનું કારણ એ હતું, કે એના આખા શરીરમાં પીડા થઈ રહી હતી. યુદ્ધમાંથી નાસતી વખતે એક ઝપાટો એની પીઠ પર પણ પડયો હતો. જ્યારે સિપાહીઓ દૃષ્ટિમર્યાદાથી દૂર થયા, ત્યારે પીઠ પર હાથ ફેરવી તેણે કહ્યુંઃ “યા ખુદા ! બડી પીડા થઇ રહી છે !”

પરિચ્છેદ દશમો.

આ પણ શું સ્વપ્ન છે?

યુદ્ધ સમાપ્ત થયા પછી ખેડુ-કુમાર, ફકીર અને બંને હિંદુ વીરોની સાથે મસ્જિદની સામે આવી પહોંચ્યો. ફકીરે કહ્યું: " બેટા, આજ મારૂં મંદિર છે. ચાલો, અંદર જઈ જરા વિશ્રાંતિ લો. "

ખેડુ-કુમારે કહ્યું: " આ તે મંદિર છે કે મસ્જિદ ?"

ફકીરે હસીને ઉત્તર આપ્યોઃ " પવિત્ર ઇસ્લામ ધર્મ-માં મંદિર કે મસ્જિદ, હિન્દુ કે મુસલમાન, અલ્લા કે ભગવાન, મહંમદ કે જનાર્દન, કુરાન-શરીફ કે ઉપનિષદ્, એ બધું સરખુંજ છે! આ મંદિરના પ્રતિષ્ઠાતા સમ્રાટ્ શાહજહાંએ પોતે એનું નામ મુસલમાન-મંદિર પાડ્યું, હતુંઃ પરંતુ બેટા, એવી વાતોની આલોચના કરવાનો આ સમય નથી. "

ફકીરે બંને હિંદુ વીરો તરફ જોઇ કહ્યું: " મારી સમજ પ્રમાણે હવે આપ લોકોએ અહિં વખત ગુમાવવો યોગ્ય નથી. આજના આ સમાચાર સત્વર બાદશાહ સુધી પહોંચી જશે. અફ્જલખાં પણ આજના અપમાનનો બદલો

લેવાને જીવતોડ મહેનત કર્યા વિના રહેશે નહિ; આથી શીઘ્ર આપ ઇચ્છિત સ્થાન પર પહોંચી શકાય એવો જે ઉપાય હોય તે કામે લગાડશો, અને મારી આપને વિનંતી છે કે આપ આ વીર બાળકને અવશ્ય આપની સાથે લેતા જશો. ભવિષ્યમાં એના તરફથી બહુ ઉપકાર થવાની સંભાવના છે !”

એક હિંદુ વીરે તે ખેડુ-કુમારને પૂછ્યું: “ વીર બાળક ! શું તમે અમારી સાથે આવવાને રાજી છો ?”

“ ક્યાં ?”

“ રણુ-સમુદ્રમાં. ”

યુવાને આનંદથી ઉત્તર આપ્યો: “ વીરવર ! તૃષાતુર પથિકને મૃગતૃષ્ણાથી અધિક કેમ ઉન્મત્ત કરી રહ્યા છો ? રણુ-સમુદ્ર ? આ મ્લેચ્છ-પીડિત આર્યાવર્તમાં રણુ-સમુદ્ર ક્યાં છે ?”

“ આજ તમે યુદ્ધ-સ્થળમાં ક્યાંથી આવી પહોંચ્યા હતા ?”

“ મારી પૂર્વ-કથા કહેતાં તો ઘણો સમય લાગશે. કેવળ એટલુંજ જાણવું હાલ બસ થશે કે હું મેવાડ દેશનો એક દરિદ્ર ખેડુ-કુમાર છું. બહુ દિવસથી રણુ-સમુદ્ર

શોધી રહ્યો છું. સાંભળવામાં આવ્યું છે, કે રાઠોડ સેનાપતિ વીર દુર્ગાદાસે અરવલ્લી પહાડની કંદરાઓમાં એકઠા થવાને રણવીરોને સન્માનપૂર્વક નિમંત્રણ કર્યું છે. એવા-ઠમાં બીજો કોઇ સાથી મળી ન આવવાથી હું એકલો આ તરફ આવી પહોંચ્યો છું."

એક હિંદુ વીરે આનંદપૂર્વક યુવકને છાતી સરસો ચાંપીને કહ્યું: "ખેડુ-બાળ! જો! તું જેને શોધે છે, તે દુર્ગાદાસનું હૃદયજ તારા હૃદય સાથે મળી ગયું છે! ચાલો, હવે આપણે અરવલ્લીની ઉંચી ટેકરી ઉપર એજ પ્રમાણે એક બીજા સાથે હૃદયથી હૃદય મિલાવીને રણ—સમુદ્રમાં કૂદી પડીએ."

ખેડુ-કુમારે આશ્ચર્ય સાથે હિંદુ વીર તરફ જોયું. તેણે કહ્યુ: "આવું શ્વેત ચંદન વડે શોભિત ઉંચું લલાટ, આવી તેજોગર્વશીળ ચમકતી ઉજ્જ્વળ આંખો, આવું વીરત્વપૂર્ણ વિસ્તૃત ઉરસ્, આવી મોટી મોટી ભુજાઓ, અને આવો કરુણામય સ્વર વીર દુર્ગાદાસ સિવાય અન્ય કોનો હોઇ શકે? દુર્ગાદાસ સિવાય અન્ય કોની ભુજાઓમાં એટલું બળ હોય, કે માત્ર એક વૃક્ષની શાખાથી સેંકડો યવનોના પ્રાણ હરે! દુર્ગાદાસ સિવાય હિંદુઓના પ્રાણશૂન્ય

થઇ ગયલા જેવા દેહને 'બં બં શંકર'ના ધ્વનિરૂપી અમૃતની રેલથી કોણ સજીવન કરી શકે ?"

કુમાર આશ્ચર્ય સાથે દુર્ગાદાસના વીર દેહને જોઈ રહ્યો હતો. ફકીરે હસતાં હસતાં કહ્યુંઃ "વીર યુવક ! હું તમને પણ ઓળખી ગયો છું ! આથી દુર્ગાદાસ અને એ-મના સાથીથી આપનો પરિચય છુપાવવો યોગ્ય નથી."

ખેડુ-કુમારે કહ્યું: "અહીં આવતી વખતે મેં મારી માતા સમક્ષ પ્રતિજ્ઞા લીધી છે, કે કોઇને મારો પરિચય નહિ આપું; પછી જેવી આપની આજ્ઞા !"

ફકીરે કહ્યું: "આ લોકો તમારો પરિચય કોઇને આપ-નાર નથી. રાઠોડ વીર દુર્ગાદાસ, આ વીરયુવકને જ્યારે આપ ઓળખશો, ત્યારે તમે વિસ્મિત અને આન્હિત થયા વિના નહિ રહો. એ મેવાડાધિપતિ મહારાણા જયસિંહના કુમાર અમરસિંહ છે !"

દુર્ગાદાસે અત્યંત આનંદથી ખેડુ-વેશધારી કુમારને ફરી છાતી સાથે ચાંપતાં કહ્યું: "હું આપનો સદાનો દાસ છું. મને આપનો પરિચય આપતાં અચકાઓ છો ? આજે મારૂં જીવન ધન્ય થયું ! આપ મારી સાથે ચાલો; ત્યાં અપૂર્વ દૃશ્ય આપના જોવામાં આવશે. જોધપુર રાજમહિ-

ષીના એ નવા માતૃ-મંદિરમાં અસંખ્ય રાજપૂત-વીરોની નાગી તલવારો ચળકાટ કરી રહી હશે ! પ્રથમ આપ જરા મારી સાથે આ મસ્જિદની અંદર ચાલો; હું મહારાણી સાથે આપનો પરિચય કરાવી આપુ !"

અમરસિંહે કહ્યું: "જોધપુર રાજ-મહિષી આ નકલી વેશમાં પણ મને ઓળખી લેશે. એમને આપ એટલી વિનંતી કરશો, કે તેઓ કોઇને હું કોણ છું તે જરા પણ જણાવે નહિ. બહુ સારૂં; હવે ચાલો, તેમને મળી આવીએ."

દુર્ગાદાસ ખેડુ-વેશધારી અમરસિંહનો હાથ ઝાલી તેમને મસ્જિદની અંદર લઇ ચાલ્યા. મસ્જિદની મધ્યમાં એક ચોક હતો, અને તેમાં જંગલી ફૂલ-ઝાડનો એક નાનો સરખો બગીચો હતો. ફૂલોના ખીલી રહેવાથી બગીચો બહુ સુંદર ને મનોહર લાગતો હતો. એ બગીચાની મધ્યમાં બે રાજપૂત રમણીઓ ઉભી હતી.

દુર્ગાદાસે "વીરયુવક! તમારી સામે જોધપુરનાં મહારાણી અરુન્ધતા દેવી, અને એમની સાથે અંબર-રાજકુમારી અંબાલિકા ઉભાં છે !"

કુમારે જોયું તો સામે નિરાભરણા, પટ્ટવસ્ત્ર-પરિહિતા રાજમહિષી, અને એમની સાથે મહામનોહર કમલ-કલિકા

પેઠે વિકસિત દેહવાળી એક સુંદર યુવતી ઉભી છે. આ શું સ્વપ્ન છે? આજથી આઠ વર્ષ ઉપર ખેડુ-કુમારે રાજ-સમુદ્રના કિનારા ઉપર આહેર ઉત્સવને દિવસે એક સ્વર્ગીય રત્નને એક વાર જોઇ, તરત ખોઇ નાખ્યું હતું; તેજ રમણી-રત્ન સામે આવી રહ્યું છે! અહા! કેવાં પરમ મનોહર મનોમોહિની મહામાયા સમ સુંદર મૂર્તિ!

ખેડુ-કુમાર દુર્ગાદાસની આજ્ઞાનુસારે, જમીન ઉપર ઘુંટણીએ બેસી અભિવંદન કરતાં જ્ઞાનશૂન્યની પેઠે એ સુંદર મૂર્તિના ચરણ આગળ જરા ઠોકરાઇ પડ્યો! અંબર-રાજકુમારી અંબાલિકાને પણ કોણ જાણે કેમ રોમાંચ થયો; તેનું હૃદય કંપવા લાગ્યું, હોશ ઉડી ગયા. 'હાય દેવી! સ્વપ્ન શું સત્ય હોઈ શકે છે?' એમ કહેતાં કહેતાં રાજકુમાર અમરસિંહ મહારાણી અરુન્ધતીના પગ આગળ મૂર્છિત થઇ લથડી પડ્યો!

પરિચ્છેદ અગિઆરમો.

વિદાય.

પ્રભાત સમયે મસ્જિદના દરવાજા ઉપર એક રમણી એકલી ઉભી રહી હતી. ફકીર ઘુટણીએ પડી નમાજ પઢી

રહ્યા હતા. નમાજ પઢી રહ્યા પછી ફકીરે આંખો ઉઘાડી તે રમણી તરફ જોઈ પૂછયુઃ "બેટા! આજે તારૂં વદન કેમ ઉદાસ જણાય છે? વળી શું કંઈ અશુભ સમાચાર છે?

રમણીએ કહ્યું: "આપની પાસેથી વિદાય લેવા આવી છું."

"ક્યાં જવા ઇચ્છા રાખે છે?"

"દેવ! પિતા! આપ આ અભાગિનીને એવો પશ્ન શું કરવા પૂછતા હશો? મારી ઇચ્છા શું આપથી છુપી છે?"

ફકીરે ઉદાસ મને ઉત્તર વાળ્યો: "અભાગિની! હું સમજું છું, કે તું વીર દુર્ગાદાસના પહાડી કિલ્લા ઉપર જવાની ઇચ્છા રાખે છે. પણ તે પહેલાં હું કેટલીક વાતો પૂછું. તેના ઉત્તર આપતી જા."

"પૂછો."

"તારા સ્વામી, છદ્મવેશી કુમાર અમરસિંહને શું તું ઓળખી ગઇ છે?"

વિલાસકુમારીએ ઉદાસ ચહેરે, અને ભાગાતૂટા શબ્દે ઉત્તર આપ્યો: "મારે તેમને ઓળખવાની કંઈ જરૂર નથી."

"તું તેમને જોતાવેંતજ ઓળખી ગઇ હતી?"

"દેવ! અપરાધ ક્ષમા કરશો. આપ અંતર્યામી હોવા છતાં પણ ક્ષુદ્ર નારી-હૃદયને નહિ સમજી શકો?"

"ત્યારે શું તું એમનાં દર્શનને માટે તલસી રહી છું ?"

"વિલાસકુમારીએ સ્મિત કરી ઉત્તર આપ્યોઃ "આપને કંઈક ભ્રમ થયો છે! આ અભાગિનીનું હૃદય એમનાં દર્શનને માટે વ્યાકુલ નથી. તે મને ઓળખી શક્યાજ નહિ, એ બહુ ઠીક થયું. આ જન્મમાં તો હવે હું એમને મારો પરિચય નહિ આપું. ગઈ રાત્રિએ જે સમયે મંદિરમાં અંબર-રાજકુમારી અંબાલિકા સાથે એમની મુલાકાત થઇ, તે સમયનું સર્વ દૃશ્ય મેં છુપી રીતે નજરોનજર જોયું છે. એ ઉપરાંત રાજકુમારી પાસેથી વાતેવાતમાં બધું જાણી લીધું છે. એમણે નાનપણમાં એક દિવસ અંબાલિકાને રાજ-સમુદ્રના કિનારા ઉપર જોઈ હતી. તેજ દિવસથી તેઓ અંબા-લિકાના પ્રેમમાં મંત્ર-મુગ્ધ જેવા બની ગયા છે. અંબાલિકા હજુ સુધી એમને ઓળખતી નથી. તે જાણે છે, કે ખરે-ખરજ કુમાર મેવાડ દેશના એક ગરીબ ખેડુતના પુત્ર છે! મારા હૃદયમાં પણ નવીન આશાનો સંચાર થયો છે. તેજ દિવસથી મ્લેચ્છ-વધની આશાથી મારૂં હૃદય આકુળવ્યાકુળ થઈ રહ્યું છે; અને મારા પિતાના હત્યારા પાપીને મારી વૈર-નો બદલો વૈરથી લેવાની ઇચ્છા ઉત્તરોત્તર બલવતી થતી ગઇ છે."

તેણે આગળ ચલાવતાં કહ્યું: "દેવ ! બાલિકાની પ્રગલ્ભ-

ત્તા ક્ષમા કરશો. વીરનું હૃદય નારીના પ્રેમની લાલસાથી ઉન્મત્ત થયા પછી અસાધ્યનું પણ સાધન કરી શકે છે. જો તેમને એમ ખબર પડે, કે યવન-યુદ્ધમાં જય મેળવવાથી તેમની પવિત્ર પ્રેમ-લાલસા પરિપૂર્ણ થશે; તો આપ સત્વર જોઇ શકશો, કે આખું આર્યાવર્ત ખરેખરજ યવનોના લોહીથી તરબોળ થઇ રહ્યું છે! ભારતમાતાના શત્રુઓ જો દૂર થઇ જશે, તો આજની આ પૈશાચિક લીલા આર્ય જાતિના વિજયોત્સવમાં બદલાઇ ગયા વિના રહુશે નહિ. દેવ! તે સમયે—હિંદુઓની જીતના મહોત્સવને સમયે—એ યવન-ધ્વંસકારી વીર યુવકનાં સુંદરી-કુલેશ્વરી અંબર-રાજકુમારી સાથે લગ્ન થતાં જોઈ હુ મારા જીવનને ધન્ય માનીશ!"

ફકીરે દયાર્દ્ર કંઠે કહ્યું: "બેટા! એ કઠોર સાધનામાં તું તારૂં હૃદય કાબુમાં રાખી શકીશ?"

આંસુભરી આંખે વિલાસે કહ્યું: "આપ સરખા જેના ગુરુદેવ છો, તેને હૃદય કાબુમાં રાખવું એ કંઇ બહુ મોટી વાત નથી. આટલા દિવસ સુધીનું આપનું સુશિક્ષણ શું વ્યર્થ જશે? દેવ! આશીર્વાદ આપો, કે જેથી હું એ મહાનુભાવ હૃદયને એ મહામંત્રથી દીક્ષિત કરી શકું. રાણી અરુન્ધતી દેવી અહીંથી પોતાના માતૃ-મદિરમાં જવાને તૈયાર થઈ રહ્યાં છે. આજ્ઞા આપો; કાળ ઘોડે સ્વાર થઈ, આપે આપેલી

તલવાર લઈ, હું પણ તેમની સાથે જાઉં. કેટલાક દિવસ બાદ હું આપની પાસે ફરી આવીશ.”

વિલાસકુમારી ફકીરને અભિવંદન કરી ત્યાંથી ચાલી નીકળી; જતાં જતાં એક વાત તેને વારંવાર યાદ આવવા લાગી: તે એ કે હમેશાં જ્યારે તે અભિવંદન કરતી, ત્યારે ફકીર તેને આશીર્વાદ આપતા; આજે તે આશીર્વાદ આપવાનું કેમ ભુલી ગયા હશે?

પરિચ્છેદ બારમો.

પકડાયા.

શારદીય શુકલયામિનીના પ્રાતઃકાલનો સમય હતો. ચંદ્રમા રાત્રિભર પર્યટણ કરવાથી શ્રમિત થઈ ઉંઘકે ચહેરે આકાશ–પ્રાન્તમાં ઉતરી પડતા હતા. એ સમયે એક પહાડી સંકીર્ણ રસ્તાની સામે દુર્ગાદાસ સૂઈ રહ્યા હતા. એમની પાસેજ પેલા ખેડુ–કુમાર સૂતા સૂતા કોણ જાણે શાએ વિચાર કરી રહ્યા હતા. થોડેક દૂર રાણી અરુંધતી દેવી, અને તેમની પાસેજ રાજકુમારી અંબાલિકા તથા વિલાસ-કુમારી એમ ત્રણે જણી જમીન પર સૂતી હતી. રાણી

અરુન્ધતી તો ઉંઘમાં હતાં, પણ રાજકુમારી અંગાલિકા થાકેલી હોવા છતાં કોણ જાણે શાએ કારણથી જાગતી હતી; અને અસ્ત પામતા ચંદ્ર તરફ કોણ જાણે શું જોઇ રહી હતી. ખેડુ-કુમાર જાણુતા ન હતા, કે તેની પેઠેજ રાજકુમારીની આંખોમાં પણ નિદ્રાનું નામ નથી !

એકાએક પાસેજ ઘણાક ઘોડાની: ખરીઓના અવાજ સંભળાયા ! ખેડુ-કુમાર ચોંકી ઉઠયા, અને કમરે લટકતી તલવારને મ્યાનમાંથી બહાર ખેંચી કાઢી ખડા થઈ ગયા. સાથેસાથેજ તેમણે દુર્ગાદાસને સંબોધન કરતાં કહ્યું: "વીરવર ! ઉઠો; તલવાર તાણો. હવે ઢીલ નહિ ચાલે. જુઓ, સામેજ દુસ્મનોની મોટી ફોજ આવી ઉભી છે ! "

દુર્ગાદાસે એકદમ ઉઠી જોયું, તો જણાયું કે સામેથી ઘોડેસ્વારની એક મોટી સેના ત્વરિત ગતિએ તેમના તરફ ચાલી આવે છે. તેમણે કહ્યું: " આપણે માત્ર ત્રણ જણજ છીએ ! જો કે ખુનની તરસી આપણી તલવારો તો યવન-લોહીથી જરૂરજ પરિતૃપ્ત થશે; કિંતુ અંતમાં રાજમહિષી અને રાજકુમારીની રક્ષા કોણ કરશે ? "

ખેડુ-કુમારે કહ્યું: " રસ્તો બહુ સાંકડો છે. એટલા બધા સિપાઈઓ સાથે આગળ વધી શકે એવી કશી સંભાવના નથી. આપ રાજકુમારી, રાજમહિષી, અને આ

રમણીને લઈને આગળ વધો; હું ત્યાં સુધી આ સ્થળે પાછળ રહી શત્રુઓનો રસ્તો રોકું છું."

દુર્ગાદાસે કહ્યું: "બહુ સારૂં! જ્યાં સુધી આપણા બેની તલવારો યવનોનું રક્તપાન કરે, ત્યાં સુધી મુકુન્દદાસ એ ત્રણે રમણીઓને સાથે લઇ આગળ વધે!"

ખેડુ-કુમારે કહ્યું: "નહિ વીરવર! જો શત્રુઓની ફોજ આપણ બંનેને હરાવી એમનો પીછો પકડે, તો એમનો બચાવ મુશ્કેલ થઇ પડે; માટે આપ પણ એમની સાથેજ જાઓ. હું એકલોજ રસ્તો રોકીશ!"

દુર્ગાદાસે કેટલોક સમય વિચાર કરી ખેડુ-કુમારના સુકુમાર વદનમંડળ તરફ જોતાં કહ્યું: "ખરૂં, એ સિવાય બીજો કોઈ ઉપાયજ નથી. પ્રિય વીર યુવક! વીરની પેઠે પ્રાણ અર્પણ કરી દો! સુરલોકમાં તમને એનો પુરસ્કાર મળશે. મહારાણી! વખત ખોવાનું કામ નથી; સત્વર ઘોડેસ્વાર થઇ જાઓ!"

ખેડુ-કુમારે એક વાર રાજકુમારી તરફ મીટ ભરી નિહાળ્યું. રાજકુમારી સમજી, કે એથી ખેડુ-કુમારે તેને ઇશારાથી સૂચવ્યું છે, કે આપને મારે પ્રાણ અર્પણ કરતાં તેને બહુ સુખ થાય છે! દુર્ગાદાસ પણ દુઃખ અને અભિમાનથી આંખો લૂછી ઘોડા પર સ્વાર થયા. મહારાણી પણ

અંબાલિકાને ગોદમાં લઈ ઘોડા પર સ્વાર થયાં. પણ એટલામાં અંબાલિકાએ ઘોડાની લગામ ખેંચી તેને રોકતાં કહ્યું: "દુર્ગાદાસ ! આપ ક્ષત્રિય વીર છો ના ? આજ પ્રાણના ડરથી શત્રુઓને પીઠ બતાવશો ? અથવા આ વીર યુવકને એકલા શત્રુઓ સામે થવાને રહેવા દઈ પ્રાણ વ્હાલા કરશો ?"

દુર્ગાદાસે ગંભીર સ્વરે ઉત્તર આપ્યો: "આ બાલિકાનો ઉપદેશ સાંભળવાનો સમય નથી. મહારાણી ! ઘોડો ફેંકો; નહિ તો આપ સર્વને બચાવવાનું કઠિનજ નહિ, બલ્કે અસંભવિત થઇ પડશે."

અંબાલિકાએ વળી વધુ જોરથી ઘોડાની લગામ ખેંચી રાખી !

મહારાણીએ કહ્યું: "બેટા, આજ તારૂં ભાન ઠેકાણે તો છે ને ?"

અંબર-રાજકુમારીએ આંસુભરી આંખે જરા કરડાગીમાં પ્રત્યુત્તર આપ્યો: "દેવી ! યદિ આપને પ્રાણનો અધિક ભય હોય, તો આપ દુર્ગાદાસજી સાથે અગિઆરા ગણી જાઓ ! હું તો એ વીર યુવક સાથે—"

એ સમયે તલવારોના ખણખણાટમાં રાજકુમારીના શબ્દ વિલીન થઈ ગયા ! તેણે કેટલીએ વાર યુદ્ધ જોયું હતું; પણ એકજ યુવકને બસો તલવારોની સામે ઝૂઝતાં

આજે તેણે પહેલવહેલાંજ જોયો હતો ! તેને યુદ્ધ કરતો જોઇ રાજકુમારીનો જીવ ફટકવા લાગ્યો. "હા, નિષ્ઠુર દુર્ગાદાસ ! આજ શું તમારો વીર-ધર્મ છે કે ?"-એમ કહેતાં કહેતાં તે મહારાણીના દેહ પર તૂટી પડી ! તેને પકડી રાખી મહારાણી અને રાઠોડ સેનાપતિ દુર્ગાદાસે શૈલશિખરને વટી જવા માટે પોતાના ઘોડાઓને પૂર જોસથી મારી મૂકયા !

તેજ દિવસે સવારમાં ફકીર આંખો બંધ કરી કોણ જાણે શો વિચાર કરી રહ્યા હતા. આંખો ઉઘાડીને જોતાં તેમને જણાયું, કે ઘણાક મુસલમાન સિપાઈઓ બેદુ-કુમારને સાંકળે બાંધી પોતાના તરફ આવી રહ્યા છે. તેઓ પાસે આવી પહોંચતાંજ ફકીરે તેમના નાયક પાસે જઇ કહ્યું "હું જાણું છું કે તમે મારી વિદ્રોહતાનુ ફળ અપાવવા માટે મને બાદશાહની પાસે લઈ જવા આવ્યા છો. ચાલો, હું તમારી સાથે આવવા તૈયાર છું !"

નાયક અફજલખાંએ પોતાના અનુચરોને કહ્યું: "તમે લોક એ ફકીરની વાત સાંભળશોજ નહિ; જલદી એના હાથમાં બેડી પહેરાવી દો."

ફકીરે હસતાં હસતાં હાથકડી નંખાવવાને પોતાના હાથ લાંબા કર્યા.

પરિચ્છેદ તેરમો.

દરબાર.

સવારમાંજ અજમેર નગરમાં મોગલ–સમ્રાટ્ ઔરંગઝેબ દરબાર ભરનાર છે. રાજ–પ્રાસાદની સામેજ દરબાર–ઇ–આમ આવી રહેલું છે. સંગેમરમરમાંથી કોતરી કાઢેલા મોટા મોટા સ્થંભો મણિમુક્તાઓની ઝાલરોથી ઝળહળાટ કરી રહ્યા છે. સામેજ આવી રહેલા રત્નસિંહાસનના હીરકદામ, સૂર્યકિરણોથી પ્રતિફલિત થઇ મુક્તાખચિત સ્થંભો ઉપર, મણિમય ચંદાતપની નીચે, અને સમાગત સભાસદોના મુકુટમંડળ ઉપર તરેહતરેહની જ્યોતિ ફેલાવી રહ્યા છે. દરબારની બંને બાજુએ સુસજ્જિત ફોજ ચિત્રની પેઠે ઉભી રહી છે. સમ્રાટ્નું આગમન હજી થએલું નહિ હોવાથી રત્ન–સિંહાસન ખાલી છે. બહાર ઉભેલી મોટી ફોજ અને સભા–મંડપમાં બેઠેલો ઉમરાવ–ગણ ચુપચાપ સમ્રાટ્ના માર્ગની પ્રતીક્ષા કરી રહ્યા છે. પહેરાવાળાઓથી ઘેરાએલા કેદી બેડુ–કુમાર વૃદ્ધ ફકીરની પાસે ઉભા રહી બાદશાહની વિચિત્ર સભા જોઈ રહ્યા છે. બેડુ–કુમારને ધ્યાનપૂર્વક જોતાં જણાયું, કે આટલા બધા દાઢીમૂછદાર સભાસદોમાં એક પણ હિંદુ જોવામાં આવતો નથી!

એકાએક મોટા જોરથી "અલ્લાહો અકબર"નો ધ્વનિ થયો; સાથેજ તોપો પણ ફૂટવા લાગી. અમીર-ઉમરાવ અને લશ્કરના સિપાઇઓએ એક સાથે ઘુટણીએ પડીને બાદશાહને કુર્નિ . ·જાવી. ક્ષણભરમાં ફરી સભાસ્થાનમાં શાંતિ છવાઈ ગઈ. ખેડુ-કુમારના જોવામાં આવ્યું, કે સમ્રાટ્ ઔરંગઝેબ ક્ષણભર પછી મહા—ગંભીરતાપૂર્વક સભામંડપને પ્રતિધ્વનિત કરતાં બોલ્યા: "મુસલમાન ઉમરાવો! સનાતન મહંમદીય ધર્મના પ્રચારકો! આટલા દિવસ સુધી આખા ભારતવર્ષમાં મહંમદીય ધર્મના એકચ્છત્ર રાજ્યનો જે ઉદ્યોગ હું કરી રહ્યો છું, તે આજે એક વાત સાંભળી કેવળ વ્યર્થ ગએલો હું સમજું છું. સેનાપતિ અફજલખાંએ નિવેદન કર્યું છે, એક વૃદ્ધ મુસલમાન ફકીરે મુસલમાન-ધર્મ-દ્રોહી હિંદુઓનો પક્ષ લઈ ઘણા મુસલમાન સૈનિકોનો વધ કર્યો છે. આથી અફજલખાં પ્રાર્થના કરે છે, કે એ મુસલમાન ફકીરને મારે દેહાંત-દંડની શિક્ષા ફરમાવવી; કિંતુ હું એ વાત પર વિશ્વાસ કરતો નથી. જો અફજલખાં પોતાની એ પ્રાર્થના સિદ્ધ કરી શકે નહિ, તો હું એ વાતને પાયા વગરની સમજી છોડી દઇશ."

એક વૃદ્ધ સભાસદે ઉઠી ક્રોધપૂર્વક કહ્યું: "જહાંપનાહ એ અસંભવ વાત છે. સ્વયં મહંમદના અવતાર આલમગીર

બાદશાહના રાજ્યમાં મુસલમાન ફકીર કાફિરોની સાથે મળી જાય, એ વાતમાં અમે સ્વપ્ને પણ વિશ્વાસ કરી શકીશું નહિ. જો અફ્‌જલખાં એને પ્રમાણુથી સાબિત કરી શકે નહિ, તો તેને એ બાબતની સજા થવી જોઇએ."

અફ્‌જલખાંએ હાથ જોડી કહ્યું: "તે ફકીર જાતેજ દરબારમાં મોજુદ છે; એનેજ આપ પૂછી જોશો તો ખાત્રી થશે."

આરંગઝેબે જરા કરડી નજરે ફકીર તરફ જોઇ કહ્યું: "હવે આપ મહેરબાની કરી આગળ આવશો, અને આ મુસલમાન સભાસદો સમક્ષ ઉભા રહી ફકીરના પવિત્ર નામને લાગતું એ ઘોર કલંક દૂર કરવા યોગ્ય કરશો."

ફકીર આગળ વધી બાદશાહના રત્ન-સિંહાસનની સામે જઈ ઉભા રહ્યા. સભાસદોએ તેમની સુંદર ને તેજોમય મૂર્તિ તરફ જોયું. તેમની લાંબી દાઢી નાભિ સુધી લટકતી હતી, દાઢીમૂછના સર્વ બાલ દૂધની ધારા જેવા સફેદ હતા, ને આંખોમાંથી અપૂર્વ જ્યોતિ નીકળી રહી હતી. તેમનું વિશાળ ને ભવ્ય કપાળ જોતાંજ તેમની બુદ્ધિ વિષે કશી શંકા રહે તેવું નહોતું. ફકીરે પોતાની જ્યોતિર્મયી આંખોથી સારા સભામંડપ ઉપર દ્રષ્ટિ ફેંકતાં પોતાની બંને ભુજાઓ ઉંચી કરી કહ્યું: "સાંભળો, ભારત-સમ્રાટ્‌ના સભાસદો!

સાંભળો: સેનાપતિ અફ્‌ઝલખાંનું કહેવું તદ્દન ખરૂંજ છે. એંસી વર્ષ સુધી મહાત્મા મહુંમદના પવિત્ર ઉપદેશો વાંચીને મેં જે શિક્ષા મેળવી છે, તે મહાન્ પવિત્ર નીતિની આજ્ઞાથી અદૂરદર્શી, નીચાશય, સ્વાર્થપર બાદશાહની નિષ્ઠુર નીતિની વિરુદ્ધ મેં શસ્ત્ર ઉપાડેલું છે. અમિતબળશાળી મુગલ-સમ્રાટ્‌ની વિરુદ્ધ મારા જેવા સંસારત્યાગી, હીણપક્ષ ફકીરોએ પોતાનું બળ અજમાવવું, એ મતવાલા હાથીઓની સુંઢ ઉપર ક્ષુદ્ર મક્ષિકાઓ પોતાના ડંખ અજમાવે તેના જેવું છે. પરંતુ જ્યાં સુધી મારી આ ભુજાઓમાં બળ રહેશે, ત્યાં સુધી હું આજની પેઠે પાપ-પુણ્યના સંગ્રામમાં પાપીઓને શિક્ષા આપવાને માટે ખરા જીગરથી યુદ્ધ કરીશજ કરીશ! એજ મારો આ લોક ને પરલોકનો ધર્મ છે; એજ મારા ઇષ્ટ ગુરુદેવ મહુંમદના સત્ય સનાતન ધર્મનો સારરૂપ ઉપદેશ છે!"

ફકીરની વાત સાંભળી સર્વ સભાસદ વિસ્મિત અને સ્તંભિત થઇ ગયા. બાદશાહે થોડીવાર સુધી મનમાં ને મનમાં વિચાર કરી કહ્યું: " ઓ કપટાચારી, કાફિરો કરતાં પણ વિશેષ ઘૃણાસ્પદ, કાફિર-વેષધારી પાષંડ! તેં આજે બુરી ઇચ્છાથી મહુંમદનું પવિત્ર નામ ઉચ્ચારી આ એકત્ર થએલા પવિત્ર મુસલમાન સભાસદોના કાનને અપવિત્ર કરી નાખ્યા છે; અને આ પરમપવિત્ર મહુંમદીય રાજ-સિંહા-

સનનું ઘોરતમ અપમાન કર્યું છે. તેં મુસલમાન વીર સીપા-હીઓના હૃદયને બહુ દુઃખિત કરી મૂક્યાં છે; આથી તને સારા હિંદુસ્તાનના બાદશાહ આલમગીર સજા ફરમાવે છે, કે કાલે સવારે જલ્લાદની તલવારથી તારી પાપમય જીભ મૂળમાંથી કપાવી નાંખી સુવરના પગ તળે નાંખવામાં આવશે, અને સર્વ મુસલમાન પ્રજા તારા જેવા નાપાકને થએલી સજાથી ખુશ થઈ શુક્ર ગુજારશે."

બાદશાહની આ નિષ્ઠુર આજ્ઞા સાંભળી તમામ સભાસદો આશ્ચર્યમગ્ન થઇ ગયા. પ્રધાન-મંત્રી દિલ્લગારખાંએ ઉભા થઈ હાથ જોડીને કહ્યું: "હજુર! આપ શું ભૂલી ગયા છો કે આ વ્યકિત મુસલમાન અને એક ફકીર છે?"

સમ્રાટ્ ક્રોધથી કંપતા સ્વરે બોલ્યો: "સંભાળો દિલયાર! જે માણુસ કાફિરને મુસલમાન કહે છે, તેને માટે કુરાન-શરીફમાં મૃત્યુની સજા લખી છે."

આ પછી કોઇએ કંઇ પણ કહેવાની હિંમત કરી નહિ. અમીર-ઉમરાવ અને અન્ય સર્વ લોક ગંભીરતાપૂર્વક ફકીરના મુખમંડળને નિહાળવા લાગ્યા. કેવળ અફજલખાંના મુખમંડળ ઉપર પ્રસન્નતાની ઝલક ઝલકી રહી હતી! તે ઉઠી ઉભો થઈ બોલ્યો: "હવે એ ફકીર વેશધારી

પાખણ્ડના સાથી આ કાફિર જવાનને સજા આપવાની જરૂરત છે. ”

બાદશાહે કહ્યું: “ એ હિંદુ યુવકને ઉમરાવોની સમક્ષ હાજર કરો.”

ખેડુ-કુમાર બાદશાહની આજ્ઞાનુસાર સભાસદોની સન્મુખ આવી ઉભા રહ્યા.

બાદશાહે કહેવા માડયું: “ પ્રિય ઉમરાવો ! જે સુકુમાર, સુંદર યુવક આપણી સામે આવી ઉભો છે, તે જાતનો હિંદુ હોવા છતાં પણ મોટા મોટા મુસલમાન વીરોના જેવો પરાક્રમી છે. આથી મારી એવી ઇચ્છા છે, કે એને મુસલમાન બનાવી કોઈ મોટા ઓદ્ધા ઉપર નિયુકત કરવો. મને સંપૂર્ણ ખાત્રી છે, કે એ વ્યક્તિ મુસલમાન થઇ દિન દિન મારા સામ્રાજ્યની કીર્તિને વધારશે. હિંદુ યુવક ! મુસલમાન ઉમરાવોને સલામ ભર ! તારૂં ભાગ્ય ખુલી ગયું છે ! આજ સૂર્યાસ્તની પહેલાંની નમાજ વખતે આ સર્વ સભાસદો તને પવિત્ર મુસલમાન ધર્મમાં દાખલ કરી કલ્મો પઢાવશે; અને તને બહુ સન્માનાસ્પદ ઉમરાવ પદ આપવામાં આવશે. તારી વીરતાને યોગ્ય એજ પુરસ્કાર છે.”

નિડર ખેડુ-કુમારે ઉત્તર આપ્યો: “ ભારત-સમ્રાટ્ ! દ્વેષકર યવનોની સેવા હિંદુ-વીરોને માટે આ સમયે પુર-

સ્કારતુલ્ય બની ગઈ છે; પરંતુ આ ભુજાઓ તો ભારત-શત્રુ યવન-દાનવોની છાતી ચીરવા માટે સરજાયલી છે; યવનોના ચરણની સેવાને માટે નહિ!"

બાદશાહનો ચહેરો લાલ થઇ ગયો. તેણે ક્રોધ અને દુઃખથી ચારે તરફ જોતાં કહ્યું: "આહ! પ્યારા ઉમરાવો! આજે આપણે સઘળા શું જાગતા છતાં સ્વપ્ન જોઇ રહ્યા છીએ? કેશરીના શિર પર શૃગાલ પદાઘાત કરવાની હિંમત કરે છે? બહુ સારૂં-જલ્લાદ!"

સહસા ફોજની મધ્યમાંથી રસ્તો કરી હાથમાં નાગી તલવારો સાથે કેટલાક વિકરાળ-સ્વરૂપ જલ્લાદો હાજર થઈ જઈ બોલ્યા: "જી હજૂર!"

વૃદ્ધ મુસલમાન ફકીરે સત્વર બાદશાહની પાસે જઈ કહ્યું: "બાદશાહ ઔરંગઝેબ! સાંભળો: મૂર્ખતાની પણ સીમા હોય છે! અદૂરદર્શીતાની પણ હદ હોય છે! આ વીર યુવકના રક્તનું એક બિંદુ પણ જમીન પર પડતાં નક્કી સમજજો, કે તમારૂં માથું તમારા ધડ પર નથીજ!"

બાદશાહે ક્રોધથી અધર કરડતાં કહ્યું: "હા! પાગલ ફકીર! સભાળ; હું સારા ભારતવર્ષનો શાહેનશાહ છું!"

ફકીરે તીરછી નજરે બાદશાહના મુખમંડળ તરફ

જોતાં અને તેની આંખો તરફ વારંવાર આંગળી કરતાં કહ્યું: "તું શહેનશાહ છે? એક વાર જરા ઉંચી નજર કરી જોઈતો લે, કે શહેનશાહ કોણ છે?"

બાદશાહે મંત્રાહતની પેઠે ઉપર જોઇ આંખો બંધ કરી દીધી. વળી ફરી આંખો ઉઘાડી પોતાના માથા ઉપરના આકાશ તરફ જોઇજ રહ્યો! તેણે શું જોયું? તેણે જોયું, કે દ્વાદશ શશિનાં કિરણો તુલ્ય તેજથી નભોમંડળને પ્રકાશિત કરતી ગૌરવમયકાન્તિવાળા, અપાર્થિવ-જ્યોતિવાળા, રત્ન-કિરીટ વડે શોભી રહેલા, શહેનશાહ અકબર જ્યોતિર્મય સ્વર્ગીય વિમાનમાં વિરાજી રહ્યા છે! વિમાનની ચારે બાજુએ અસંખ્ય અમરગણ આનંદપૂર્વક શોભી રહેલા છે! વ્યથિત હૃદય અને વિસ્મિત લોચને ઔરંગઝેબે તે રાજરાજેશ્વરની મૂર્તિને જોતાં જોતાં નીચે પોતાના સભામંડપ તરફ જોયું. અને શું દીઠું? જાણે તે રત્નરાજિ-દીપ્ત, હીરકદામ-વિભાસિત, વિચિત્ર દરબાર ભીષણ, લોમહર્ષણ, અને ઘોર અંધકારથી છવાઈ ગએલો છે! તે ઘોર અંધકારમાં જાણે વજ્રદેહ, બીભત્સ-વદન, વિકટ-દશન દાનવો વિકટ હાસ્ય કરતા કોલાહલ મચાવી રહ્યા છે! અને આ શું? સામેજ આકાશમાંથી પડી ગએલા ચંદ્રમાની પેઠે ધૂળમાં લોટતા દેવકાંતિ સ્વપિતા શાહજહાં સોનાની સાંકળોએ જકડાએલા પડેલા છે! પાસેજ

મોટાભાઈ દારાની વીરમૂર્તિ કાંટા પર પડી રહી છે ! તેથી નાના ભાઈ સૂજાનું કાપેલું માથું આકાશમાં અધર લટકી રહ્યું છે ! અને એક વખતે પ્રાણપ્રિય, પ્રિયદર્શન એવા નાના ભાઇ મુરાદનું શરીર લોહીથી તરબોળ થઇ જમીન પર તરફડી રહ્યું છે !

બાદશાહ એકાએક બૂમ પાડી સિંહાસન પરથી ઉઠી ઉભા થઈ ગયા ! તેમનું આખું શરીર થર થર થર કંપી રહ્યું હતું. તેની આવી સ્થિતિ જોઈ આખો ઉમરાવ વર્ગ તેની પાસે દોડી ગયો. બાદશાહ અચાનક બિમાર થઇ જવાથી કેટલાક લોક હકીમ-વૈદ્યને બોલાવવા દોડી ગયા ! કેટલાક શહેનશાહનો હાથ ઝાલી તેને આરામ-ગૃહમાં લઇ ગયા ! દરબાર આપોઆપ વિસર્જન થઈ ગયો !

પરિચ્છેદ ચૌદમો.

હાલ સમય નથી.

સંધ્યા-સમયે બાદશાહ આરામ-ગૃહમાં સૂતા હતા. પાસેજ હાથ જોડીને અફજલખાં ઉભો હતો. બાદશાહે ધીમેથી પૂછ્યું: “ કેમ સેનાપતિ ! શત્રુઓના હરી જવાથી ઘણું કરીને આજે તમને તો ઘણું કષ્ટ થયું હશે?”

અફજલખાંએ ઉત્તર આપ્યો. “ જહાંપનાહ ! જ્યારે

હજૂરની નેમના પર કૃપાદૃષ્ટિ થઈ, ત્યારે પછી તે મારા દુશ્મન કેવી રીતે રહ્યા? હા, એટલું તો ખરૂં, કે ભવિષ્યમાં એ બંને રાજ્યમાં પુષ્કળ ગડબડ મચાવી મૂકશે."

બાદશાહે કહ્યું, "સમસ્ત ઉમરાવો ને હાકિમોનો અનુરોધ હું ટાળી શકયો નહિ. આથી મેં પોતે કેદખાનામાં જઈ ફકીર ને કાફિર બંનેને છોડી મૂકયા!"

અફજલખાં સમજી શકયો નહિ, કે આજે સમ્રાટ્નું મુખમંડળ બહુજ ગંભીર છે. તેણે એક ઉંડો નિઃશ્વાસ મૂકી ઉત્તર આપ્યો: "હું સ્વપ્ને પણ જાણતો નહોતો કે એમનું ભાગ્ય એટલું જબરદસ્ત હશે!"

બાદશાહે કહ્યું: "અફજલ! ગઈ ગુજરી વાતોનો વિચાર કરવાથી હવે શું ફળ છે? વારૂ કહે જોઇએ; આજના એ કાફિર ફકીર તને કેવા લાગ્યા?"

અફજલખાંએ તત્કાળ ઉત્તર આપ્યો: "પાગલ, પાખંડી, કાફિર, ને નરાધમ!" બાદશાહે કહ્યું: "મેં જે રાજનીતિનું અવલંબન કર્યું છે, તેને એ ફકીર બહુ હાનિકારક માને છે! એની સમજ પ્રમાણે અકબરશાહે ચલાવેલી પહેલી રાજનીતિજ મોગલ સામ્રાજ્યના હકમાં વધારે બહેતર કરનારી છે."

અફજલખાંએ માથું ખંજવાળતાં કહ્યું: "જહાંપનાહ!

પાગલ કયો વિચાર નહિં કરે ! કાફિર ક્યારે મુસલમા-નોની પ્રશંસા કરે છે? ચોર ક્યારે ચાંદની રાતને પસંદ કરે છે ? ”

બાદશાહે શાંતભાવે પૂછ્યું: “ શું એ વિષે તમારા મ-નમાં કંઇ પણ શંકા નથી, કે પૂર્વ પ્રચલિત રાજનીતિ કરતાં મારી નવી રાજનીતિ સર્વ રીતે સારી છે? ”

ખુશામતીઆ અફ્‌જલે હાથ જોડી કહ્યું: “જહાંપનાહ! એ વાતમાં વળી આપ આ ગુલામને પ્રશ્ન કરો છો? આપ જેવા વિલક્ષણ રાજનીતિજ્ઞે કદીએ પૃથ્વીમાં જન્મ લીધો છે શું ? અકબરશાહની ખુશામતથી કાફિરોના માથામાં બહુ પવન ભરાઇ ગયો હતો. એ સમયે કોઇ જાણી પણ શકતું નહિ, કે આ મુસલમાનોનું રાજ્ય છે કે હિંદુઓનું ! આટલા દિવસો પછી આલમગીર બાદશાહે મુસલમાન વંશના સૂર્ય રૂપે પ્રકાશી તે ઘોર અંધકારને નષ્ટ કરી નાંખ્યો છે; અને કુરાન-શરીફના ઉજ્જવલ આલોકથી જગત્‌ને ઝળહળાવી મૂક્યું છે. આપના બાહુમાં એટલું બળ છે કે હિમાલયથી કન્યા-કુમારી સુધીના સેંકડો રાજપૂત અને મરાઠા હરામજાદાઓ ભય અને વિસ્મયથી ચકિત થઈ ગયા છે ! આપનું એવું અમાનુષિક ધર્મબળ છે, કે કરોડો હિંદુઓ મુસલમાનોના પગ તળે લોટયા કરે છે! અને–

"અને મારા પગમાં એટલું જોર છે, કે તે ખુશામતી અફ્‌જલનાં હાડકાં પાંસળાંના ચૂરેચૂરા કરી શકે છે."

આમ કહેતાં કહેતાં બાદશાહે અફ્‌જલની છાતીમાં એક લાત જમાવી દીધી! તે જમીન પર પટકાઇ પડ્યો. પછી બાદશાહે કહ્યું: "ચુપ રહે, ગુલામ! તારા જેવા ખુશામતીઆના કારણથીજ આજે મોગલ સામ્રાજ્ય રસાતળમાં જઇ રહ્યું છે. હું રાજનીતિજ્ઞ છું? શું મારી રાજનીતિનું એ ફળ નથી, કે આજે વીસ કરોડ હિંદુઓનો મેં તલવારના જોરથી ધ્વંશ કરવાનું ધાર્યું? શું એ રાજનીતિજ્ઞતા છે, કે એક મહા-વીર જાતિને મેં મારી ગુલામ બનાવવાની અધમ ઇચ્છા કરી? ધન્ય મારા બાહુબલ! હાય! હાય! એ બાહુબલથીજ મેં મારો જમણો હાથ કાપીને ફેંકી દીધો છે! ખુશામતી જૂઠા અફ્‌જલ! શું મારા ધર્મના અવતાર હોવાનું એ ફળ છે, કે મારા આ વિસ્તૃત સામ્રાજ્યમાં આજ હાહાકાર થઈ રહ્યો છે! મારા પ્રાણપ્રિય ભાઇ દારાનો વધ કરી પિતાને મેં કેદ કરી લીધા, એ શું મારી ધાર્મિકતાનું પરિણામ છે?"

બાદશાહે હાથ જોડી, અશ્રુપૂર્ણ આંખે ઉંચે દૃષ્ટિ કરી આગળ ચલાવવા માંડ્યું:"રાજકુલગુરુ અકબર! એક વાર આપ દિવ્ય ચક્ષુથી જુઓ, કે આપના પવિત્ર વંશમાં પ્રકટેલા કુલાંગાર,

નીચાશય ઔરંગઝેબની મૂર્ખતાથી આ સોનાનું ભારત ધૂળ ધાણી થઇ રહ્યું છે ! તમારૂં પ્રેમ-રાજ્ય, હાય ! શોક-સાગરમાં ડુબી રહ્યું છે. મૃત્યુલોકમાં તમે જેને આનંદમય વદનથી પ્રસ્તુત કર્યું હતું,તેને—ઔરંગઝેબ જરા અટકી જલદી જલદી ઓરડામાં ટહેલતાં ટહેલતાં વળી કહેવા લાગ્યો: "નહિ નહિ! હવે સમય નથી. પ્રેતપક્ષની આ પ્રચંડ આગ શું ફરી બુઝાઇ જશે ? ત્રિકાલ-દર્શી નરરૂપ ફકીર ! હું સમજી ગયો છું કે તમે મનુષ્ય નહિ, પણ પૂજ્ય મહંમદના દૂત છો. રાક્ષસ ઔરંગઝેબના અજ્ઞાનાંધકારનો નાશ કરવા માટેજ બિહિસ્તમાંથી આવી તમે તેને દર્શન આપ્યાં છે ! કિન્તુ દેવ ! વીસ વર્ષ પહેલાં આ નરપિશાચની સામે આપ એક વાર કેમ ન આવ્યા ? હવે આ પ્રચંડ-રૂપે પ્રકટી રહેલી આગને શાંત કરવી એ મારી શક્તિની બહાર છે; એ આગ ભારતને ભસ્મીભૂત કર્યા વિના શાંત થનાર નથી ! હવે વધુ સમય નથી— ઉઠ ગુલામ !"

બાદશાહે અફજલખાં પર ફરી પદાઘાત કરતાં કહ્યું: " ઉઠ ગુલામ ! ઉઠ શેતાન ! બાદશાહના શેતાન નોકર ! પ્રેતયજ્ઞની પૂર્ણાહુતિ કરી નાખ ! આ સાંભળ, કેટલેક અંતરે હિંદુઓના ઘોર ગર્જનથી આકાશ ગાજી રહ્યું છે ! મહારાષ્ટ્રીઓનો ભીષણ કોલાહલ, રાજપૂતોનું ભીમ-ગર્જન,

પંજાબની શ્રવણ-ભેદી ચીસો, ચાલ, રોકી નાખીએ. ચાલ, કાફિરોના રક્તમાં જાતીય-નાવ વહેવડાવીએ ! પરિણામ ચાહે તે આવો, કિંતુ ઇતિહાસમાં લોહીના હસ્તાક્ષરે ઔરંગઝેબનું કલંકિત નામ અવશ્ય લખાશે; ચિરસ્થાયી રહેશે ! યુગયુગાન્તરમાં ઐતિહાસિક લેખકગણ અશ્રુપૂર્ણ આંખે આલમગીર બાદશાહની નિષ્ઠુર રાક્ષસ-લીલાનાં રસીલા વર્ણન કરશે !”

—પહેલો ખંડ સમાપ્ત.—

અમરસિંહ.

ખંડ બીજો.

પરિચ્છેદ પહેલો.

અરવલ્લી પહાડ પર ચઢવું.

અરવલ્લી પહાડની નીચે જોધપુરની મહારાણી અરુન્ધતી દેવી, અંબર-રાજકુમારી અંબાલિકા, અને વિલાસકુમારી સાથે બેસી આરામ લઇ રહ્યાં છે. દુર્ગાદાસ અને મુકુંદદાસ પાસેના તંબુઓમાં અન્ય ક્ષત્રિય વીરોની મુલાકાતે ગયા છે.

વિલાસકુમારીએ કહ્યું: "આ જુઓ, રાણીજી! અંબાલિકા અદ્યાપિ રડયાજ કરે છે!"

અરુન્ધતી દેવીએ કહ્યું: "જા, જા; અંબાલિકા! તું ક્ષત્રિય-કન્યા છે ના? તું વીરવર મહારાજ જયસિંહની કન્યા છે ના? ક્ષત્રિય વીરને યુદ્ધ કરતો જોઇ તારૂં હૃદય કેમ આમ વ્યાકુળ થઈ ગયું છે? હજુ પણ તારી આં-

ખોમાંથી ચોધારે આંસુ ચાલ્યાં જાય છે! આશ્ચર્યની વાત છે!"

અંબાલિકાએ નીચું જોઇ કહ્યું: "મહારાણી! મારી આંખોમાં જન્મભર અશ્રુ-ધારા વહેતીજ રહેવાની! હાય! દેવી! જે દિવસે દિલ્હી નગરીમાં સેંકડો રાજપૂત રમણીઓએ પોતાના પ્રાણની અગ્નિદેવને આહુતિ આપી, તેજ દિવસે આપે મને પણ વીરકાર્યમાં ભાગ લેવા દઈ પ્રાણ-દાન દેવા કેમ ન દીધું? એમ થતાંજ મારી સર્વ યાતનાઓનો અંત આવી જતે!"

મહારાણી અભિમાન અને ઉદાસીથી ઉઠી આમતેમ ટહેલવા લાગ્યાં.

વિલાસકુમારીએ કહ્યું: "રાજનન્દિની! એ આપે શી રીતે જાણ્યું, કે તે ખેડુ-કુમાર યુદ્ધમાં પ્રાણનું દાનજ દઈ દેશે?"

અંબાલિકાએ જરા ચીડવાઇને કહ્યું: "શું એમ સમજે છે, કે તે ખેડુ-કુમાર માર્યો જશે એવી આશંકાથી મારૂં હૃદય આટલું વ્યાકુલ થઈ રહ્યું છે?"

"ત્યારે બીજું શું?"

"ના, ના, એમ નથી; પણ દુર્ગાદાસની નિષ્ઠુરતા

જોઇ મને ઘણું લાગી આવ્યું છે. તે વીર યુવક કદી ખેડુ-કુમાર નહોતાં કોઇ રાજ-કુમાર હોત તો શું આપણે તેને આજની પેઠે શત્રુઓના હાથમાં સોંપી આપણા આ નિંદ્ય પ્રાણ બચાવવા આમ નાસી આવતે કે? હલકા કુળમાં ઉત્પન્ન થએલો હોવાથીજ તે વીર ઉપર આપણે જરાએ માયાભાવ જણાવ્યો નથી, એ વાત શું ખોટી છે?"

વિલાસકુમારીએ કહ્યું: "રાજકુમારી! મારી વાત સાંભળો! એ વીર-બાળકને માટે કશી ચિંતા કરશો નહિ. આશા ન છોડો. પરમેશ્વર કરે ને તમારા ખેડુ-કુમાર યુદ્ધમાં સો યવન યોદ્ધાઓનો ધ્વંશ કરી વિજય મેળવી તમારી પાસે પ્રસન્ન વદને પાછા આવે!"

રાજકુમારીએ અભિમાનપૂર્વક ઉત્તર વાળ્યો: "વિલાસ! વાહરે! એમ શું કહે છે જે વળી! મારા ખેડુ-કુમાર મારી પાસે પાછા આવશે એટલે શું? મારે તેની સાથે શો સંબંધ છે? તું શું નથી જાણતી, કે હું એક રાજ-નન્દિની અને તે નીચ-કુલોત્પન્ન ખેડુત છે! મારી લાગણી-નો ખરે અનર્થ થાય છે!"

વિલાસકુમારીએ સ્મિત કરતાં કહ્યું: "એ વાતનો વિચાર પછી થઇ રહેશે. પેલા જુઓ, દુર્ગાદાસ આ તરફ

આવતા જણાય છે. ઘણું કરીને હમણાંજ આપણે માતૃ-મંદિરમાં જવાનું થશે."

દુર્ગાદાસે આવી જોધપુર-રાજમહિષીને કહ્યું: "દેવી! સંધ્યાકાળ થવામાં હવે વાર નથી; એકઠા થએલા સર્વ રાજાઓ ને સરદારો તૈયાર છે; જો આપની આજ્ઞા હોય, તો અમે એમને હવે માતૃ-મંદિરમાં લઇ જઇએ!"

અરુન્ધતી દેવીએ કહ્યું: "તો ભલે, હવે વાર લગાડવાની શી જરૂર છે!"

દુર્ગાદાસે ભેરી વગાડી. ભેરીનો અવાજ સાંભળતાંજ ક્ષત્રિય રાજાઓ અને સરદારો સ્ત્રીઓ સાથે પોતપોતાના તંબુમાંથી બહાર આવી ઘોડેસ્વાર થઇ આગળ વધવા લાગ્યા. પાયદળ ફોજ તેમની પાછળ પાછળ ચાલવા લાગી.

દુર્ગાદાસે અરુન્ધતી દેવીને કહ્યું: "આપ સ્ત્રીઓને સાથે લઇ આગળ ચાલો. હું પુરુષોને સાથે લઇ આપની પાછળ પાછળ આવું છું. દેવી! આજ રાજપૂતોને માટે બહુ આનંદનો દિવસ છે. આજનું આ અપૂર્વ દૃશ્ય ભારતના કાલિમામય ઇતિહાસમાં સદૈવ સોનેરી અક્ષરે લખાયલું રહેશે! પછી દુર્ગાદાસે અતિબળથી આકાશને કંપાવે તેવા સ્વરે કહ્યું: "ભાઇઓ! સર્વ એકે અવાજે બોલો કેઃ—

"જય ! ભારત—માતાનો જય !"

એકબીજાના સૂરમાં સૂર મિલાવી સર્વ રાજપૂત-વીરોએ કહ્યું:—

"જય ! ભારત—માતાનો જય !"

અરવલ્લી પહાડને કંપાવી નાખતો એ ઘોર સ્વર પણ પ્રતિધ્વનિત થયો કે:—

"ભારત—માતાનો જય !"

સૌથી અધિક વીર-રમણીઓની પાછળ દુર્ગાદાસની સાથે સાથે અસંખ્ય વીર રાજપૂત સૈનિકો દૃઢતાપૂર્વક તે પાર્વત્ય પ્રદેશને કંપાવી નાખતા અરવલ્લી ઉપર ચઢવા લાગ્યા. વિલાસ-કુમારીએ પોતાના કાળા ઘોડા ઉપર સ્વાર થઈ અરુન્ધતી દેવીની સાથે પર્વત ઉપર ચઢતાં ચઢતાં મધુર સ્વરે ગાન આરંભ્યું:—

જય ! મા મારી:
પ્રિય જનની જન્મ-ભૂમિ,
જય ! મા મારી.

પ્રાણ પોષતી અમી-દુધલડે, ભારતી મા મારી;
પ્રણય-ઘેલડી રસબસ રસતી, પ્રેમ-પિયુષ-ક્યારી—
જય ! મા મારી.

સુંદર વન ઉપવન ને નદીઓ, રસભર રેલાતી;
તરુડાળે મંજુલ કલ કરતાં, પંખીજન વિહારી—
જય ! મા મારી.

મોલ અમોલા મોલવતી મહી, મનહર શોભાતી;
અશુધર મદભર પશુગણુ રમતાં, શી તુજ બલિહારી–
જય ! મા મારી.
પુણ્ય-ભૂમિ દશ-દિશ ગજવંતી, કીર્તિ આ તારી;
સંત-પુરુષ ને વીર-પુરુષની, મંડળી શી તારી !–
જય ! મા મારી.
'પ્રેમ-ભકિત'નાં મધુ-મીઠલડાં, વ્રતને સ્વીકારી;
આત્મ-શકિતએ જગજગ ઝગવા, મા ! દે આશિષ તારી–
જય ! મા મારી.

વિલાસકુમારીના એ અમૃતમય કંઠ-સ્વરમાં પોત-પોતાના સ્વર મિલાવી અનાન્ય રાજપૂત રમણીઓ પણુ ગાવા લાગી, અને ગાન-રસમાં નાહવા લાગી !

પરિચ્છેદ બીજો.

અંતમાં પ્રેમ.

સંધ્યાકાળ પહેલાં એકુ-કુમાર અરવલ્લી પર્વતની નીચે એકલો બેઠો બેઠો વિચાર કરી રહ્યો હતો, કે કયે રસ્તેથી અરુન્ધતી દેવીના માતૃ—મંદિરમાં જઈ શકાશે. કેટલાક સમય પછી તેણે જોયું, કે એક ઘોડેસ્વાર ગીત ગાતો

ગાતો તેના તરફ આવતો હતો. પોતાને જવાનો રસ્તો પૂછવાને ખેડુ-કુમાર એ આગન્તુકની પાસે જઈ ઉભો રહ્યો. આગન્તુકે તેને જોતાંજ મીઠા શબ્દે કહ્યું: " હું તમનેજ શોધી રહ્યો છું. પહેલાંથીજ મને ખબર હતી, કે તમે બાદશાહને ત્યાંથી છૂટી આ તરફ આવવા નીકળ્યા છો. મને લાગે છે, કે મને તમે ઓળખી શક્યા નહિ હો. જરા થોભો, હું હમણાંજ આવું છું.

ખેડુ-કુમારે જોયું, કે આગન્તુક થોડેક દૂર જઈ પોતાનો વેશ બદલી રહ્યો છે! તેણે સિપાહીનો વેશ કાઢી નાખી સ્ત્રીનો વેશ ધારણ કર્યો. છાતીએથી લોઢાનું કવચ ઉતારી નાખ્યું, અને તેની જગ્યાએ મુક્તાહાર શોભી રહ્યો! કમરબંધમાંથી તલવાર ખસી ગઇ, અને કટારે તેનું સ્થાન લીધું. પગમાંનાં પગરખાંને દૂર ફેંકી નુપૂર ધારણ કર્યાં! પાઘડી દૂર જઈ પડી, અને તેમાંથી કાળી નાગણ જેવો ચોટલો પગ સુધી લટકતો દેખાયો! હાય! એ સુંદર છબી ખેડુ-કુમારે એક વાર પહેલાં જોઈ હતી; આ તેજ મોહિની-મૂર્તિ છે! જે સ્વપ્નદૃષ્ટા રમણી, જેણે નિર્જન પ્રાંતમાં કાલિન્દીને કિનારે યવન-સમરનો રાહ બતાવ્યો હતો, તેજ એ વિશ્વમોહિની મૂર્તિ છે!

રમણીએ સામેના એક ઝાડની ઉંચી ડાળ પર ચઢી

પોતાનો પુરુષ-પોશાક ત્યાં બાંધી દીધો. એ પછી તે એકુ-કુમારની પાસે આવી ઉભી રહી, ને હસતી હસતી બોલી: "હવે શું તમે મને ઓળખી શકો છો? કહો જોઇએ, હું કોણ છું?"

"આપ તેજ સુર-સુંદરી છો."

રમણીએ મીઠું હાસ્ય કરતાં કરતાં કહ્યું: "આ અભાગિનીના મુખ ઉપર આપે સુર-સુંદરીનું કયું લક્ષણ જોયું?"

કુમારે ઉત્તર આપ્યો ન આપ્યો એટલામાં તો તે રમણી ફરી કહેવા લાગીઃ "આજે તમે જે વાત કહી તે ફરી કદી કહેશો નહિ. મને વિલાસકુમારી કહી બોલાવજો. હું નાનપણમાં શૃંગાર બહુ પસંદ કરતી હતી; તેથી મારા પિતા મને વિલાસકુમારી કહી બોલાવતા હતા." રમણી પોતાનાં કપડાં અને ઘરેણાં તરફ જોઈ મધુર મધુર હસતી વળી બોલી: "આ ઉંમરે પણ હું શણગારને બહુ પસંદ કરૂં છું. અસ્તુ! પણ તમે એકલા બેઠા બેઠા શા તર્કવિતર્ક કરતા હતા?"

યુવાને ઉત્તર આપ્યો: "મને ખબર છે, કે રાઠોડ—સેનાપતિ દુર્ગાદાસ આ પહાડ ઉપરજ રહે છે. પરંતુ તેઓ

ક્યાં રહે છે, અને કયે રસ્તેથી જતાં સત્વર તેમની મુલાકાત થશે, તે હું જાણુતો નથી.”

વિલાસકુમારીએ ઉત્તર આપ્યો: “તમને માતૃ–મંદિરમાં લઇ જવાને માટેજ હું તમારી રાહ જોતી હતી. એ અપૂર્વ માતૃ–મંદિર અહીંથી ઘણુંજ નજીક છે. ચાલો, હું તમને ત્યાં લઇ જાઉં. કિંતુ ત્યાં રાજકુમારી અંબાલિકા સાથે તમારો ભેટો નહિ થાય!”

યુવાને ચોંકીને પૂછ્યું: “ત્યારે રાજકુમારી અંબાલિકા ક્યાં છે? તે પણ રાઠોડ સેનાપતિ દુર્ગાદાસ અને મહારાણી અરુન્ધતી દેવીની સાથે અહિંજ આવી હતીને?”

રમણીએ જરા કચવાતે મને કહ્યું: “કેમ? રાજકુમારીનું તમારે શું પ્રયોજન છે? તમે વીર યોદ્ધા, તે અબળા રમણી! તમે દરિદ્ર ખેડુત, અને તે રાજનન્દિની!

આમ કહેતાં કહેતાં રમણીનું પ્રફુલ્લ મુખ મ્લાન થઇ ગયું. વળી તે કહેવા લાગી: “હું જાણું છું કે તમે એને ચાહો છો! કિંતુ કહો તો ખરા, કે શું આ તમારે પ્રેમ કરવાનો ઉપયુક્ત સમય છે? તમારી ‘સ્વર્ગાદપિ ગરીયસી’ ભારત–જનની યવનોના પગ તળે છુંદાય છે, અને તમારા હ્રદયમાં આજ સ્ત્રી પ્રત્યે અનુરાગ ઉત્પન્ન થયો છે! તમે

ક્ષત્રિય–વીર છોને ? તમારી ચારે બાજુએ પિશાચોથી પ્રપીડિત ભારત હાહાકાર કરી રહ્યો છે, અને તમારૂં હૃદય રમણીના દર્શનની લાલસાથી કાતર બની રહ્યું છે. છી ! છી !"

યુવાને ફરી પૂછયું: " પણ રાજકુમારી અંબાલિકા છે કયાં ?"

રમણી ફરી હસી. તેની કૃત્રિમ ગંભીરતા તેના હસવામાં અદૃશ્ય થઇ ગઇ. છાયામયી, કાલિમામયી, તરંગિણીના હૃદયની ગંભીર છાયા હવાના ઝંકારથી ઉઠેલી લહરીઓમાં ફરી શાંત થઇ ગઇ !

વિલાસકુમારીએ હસીને કહ્યું: " વળી એજ વાત ! હું કેટલાએ દિવસથી રાઠોડ સેનાપતિના કિલ્લામાં વાસ કરૂં છું. અંબાલિકાના મોંએથી મેં તમારી કેટલીએ વાતો સાંભળી છે ! કિંતુ યદિ વિપત્સમયે પણ જો તમે પ્રેમમાં મતવાલા બની જશો, તો શત્રુની સાથે યુદ્ધ કોણ કરશે ? રાઠોડ સેનાપતિના કિલ્લામાં જતા પહેલાંજ શું તમે મને એક વચન નહિ આપો ?"

" યથાશકિત અવશ્ય: બોલો જોઇએ. "

" પ્રતિજ્ઞા કરો, કે જ્યાં સુધી યુદ્ધ સમાપ્ત નહિ થાય ત્યાં સુધી કાયા, મન, અને વાણીથી માત્ર શત્રુ–સંહારનું

જ કાર્ય કરીશ. કુમાર ! પહેલાં શત્રુઓનો વધ કરો, પછી ઇચ્છાનુસાર પ્રેમની ઉપાસના કરો. ”

બેડુ–કુમારે ઉત્તર આપ્યો: “ સુંદરી ! હું તો બહુ દિવસથી મ્લેચ્છ–વધના મહામંત્રથી દિક્ષિત થએલો છું. જીંદગીભર જીવસટ્ટે પણ એ મંત્રની સાધના હું કરીશજ !”

બંને પહાડ પર સાથે ચઢવા લાગ્યાં. ચારે પાસે શાંતિ છવાઈ ગઈ હતી. આકાશની એક બાજુએ ચંદ્રમા નિર્મળ હાસ્ય કરતા રમણીના વદન ચંદ્રપર સુધારાશિ વરસાવી રહ્યાં હતાં. કુમારે આંખો ઠેરવીને રમણીના તરફ જોયું, અને જોતાંજ તે જાણે કંઇક ગભરાઇ ઉઠયો ! તેને મનમાં વિચાર આવ્યો, કે માનો ન માનો પણ બહુ દિવસ ઉપર લગ્ન–મંડપમાં આવુંજ મુખ જોવામાં આવ્યું હતું !

કુમારે આતુરતાથી કહ્યું: “ તમને આજ પહેલાં એક વાર મેં કોઇક સ્થળે જોએલાં છે.!”

“ તે દિવસે, તે જંગલમાં, નદીકિનારે. એટલામાં તે ભૂલી ગયા ?”

“ એનાથી પણ પહેલાં, બહુ દિવસ પહેલાં. એ સિવાય પણ એક વાર નાનપણમાં મેં તમને જોએલાં હોય એમ લાગે છે; કિન્તુ સ્મરણમાં આવતું નથી, કે કયાં જોવામાં આવેલાં ? ”

અચાનક રમણી કંઈક ધ્રૂજી ઉઠી! તેણે કેટલીક વાર ચુપ રહી કહ્યુંઃ "તમને ભ્રમ થયો હશે. કદાચ મારા જેવી બીજી કોઇ અભાગણીને આપે જોઇ હશે. અસ્તુ! પેલી જુઓ; પાસે જ માતૃ-મંદિરની લાલ પતાકા ફરકી રહી છે. જે વચન આપ્યું છે તે ભૂલશો નહિઃ પહેલાં યુદ્ધ, પછી પ્રેમ.

પરિચ્છેદ ત્રીજો.

મંગલ આરતી.

વિલાસકુમારીએ કહ્યું: " ખેડુ-કુમાર! આ સાંભળો, આરતીનો શંખ-ધ્વનિ થઈ રહ્યો છે. વીરવર! હવે જરા અહિંજ થોભી જાઓ. દૂરથી મંગલ આરતી જોઇને નેત્ર તથા હૃદય પવિત્ર કરી લો; પછી પાસે જજો."

આ શું શંખ-ધ્વનિ છે? શંખ-ધ્વનિ શું આવો મધુર હોય છે? શંખમાંથી શું આવો મધુર ધ્વનિ નીકળી શકે છે? શંખ-ધ્વનિમાંથી શું આટલું અમૃત વરસી રહે છે? શંખ-ધ્વનિ શું પ્રેમીઓનાં હૃદયને આટલાં બધાં પાગલ બનાવી દઈ શકે છે? આ તો જાણે વીણાનો ઝંકાર

છે ! પણ શું વીણાનો સૂર આટલો ગંભીર હોઇ શકે છે ? વીણાના અવાજથી વીરના પ્રાણ શું આ પ્રમાણે મત્ત બની જાય છે ? વીણાની તાન શું એકેવારે સપ્તમ સુધી પહોંચી જાય છે ? ખેડુ-કુમાર એ નહોતા સમજી શક્યા, કે એ શંખ-ધ્વનિમાં સંગીતની લીલા-નિકેતન જગતની પ્રેમ-પસ્રવણ કામિનીઓના મધુર કંઠ પણ મળી ગએલા હતા !

એ પછી ખેડુ-કુમારે જોયું, કે બારેક રમણીઓ શંખ વગાડતી વગાડતી મંદિરની બહાર આવી. તેમની પાછળ સુંદરીઓની એક મોટી સંખ્યા મંગલ-ગીત ગાતી ગાતી બહાર આવી મંદિરની સામે ઉભી રહી.

વિલાસકુમારી પણ દોડી જઇ એ સ્ત્રીઓના ટોળામાં મળી ગઇ, અને તેમની સાથે સૂર મિલાવી ગીત ગાવા લાગી.

કેટલાક સમય પછી સ્ત્રીઓનું ગાન બંધ પડ્યું. કિંતુ આ શું ? આ નારીઓના ગીતનો પ્રતિધ્વનિ છે કે પ્રત્યુત્તર ? સ્ત્રીઓનું ગાન સમાપ્ત થતા પહેલાંજ, ઓર એક પ્રકાર ા ભીષણ, લોમહર્ષણ, ગંભીર, ભેરી-રવ-સંમિલિત, તલવારોના ખણખણાટના શબ્દોથી પ્રતિધ્વનિત, ગીત-ધ્વનિ સંભળાવા માંડયો ! જાણે અમૃત-ભાષિણી કલ્લોલિનીનો કલ-સ્રોત-ધ્વનિ અચાનક ગંભીર જલધિ-ગર્જનમાં પરિણિત થયો ! કુમારે આશ્ચર્યપૂર્વક જોયું, કે મંદિરની બીજી

બાજુએથી સેંકડો વીર, વિદ્યુત્‌ના જેવી ચમકાટ કરતી સેંકડો નાગી તલવારો ઘુમાવતા, ગાતા અને નાચતા, મંદિરના મેદાન તરફ જઈ રહ્યા છે ! ખેડુ-કુમાર મંત્રાહતની પેઠે સ્થિર ઉભો રહી સાંભળવા લાગ્યો કેઃ—

"આજ માતા ભારત-ભૂમિને દાનવ-મુંડોથી શણુગારીશું, અને એને દાનવોના પંઝામાંથી છોડાવીશું !"

રાજપૂત વીરો એકે અવાજે આમ બોલતા હતા પર્વતની કંદરાઓ એ અવાજને પ્રતિધ્વનિત કરી દ્વિગુણિત ભીષણ બનાવતી હતી. વીર પુરુષોનું લોહી આપો આપ ઉછળી રહેતું હતું !

પ્રતિજ્ઞા સાંભળતાંજ ખેડુ-કુમાર પોતાની તલવાર ખેંચી ગાંડાની પેઠે દોડી ગયો, અને માતૃ-મંદિરની મંગલ-આરતીમાં અન્ય રાજપૂત-વીરોની સાથે સંમિલિત થઈ ગયો.

પરિચ્છેદ ચોથો.

વિજયપાલ.

સવારમાં દુર્ગાદાસ ખેડુ-કુમાર સાથે વાત કરી રહ્યા હતા. દુર્ગાદાસે કહ્યું: "યુવરાજ ! અમારી સાથે ઝાલોરમાં યુદ્ધાર્થે જવાને તૈયાર—"

કુમારે વચમાંજ કહ્યું: " રાઠોડ વીર ! આપજ જ્યારે મને 'યુવરાજ' કહી સંબોધશો, ત્યારે મને મારો પરિચય છુપાવવો કઠિન પડી જશે !"

દુર્ગાદાસે કહ્યું: " ક્ષમા કરશો, મારી ભૂલ થઇ ગઈ. જ્યાં સુધી આપના અજ્ઞાતવાસની મુદત પુરી નહિ થાય, ત્યાં સુધી આપને હું 'ખેડુ–કુમાર' એ નામેજ સંબોધીશ. મારી બેઅદબી માફ કરશો. પછી જ્યારે આપનો આત્મ–પરિચય આપવાનો સમય આવશે, ત્યારે આ ધૃષ્ટતા માટે આપની ક્ષમા માગી આપનું યથોચિત સન્માન કરીશ. "

કુમારે કહ્યું: " હમણાં આપ શી આજ્ઞા કરવા જતા હતા, તે કહો. ઝાલોર યુદ્ધાર્થે જવાને હું તો તૈયારજ છું. આપજ વાર લગાડી રહ્યા છો. "

" હું હરવતીના રાજ–કુમાર વિજયપાલની વાટ જોઉં છું. તે હમણાં અહીં આવશે. એમના મળવાથી તમે બહુ પ્રસન્ન થશો; પોતે વિધાતાની સૃષ્ટિના એક અદ્દભુત જીવ છે !"

" એમનું નામ મેં સાંભળ્યું છે. વળી એમ પણ સાંભળવામાં આવ્યું છે, કે સ્ત્રીઓએ એમનું નામ 'કાળા-પહાડ' એવું પાડયું છે. "

દુર્ગાદાસે કહ્યું: “ તે દેખાવે જેવા ‘કાળા પહાડ’ છે, તેવા કાર્યમાં પણ વિચિત્ર છે. તેઓ બહુ સીધા ને સાદા પુરુષ છે. તેઓ કોને શું કહે છે, તેની તેમને પોતાને પણ ખબર હોતી નથી. પરંતુ તેમની અસાધારણ વીરતા જોઇને તમને એક વાર આશ્ચર્ય થયા વિના રહેશેજ નહિ. પેલા જુઓ, તેઓ અહીંજ આવે છે. હમણાંજ તમે જોશો, કે તેઓ તમારી કેવી ઠઠ્ઠામશ્કરી કરે છે.”

ખેડુ–કુમારે જોયું, કે એક લાંબી પહોળી અબનુસના કુંદા જેવી કાળી વ્યક્તિ માથે પાઘડી બાંધતી બાંધતી તેમના તરફ આવી રહી છે. પાસે આવી તેણે હસતાં હસતાં કહ્યું: “ કેમ દુર્ગાદાસ ! આખરે જે કહ્યું હતું, તેજ થયું કે નહિ ? રાજસિંહ ને તેજસિંહને એટલા મોટા યુદ્ધના સેનાપતિ બનાવીને તમે કેવા મોકલી આપ્યા હતા ! પણ અંતે તો મારૂંજ શરણ લેવું પડયું ના ! ઠીક, હવે શી વાર છે ? ફોજ કયાં છે ?”

દુર્ગાદાસે કહ્યું: “ પાંચ સો ઘોડેસ્વાર અને એક હજાર પાયદળ સિપાહી આપની રાહ જોતા ઉભા રહ્યા છે; અને બાકીના વીસ હજાર સિપાહી તેજસિંહની સાથે ઝાલોર તરફ ગયા છે. જયપુર ને જેસલમેરથી પણ કેટલાએ સિપાહી આવનાર

છે. આ સિવાય શાહુજાદા અકબર સિત્તેર હજાર ઘોડેસ્વાર લશ્કર લઈ આગળ વધે છે. કદાચ અત્યાર સુધીમાં તો તે ઝાલોર પહોંચી ગયા હશે. દશ મોટી ને બલવાન ફોજો લઇ અમે યવન–રાજધાની દિલ્હી પર અને પછી બાદશાહના રહેવાના સ્થાન અજમેર છાપો મારીશું. જો ઇશ્વરની મરજી હશે, તો પાપી ઔરંગઝેબને આટલા દિવસો પછી પદભ્રષ્ટ કરી શકાશે. ”

વિજયપાળે કહ્યુઃ “ વારૂ, એ તો કહો, કે એ મોટી ફોજનો સેનાપતિ કોણ થશે? ઔરંગઝેબનો પુત્ર અકબર?”

દુર્ગાદાસે જરા સ્મિત કરી કહ્યું: “ આપના વિના અન્ય કોણ સેનાપતિ થઈ શકે ! આપ મુખ્ય સેનાપતિ અને તેજસિંહ, અકબર, વગેરે આપના સહકારી સેનાપતિ થશે. અહિંથી અમે બંને આપની સહાયતા માટે સાથે આવીશું. ”

વિજયપાલે સહર્ષ કહ્યું: “ હું પ્રધાન સેનાપતિ થઈશ ! તમારો એવોજ વિચાર છે? બહુ સારૂં. વીર ન હોય, તે વીરનું મહત્ત્વ શું સમજવાનો હતો ! સાંભળો દુર્ગાદાસ ! એક વાત તમને કહું છું, તે હમેશાં યાદ રાખજો. પ્રત્યેક યુગમાં માત્ર બે વીર જન્મ લે છે. સત્યુગમાં નિશુંભ ને રક્તબીજ; ત્રેતાયુગમાં કુંભકર્ણ ને હનુમાન; દ્વાપરમાં ભી-

મસેન અને પેલાનું નામ શું તો? હા! જયદ્રથ; અને આ કલિયુગમાં જનમ્યા છે, વિજયપાલ ઉર્ફે કાળાપહાડ ને દુર્ગાદાસ. એ સિવાયના વીર તે તો ખીર ખાવામાં. હા! બીજું શું કહેતા હતા ? મારી સાથે બે સાહાય્યક સેનાપતિ તરીકે કોણ કોણ આવશે ? તમે અને—"

" અને આ વીર યુવક ! "

વિજયપાલ તીવ્ર દૃષ્ટિથી કુમાર તરફ જોઇ બોલ્યા: " વીર યુવક ! આપ અહીં ક્યાંથી આવી ચઢ્યા છો. ? કોણ છો આપ ? કેમ ભાઈ કંઈ બોલતા નથી ? "

ખેડુ-કુમારે કહ્યું: " હું મેવાડનો એક ગરીબ ખેડુ છું !"

વિજયપાલે કહ્યુ: "મેવાડ દેશના ખેડુના પુત્ર ! બહુ સારૂં ! તમે દિલ્હીના બાદશાહની સાથે યુદ્ધ કરવાને અહીં સુધી આવ્યા છો ? હા ! શરીર તો બાંધાદાર ને મુખમંડળ તો વીરત્વપૂર્ણ જણાય છે. ભાઇ ! તમે હળ છોડી તલવાર ક્યારથી પકડી છે. ? અહા ! હા ! ખેડુ-કુમાર સેનાપતિ ! આ તો પહેલવહેલુંજ સાંભળ્યું. "

ખેડુ-કુમારે કહ્યું: " અમારા મેવાડના મહારાણાની આજ્ઞા છે, કે તેમની દરિદ્ર કે ધનવાન, સર્વ પ્રજાએ શસ્ત્ર-વિદ્યા શીખવીજ જોઇએ."

વિજયપાલે કહ્યું: " વાહવાહ ! બહુ સારૂં યાદ દેવાડયું. મેવાડના રાણા જયસિંહ: કદાચ તમે નહિ જાણતા હો, કે સગપણમાં તેઓ મારા સાળા થાય છે. તે તો આ સમયે જય-સમુદ્રને કિનારે મહેલમાં પડયા પડયા કમલાદેવીના અધાત પ્રેમ સ્રોતમાં ડુબક ડુબક કરી રહ્યા છે ! જુઓ દુર્ગાદાસ ! તમને એક બીજી વાત કહું. એક યુદ્ધમાં ઘણા સેનાપતિ હોવાથી બહુ ગરબડ થઇ રહે છે, એ વાત શું તમે નથી સમજતા? સૌ પોતપોતાની અક્કલ પ્રમાણે કામ કરે છે. કેટલાક તો વિચાર કરે છે, કે પરિણામ તો જે આવવાનું હશે તે આવશેજ; હવે પ્રાણ કેવી રીતે બચાવવા ? કોઇ વિચાર કરે છે, કે કેવી ભયાનક વિપત્તિમાં આવી પડયા છીએ ! હવે યુદ્ધ કોઈ પણ પ્રકારે બંધ થાય અને તંબુમાં જવાય તો ઠીક ! કોઇ આમ તેમ જુએ છે, કે નાસવાને માટે કયો રસ્તો સીધો ને સરળ છે ! "

દુર્ગાદાસે કહ્યું: " આપ એને માટે જરાએ ચિંતા કરશો નહિ. હું એવા સમયે એવી વાતોનો વિચારે નહિ કરૂં, કે નાસવાનો રસ્તોએ નહિ શોધું."

વિજયપાલે કહ્યું: " હું તમારી વાત નથી કરતો. બીજા સર્વ કહેવાતા વીરોની વાત કહું છું. હું જાણું છું,

કે તમે નાસવાનો રસ્તો નહિજ શોધો. તમે જ્યારે નાસશો, ત્યારે, ત્યારે આ જિંદગીમાં એક વારજ નાસશો; ફરી આ પૃથ્વીમાંજ નહિ આવો. આથીજ કહેતો હતો, કે બહુ બહુ સેનાપતિ બનાવવાને બદલે માત્ર આપજ એકલા રહેતા, તો ઠીક પડતું !"

દુર્ગાદાસે કહ્યું: "ત્યાં પહોંચ્યા પછી જે યોગ્ય લાગશે તે કરીશું. વારૂ, હવે ચાલો. સાંભળો, રણ-ભેરી વાગે છે, અને સૈન્ય એકઠું થઈ રહ્યું છે !"

થોડે દૂર માતૃ-મંદિરની બીજી બાજુએ રણ-વાદ્ય વાગવા માંડયાં. દુર્ગાદાસ, વિજયપાલ, અને ખેડુ-કુમાર તે તરફ ચાલ્યા.

પરિચ્છેદ પાંચમો.

બાદશાહનો પત્ર.

ઝાલોરના કિલ્લામાં દુર્ગાદાસ, વિજયપાલ, અને ખેડુ-કુમાર કેટલાક રાજપૂત વીરો સાથે વાતચીત કરી રહ્યા હતા.

તેમની સામે નવા બાદશાહ અકબર ઉદાસ મોંએ જેસલ-મેરના રાજકુમાર કેશરીસિંહની સાથે ઉભા હતા.

કેશરીસિંહે કહ્યું: “ દુર્ગાદાસ ! આપ ન હોતે, તો રાજસ્થાનના ભાગ્યમાં આવો ટપલો ન વાગતો ! અત્યાર સુધીમાં તો રાક્ષસ બાદશાહ ઔરંગઝેબનો શાહી મુગટ રાજપૂત વીરોના પગ તળે ક્યારનોએ અથડાતો હોત !”

દુર્ગાદાસે કહ્યું: “ મને એ સ્વપ્નમાં પણ ખ્યાલ ન હતો, કે સેંકડો રાજપૂતોની બુદ્ધિ આ પ્રમાણે એકાએક મારી જશે ! તેમને શું એટલીએ ખબર નહોતી, કે કપટ ને ધૂર્તતા એજ ઔરંગઝેબની રાજનીતિનો મૂળમંત્ર છે ! ”

કેશરીસિંહે કહ્યું: “ દુઃખથી મારૂં હૃદય બળી રહ્યું છે. જ્યારે રામસિંહ પત્ર હાથમાં લઈ મારી પાસે આવ્યા હતા, ત્યારે મેં એમને કહ્યું હતું, કે આપ સર્વ એ પત્રના એક અક્ષર પર પણ વિશ્વાસ કરશો નહિ. એ ધૂર્ત ઔરંગઝેબની ધૂર્તતા માત્ર છે. ”

દુર્ગાદાસે પૂછ્યું: “ પત્રમાં શું લખ્યું હતું ? ”

કેશરીસિંહે ઉત્તર આપ્યો: “ રામસિંહ તે પત્ર લઇ ચાલ્યા ગયા છે. પત્રની મતલબ આવી હતી, કે “ કુમાર

અકબર ! તું જે ચાલાકી ખેલી ગયો છે, તેની પ્રસંશા આ નાના પત્રમાં થઇ શકવી કઠિન છે. હું તારા એવા વર્તનથી બહુજ સંતુષ્ટ થયો છું. તું જે સત્તર હજાર સૈનિકો લઈ ગયો છે, તે દિલ્હી પહોંચે કે તરતજ ત્યાંની ફોજ સાથે મળી કાફિરોની સેના પર આક્રમણ કરવું. તું શીઘ્ર કાફિરોને સાથે લઇ મારી પાસે ચાલ્યો આવ."

દુર્ગાદાસે આ સાંભળીને કહ્યું: "કેવી ભયાનક બદમાસી છે. એવાં પણ મનુષ્યો જગત્‌માં છે, જેઓ આવા પત્રનો વિશ્વાસ કરી શકે છે!"

કેશરીસિંહે અફસોસ કરતાં કહ્યું: "આશ્ચર્યની વાત છે, કે પત્ર દેખતાંજ આપણા સેનાપતિએ માહામતિ અકબરને 'વિશ્વાસઘાતક,' 'પ્રતારક,' ઇત્યાદિ શબ્દોથી લાંછિત કરી, એમની સત્યતાને ઉદારતાનો બદલો આપી, પોતપોતાનાં સૈન્યો લઈ ચાલ્યાજ ગયા! મેં તેમને એમ કરવાની મના કરી, ક્ષણભર થોભી જવાને કહ્યું; પણ મારી વાત સાંભળે છેજ કોણ? હિંદુ ફોજને ચાલી જતી જોઈ મુસલમાન ફોજ પણ હતાશ થઇ દિલ્હી તરફ કૂચ કરવા લાગી!"

અકબરે કહ્યું: "જો એ લોકોએ ક્ષણભર ધીરજ ધરી

મને એ પત્રની હકીકત કહી હોતે, તો હું એમનો ભ્રમ સત્વર દૂર કરી નાખતે. દુર્ગાદાસ જાણે છે, કે હું દગાખોર છું કે નહિ. મેં સઘળી વાતો ચોખ્ખે ચોખ્ખી એમને કહી નાખી હતી. બહુ દિવસથી સમ્રાટ્‌ની નિષ્ઠુરતા અને એમના અત્યાચાર જોઈ મારૂં હૃદય વ્યથિત થઇ રહ્યું હતું. રાજપૂત જાતિની સાથે સુલેહ કરવાને મેં એમને કેટલીએ વાર પ્રાર્થના કરી હતી; કિન્તુ એ પોતાની અટલ પ્રતિજ્ઞાથી કેમે કર્યા વિચલિત ન થયા. મને જણાયું હતું, કે કેટલાએ મુસલમાન સિપાહી હિંદુ જાતિપ્રતિ બાદશાહનું નિષ્ઠુર વર્તન અને પૈસાચિક વ્યવહાર જોઈ, ક્ષુબ્ધ અને મર્મ–વ્યથિત થઈ રહ્યા હતા. તેમને મારા મનની વાત જણાવતાંજ તેમણે ખુશ થઇ મારી વાતને સંપૂર્ણ અનુમોદન આપ્યું. પરંતુ વિધિના લેખ કોણ ટાળી શકે એમ છે?”

દુર્ગાદાસે કહ્યું: “પરિણામ ગમે તે આવો; પણ સારી રાજપૂત જાતિ હંમેશને માટે આપની ઓશિંગણ રહેશે.”

અકબરે દિલગીરી–ભર્યા અવાજે કહ્યું: “મુસલમાની બાદશાહતમાં હવે મારે માટે ઠામ નથી! બાદશાહ મારા લોહીના તરસ્યા થઇ રહ્યા છે. હું મારા પ્રાણને માટે જરાએ બીતો નથી, પણ મારાં બાલબચ્ચાંની દશાનો, વિચાર

આવતાં મારૂં હૃદય વ્યાકુળ થઇ જાય છે ! ”

કેશરીસિંહે કહ્યું: “ અમારે ત્યાં આપ આનંદપૂર્વક રહો. અમારા દેહમાં પ્રાણુ છે, ત્યાં સુધી એ પાપાત્માની શી તાકાત છે, કે આપનો એક વાળ પણુ વાંકો કરી શકે.”

દુર્ગાદાસે કહ્યું: “ આજથી આપ મને આપનો સહોદર ભાઇ સમજશો. હું પ્રતિજ્ઞા કરૂં છું, કે સુખ વા દુઃખ સર્વમાં આ દુર્ગાદાસ હંમેશાં તમારો સાથી થશે. ”

અકબરે સ્મિત કરી કહ્યું: “ વીરવર ! એમાં મને જરા પણુ શંકા નથી. રાજપૂતવીરો આજ એક નવી વાત તમને સંભળાવું છું, આપ સર્વ દુર્ગાદાસનું મહત્ત્વ અને એમની ઉદારતાની એક નવી વાત જાણી વિસ્મિત અને આનન્દિત થયા વિના નહિ રહો. તે દિવસે રાત્રિએ બાદશાહે પોતાના એક ફકીર-વેશધારી દૂતને છાનોમાનો દુર્ગાદાસની પાસે મોકલ્યો હતો. દૂતે આવી દુગાદાસને કહ્યું: “ બાદશાહ ઇચ્છા રાખે છે, કે હવે પછી આપ અકબરની સહાયતા નહિ કરો. એના બદલામાં તેમણે આઠ લાખ રૂપીઆ નગદ ભેટ તરીકે મોકલાવ્યા છે, તે આપ સ્વીકારશો. ” દુર્ગાદાસે આઠ લાખ રૂપીઆ સાથે દૂતને મારી સમક્ષ લાવી કહ્યું: “ પિતાના

ધન પર પુત્રનોજ અધિકાર છે. અકબર ! આપના પિતાએ આપને આઠ લાખ રૂપીઆ મોકલ્યા છે. એ ઉપરાંત પણ તેમના તરફથી તમને વધુ સહાયતા મળશે ! પછી દૂતના તરફ જોઈ કહ્યું: “ દૂત ! તું તારા નીચ ને અંધ–હૃદય બાદશાહને જઈ કહે, કે દુર્ગાદાસે તો રાઠોડ કુલમાં જન્મ લીધો છે. તે રૂપીઆની લાલચમાં પોતાનું હૃદય વેચી શકતો નથી. અકબર તો મારા દિલોજાન મિત્ર છે.”

એક સાથે સર્વ રાજપૂત–વીરો ઉભા થઈ ગયા અને બોલ્યાઃ “ વીર દુર્ગાદાસ ! આ વાત આપે અત્યાર સુધી છુપાવી રાખી હતી ? ”

દુર્ગાદાસે કહ્યું: “ એવી ઝીણી વાતમાં શું કહેવું હતું ? મેં તો માત્ર મારૂં કર્તવ્ય બજાવ્યું છે; એમાં ગૌરવની વાત શી હતી ! ”

કેશરીસિંહે દુર્ગાદાસને ભેટતાં કહ્યું: “ રાઠોડ વીરવર! આપને ધન્ય છે !

વિજયપાલ પછી બોલ્યા: “ આપણે તો અકબરને બાદશાહ બનાવ્યા છે; હવે ઔરંગઝેબ કોણ થાય છે ? ચાલો, આપણે દિલ્હીપર ચઢાઈ લઈ જઇએ, અને અકબર

શાહને મોગલ સામ્રાજ્યના સિંહાસને બેસાડી દઇએ ! એમાં હવે વાર લગાડવાની શી જરૂર છે ?”

કેશરીસિંહે કહ્યું: “ આપ શું ભૂલી ગયા, કે આપણી અધિકાંશ ફોજ અને સેનાપતિગણ ઔરંગઝેબના પત્રની વાત સાંભળતાંજ નાસી ગયાં છે ? સાથે સાથે અકબરશાહની ફોજ પણ દિલ્હી ચાલી ગઇ છે ! ”

વિજયપાલ બોલ્યાઃ“ તેમાં શી અડચણ છે? આપણે તો અકબરના તરફથી ઔરંગઝેબની સાથે યુદ્ધ કરવા આવ્યા હતા ને ? મારી સમજ પ્રમાણે આપણે આપણી નાસી ગએલી ફોજને એકદમ એકત્રિત કરી સત્વર દિલ્હી પર હલ્લો લઈ જવો. અકબરશાહ ! તમે પણ અમારી સાથે ચાલો. જરૂરજ સમજજો કે અમે તમને દિલ્હીના સિંહાસનપર બેસાડીશું. છાનામાના કેમ ઉભા છો ? દિલ્હીના સિંહાસન પર બેઠા પછી પ્રથમજ તમારે શું કરવું, તે તો તમે જાણોજ છો ! તમારા પિતાએ જેવું કર્યું હતું, તેવુંજ તમારે પણ કરવું. અમે ઔરંગઝેબને કેદ કરી,એને તમારી સમક્ષ હાજર કરીશું. તે સમયે તમારે આજ્ઞા આપવી પડશે, કે એને લઈ જાઓ અને હાથ પગ બાંધી એક અંધારા કેદખાનામાં પૂરી દો ! ઔરંગઝેબે શાહજહાંને સાત વર્ષ કેદમાં

રાખ્યો હતો, તો તમે એને ચૌદ વર્ષ કારાગૃહમાં પૂરી રાખજો ! એ પછી દારાની પેઠે આજમને શૂળી પર ચઢાવી દેજો, અને સુજાની પેઠે મોઆઝીમને નાકકાન કાપી શહેરની ચારે બાજુએ ફેરવજો ! હા! હા! હા ! ”

દુર્ગાદાસે કહ્યું: “ આપ જે પ્રમાણે આજ્ઞા આપશો તે, પ્રમાણેજ કરવામાં આવશે. હવે ચાલો, માતૃ-મંદિર તરફ ચાલીએ, અને આપણી નાસી ગએલી સેનાને એકઠી કરી ફરી યુદ્ધ-યાત્રાની તયારી કરીએ.”

પછી દુર્ગાદાસે અકબરની પાસે આવી મોટા સ્વરે કહ્યું: “ આપ કાળા પહાડની મશ્કરીની વાતોથી નારાજ ન થશો. એ બહુજ ભોળાભટ્ટાક વીર છે; પણ એમનો એ સ્વભાવ સૌ કોઈ જાણે છે, કે ઠઠ્ઠામશ્કરી કરવાના વખતબેવખતની એમને કંઇ ગમ નથી. હમણાં આપ મારી સાથે બાલબચ્ચાં સહિત લૂણી નદીને કિનારે આવી રહેલી મારી પર્ણકુટીમાં ચાલો ! ”

પરિચ્છેદ છઠ્ઠો.

વીર-પ્રદર્શની.

હિંદુ વીરો પહાડી કિલ્લામાંથી નીકળી મુસલમાની છાવણી પર હલ્લો કરે એ ખરૂં; પરંતુ કિલ્લાની રક્ષાનો ભાર કોને માથે નાખવો એ પ્રશ્ન અગત્યનો થઇ પડયો.

દુર્ગાદાસને તો સત્વર દક્ષિણમાં જવું પડશે. કિલ્લામાં કેટલીએ રાજવંશી રાણીઓ ઉતરી છે. આ વિપદ્‌ને સમયે એ જોખમનું કામ માથે લે એવો કોણ છે ? દુર્ગાદાસના વિચાર પ્રમાણે હરવતીના રાજવંશી કુમાર વિજયપાલ એ કાર્ય માટે સર્વથા યોગ્ય છે; કિન્તુ એથી અન્યાન્ય રાજાઓને પોતાનું અપમાન થતું લાગ્યું. વિશેષે કરીને તો વિજયપાલ ઉચ્ચવંશીય ને વીર હોવા છતાં સાધારણ જનસમાજમાં માનનીય ન હતા; કારણ કે સર્વ કોઇ જાણતું હતું કે એ અતિ સાહસિક પણ સહજ જ્ઞાનશૂન્ય છે. નાનાં મોટાં સર્વ કાર્યોને તે એક સરખાંજ ગણે છે. પોતે પક્કા અફીણી છે. નાનાં મોટાં સર્વની સાથે ઠઠ્ઠા મશ્કરી કરવાનો તેમનો સ્વભાવ પડી ગયો છે. અનેક માણસો એમને મૂર્ખ

ગણી એમને હસતા; અને કોઇ કોઇ તો પાગલ સમજીને એમની અવજ્ઞાએ કરતા. એમનું લાંબું પહોળું કોયલા જેવુ કાળું શરીર, અને ગોળી જેવડું પેટ જોઇનેજ સ્ત્રીઓએ એમનું 'કાળા પહાડ' નામ પાડયું છે. ! આથી એ બાબતમાં કંઇ નિશ્ચય પર ન આવી શકતાં દુર્ગાદાસ મહારાણી અરુન્ધતી પાસે સલાહ લેવાને ગયા. મહારાણીને એમણે સર્વ વાર્તા સ્પષ્ટ જણાવી દીધી. રાજકુમારી અંબાલિકા પણ એમની પાસેજ બેઠી હતી. તેણે કહ્યું: “ જે વીર સૌથી અધિક વીર્યશાળી હોય, તેનેજ અમારી રક્ષાનો ભાર સોંપવો જોઇએ; પરંતુ સૌથી અધિક વીર્યશાળી કોણ છે, એ નક્કી શી રીતે થઇ શકે ? ”

સવારનો સમય છે. કિલ્લાથી અડધો કોશ દૂર નદીને બીજે કિનારે તંબુ તણાયા છે. કિલ્લાની મધ્યમાં આવેલી પહાડની ઉંચી ટેકરી ઉપર એક લાલ રંગની પતાકા ફર-ફરી રહી છે. છાવણીની પાસે ઘણી ભીડ થઇ રહી છે. સર્વ લોકો એ પહાડ પર ઉડતી પતાકાને બહુ ઉત્સુકતાથી જોઈ રહ્યા છે. સૌથી આગળ રાઠોડ વીર દુર્ગાદાસ ઉભા છે. કિલ્લાની અગાસીમાં ઉભી ઉભી કેટલીએ રાજપૂત રમણીઓ કુતૂહલપૂર્વક છાવણી તરફ જોઇ રહી છે. એટલામાં

વિજયપાલ ઘોડેસ્વાર થઈ દુર્ગાદાસની પાસે આવી ચારે તરફ જોવા લાગ્યા.

દુર્ગાદાસે ઉંચા ગંભીર સ્વરે કહ્યું: “ રાજસ્થાનના રાજપૂત વંશમાં ઉત્પન્ન થએલા વીરો ! સાંભળો; આપ સર્વની ગેરહાજરી દરમિઆન અમે મહારાણી, રાજકુમારી, તથા રમણીમંડળની રક્ષાનો ભાર વીરશ્રેષ્ઠ કુમાર વિજયપાલને સોંપવાનો સંકલ્પ કર્યો હતો; પરંતુ એમાં કેટલાક લોકનું મન દુ:ખાતું હોવાથી આપ સર્વને આજની આ વીર-પ્રદર્શનીમાં બોલાવવામાં આવ્યા છે. પહાડની ટોચ ઉપર પેલી જે લાલ પતાકા ફરફરી રહી છે, તેને જે સર્વથી—કુમાર વિજયપાલથી પણ—પહેલાં જઇ ઉપાડી લેશે, તે સર્વ રાજપૂતવીરોમાં શ્રેષ્ઠ ગણાશે. તરતજ વિજયપાલને રક્ષકના પદ ઉપરથી અલગ કરી તે વીરને એ પદ સોંપવામાં આવશે, આપ સર્વમાંથી જેઓ વિજયપાલની સાથે સ્પર્ધા કરવા ઇચ્છતા હોય, તેમણે આગળ આવવું. જેમની ઇચ્છા હોય તે ઘોડેસ્વારથઈ, વિજયપાલ સાથે ઘોડા ફેંકી સામેના શૈલખંડને ઓળંગી નદીને પાર જઇ, પેલા વિકટ પહાડ પર ચઢી, પેલી લાલ પતાકાને ઉઠાવી લે. ”

કોને ગરજ પડી હોય, કે કેવળ વીરતા બતાવવાને

માટે એ મુશ્કેલ ને વિપત્પૂર્ણ કાર્ય માથે લેવા આગળ આવે ? વિશેષતઃ નિર્ભય વિજયપાલને એ કાર્યમાં હરાવવાની કોઈનામાં હિંમત ન હતી. એ વિચાર કરી કોઈ પણ રાજવંશી વીર વિજયપાલની સાથે સ્પર્ધા કરવાને ન ઉઠયો; કારણ કે તેમ કરતાં જો પાછાં પડાય, તો નાહક લોક હસે ને સ્ત્રીઓ મેણાં મારે !

દુર્ગાદાસે કેટલાક સમય સુધી ઉભા રહી, કોઈ આગળ આવતું નથી એમ જોઇ,હસતાં હસતાં કહ્યું: “જાણાય છે કે રાજપૂતાનાના રાજપૂત વીરોમાં કુમાર વિજયપાલની બરાબરી કરી શકે એવો અન્ય કોઇ વીર નથી. પરતું આ વીરધાત્રી મારવાડની ભૂમિનું વીરત્વકેવળ રાજ–પ્રાસાદની ચાર દિવાલોમાંજ સમાઈ રહેલું છે એમ નથી. આથી હે ઉચ્ચ વંશમાં ઉત્પન્ન થયેલા રાજપૂત વીરો ! રાજ–સખા અને રાજ–સેનાપતિઓ ! કદાપિ તમારામાંથી કોઇની હિંમત પહોંચતી હોય, તો તેણે પણ આગળ આવવું. ”

દુર્ગાદાસ રાજ–કર્મચારી અને સેનાપતિઓના તરફ ઘણીક વાર સુધી જોતા ઉભા રહ્યા. સર્વ કોઈ પહેલાંની પેઠેજ ચુપચુપ ઉભું રહ્યું છે, એવું જોઈ રાઠોડ સેનાપતિએ ધૈર્ય ખોઇ, ક્ષોભ અને અભિમાનથી ગર્જતાં ઉચ્ચ સ્વરથી

કહ્યું: "પહેલાં હું નહોતો જાણુતો કે રાજપૂતો આમ વીરતા દર્શાવતાં ડરશે ! કિંતુ હજુ પણુ મને આશા છે ! સર્વ સૈનિકો સાંભળો. અત્રે એકઠા થએલા પ્રેક્ષકો, યુવાન કે વૃદ્ધ; ઉચ્ચ-વંશોદ્‌ભૂત કે નીચ-વંશોદ્‌ભૂત; તમારામાંથી જેની નસોમાં રાજપૂત-રક્ત વહેતું હોય તે આગળ આવે. જો કોઇ નહિ આવે, તો આજની વીર-પ્રદર્શની અહીંજ સમાપ્ત થશે. કરોડો વીરોની માતા મારવાડ-ભૂમિ આજ કેવળ એકજ વીરની માતા બનશે ! પેલી જુઓ, માતૃ-મંદિરના ઉંચા મંચ ઉપર રક્તરંગી પતાકાની પાસેજ રાજપૂત રમણીઓ હાથમાં જયમાલા લઈ ઉભી રહી છે."

દુર્ગાદાસની વાત સમાપ્ત થતા પૂર્વેજ ચારે તરફ કોલાહલ મચી રહ્યો, અને તાળીઓ પડવા લાગી. સવેએ આશ્ચર્યની સાથે જોયું, કે છાવણુંની બીજી બાજુએથી એક દાઢીમૂછ વિનાનો જુવાન ઘોડેસ્વાર સસ્મિત વદને દુર્ગાદાસની સામે આવ્યો, અને તેમને અભિવંદન કરી કુમાર વિજયપાલની પાસે જઇ ઉભો રહ્યો !

વિજયપાલે એ ખેડુ-સૈનિકને પગથી તે માથા સુધી નિરખી લઇ ઘોડા ફેંકવાનો ઇશારો કર્યો. બંનેના ઘોડા

તીરની માફક છૂટયા. પ્રેક્ષકોએ આશ્ચર્ય સાથે જોયું, કે એ અપરિચિત યુવકથી વિજયપાલની હાર એ કંઈ છેક અસંભવિત વાત નથી; કારણ કે એનો ઘોડો પણ વિજય-પાલના ઘોડાની સાથેજ પોતાના સ્વારને પીઠ પર લઇ ખાડા, ટેકરા, નદી વગેરે ઓળંગતો પહાડ પર ચઢવા લાગ્યો. હજુ સુધી બંને સાથે ને સાથે આગળ વધી રહ્યા હતા; પરંતુ હવે જે સ્થાન પર પતાકા ચોઢવામાં આવી હતી,તે તે સ્થાન પર ચઢવું ઘણું કઠણ હતું. થકાવટ દૂર કરવાની ઇચ્છાથી બંનેએ ઉભાં રહી, હતાશ હૃદયથી આકાશમાં ઉડતી પતાકા અને તે ભયાનક પહાડ, એ બંને તરફ જોયું. તેમણે એક બીજાના મોં તરફ જોઈ વળી ઘોડાને એડી મારી; કિંતુ કંઇક આગળ વધતાંજ તેમને જણાયું, કે હવે ઉપર જવું એક રીતે અસંભવિતજ છે. જેટલા આગળ વધે છે, તેટલા તરતજ પાછા પડે છે! માતૃ-મંદિરની અગાસી-માં ઉભેલી રમણીઓ બંને વીરોની દુર્દશા જોઇ હસી રહી હતી. દૂર દુર્ગાદાસ કંઈ કહેતા હતા, પણ તે આ વીરોના સાંભળવામાં આવે તેમ નહોતું. ખેડુ-કુમાર વિચાર કરતો હતો. કે આ વ્યર્થ ઉદ્યોગથી પણ પાછાં હઠવું ઠીક નહિ ! એજ સમયે કિલ્લાની અગાસી ઉપરથી આવી એક ગુલાબનું ફૂલ એની છાતી પર પડયું ! ખેડુ-કુમારને જોતાં

જણાયું, કે મંદિરની અગાસીના એક ખણામાં ઉભી રહેલી વિલાસકુમારીએ મોઢે ડુંચો દઇ હસતાં હસતાં પહાડની બીજી બાજુ તરફ ઇશારો કરી આપ્યો ! તરતજ ખેડુ-કુમારે ટેકરીની ઉત્તર દિશાએ જઈ જોયું, તો જણાયું કે ઉપર ચઢવાને એ બાજુ છેક અસાધ્ય નથી. મનમાં ને મનમાં વિલાસકુમારીને આશીર્વાદ આપતો તે બહુ જલદી પતાકાની પાસે પહોંચી ગયો ! વિજયપાલે તો ધાર્યું હતું, કે ખેડુ-કુમાર હતાશ થઈ પાછો ફર્યો છે. પરંતુ એકાએક ચારે બાજુએ કોલાહલ થતો સાંભળી તેમણે ઉચું જોયું, તો ખેડુ-કુમાર છેક પતાકાની પાસે પહોંચી ગએલો જણાયો ! ક્રોધ અને અભિમાનથી વિજયપાલ ઘોડાને ચાબુક મારી પહાડ પર ચઢવા લાગ્યા. વળી ચારે બાજુએ કોલાહલ થવા માંડયો, અને ઉપરથી ખેડુ-કુમારે સસ્મિત વદને કહ્યું: “આ જુઓ, પતાકા તો મારા હાથમાં આવી ગઇ છે ! ”

સાથેજ વિજયપાલના ઘોડાનો પગ ખસી ગયો, અને તે ઢળી પડયો. લાંબા પહોળા વિજયપાલે જીવ બચાવવાને એક શિલાખંડ પકડી લીધો. ચારે બાજુએ વારંવાર તાળીઓ પડવા લાગી, અને લોક હસીને વિજયપાલની ઠઠ્ઠામશ્કરી કરવા લાગ્યા !

પરિચ્છેદ સાતમો.

જયમાળા.

રક્તરંગીપતાકા હાથમાં લઇ પ્રસન્ન-વદન ખેડુ-વીર સ્ત્રીઓની સામે ઉભો છે. રાજકુમારીના હાથમાં જયમાળા છે. મહારાણીને અભિવંદન કરી, જમીન ઉપર ઘુંટણુ ટેકવી, હાથ જોડી અત્યંત ભક્તિપૂર્વક ખેડુ-કુમારે તે અમૃતમયી કિશોરી મૂર્તિ તરફ, પોતાના હૃદયમાં નાનપણથી પ્રતિષ્ઠિતા દેવી-મૂર્તિ તરફ જોયું. અંબાલિકા રમણી-સમૂહથી કંઇક આગળ વધી ખમચાઇને ઉભી રહી. તેનું હૃદય આનંદ, આશા, અથવા સંશયથી થરથર કંપવા લાગ્યું. ઇચ્છાનુરૂપ જયમાળા પહેરાવવાને મહારાણીએ ફરી ઇશારો કર્યો. અંબાલિકાએ વીર કુમારની પાસે જઇ જયમાળા પહેરાવવા ઉંચી કરી; કિંતુ એટલામાં પ્રેક્ષકોના મધ્યમાંથી મોટો અવાજ સંભળાયો: "રાજકુમારી ! ઉભાં રહો, ઉભાં રહો!"

જેસલમીરના રાજકુમાર કેશરીસિંહ સૌથી આગળ આવી, કહેવા લાગ્યા: " રાજસ્થાનના રાજવંશીય વીર અને

રમણીમંડળ ! આપણે આ રાષ્ટ્ર-વિપ્લવના સમયમાં આપણી સ્વાધીનતાની સાથે સાથે ક્ષત્રિય-જીવનનું અમૂલ્ય ધન, જાતીય-ગૌરવ, તે પણ શું ખોઇ બેઠાં છીએ ? એથીજ શું આજે આપણે એક અજ્ઞાત-કુલશીલ નીચ-વંશોદ્‌ભૂત બાળકને રાજ-રમણીઓના રક્ષણનો ભાર સોંપવા તયાર થયાં છીએ ? એથીજ શું રાજાધિરાજ જયસિંહની કન્યા-ને હાથે એક ખેડુ-કુમાર જયમાળા પહેરે, તે ઉત્સવ જોવાને આપણે એકત્ર થયાં છીએ ?”

વિજયપાલે પણ કંઇક આગળ આવી રાજકુમારી અંબાલિકા તરફ જોઇ હસતાં હસતાં કહ્યું: “ સંભવ છે કે જયપુરની રાજકુમારી ખેડુતના પુત્રને જયમાળા પહેરાવવા ચાહતી હોય. એમાં જો કે સ્ત્રીઓના તરફથી કંશો વાંધો જણાવવામાં આવે યા ન આવે; પણ ઉચ્ચ વંશીય સમસ્ત રાજપૂતોને તો મોટો વાંધો છે. ”

ક્રોધ અને અભિમાનથી રાજકુમારીના હોઠ કંપવા લાગ્યા, આંખો ભરાઇ આવી. તેણે મહારાણીના તરફ ગર્વથી આંખો ફેરવી જોયું. પ્રેક્ષકોમાંથી કોણ જાણે કોણે બમ મારી કહ્યું: “ રાજમહિષી ! રાજકુમારીને મના કરો ! ”

અરુન્ધતી દેવી આ સમયે કંઇક પોતાના કર્ત્તવ્યનો

નિશ્ચય ન કરી શક્યાં; તેથી તેમણે એક વાર પ્રેક્ષક-મંડળ તરફ જોઇ રાજકુમારીને પાછાં ફરવા ઈશારો કર્યો. હવે રાજકુમારીનું ધૈર્ય ખૂટી ગયું. કંઇ કહેવાને માટે તેણે પોતાની નજર ઉંચી કરી ચારે તરફ જોયું. તેણે જોયું કે હજુ પણ ખેડુ-કુમાર જમીન ઉપર ઘુંટણ ફેંકવી, હાથ જોડી, ઉપર નિહાળતો ઉપહાર મેળવવાની પ્રતિક્ષા કરી રહ્યો છે ! જાણે ભકત પવિત્ર મંત્રોથી દેવીની પ્રતિમાની પ્રાણ-પ્રતિષ્ઠા કરી, હાથ જોડી સ્તુતિ કરી રહ્યો હોયની !

રાજકુમારીએ એક વાર ખેડુ-કુમાર તરફ નિરાશ નેત્ર અને કરુણ કટાક્ષથી જોયું. એ પછી ક્રોધ અને અભિમાનથી ચારે બાજુએ જોઈ હાથમાંની માળાના ટુકડેટુકડા કરી દૂર ફેંકી દીધી; અને ત્વરાથી ત્યાંથી કિલ્લાના એક ખંડમાં ચાલી ગઈ !

વિજયપાલે હસતાં હસતાં જેસલમીરના રાજકુમારને સંબોધીને કહ્યું: “ રાજકુમાર ! હવે આપ સમજી ગયા હશો, કે સુંદરીઓનો પ્રેમ તે આનું નામ ! ”

પરિચ્છેદ આઠમો.

સ્વર્ગમાં પિશાચ.

આખરે કિલ્લાની રક્ષાનો ભાર વિજયપાલને માથેજ નાખવામાં આવ્યો. ખેડુ-કુમાર અન્યાન્ય સૈનિકોની પેઠે માત્ર એમની સહાયતામાંજ રહે એમ ઠર્યું ! એમાં કુમાર અસંમત ન થયો, કે તેણે પોતાનું અપમાન થયું ન માન્યું; કારણ કે તેને ખબર હતી, કે વીર દુર્ગાદાસ તથા મહારાણી અરુન્ધતી દેવી વિના કોઇ પણ જાણતુ ન હતું, કે પોતે મહારાણા જયસિંહનો પુત્ર અને મેવાડનો ભાવી અધીશ્વર છે. તેને પહેલાંથીજ ખબર હતી, કે પોતાને એ માનનીય પદ મળવાનો જરાએ સંભવ નથી !

બીજે દિવસે ફોજ તૈયાર થઇ. કિલ્લામાંથી વિદાય થતી વખતે દુર્ગાદાસને આખી ફોજનું નિરીક્ષણ કરતાં જણાયું, કે તેમાં માત્ર જેસલમીરનો કુમાર કેશરીસિંહ નથી.

કેશરીસિંહ એ સમયે પોતાના નિર્જન ખંડમાં બેઠો બેઠો ઉંડી ચિંતામાં નિમગ્ન થઇ ગયો હતો. જ્યારે તેણે

સાંભળ્યું કે દુર્ગાદાસ તેને બોલાવે છે, ત્યારે તે ચિંતા છોડી ઉભો થયો, અને ધીરે ધીરે અંતઃપુરમાં ગયો. ત્યાં તે અંબાલિકાના શયનગૃહના ઉંમરા પર ઉભો ઉભો કંઇક વિચાર કરવા લાગ્યો. એ સમયે એને જોઇ એક દાસી અંદરથી બહાર આવી. કેશરીસિંહે તેને જોઇ પૂછ્યું. "અંબરની રાજકુમારી ક્યાં છે ?"

દાસીએ આંગળીથી અંબાલિકાનો ખંડ બતાવી સૂચવ્યું કે તે અંદર છે. કેશરીસિંહે પૂછ્યું: " શું કરે છે ? "

" આપજ એમને પૂછી જુઓને ! "

રાજકુમારે અંદર જઈ જોયું, તો અંબાલિકા એકલી જમીન પર બેસી એક અધુરા ચિત્રપટને પૂર્ણ કરી રહી છે. એણે પ્રવેશ કર્યો છે, એની અંબાલિકાને જરાએ ખબર ન પડી; કારણ કે ચિત્ર કાઢવામાં તે મશગુલ થઈ ગઈ હતી. કુમારે પોતાનાં પગરખાં ખખડાવ્યાં, તોપણ કુંવરીનું ધ્યાન તે તરફ ગયું નહિ.

કેશરીસિંહે જરા ગુસ્સે થઇ લુખખા સ્વરથી કહ્યું: " રાજકુમારી ! "

અંબાલિકાએ ચોંકીને ચિત્રપટ જમીન ઉપરથી ઉઠાવી

લીધું, અને તેના તરફ જોઈ રહી. કુમારે પૂછયું: "રાજ-નન્દિની ! આટલી એકાગ્રતાથી કોનું ચિત્ર આલેખી રહ્યાં છો ?"

રાજકુમારીએ ઉઠીને ધીમે ધીમે પ્રત્યુત્તર આપ્યો: "આપ અહીં કેમ આવ્યા છો ?"

યુવરાજે ફરી પૂછયું: "રાજકુમારી ! તમે કોની છબી ચીતરી રહ્યાં હતાં ?" એ પ્રશ્ન ફરી સાંભળી રાજ-કુમારી જરા અધીરી થઈ ગઇ. તેણે આંખો ફાડી યુવરાજને જવાબ આપતાં કહ્યું: "આપનું અનુમાન ઠીક છે. એ ખેડુ-કુમારનીજ છબી છે. હું બહુ દિવસથી એ યુવકની છબી ચીતરવાનો પ્રયત્ન કરી રહી છું."

યુવરાજે કહ્યું: "છિ: રાજનન્દિની ! એ ચિત્રપટને ફાડીને ફેંકી દો."

રાજકુમારીએ જીભ દાંતમાં લઇ ચિત્રને છાતી સાથે ચાંપી કંપતે અવાજે કહ્યું: "લોકો પ્રેમની વસ્તુ હૃદયમાં રાખે છે, ફાડીને ફેંકી દેતા નથી."

"તો મારો સંદેહ ખરો પડયો ! લોકો તમારે માથે જે કંલક ચઢાવે છે તે સત્યજ દેખું !"

"રાજકુમાર ! લોકો મારા પર કેવું કલંક ચઢાવે છે?"

" સર્વ કોઈ કહે છે, કે અંબર રાજકુમારી ખેડુતના છોકરાને જોઈ તેના ઉપર ફીદા થઇ ગઈ છે ! "

" યુવરાજ ! વીરપુરુષોની વીરતા ઉપર મુગ્ધ થવું, એજ ક્ષત્રિય રમણીઓનો ધર્મ છે. એ તે મારે માથે કલંક, કે મારે અભિમાન લેવાયોગ્ય વાત ! હવે સમજી કેઃ તે દિવસે એ ખેડુ–કુમારને જયમાળા પહેરાવતી વખતે વ્યર્થ આપે મને અપમાન આપ્યું હતું, તેજ પ્રમાણે એક વધુ વાર મને અપમાનિત કરવાની આપની ઇચ્છા છે ! "

રાજકુમારી આંસુભરી આંખે અભિમાનપૂર્વક ત્યાંથી ચાલી જવા ઇચ્છતી હતી. પરંતુ કેશરીસિંહે તેનો રસ્તો રોકીને કહ્યું: " રાજકુમારી ! સાંભળો. હું જે વાત તમને કહેવા આવ્યો છું, તે તો હજુ મેં તમને કહીજ નથી. "

કેશરીસિંહે આગળ ચાલતાં કહ્યુંઃ " તમને યાદ તો હશેજ કે રાજમહિષીને ઘણા દિવસની ઇચ્છા છે, કે તમારો વિવાહ મારી વેરે થાય તો સારૂં. મેં જ્યાં સુધી આ તમારૂં લાલિત્યભર્યું ગૌર વદન નિહાળ્યું ન હતું, ત્યાં સુધી તો એ વાતમાં સંમતિ આપવાની મારી ઇચ્છા ન હતી. પરંતુ જે દિવસે કિલ્લામાં આવી મેં આ અલૌકિક રૂપ–સુધાનું પાન કર્યું, તેજ દિવસે બહુ આગ્રહ–પૂર્વક

મેં રાજમહિષીને એ વાતમાં મારી સંમતિ જણાવી. પાછળથી માલમ પડયું, "કે તમે મારી સાથે આપનો સંબંધ જોડાય એ વાતમાં જરાય રાજી નથી. એ બહુ દિલગીરીની વાત છે. ”

“ યુવરાજ ! વીતી વાતોને ફરી ઉપાડવાથી શો લાભ ? આપે મહારાણી તરફથી સાંભળ્યું છેજ; અને મેં પણ વારંવાર હાથ જોડી પ્રાર્થના કરી જણાવી દીધું છે, કે આપની સાથે મારો વિવાહ એ કેવળ અસંભવિત વાત છે ! ”

યુવરાજે વળતું કહ્યું: “ સાંભળો, રાજનન્દિની ! હું તમને છેલછેલ્લોજ પૂછવા આવ્યો છું. આ જીવનમાં—આ અઠ્ઠાવીસ વર્ષની ઉંમર થઈ ત્યાં સુધીમાં—યુદ્ધમાં શત્રુઓને શી રીતે મારવા એ સિવાયની ચિંતા મારા હૃદયમાં કદાપિ ઉત્પન્ન થઈ નથી. પણ તમને જોતાં તો હું પાગલ બની ગયો છું. પેલા જુઓ; કિલ્લાની પડોશમાં ઉભા રહેલા ક્ષત્રિય-વીરો યવન-યુદ્ધમાં જવાને માટે મારી રાહ જોઇ રહ્યા છે. એક વાર બોલો અંબાલિકા ! કે તમે મારાં થશો. તમારાં એ મધુર વચનો સાંભળી હુ અત્યંત આનંદપૂર્વક યુદ્ધમાં જઇશ. જો હજુ પણ તમે રાજીજ હો તો મારા હૃદયમાંથી આ પરની આશા રૂપી જડ ઉખેડી નાખું; અને વીર-ધર્મને સદાને માટે જલાંજલિ આપી દઉં ! ”

આમ કહેતાં કહેતાં યુવરાજે ચુપ થઈ જઇ જમીન તરફ જોયું.

અંબાલિકાએ અભિમાનપૂર્વક પૂછયુંઃ “ વિશેષ છે કંઇ કહેવાનું ? ”

યુવરાજે ઉત્તર આપ્યોઃ “ વિશેષમાં મેં જે પૈશાચિક પ્રતિજ્ઞા કરી છે, તે કહેતાં જીભ થર થરે છે. કિંતુ હું તો પાગલ છું ! પાગલને વળી લજ્જા કેવી ? ઉન્મત્તને આત્માભિમાન કેવું ? બહુ સારૂં. સાંભળો રાજનન્દિની ! વિશેષમાં મેં પ્રતિજ્ઞા કરી છે, કે જો આપ મારી વિનતિ કબુલ નહિ કરો, તો એક વર્ષમાં તો હું આપને યવન–પિશાચની સોડમાં જોઈશ ! આ કનક પારિજાતકને નંદન કાનનમાંથી ઉખાડી નરકમાં ફેંકી મારીશ ! ”

એ સમયે યુવરાજ કેશરીસિંહની સુંદર વીરમૂર્તિ, એકાએક કાળા સર્પની મૂર્તિ ધારણ કરતી, તોપણ અંબર રાજકુમારી અધિક વિસ્મય ન પામતી. તેણે કેટલાક સમય સુધી કેશરીસિંહના મુખમંડળને સભય દૃષ્ટિએ નિહાળતાં કહ્યુંઃ “ ધિક્કાર છે ક્ષત્રિય રાજકુમાર ! ધિક્કાર છે. મને સ્વપ્ને પણ ખ્યાલ ન હતો, કે સ્વર્ગમાં પણ પિશાચ જન્મે છે ! હું ફરીથી તમને સાફ કહી દઉં છું, કે મારી

સાથે તમારો વિવાહ—એ ગગનકુસુમ મેળવવાની આશા રાખવા જેવી વાત છે !”

કેશરીસિંહે શીઘ્રતાપૂર્વક વીરમંડળ પાસે જઇ કહ્યું: “ વ્યર્થ મારી રાહ ન જોશો. આપ સર્વ સુખે પ્રયાણ કરો; મારે જરા બીજે જવાનું છે !”

તેજ દિવસે સંધ્યા-સમયે કેશરીસિંહે યવન-સેનાપતિ અફજલખાંના શિબિરમાં પ્રવેશ કરી તેને અભિવંદન કીધું !

પરિચ્છેદ નવમો.

રક્ષા-બન્ધન.

લૂણી નદીના કિનારા ઉપર દુર્ગાદાસના એક એકાન્ત ભવનમાં દુર્ગાદાસ અને અકબર બેઠા બેઠા કંઇ કંઇ વાતો કરી રહ્યા છે.

અકબરે કહ્યું: “ મેં મારી સ્ત્રી તથા દીકરીને હજુ સુધી જણાવ્યું નથી, કે ઘણા દિવસોને માટે-કહો કે આખી

જિંદગીને માટે હું દક્ષિણમાં જાઉં છું. તેઓ માત્ર એટલુંજ જાણે છે, કે હું માત્ર થોડા દિવસો માટે આપની પાસે માતૃ–મંદિરમાં જાઉં છું. કિન્તુ હૃદય બહુ વ્યાકુળ થઈ રહ્યું છે. સંભવ છે કે અહિંથી ગયા પછી સ્ત્રી–પુત્રનુ મોં જોવાનું મારા ભાગ્યમાં લખાએલુંજ નથી. ખેર, હવે શું આપે નક્કી કર્યું છે, કે અહિંથી ક્યારે જવાનું થશે ? ”

દુર્ગાદાસે જણાવ્યું: “ મહારાણી અરુન્ધતી દેવીએ ઘણા દિવસ પછી પોતાના બાળક–પુત્ર અજીતસિંહને એકવાર જોવાની ઇચ્છા દર્શાવી છે. આથી કેટલાક દિવસ થયાં હું અજીતને ગુપચુપ અહીં લઇ આવ્યો છું. અરુન્ધતી દેવીનાં પગલાંથી આજ મારી આ કુટી પાવન થઇ છે. તેઓ સત્વરજ પોતાને સ્થાને પાછાં ચાલ્યાં જનાર છે. તે પછી આપણે પાંચસો વિશ્વાસુ અનુચરોની સાથે દક્ષિણ તરફ મુસાફરી કરીશું. જો પરમેશ્વરની ઇચ્છા હશે તો, આપણે સત્વરજ પાછા આવી શકીશું. પેલા જુઓ; શમશેરઅલ્લી આપની કન્યા ચાંદબીબી અને અજીતને લઇ આ તરફ આવે છે. ”

શમશેર બે હાથમાં બે અધખીલી કમલ–કલિકાના જેવાં બાળકોના હાથ પકડી પાસે આવી પહોંચ્યા. એમાં

એક સાત વર્ષનો બાલક અજીતસિંહ છે; અને બીજી અકબરની નવ વર્ષની પુત્રી ચાંદબીબી છે.

અજીતે શમશેરઅલીના મોં સામું જોઇ પૂછ્યું: "ચાચા! તમે કહ્યું હતું ને, કે આજ મને રાખડી બાંધવામાં આવશે! કેમ ચાચા! હજુ રાખડી તો બંધાઈ નથી!"

દુર્ગાદાસે કહ્યું: "રાખડી બાંધવા માટે તો તમને અને ચાંદબીબીને અહિં તેડી લાવવા મોકલ્યું હતું."

ચાંદબીબીએ અકબરની ગોદમાં બેસી તેનો હોઠ ખેંચતા કહ્યું: "બાબા! આજ તમે આટલા ઉદાસ કેમ છો? તબીયત કેમ છે?"

"નહિં બેટી! મારી તબીયત બહુ સારી છે!"

"બાબા! હવે દિલ્હી કયારે ચાલશો?"

અકબરે ઉત્તર આપ્યો: "આ ચાચાને પૂછો; તેઓ જાણે છે કે ફરી આપણે કયારે દિલ્હી જવાનું થશે."

ચાંદબીબીએ અકબરની ગોદમાંથી ઉઠી સ્નેહપૂર્વક દુર્ગાદાસને ગળે બાઝી કહ્યું: "કહો, ચાચા!"

દુર્ગાદાસે મીઠા શબ્દે પ્રેમપૂર્વક કહ્યું: "કેમ બેટા!

દિલ્હી જવાને માટે આજ તને કેમ આટલી બધી ઇચ્છા થઈ છે? અહિં શું તને કંઇ દુઃખ છે?"

બાલિકાએ કહ્યું: "ના, ચાચા! દુઃખ તો અહિં કંઈ નથી. અહિં હું જેટલી સુખી છું, તેટલી શું દિલ્હીમાં સુખી થઈશ ખરી? અહિં મારાં મોટાં મા મારી માતાથી પણ અધિક લાડ કરે છે, એ સિવાય હમણાં—"

ચાંદબીબી અજીતનો હાથ પકડી કહેવા લાગી, "આ મારો વ્હાલો ભાઇ અહિં આવ્યો છે. એથી હવે મને અહિંઆં કંઇ દુઃખ નથી."

દુર્ગાદાસે પૂછ્યું: "તો દિકરી! દિલ્હી જવાની વાત કેમ પૂછે છે?"

ચાંદબીબી જરા વિચાર કરી બોલી: "ચાચા! હવે મનની વાત સાંભળો, અંમાના મોંએ સાંભળ્યું છે, કે બાબા ઘણું કરીને દાદાથી નારાજ થઈને આ તરફ આવ્યા છે. ચાચા! બાબાએ એવું કામ શું કરવા કીધું હશે? શું બાબા નથી જાણુતા, કે દાદા કેવા ભલા આદમી છે. તેઓ મારા ઉપર બહુ હેત રાખતા હતા. હું એમની પાસે જે માગતી હતી, તે મને તેઓ મંગાવી આપતા હતા. આથી એવું મન થાય છે કે બાબાને દાદાની પાસે લઇ જઇ

બંનેનો મેળ કરાવી આપું ! એ પછી બાબાની સાથે પાછી હું અહિં ચાલી આવીશ !”

બાળીભોળી બાલિકાના અકપટ હૃદયની વાત સાંભળીને અકબર અને દુર્ગાદાસ હસવા લાગ્યા. બાલિકાએ વળી કહ્યું: “ હાં ! હજુ એક વાત છે. ઠીક યાદ આવી ? ભાઇ અજીત મને કહેતો હતો, કે એને જો હું દાદાની પાસે લઈ જાઉં, તો તેઓ એને કાપી નાખે ! કેમ અજીત, તું મને એમ કહેતો હતો ને ?”

‘ મેં શું તને જૂઠું કહ્યું હતું ? મારી વાત પર વિશ્વાસ ન હોય તો આ મારા મોટા ભાઇને પૂછી જો.”

ચાંદબીબીએ દુર્ગાદાસ તરફ જોઇ કહ્યું: “ સાંભળ્યું ચાચા ! એ શું બનવાજોગ છે ? હું મારા ભાઇ અજીતને લઈ દાદા પાસે જાઉં, તો તેઓ એને ખવડાવે પીવડાવે કે કાપી નાખે ? એના આ સુંદર, મનોહર બદન પર શું તેઓ ઘા કરે ? છિ ! અજીત ! એવી વાત ફરી ના બોલતો ? ”

અજીતે કહ્યું: “ તું નથી જાણતી ચાંદબીબી—”

“ એ શું અજીત ! વળી તું મારૂં નામ લઇ બોલાવે છે ? માએ તને શું કહ્યું છે તે ભૂલી ગયો ? હું તો

તારાથી બે વર્ષે મોટી છું. તારે મને 'બેન' કહી બોલાવવી જોઇએ ના ?"

"ભૂલી ગયો, બેન !"

"શું કહેતો હતો, કહે !"

"હું કહેતો હતો, બેન ! કે તું નથી જાણતી. પણ મેં સાંભળ્યું કે તારા દાદા આલમગીર બાદશાહ મને પોતાનો કટ્ટો શત્રુ ગણે છે. પૂછી જો આમને !"

"બહુ સારૂં, ધારો કે તેમ છે; પણ જ્યારે દાદા જાણશે કે તું મારો ભાઇ છે; ત્યારે પણ તેઓ તને શત્રુ સમજશે ? ભાઈ ! હું કહું છું, કે એક વાર મારી સાથે તું દિલ્હી ચાલ. હું તેમને બધું સમજાવીને કહીશ કે તું મારો ભાઈ છે, અને હું તને બહુ ચાહું છું. વળી હું કહીશ, કે જેવી હું તેવોજ તને પણ તે જાણે !"

"અને જો કદી તેઓ તારી વાત નહિ માને તો ?"

"હેં ! મારી વાત નહિ માને ? જો એમ કરે તો હું એમની ધોળી દાઢી ખેંચું, ને નાક ઉપર ઢીક મારૂં ! હું જે વાતની તેમની પાસે હઠ લઉં છું, તે તરત તેઓ પૂરી પાડે છે. એક દિવસ માએ મને એમની પાસેથી 'કોહેનૂર' હીરો માગવાને સમજાવ્યું. હું તેમની પાસે જઇ ગોદમાં

બેસી બોલી: " દાદા! તમારો 'કોહેનૂર,' મને આપો. તેમણે કહ્યું: " આ તારી શી હઠ, ચાંદ! 'કોહેનૂર' હું કદી કોઇને આપું છું?" મેં કહ્યું: "જો 'કોહેનૂર' નહિ આપો, તો હું તમારી દાઢી ઉખાડી લઇશ." તેમણે કહ્યું: " ઠીક ચાંદ! કાલે હું તને 'કોહેનૂર' આપીશ; પણ પછી મારી દાઢીએ તારાથી કોઈ દિવસ નહિ અડકાય." હું તેજ દિવસે 'કોહેનૂર' માની લઈ પેટીમાં મૂકી દેતી; પણ બાબા તેજ દિવસે મને લઈને અહિં ચાલ્યા આવ્યા!

અજીતે કહ્યું: 'મારા ભાઇ કહે, તો હું બાદશાહની પાસે તારી સાથે આવું. પરંતુ તેઓ જો મને તેમનો દુશ્મન ગણશે, તો હું પણ તેમની સાથે તે પ્રમાણેજ વર્તીશ."

દુર્ગાદાસે વચમાં કહ્યું: " ચાલો, એ બધી વાતો પછી થશે. હવે જે માટે તમને અહિં બોલાવ્યાં છે તે કરવાનું છે."

ચાંદબીબી—" શા માટે બોલાવ્યાં હતાં?"

દુર્ગાદાસ—આજ તમારે બંને ભાઇબેને એકબીજાને હાથે રાખડી બાંધવાની છે.

અજીત અને ચાંદબીબીના હાથમાં એકેક રાખડી આપી દુર્ગાદાસે કહ્યું: "અજીત! તું તારી બેન ચાંદના હાથે રાખડી બાંધી દે.

અજીતે હસતે હસતે **ચાંદબીબીને** હાથે રાખડી બાંધી. દુર્ગાદાસે વળી કહ્યું: " ચાંદબીબી ! તું પણ તારા ભાઇ અજીતને હાથે રાખડી બાંધી દે. "

ચાંદબીબીએ અજીતનો હાથ પોતાના હાથમાં લીધો, અને તેને ચુંબન કરતાં કહ્યું: " આવ, મારા વ્હાલા ભાઇ! તારા કર–કમળે રાખડી બાંધી દઉં !

રાખડી બાંધી **ચાંદબીબીએ** દુર્ગાદાસને પૂછયું: " ચાચા ! રાખડી બાંધવાથી શું થાય ? "

દુર્ગાદાસે કહ્યું: " બેટા ! ભાઇબેનના પ્રેમથી વધુ કીમતી પદાર્થ આ પૃથ્વીમાં કોઈ નથી. આથી બેટા ! બહુ દિવસથી રક્ષા–બંધનનો રિવાજ હિંદુસ્થાનમાં છે. આજથી તમારે બંનેને ભાઇબેનનો પવિત્ર સ્નેહ સદા દૃઢ રહેશે. આજનો દિવસ ધન્ય છે ! **અજીત** ભાઈ ને **ચાંદબીબી** બેન–બંનેએ એક બીજાને રાખડી બાંધી છે. હવે આ નર-કંકાલમય **ભારત**–શ્મશાનમાં પણ **ભાગીરથીની** પ્રેમ–ધારા પ્રવાહિત થશે. કૃષ્ણ ને સુભદ્રાના સ્વર્ગીય પ્રેમનું ફરી આ લોકમાં આગમન થશે ? "

ચાંદબીબીએ કહ્યું: " બાબા ! ચાચા તો તમારા ભાઈ છે; તો તમે લોકોએ કેમ રાખડી બાંધી નહિ ? "

"જરૂર બાંધીશું. આવો, ભાઇ અકબર! ભાઇ શમશેરઅલ્લી! આપણે પણ રાખડી બાંધીએ!"

દુર્ગાદાસ, અકબર, અને શમશેરઅલ્લીએ પણ અરસપરસ રાખડી બાંધી. પછી દુર્ગાદાસે કહ્યું: "હવે આપણે ત્રણે ભાઇ મળી ત્રિભુવન જીતી શકીશું!"

ચાંદબીબીએ કહ્યું: "મને બે રાખડી બીજી આપો. મા અને મોટી માને પણ રાખડી બાંધીશ!"

દુર્ગાદાસે હસીને ચાંદબીબીના હાથમાં બીજી બે રાખડી આપી. ચાંદબીબી તે લઇ અજીતના ગળામાં હાથ નાંખી અંત:પુરમાં ચાલી ગઇ."

પરિચ્છેદ દશમો.

દેશનિકાલ.

પહાડી કિલ્લાના અંત:પુરના એક ખંડમાં એક સાત વર્ષની બાલિકા તાલી પાડીને કંઇ ગીત ગાતી હતી.

એની આસપાસ ઉભી રહેલી સ્ત્રીઓ ગીત સાંભળી હસતી હતી. એકે દોડી બાલિકાના મોંએ હાથ દઈ કહ્યું:

" ચુપ રહે ગાંડી ! અંબાલિકા સાંભળશે, તો હમણાં મહા અનર્થ કરી નાંખશે ! "

સ્ત્રીઓ નહોતી જાણુતી, કે અંબાલિકા ખંડની પાસેજ ઉભી ઉભી ગીત સાંભળતી હતી. તે વિલાસકુમારીની સાથે ત્યાંજ આવતી હતી. આ વખતે ગીત સાંભળી તે તેને કહેવા લાગી, " તને વિશ્વાસ નથી, સખી ! તો સાંભળ આ ગીત; મારા ઉપરજ તે બનાવાયું છે. જરા અહિં ઉભી રહી સાંભળ તો ખરી; લોકો મારી કેવી વાતો કરી રહ્યા છે ! જે દિવસે મહારાણીએ તે ખેડુ-કુમારને જયમાળા પહેરાવાની આજ્ઞા કરી હતી, તે દિવસથી મારીજ વાત લઈ સર્વ ઠઠ્ઠામશ્કરી કર્યા કરે છે ! "

વિલાસકુમારીએ સ્મિત કરી કહ્યું: "તારે એવી વાતો પર ધ્યાન શું કરવા આપવું પડે છે ? ચાલ, આપણે પણ ત્યાં જઇએ. "

" નહિ, નહિ; તને મારા સમ ! જરા ઉભી રહી સાંભળ તો ખરી, કે બીજું શું, શું બોલાય છે ? "

પેલી સ્ત્રીનાં વચન સાંભળી બાલિકા એકદમ ગાતી બંધ થઈ ગઇ; પણ હવે એકઠી થએલી સ્ત્રીઓની વાતો ચાલી.

એકે કહ્યું: " ઠીક બેન ! છોકરીનું મોં તો હાથવડે બંધ કરી દીધું; પણ બીજા કોનું કોનું મોં બંધ કરી શકશો. ?"

બીજી એકે કહ્યું: " હા, એ વાત ખરી છે. અંબાલિકાના પ્રેમની વાત તો ચારે તરફ ફેલાઇ ગઇ છે ! "

એકે હસતાં હસતાં પૂછ્યું: " શું છે જે અલી ? મેં તો કંઇએ સાંભળ્યું નથી. "

"કંઇ નહિ; એ તો અંબાલિકાના પ્રેમની વાતસ્તો!"

" કોની સાથે, અલી ? "

" પેલા વાંકાં નયન અને કૃષ્ણ-વરણવાળા ખેડુ-કુમાર સાથેસ્તો ! "

સર્વ સ્ત્રીઓ ખડખડાટ હસી પડી !

અંબાલિકાએ આંસુભરી આંખે વિલાસ કુમારી તરફ જોઈ કહ્યું: " કેમ બેન ! સાંભળ્યું ને ? હું જે કહેતી હતી, તે સાચુંજ છે ને ? "

આમ કહી તેણે વિલાસકુમારીનો હાથ પકડી પાસેના ખંડમાં લઈ જઈ કહ્યું: " સખી ! તું અહિં જરા બેસ. મારે તને એક વિજ્ઞપ્તિ કરવાની છે. "

" કેમ, હવે ગુસ્સો કંઈક ઓછો થયો વારૂ ? "

"આવી વાતો સાંભળી કોને ક્રોધ ન ચઢે જે ?"

વિલાસે હસતાં હસતાં કહ્યું: " સખી ! પ્રેમને માટે તો સર્વ કંઇ સહન કરવું પડે છે ! "

અંબાલિકાએ સજળ આંખે કહ્યું: " સખી ! તું પણ મારી હાંસી કરે છે કે ? મારૂં નસીબજ એવું છે ! હવે સાંભળ, બેન ! તારા વિના મારે કોને કહેવાનું છે ? આપણી મુલાકાત થયા પછી, તું મારા ઉપર બેનના જેટલું વહાલ રાખે છે. આથી તને પ્રાર્થના કરી હું કહું છું, કે આજ એક વખત એ ખેડુ–કુમારને તું મળ અને કહે, કે તમારી પાસેથી અંબરની રાજકુમારી એક ભિક્ષા માગે છે. તે એ કે તમે આ કિલ્લો છોડી કોઈ બીજી જગ્યાએ ચાલ્યા જાઓ. વળી–"

એકાએક કુમારીનું હૈયું ભરાઇ આવ્યું. તેનાં વિશાળ નેત્રોમાંથી આંસુની ધારા વહેવા લાગી. વળી તે કહેવા લાગી. " વળી એમને કહેજે, કે આ જીવનમાં ફરી એમનું મને મળવું ન થાય ! "

આમ કહેતાં કહેતાં અંબાલિકા વિલાસકુમારીને ગળે વળગી તેની છાતીમાં મોં છુપાવી રડવા લાગી. વિલાસ-

કુમારીએ પોતાના પાલવથી તેનાં આંસુ લૂછતાં લૂછતાં પૂછ્યુંઃ " બેન ! તું એમને ભૂલી શકીશ ? "

રાજકુમારીએ જરા અભિમાનથી માથું ઉંચું કરી કહ્યુંઃ " શું કહ્યું, સખી ! ભૂલી શકીશ ? બહુ સારૂં, સાંભળ ત્યારે. હું સર્વ વાત ખોલીને કહી નાંખું છું. આજ દશ વર્ષ ઉપર હું મારી માતાના જીવતાં તેની સાથે મેવાડના મહારાણાને મળવા ગઇ હતી. એ સમયે એક કિંશુક–વૃક્ષની નીચે કેવળ એકજ વાર એ કુમારને મેં જોયા હતા. એ સમયે હું–એ શું સખી ?–"

એકાએક વિલાસકુમારીનું મુખ મંડળ લાલચોળ થઈ ગયું. તે અંબાલિકાના હાથ પોતાને ગળેથી છોડાવી ઉઠી ઉભી થઈ, અને બંને હાથ ધીમેથી છાતીએ અફાળી પોતાની જાતને કહેવા લાગીઃ " હવે તો સહન થઇ શકતું નથી ! ગુરુદેવ ! આપનું અનુમાન ખરૂંજ પડયું ! હૃદયને કાબુમાં રાખી શકતી નથી ! અરે ! હું શું ગાંડી થઈ ગઈ છું ? ના, ના ! "

અંબાલિકાએ તેના રાતાચોળ મુખમંડળ તરફ જોતાં કરુણ સ્વરે કહ્યુંઃ " એ શું સખી ? તું મારા પર નારાજ થઇ ગઇ છે, કે મારી ઘૃણા કરે છે ? "

વિલાસકુમારીએ સત્વર પોતાના હૃદયને સંભાળી લઈ અંબાલિકાને ગળે લગાવી કહ્યું: "ક્ષમા કરશો, રાજનન્દિની! બહુ દિવસથી મારા હૃદયમાં એક વ્યાધિ છે! વચ્ચે વચ્ચે જાણે મારા પ્રાણમાં પૂળો મૂકાય છે! આથી જણાય છે, કે જાણે હું નારાજ થઈ ગઈ હોઉંને! પરંતુ મારો એ રોગ માત્ર ક્ષણભરજ રહે છે. હું પ્રતિજ્ઞા કરૂં છું, કે હવે ફરી કદાપિ એવું નહિ થાય. હા! તું જે કહેતી હતી તે કહે. રાજ–સમુદ્રને કિનારે એક વાર દીઠો હતો, પછી—?"

અંબાલિકા વિલાસકુમારીના મુખમંડળ સામે ક્ષણભર જોઈ રહી, પાછી કહેવા લાગી: "હાં સખી! તે સમયે હું કેવળ બાલિકા હતી. પ્રેમ શેનું નામ છે તે હું જાણતી પણ ન હતી. તે દિવસથી સૂતાં–જાગતાં ઉઠતાં–બેસતાં હમેશ એ અરુણ–તરુણ મૂર્તિને હૃદયમાં પ્રતિષ્ઠિત કરી તેનું ધ્યાન ધર્યા કરૂં છું. મને હવે ન અડકો; મારી ઘૃણા કરો; મને હવે રાજનન્દિની કહી ન બોલાવો; પરંતુ સાચી વાત તો એજ છે સખી! કે તે દિવસથી આ શરીર એ નીચકુલોદ્‌ભૂત દરિદ્ર ખેડુ–કુમારના પ્રેમથીજ પરિપુષ્ટ થએલું છે! આ મારા દેહના રુધિરનો કણેકણ એમના

ઉપરના પ્રેમથી પ્રવાહિત થઇ રહ્યો છે! એ પછી, સાંભળ સખી! તું તો જાણે છેજ, કે આબુ પહાડથી પાછાં આવતાં ફકીરની મસ્જિદમાં આઠ વર્ષ પછી તેજ વીર યુવકે એકાએક ભંગ થતા સ્વપ્નમાં જાણે હોયની, એમ ભુવન–મોહન મહેન્દ્રના રૂપમાં ફરી મને દર્શન આપ્યું, અને તે મારે પગે પડયો! પાસેજ મહારાણી ઉભાં હતાં. હું પણ આશ્ચર્ય, લજ્જા, અને આનંદથી બેહોશ બની જઈ જમીન પર ઢળી પડી. તો પછી, કહે સખી! એને ભૂલતાં આ પાપી પ્રાણ રહે ખરા? વળી સાંભળ; બીજે દિવસે રસ્તામાં બસો મુસલમાનોએ અમારા ઉપર આક્રમણ કીધું. એ વીર યુવાને મારે માટે પ્રાણ આપવાની ઇચ્છાથી એક વાર મારા સામું જોઇ બસો યવનોની સામે ઝોકાવ્યું! એ પછી એનું ખૂન પીવાને એક સાથે બસો તલવારો એના દેહ પર ઝઝૂમી રહી; ત્યારે વળી હું મહારાણીની ગોદમાં બેહોશ થઈ ગઈ! નિષ્ઠુર દુર્ગાદાસ અને પત્થરના હૈયાવાળાં મહારાણી એને એકલો કાળના મુખમાં સોંપી મને લઇ ચાલ્યાં આવ્યાં. આટલા દિવસો પછી એ સર્વ વાતોનો બદલો શું એજ હોઈ શકે, સખી! કે હુ એને ભૂલી જાઉં?"

વિલાસકુમારીએ અંબાલિકાનું મુખ ચુંબતાં કહ્યું: "વારૂં, તો ઓ! પાષાણહૃદયની રાજનન્દિની! તું એને

દેશનિકાલની સજા કેમ આપવા તૈયાર થઈ છે? કયે મોઢે એને જન્મભરની વિદાય આપવા તૈયાર થઇ છે?"

અંબાલિકા ફરી વિલાસકુમારીના ગળે બાઝી અને આંસુથી તેની છાતી ધોઇ નાખતી કહેવા લાગીઃ "હા! સખી! હું તો રાજનન્દિની છું, અને એ તો નીચકુલોદ્ભૂત રખડતા રઝળતા ખેડુ-કુમાર છે!"

પરિચ્છેદ અગીઆરમો.

બદલો.

અંબાલિકાએ વારંવાર અનુરોધ કર્યો, તેથી વિલાસ-કુમારીએ ખેડુ-કુમારને બોલાવી રાજનન્દિનીની ઈચ્છા તેને જણાવી દીધી. તેણે પ્રતિજ્ઞા કીધી, કે સવાર થતાંજ હું કિલ્લો છોડી ગમે ત્યાં ચાલ્યો જઇશ! તે દિવસે રાત્રિએ અસ્ત પામતા શુક્રના તેજના મંદ પ્રકાશમાં અંબાલિકા અને વિલાસકુમારી એક ટેકરી પર ઉભાં હતાં. ખેડુ-કુમારે ત્યાં આવી હાથ જોડી કહ્યું: "રાજનન્દિની! હું આપની આજ્ઞાનુસાર આ પહાડી કિલ્લો છોડી ચાલ્યો જનાર છું;

કિંતુ અપરાધ ક્ષમા કરો, તો આપને એક પ્રશ્ન પૂછું !"

"હાં ! પૂછો."

"મારાથી શું આપનો કંઇ અપરાધ થઈ ગયો છે?"

રાજનન્દિનીએ એનો કંઈ જવાબ આપ્યો નહિ. કુમાર અંધારામાં જોઇ ન શક્યો, કે રાજકુમારીની આંખોમાં શ્રાવણુ–ભાદરવો વરસી રહ્યો છે ! કુમારે પૂછ્યું: "તો શું આજ સમયે હું અહિંથી ચાલ્યો જાઉં ?"

રાજનન્દિનીએ ધીમેથી ઉત્તર આપ્યો: "જેટલી બને તેટલી ત્વરાથી; કુમાર ! મોડું કરવાની કંઈ જરૂર નથી!"

"વારૂં; આપના પુનર્દર્શનની આશા હૃદયમાં રાખું તો ?"

"એમ કરવાની આપને શી અગત્ય છે ?

વિલાસકુમારીએ જરા ગંભીરતાથી કહ્યું: "યુદ્ધ સમાપ્ત થયા પછી રાજનન્દિની તમને મુસલમાનો પર વિજય મેળવ્યાના બદલામાં ઉપહાર–રૂપે વરમાળ આરોપશે !"

અંબાલિકાએ ચિડાઇને કહ્યું: "વાહરે સખી ! આ તે તારે હાંસી કરવાનો સમય છે કે ? બહુ સારૂં; જાઓ, વીરવર ! અહિં હવે વ્યર્થ થોભવાની જરૂર નથી. ઇશ્વર તમારૂં કલ્યાણુ કરે !"

ખેડુ-કુમારે રાજનન્દિનીને અભિવાદન કરી ચાલવા માંડયું. અંબાલિકાએ રૂમાલથી આંખો લૂછતાં કહ્યુંઃ "અરે ! વીર યુવક ! તમે—"

કુમાર પાછો ફરી કુમારીની સામે આવી ઉભો રહ્યો.

રાજકુમારી કહેવા લાગી: " તમે એક દિવસ યવનોના હાથમાંથી મને બચાવવા માટે પ્રાણ આપવા તૈયાર થયા હતા; એના બદલામાં હું તમને આ મુદ્રિકા ઉપહાર તરીકે આપું છું ! "

આમ કહી રાજનન્દિની અંબાલિકાએ એક હીરાની અમૂલ્ય મુદ્રિકા પોતાની આંગળીએથી કાઢી કુમારના હાથમાં આપી. અચાનક રાજકુમારીના હાથને કુમારનો હાથ અડકી ગયો ! એકાએક વસન્તના વાયુ વાવાથી જેમ માધવી લતા કંપી ઉઠે તેમ રાજનન્દિનીની આખી દેહલતા કંપી ઉઠી ! સાથે તેના મૃણાલ જેવા ભુજ-યુગલ પણ જરા હાલી ગયા ! કમલ-પુષ્પની પેઠે મુખમંડળ લાલ થઇ ગયું ! અને એ સમયે કોણ જાણે કેવી રીતે એક વાર કેવળ એક વાર રાજનન્દિનીના અધરને ખેડુ-કુમારના મુખનો સ્પર્શ થઇ ગયો ! તરતજ રાજકુમારી ચોંકીને

પાછી હઠી ઉભી રહી. કુમારે કહ્યું: “ રાજનન્દિની ! જો રજા હોય તો, એક જુની પુરાણી વાત યાદ કરાવું !”

અંબાલિકાએ એક વાર કુમાર તરફ જોઇ વળા જમીન તરફ જોયું. કુમાર કહેવા લાગ્યોઃ “ આપને યાદ છે ? ઘણાક સમય પર એક દિવસ રાજ–સમુદ્રના કિનારે કિંશુક–વૃક્ષની એક ઉંચી શાખા ઉપર તમે એક ખીલી રહેલું ફૂલ આંગળીથી મને બતાવ્યું હતું, અને મેં તમને કહ્યું હતું, કે ઉંચી શાખા પરનું ફૂલ શું કોઇ તોડી ન શકે ? અને–

પાછળથી કોણ જાણે કોણે ખેડુ–કુમારની વાત વચ-માંથીજ કાપી નાખી કહ્યું: “ અને ઉંચી શાખા પરનું ફૂલ જો આપોઆપજ જમીન ઉપર આવી પડે તો પછી વૃક્ષ પર ચઢવાનીજ શી જરૂર ? ”

વિલાસકુમારીએ પાછાં ફરી જોયું, અને તે બોલી: “ અરે ! કાળાપહાડ અહિં ક્યાંથી ? ”

વિજયપાલે હસતાં હસતાં આવી કહ્યું: “ કાળાપહાડ આજે ખેડુ–કુમાર સાથે અંબર–રાજનન્દિનીને સચુંબન મુદ્રિકા બદલતી જોઈ ચરિતાર્થ થઇ ગયા છે ! ”

વિલાસકુમારી ઝટ અંબાલિકાનો હાથ પકડી ત્યાંથી ચાલતી થઈ ગઈ !

વિજયપાલ હસતા હસતા ખેડુ–સૈનિકની પીઠ થાબડતાં થાબડતાં કહેવા લાગ્યાઃ " હું જાણુતો હતો, કે, આ જગત્‌માં વીરત્વ અને રસિકતા માત્ર કાળાપહાડમાંજ છે ! પરંતુ તમારાથી તો ભાઇ ! હું હરેક રીતે હાર્યો ! "

પરિચ્છેદ બારમો.

કાળાપહાડનું સ્વપ્ન.

ખેડુ–કુમાર પહાડી કિલ્લો છોડીને ફકીરની પાસે રહેવા લાગ્યો. ખબર મળતાંજ ત્યાંથી આવી યવન–યુદ્ધમાં દાખલ થઈ જતો. બે મહિના વીતી ગયા પછી એક દિવસે વિલાસકુમારી અને અંબાલિકા કિલ્લા પાસેની નદીને કિનારે ઉભી ઉભી વાતો કરતી હતી. અંબાલિકાએ સ્નેહપૂર્વક પૂછ્યુંઃ " બેન ! કહે કે કયે દિવસે અહિંથી આપણે નાથદ્વારા જઈશું. મેં બહુ મુશ્કેલીથી મહારાણી પાસે ત્યાં

જવા દેવાની હા પડાવી છે; પરંતુ તું વ્યર્થ વાર લગાડી રહી છે. હું તને વિનવું છું, કે સખી શીઘ્ર અહિંથી ચાલો.”

“થોડાક દિવસ હજુ વધારે થોભીએ. જોઇએ આ યવન–યુદ્ધનું શું પરિણામ આવે છે.”

“તું તો યુદ્ધ કરવાની નથી, તો પછી વ્યર્થ અહિં રહેવાથીએ શું ?”

વિલાસકુમારીએ હસતાં હસતાં કહ્યું: “તું શું એમ સમજે છે, કે નાથદ્વારાના મંદિરમાં જઇ સંન્યાસિની બનવાથીજ તારૂં સર્વ દુઃખ દૂર થઇ જશે ?”

અંબાલિકાએ દીર્ઘ નિશ્વાસ નાખીને કહ્યું: “સખી! સાંભળ્યું છે, કે એ સ્થળમાં હંમેશ રાધા–શ્યામના પવિત્ર પ્રેમની ધારા વહી રહે છે! ત્યાં શોક કે દુઃખ કંઇએ નથી લાગતું! ત્યાં જતાંજ લોકો પોતે પોતાનેજ ભૂલી જાય છે! એથીજ હું આટલી ઉતાવળ કરી રહી છું.

વિલાસકુમારીએ કહ્યું: “સખી! ગભરાઈશ નહિ. તારી સર્વ ઇચ્છાઓ પરિપૂર્ણ થશે. પણ આ શું ? આ કોલાહલ શો ?”

એકાએક પાસેના કિલ્લામાંથી કોલાહલ સંભળાયો. સૈનિકોની દોડાદોડીને બૂમાબૂમ, સ્ત્રી અને બચ્ચાંઓની રડા-

રોળ, અને સાથે સાથે તલવારોના ઝણઝણાટ પણ સંભળાવા લાગ્યા. વિલાસકુમારીએ ગભરાઇને કહ્યું: “ રાજનન્દિની ! લાગે છે કે મુસલમાની ફોજે કિલ્લા પર ચઢાઇ કરી છે ! ચાલ, આપણે પણ ત્યાં જઇએ, અને જોઇએ કે કાળા-પહાડ આ સમયે આપણી કેવી રીતે રક્ષા કરે છે. ”

અંબાલિકાએ અધિરાઇથી કહ્યું: “ ના ના, વિલાસ ! એવું દુઃસાહસ કરવાની કશી જરૂર નથી. યદિ મુસલમાન સૈનિકો આપણા પર તુટી પડે, તો આપણી રક્ષા કોણ કરે ?”

વિલાસકુમારીએ વીરતાપૂર્વક કહ્યું: “ રાજનન્દિની ! ગભરાઇશ નહિ; હું તારી સાથે છું ને ? આ છરો હાથમાં લે; સ્રીના હાથમાં છરો હોય, તો યવનનો બાપ પણ તેને શું કરી શકે તેમ છે ? ”

વિલાસકુમારીએ તીક્ષ્ણ છરો પોતાનાં કપડાંમાંથી કાઢયો; અને તે અંબાલિકાના હાથમાં આપી, તેનો હાથ પકડી આગળ વધતી કહેવા લાગી: “ પણ જુઓ, કિલ્લાની સેના બૂમાબૂમ કરતી આમ તેમ દોડાદોડ કરી રહી છે. અને પેલું શું ? જરા કિલ્લાની દક્ષિણ દિશાએ આંખો ફેરવીને તો જુઓ; કાળાપહાડ યુદ્ધ કર્યા વિનાજ કેદી બની જઇ શંખલાબદ્ધ થઇ જંગલી ભેંસની પેઠે ગાંગરી રહ્યા છે !”

ખરેખરજ વિજયપાલ યુદ્ધ કર્યા વિનાજ કેદ પકડાઈ ગયા હતા. કોઇને કશી ખબર ન હતી; અચાનકજ મુસલમાન ફોજે કિલ્લા પર આક્રમણ કર્યું હતું. સર્વ સિપાઇઓ નિશ્ચેષ્ટ અને નિઃશંક હતા. વિજયપાલ પણ પુષ્કળ અફીણ ખાઈ કિલ્લાના ફાટક ઉપર પલંગ બિછાવી ઘોરતા હતા. એમને આ સમયે કંઈ વાતની ચિંતા હતી નહિ. પડયાં પડયાં કેટલીક વારે તેમને ગાઢ નિદ્રા આવી ગઈ હતી. વિજયપાલ ઉંઘમાં અફીણની અલૌકિક પ્રતિભાથી એક અપૂર્વ સ્વપ્ન જોઈ રહ્યા હતા! જાણે દૈવબળથી તેઓ જાણી ગયા છે, કે યવન સેનાપતિ આજ ફોજ લઇને કિલ્લા પર ચઢાઇ કરવાનો છે. એ વાતની બીજા કોઈને ખબર ન હતી. તેઓ એ પણ જાણી ગયા છે, કે યવન ફોજ કયે વખતે ચઢાઈ કરવાની છે. આથી તેઓ મનમાં ને મનમાં નિશ્ચય કરી રહ્યા છે, કે તેઓ અસાધારણ વીરત્વ બતાવી સહુને, વિશેષતઃ રમણીઓને આશ્ચર્યમગ્ન કરી મૂકશે. જાણે ધાર્યા મુજબના સમયેજ યવન-સેના પહાડપર આવી પહોંચી. તે સમયે તેઓ રમણીઓની પાસે જઇ હાથ હલાવી હલાવી જાણે કહેવા લાગ્યાઃ "આજ તમે સર્વ જોઈ શકશો, કે કાળાપહાડ કેવા મોટા વીર છે! તે દિવસે દૈવયોગે પેલા ખેડુથી હારી જતાં તમે મારી

ભારે ઠઠ્ઠા કરી હતી; પરંતુ આજ તમે જોઇ શકશો, કે હું એકલોજ હજારો શસ્ત્રબદ્ધ વીરોનો કેવી રીતે સંહાર કરી નાખું છું." જાણે સ્ત્રીઓએ મશ્કરી કરતાં કહ્યું: "એકલા એટલા બધા શત્રુઓનો નાશ શી રીતે કરી શકશો ? કંઇ અફીણના નિશામાં સ્વપ્ન તો નથી દેખતાને ?" જાણે તેમણે ઘમંડપૂર્વક છાતી ઠોકીને કહ્યું: "હમણાજ જોઇ શકશો. આ પહાડની નીચે જુઓ. કેટલી બધી યવન ફોજ પહાડ ઉપર ચઢી રહી છે ?" જાણે અંબાલિકાએ કહ્યું: આટલા બધાની સાથે યુદ્ધ કરવાનું કાળાપહાડનું કામ નહિ. આ ખેડુ-કુમારને પણ સાથે લેતા જાઓ !" જાણે તેમણે અંબાલિકાના મનનો ભાવ જાણી લઇ હસતાં હસતાં કહ્યું: "કાળાપહાડ આજકાલની છોકરીઓથી છેતરાય તેમ નથી. હમણાજ જણાશે, કે કોણ જયમાળાનો ઉપહાર પામવાને લાયક ઠરે છે !" આમ કહી જાણે તેઓ તલવાર હાથમાં લઇ, કિલ્લામાં આવવાના રસ્તા પર જઈ, વૃક્ષોની ઓથમાં છુપાઈ મનમાં ને મનમાં વિચાર કરવા લાગ્યા: "આ સાંકડા રસ્તાથી એકીવારે કેટલા મુસલમાન ઉપર ચઢી શકશે ? સિપાઇઓ જેમ જેમ ઉપર આવતા જશે, તેમ તેમ હું વૃક્ષને ઓથે રહી તેમનાં માથાં ઉતારતો જઈશ !"

આ સમયે જો વિજયપાલની અફિણના નિશાની

સુખ-નિદ્રા તૂટી જતી, તો તેમને જણાતું કે એમનું ઉપર વર્ણવેલું સ્વપ્ન જરાએ ખોટું નથી. ખરેખરજ ચાર મુસલમાનોએ ચુપચાપ એમના પલંગની પાસે ઉભાં રહી તથા એમના લાંબા પહોળા શરીરને જોઈને અંદર કોણ જાણે શી ઇશારત કરી. એકે પલંગ ઉપરથી એમની તલવાર ઉઠાવી લીધી; બીજાએ એમના પગ લોઢાની સાંકળો વડે પલંગ સાથે બાંધી દીધા; ત્રીજાએ ઘણી ચાલાકીથી એમના બંને હાથ એકઠા કરી બાંધી દીધા; અને ચોથાએ એમના ગળામાં સાંકળ પહેરાવી, તે સાંકળને પલંગની ચારે બાજુએ કસી દીધી ! વિજયપાલ પહેલાંની પેઠે સ્વપ્ન જોવા લાગ્યા. એક મુસલમાન જાણે તેમની પાસેથી સટકી જઇ પર્વત ઉપર ચઢી આવ્યો છે. જાણે તેઓ તેનું માથું કાપી નાખવાને તલવાર ઉઠાવવા જાય છે. પરંતુ અરે ! એકે એકે જાણે બે ચાર, દશ, પંદર મુસલમાનો કિલ્લા તરફ દોડી ગયા ! શું કરવું ? દોડીને તેમની પાછળ જવું કે નવા આવનારને રોકવા ? આ શું ? પગ તો આગળ ચાલતાજ નથી ! પગમાં બેડીઓ કોણે પહેરાવી દીધી છે ? ગળામાં આ શું બાંધી દીધું છે ? છાતી પર આ શો બોજો મૂક્યો છે ? વિજયપાલની નિદ્રા તૂટી ગઇ. સ્ત્રીઓનો આર્ત્તનાદ અને સૈનિકોનો કોલાહલ તેમને સંભળાવા લાગ્યો !

તેમણે પોતાની લાલ લાલચોળ આંખો ઉઘાડીને જોયું, તો કિલ્લામાં ચારે બાજુએ યવન-ફોજ વ્યાપી ગઇ છે; અને ચાર યવનો એમના પલંગની આસપાસ ઉભા ઉભા હસે છે !

" અલ્યા મારી તલવાર ? " આમ કહેતાં કહેતાં વિજયપાલ ઉઠવાનો પ્રયત્ન કરવા લાગ્યા ?

યવનો પૈકીના એકે કહ્યું: " છાનોમાનો પડયો રહે, કાફિર ! તું તો સાંકળોથી જકડાયલો છે ! "

ક્રોધ ને આશ્ચર્યથી રાઢ પાડતાં વિજયપાલે કહ્યું: અરે દુષ્ટ તુરકડાઓ ! તમે મારી સાથે દગો રમ્યા છો ! મને છૂટો કરી, મારા હાથમાં તલવાર આપી, પછી તમારામાં પાણી હોય તો મારી સાથે યુદ્ધ કરો. "

" કાફિર ! તારી યુધ્ધની લાલસા હમણાજ શમી જશે. " એમ કહેતાં કહેતાં તેને કાપી નાખવાને એક યવને પોતાની તલવાર ઉપાડી.

બીજાએ તેનો હાથ પકડીને કહ્યું: " હથિયાર વિનાના વીરને મારવો ઉચિત નથી. જો એને મારી, નાખવાની ઇચ્છાજ હોય તો છૂટો કરી એના :હાથમાં તલવાર આપો. સાંભળો કાફિર વીર ! અમે લોક દયા કરીને તમને આ વાર જવા દઇએ છીએ; નકામા બુમરાણ ન કરો. "

" પાપી યવન ! હું તમારી દયા નથી ચાહતો. તલવાર આપીને મારી સાથે યુદ્ધ કરો. કદી મારી સાથે યુદ્ધ કરતાં ડરતા હો, તો પણ મારી તલવાર પાછી આપો. હું એક વાર જ્યાં રમણીઓ રુદન કરી રહી છે, ત્યાં જવા ધારૂં છું. "

" ફરી કહું છું, કે બૂમ ન મારતાં છાનામાના પડયા રહો; નહિ તો પ્રાણ ખોઇ બેસશો "

વિજયપાલ પાગલની પેઠે દાંત પીસીને બોલ્યા: "મુસલમાનો શું કહે છે ? આ પાગલ છે શું ? યુદ્ધ ન કરો, યવનોને જહાન્નમમાં ન મોકલો, અને વળી શોર પણ ન મચાવો ! ઠીક યવનો ! ત્યારે તમારી એમ ઇચ્છા છે, કે સાંકળે બંધાયલો હું અહિં પડયોજ રહું ? અરે નામર્દો ! જ્યાંસુધી તમે સાંકળો નહિ છોડો, ત્યાંસુધી હું બૂમાબૂમ કરી પહાડને પણ વિદીર્ણ કરી નાખીશ. "

ચારે મુસલમાનો હસવા લાગ્યા. વિજયપાલ વધુ ને વધુ જોરથી પોતાની સેનાને બૂમો મારતા કહેવા લાગ્યા: " રાજપૂત વીરો ! તમે જલદી આવી મને છોડાઓ ! છૂટતાંજ હું આ પાપી યવનોને નરકમાં મોકલી આ અપમાનનો બદલો વાળીશ. "

આ અવાજ કોઇએ સાંભળ્યોએ નહિ, કે કોઇ આવ્યુંએ નહિ ! કાળાપહાડની પહાડ-ભેદી બૂમો સ્ત્રીઓના આર્તનાદમાં અને યવનોના હર્ષ-ધ્વનિમાં વિલીન થઇ ગઇ !

અંબાલિકાએ કહ્યું: "ચાલ સખી ! હવે અહિં વધુ-વાર થોભવાની કંઇ જરૂર નથી. પેલો જો, એક યવન આ તરફજ આવે છે !"

"મુસલમાન નથી; સખી ! મુસલમાન વેશધારી હિંદુ છે !"

મુસલમાન વેશધારી હિંદુ તેમની પાસે આવ્યો. અંબાલિકાના હાથમાંનો છરો જમીન ઉપર પડી ગયો. તેણે રોમાંચ અનુભવ્યો. યવન વેશધારી હિંદુ તે જેસલમેરનો રાજકુમાર કેશરીસિંહ હતો !"

કેશરીસિંહે કહ્યું: "રાજનન્દિની ! હજુ પણ તમે મારા પ્રસ્તાવથી રાજી થઈ જાઓ, તો હું મારી ભીષણ ઈચ્છાનો પરિત્યાગ કરૂં !"

વિલાસકુમારીએ આશ્ચર્યથી પૂછ્યું: "આપજ મુસલમાની ફોજને સાથે લઇ અહિં આવ્યા છો કે ?"

કેશરીસિંહે વિકટ હાસ્ય હસતાં હસતાં કહ્યુ: "અં-

બરની રાજનન્દિનીને પૂછો. મેં મારી એ પિશાચ-પ્રતિજ્ઞા બહુ પહેલાંથીજ એમને જણાવી દીધી હતી ! "

અંબાલિકાએ ક્રોધથી પૂછયુ: "હજુ પણ તને આશા છે, કે અંબર રાજકુમારી તારા જેવા પિશાચની સાથે લગ્નની ગાંઠથી જોડાશે ? "

"તો તો મારૂં પિશાચ-વ્રત પૂર્ણજ થવા દો." (બૂમ પાડી) "હુસેનઅલ્લી ! ખુદાવાદ ! પીરબખ્શ ! રહીમખાં ! તમે જે રમણીને શોધી રહ્યા છો તે અહિં છે ! પાલખી લઈ શીઘ્ર અહિં ચાલ્યા આવો."

બૂમની સાથેજ ઘણાક યવનો તે તરફ દોડી આવ્યા, અને તેમણે રાજનન્દિનીને ઘેરી લીધી. કેશરીસિંહે તે રાક્ષસ-દળથી ઘેરાએલી સુરસુંદરીની અપાર્થિવ દેવી-મૂર્તિને એકવાર નિરખી યવન ફોજને કહ્યું:-"મારી પ્રતિજ્ઞા પરિપૂર્ણ થઇ છે ! જો જો ! એ રમણી નાસવા ન પામે. હું સત્વર તમારા નવાબની પાસે જઈ તેમને એ ખૂશ ખબર પહોંચાડું છું.

પરિચ્છેદ તેરમો.

શેતાની.

પહાડની નીચે કિલ્લાથી બે માઈલ દૂર આવેલા એક નિર્જન રસ્તે થઇને કેટલાક ભોઇ એક પાલખી ઉંચકી જતા હતા. પાલખીની સાથે કેટલાક પાયદળ અને એક ઘોડેસ્વાર સૈનિક હતો. ઘોડેસ્વાર પાઠકોને પૂર્વ–પરિચિત પીરબખ્શ હતો. પાલખીમાં અંબર રાજનન્દિની અંબાલિકા અને વિલાસકુમારી બંને બેઠી હતી. અત્યારે કંઈ બહુ રાત ગઇ ન હતી. કૃષ્ણપક્ષની સપ્તમીની ધુંધળી રોશની સર્વત્ર પ્રસરી રહી હતી.

વિલાસકુમારીએ પાલખીનું દ્વાર ઉઘાડી પીરબખ્શને કહ્યું: “ ખાં સાહેબ ! મારી ઈચ્છાથી હું તમારી સાથે ચાલી આવી, તેથી કદાચ તમારા મનમાં મારે વિષે સંદેહ આવતો હશે; પણ હવે તમારી ખાત્રી થઈ હશે કે મારા મનમાં કશી ખોટી વાત છેજ નહિ. અથવા તમે કદાચ ધારતા હશો કે હું કુલટા છું; અને તેથી કુળને છોડીને આમ નાશી રહી છું. કિન્તુ એક વાર જોતાંજ સ્ત્રીઓની પ્રેમ–

લાલસા એટલી બલવતી થઇ જાય છે, કે તે પ્રેમીને દેખતાંજ પોતાનાં મન–પ્રાણ અર્પણ કરી દે છે! આ વાત શું તમે પહેલાં નહોતા જાણતા ? ”

પીરબખ્શે ગદ્દગદ્દ કંઠે કહ્યું: “ બીબીજાન ! હું સારી રીતે જાણું છું, કે સ્ત્રીઓનો પ્રેમ એ કેવી ચીજ છે. એને અમારી ભાષામાં ‘ ઇશ્ક ’ કહે છે. તમને વધારે શું કહું બીબીજાન ! મારા મગજમાં, મારા હૃદયમાં, મારા હાડમાં, સર્વ સ્થળે ઇશ્કજ ઇશ્ક ભર્યો છે ! એ ઇશ્કની આગથી—”

“ ખાં સાહેબ ! તમારે કેટલી બીબીઓ છે ? ”

“ માત્ર ત્રણ બીબી છે ! પરંતુ તેની તમારે કંઇ અડચણ નહિ. તે સર્વ, જાન ! તમારી બાંદીઓ બની રહેશે. તમારા પગ દાબશે, તમારૂં માથું ગુંથશે, તમારા પગને મેંદી લગાડશે. સર્વ રીતે તમારી ખિજમત કરશે. ”

“ તે બધી તો ગોસ્ત ખાતી હશે; લસણ ખાતી હશે; તેમની સાથે હું નહિ રહી શકું. હાં ! તમારી નેક નજર રહેવાથી મને કોઇ વાતનો ડર નહિ રહે. વારૂં, આપણા નિકાહ ક્યારે થશે ?

“ કાલે સવારેજ તમારી સાથવાળીને નવાબ સાહેબના તંબુમાં પહોંચાડી, પ્યારીજાન ! તમને લઇ સીધો

મસિદમાંજ જઇશ. ત્યાં તમને કલ્મો પઢાવવામાં આવશે."

" નવાબ સાહેબનો તંબુ કયાં છે ? આપણે કેટલી-વારે ત્યાં પહોચી શકીશું ?

" બહુ દૂર નથી; અહિંથી કેટલેક દૂર ઉત્તરપાલી નામે ગામ છે. નવાબ હમણાં ત્યાં રહે છે."

" વારૂં, કદી રસ્તામાંજ કિલ્લામાંની ફોજ આપણા પર હુમલો કરી અમ લોકોને છીનવી લઇ જાય તો ? "

" બીબીજાન ! હવે એવો કશો ડર નથી. એને માટે તો અમે સેનાને સીધે રસ્તે મોકલી તમને આમ જંગલનાને જંગલનાજ રસ્તે લઇ જઇએ છીએ."

" તમારા નવાબ સાહેબનું નામ શું છે ? "

" નવાબ અફજલખાં. "

એકાએક વિલાસકુમારીનું મુખમંડળ લાલ થઈ ગયું. તેણે કેટલીક વાર સુધી વિચાર કરી પૂછ્યું: " ખાં સાહેબ ! મને બહુ તરસ લાગી છે, અહિં કંઇ પાણી નહિ મળે ? "

પીરબખ્શે કહ્યું: " હું હમણાંજ પાણી લાવી આપું છું; અને કદાચ કંઇ ખાવાની ઈચ્છા હોય તો મારી પાસે કબાબ છે ! "

" છિઃ છિઃ (ધીમેથી) આ મુઓ શું કહે છે ! "

પીરબક્ષે જરા શંકિત થઈ કહ્યું: " કેમ ? આપણાં લગ્નમાં હજુ કંઈ શક જેવું છે ?"

" હજુ તો તમારી સાથે મારા નિકાહ થયા નથી; નિકાહ પહેલાં હું મુસલમાનના હાથનું પાણી શી રીતે પી શકું ? કાલે સવારે જ્યારે મને કલ્મા પઢાવી મારી સાથે તમે નિકાહ કરશો, તે પછી તમે કહેશો તેમજ કરીશ પણ—"

" નહિ, બીબીજાન ! હવે વધુ કહેવું નહિ પડે ! મારી ભૂલજ થઈ ગઇ. પણ અહિં કોઈ હિંદુ તો છે નહિ. કોણ પાણી લાવી આપશે ? "

" પેલું સામે જે તલાવ દેખાય છે, ત્યાં મને લઇ જઇ તમે પાણી પીવડાવી આવો. "

વિલાસકુમારીએ અંબાલિકાના કાનમાં કંઈક કહ્યું: પીરબક્ષ ભોઇ અને પહેરાવાળાઓને ઉભાં રહેવાનું કહી વિલાસકુમારીને પાણી પાવા માટે તલાવ ભણી લઈ ચાલ્યો.

પ્રકૃતિ સ્થિર, ગંભીર, અને નીરવ છે. તલાવમાં પડતી ચંદ્રનાં કિરણોની રૂપેરી રશ્મિઓ અત્યંત મનોહર લાગે છે !

તલાવનું પ્રાકૃતિક સૌન્દર્ય જોતી વિલાસકુમારીએ કહ્યું:

" હાથથી પાણી કેવી રીતે પિવાય ? મને તલાવમાંથી કમળનું પાંદડું તોડી ન આપો, કે જેથી નિરાંતે પાણી પિવાય ? ઘણું કરીને અહિં પાણી પણ પુષ્કળ ઉંડું છે.

" કદાચ પાણી જાદે હશે, તો હું તરીને ત્યાં જઇશ. આગમાં, પાણીમાં, આકાશમાં, પાતાલમાં, બીબીજાન ! તમારે માટે આ ગુલામ કોઇ પણ સ્થળે જવાને ઈન્કાર કરે તેમ નથી ! "

વિલાસકુમારીએ કહ્યું: " નહિ, નહિ; ખાં સાહેબ ! તમે ઘોડેથી ઉતરવાની તસ્દી ન લેશો. હું તમારા ઘોડાની લગામ પકડી રાખું છું. તમે ધીમે રહીને પાન તોડી લો. અને પેલું જે અધખિલ્યું કમળ-પુષ્પ લજ્જાથી માથું નીચું નમાવી રહ્યું છે, તેને પણ સાથે સાથે તોડી લેજો. કિંતુ જો જો ! કમળ તોડતાં તમારા હાથમાં કાંટો ન પેસી જાય ! "

વિલાસકુમારીએ ઘોડાની લગામ પકડી રાખી. પીરબખ્શ પ્રેમપૂર્વક બીબીજાનના મોં સામું જોઇ, કટાક્ષ કરી, ઘોડા ઉપર રહી એક બાજુએ ઝૂકયો, અને ધીમેથી ફૂલ તોડી લીધું. એ પછી પાંદડું તોડવા માટે તે વળી વધારે નમ્યો. એ સમયે વિલાસકુમારીએ પોતાની તરફનો પગ

પકડી તેને એવો તો જોરથી હડસેલો માર્યો, કે તરતજ દુષ્ટ યવન ધમ લઇને ઉંડા પાણીમાં ઉંધે માથે ઉથલી પડયો. પડતાં પડતાં તે બૂમ પાડી ઊઠયો: “ હા ! શેવાની ! ”

જોતજોતામાં વિલાસકુમારી પીરબખ્શને ઘોડે બેસી કિલ્લા તરફ રવાના થઇ ગઈ !

અગાઉ જ્યાંથી વિલાસકુમારી એક ખેડુ-કુમારને લઇ કિલ્લા પર ચઢી હતી, ત્યાં પહોંચી તેણે પોતાના ઘોડાને થોભાવ્યો. પાઠકોને યાદ હશેજ કે અહિં શાલ્મલિ વૃક્ષની બખોલમાં તેણે પોતાનો પુરુષ-પોષાક સંતાડી રાખ્યો હતો. વિલાસકુમારીએ સત્વર પુરુષ-વેશ ધારણ કરી લીધો અને પોતે ઘોડેસ્વાર થઇ ત્યાંથી આગળ ચાલી. કેટલેક દૂર જતાં તેના જોવામાં આવ્યું, કે પહાડી રસ્તામાં જ્યાં ત્યાં ખૂનની ધારા વહી રહી છે, અને જ્યાં ત્યાં મડદાં અને કપાયલાં માથાં રઝળતાં પડેલાં છે ! તે જેમ જેમ આગળ વધતી ગઇ, તેમ તેમ લાસોના ઢગને ઢગ તેના ઘોડાનો રસ્તો રોકવા લાગ્યા. સામે તો લાસોનો એક નાનો સરખો ડુંગર થઇ રહ્યો છે ! આટલા બધા યવનોનો સંહાર કોણે કરી નાંખ્યો ? અને પેલું શું ? આ શબના ઢગલામાં પેલા દેવકાન્તિ મુસલમાન ફકીર કેમ બેઠા છે. ? વિલાસકુમારીનું હૃદય થરથરી ગયું. તેને સૂક્ષ્મતાથી જોતાં જણાયું કે ફકીર એક

બેહોશ શરીરને પોતાના ખોળામાં લઈ કંઇ ઔષધિ લગાવી રહ્યા છે. ક્ષણુ વારમાં તે વ્યક્તિ હોશમાં આવી ગઈ અને તેણે આંખો ઉઘાડી જોયું ! ફકીરે તે અધખુલી આંખોવાળા યુવકની આંખો સામે આંગળીથી ઈશારત કરતાં મધુરને ઉંચે અવાજે કહ્યું: " ઊઠ, બચ્ચા ! ઈશ્વર કૃપાથી હવે અનિષ્ટની આશંકા દૂર થઇ છે ! "

જાણે તે અમૃતમય કંઠ–સ્વરમાંથી ચેતના પામ્યો ન હોય, તેમ તે અચેતન મનુષ્ય ઊઠયો. આશ્ચર્ય ! આશ્ચર્ય ! આ તો પેલો ખેડુ–કુમાર છે ! "

કુમારે કહ્યું: " મહાશય ! હું ધારૂં છું કે આ યવનયુદ્ધમાં મારા પ્રાણુ જતા જોઇ મને જીવન બક્ષવાનેજ આપ અહિં આવ્યા છો ! "

ફકીરે કહ્યું: " બેટા ! મનુષ્યની શી ગુંજાસ છે, કે તે મૃતદેહમાં જીવન પ્રેરી શકે ? મેં તને પ્રાયઃ ગાઢ નિદ્રામાંથી જગાડયો છે ! તું કિલ્લા પર ચઢાઈ થવાનું સાંભળી મેં મના કરવા છતાં પણુ દોડી ગયો, ત્યારે મારા મનમાં સંદેહ ઉત્પન્ન થયો. આથી તારી પાછળ પાછળ આવી જોઉં છું, તો તું પણુ આ લાસોમાં બેશુદ્ધ થઇ પડેલો ! "

કુમારે કહ્યું: " જ્યારે આપે કૃપા કરી આ અકિંચિત્કર જીવન બચાવ્યું છે, તો કૃપા કરી કહો કે કસું

કાર્ય કરી એને સફળ કરૂં ? જલદી કહો, શત્રુઓ પાલખી લઇ કયે રસ્તે ચાલ્યા ગયા છે ?"

વિલાસકુમારીએ આગળ આવી કહ્યું: "હું બતાવી શકું તેમ છું, કે દુષ્ટ મુસલમાનો અંબાલિકાને કયે રસ્તેથી લઈ ગયા છે. હું ગુરુદેવની કૃપાથી સર્વ હકીકત જાણી લઇ કિલ્લામાં ખબર આપવાજ જતી હતી !"

કુમારે આનંદ ને આશ્ચર્યથી વિલાસના મુખમંડળ તરફ જોતાં કહ્યું: "ત્યારે ચાલો દેવી ! મને ફરી એક વાર યવન-યુદ્ધનો માર્ગ બતાવો !"

પરિચ્છેદ ચૌદમો.

કેશરી અને શૃગાલ.

પીરબખ્શે પાણીમાં કેટલીક વાર તરફડીઆં માર્યા પછી બહાર નીકળી જોયું તો, ઘોડો ને બીબીજાન બંને અદૃશ્ય ! નિરાશ પ્રેમી હૃદયની વેદનાથી દીર્ઘ નિશ્વાસ મૂકતો, વિલાસકુમારીની શેતાનીને સેંકડો ગાળો ચપોટતો, તે પાલખીની પાસે આવ્યો; અને પોતાના સાથીઓને કહેવા લાગ્યો:

" આપણે જેટલી બની શકે તેટલી ત્વરાથી આ સુંદરીને લઇ નવાબ સાહેબના તંબુએ પહોંચી જવું જોઇએ. નહિ તો ખુદા જાણે પેલી મારી શીએ દુર્દશા કરી નાખશે ! હાય હાય ! આવું શેતાનીનું ખોળીઉં તો મેં સ્વપ્નામાં પણ જોયું નહોતું ! "

રાત વીતી ગઇ. પાલખી મુસલમાન છાવણીની પાસે આવી પહોંચી. અંબાલિકા વિચાર કરવા લાગી કે હવે શું કરૂં ? વિલાસકુમારી જતી વખત કાનમાં કહ્યું હતું, કે બહુ જલદી કિલ્લામાં ખબર આપી રસ્તામાંજ તને છોડાવીશ. પણ તે કયાં છે ? હજુ સુધી પણ કોઇ જણાતું નથી ! હવે પ્રાણ અર્પણ કર્યા વિના બીજો કંઇ ઉપાય નથી. તેણે છરો હાથમાં લઇ આકાશ સામું જોઇ કહ્યું: " ભગવન્ ! સાંભળ્યું છે કે આત્મહત્યા કરવી એ મોટું પાપ છે; કિન્તુ નાથ ! આ પાપી યવનોના હાથમાંથી બચવાનો બીજો એકે ઉપાય સૂઝતો નથી. "

આ સમયે કોઇએ જોરથી પાલખીનાં કમાડ ઉઘાડી નાખ્યાં. અંબાલિકાએ કંપતાં કંપતાં જોયું, તો બહાર કેશરીસિંહની પાસે એક કાળ–સ્વરૂપ યવન હસતો ઉભેલો જણાયો.

કેશરીસિંહે ઉચ્ચ સ્વરે કહ્યું: " યવન–સેનાપતિ !

ખરેખર શું વિધાતાએ નરકમાં પડવા માટેજ આ કનક-પારિજાતકની સૃષ્ટિ ઉત્પન્ન કરી હતી ?"

યવન-સેનાપતિ અફ્‌જલખાંએ કેશરીસિંહના કહેવાની મતલબ ન સમજી જતાં કહ્યું: "સાચેસાચું હુ આપનો અત્યંત આભારી થયો છું; હું બાદશાહને કહીને આપને પુરસ્કાર—"

કેશરીસિંહે વિકટ હાસ્ય કરતાં કહ્યું: "પુરસ્કાર! યવન-સેનાપતિ! જે પુરસ્કાર આપવો હોય તે અહિંઆજ આ રાજનન્દિનીની સામેજ આપી દો. તમારી આ છાવણીમાં કેટલા સિપાઇઓ છે ?"

"માત્ર બસો. બાકીના સિપાઇઓ આપની સાથે પહાડી કિલ્લા પર હુમલો કરવાને મોકલ્યા હતા, તેઓ હજુ સુધી પાછા ફર્યા નથી. પરંતુ આપ એવી વાત શા માટે પૂછો છો ?"

"અફ્‌જલખાં! બસો શિયાળોની સાથે એકલા એક કેશરીનું યુદ્ધ તમે કદી જોયું છે ?"

"નહિ; આપની વાત હું જરાએ સમજી શકતો નથી."

કેશરીસિંહે મ્યાનમાંથી તલવાર કાઢી એક હાથે તેને પકડી, અને બીજે હાથે અફ્‌જલની ગરદન પકડી ભૂખ્યા

સિંહની પેઠે ગર્જના કરી કહ્યું: "આવો આવો; શૃગાલો! આજ તમે એકસાથે આવી આ કેશરીના બળની પરીક્ષા કરો! નહિ તો આ જુઓ કેશરી તમારા સેનાપતિની છાતી વિદીર્ણ કરે છે!"

કેશરીસિંહ પર આક્રમણ કરવાને ચારે તરફથી સિપાહીઓ દોડી આવ્યા. તરતજ તેણે અફજલની ગરદન છોડી દઈ કહ્યું: "રાજનન્દિની અંબાલિકા! એક દિવસ તમને જોઈ તમારા પર હું પ્રીદા થઈ ગયો હતો, ક્ષત્રિય વીરોનો કુલ-ધર્મ તમારા રૂપાગ્નિમાં બાળીને ભસ્મ કરી નાંખ્યો હતો; પરંતુ આજ જે અનુતાપાનળથી મારૂં પાપી હૃદય દગ્ધ થઈ રહ્યું છે, તેની શાન્તિને માટે આ જુઓ શૃગાલોના નખાઘાતથી પોતાના પ્રાણ ત્યાગ કરી કેશરી પોતાના તે પૈશાચિક વ્રતનું પ્રાયશ્ચિત કરે છે!"

બસો મુસલમાનો વચ્ચે ઉભેલા એક ક્ષત્રિય વીરની તલવાર વીજળીની પેઠે ચમકારા કરતી, ચક્કર મારતી, કેટલાએ યવનોનાં શિર ધડથી જુદાં કરી નાંખવા લાગી. લાસ પર લાસ પડવા લાગી, લોહીની નદી વહેવા લાગી. પણ સંગ્રામ હજુ બંધ થયો નથી! ક્ષત્રિય યુવરાજની ઘુમતી તલવાર હજુ વિશ્રામ લેતી નથી! કદાચ આજ એકલો એક

કેશરી યવન-દળનો જડમૂળથી નાશ કર્યા વિના શાન્તિ નહિ પામે!"

એકાએક સામેથી હિંદુ સેનાનો 'મારો મારો' એવો ધ્વનિ સંભળાયો. કેશરીસિંહે જોયું કે વિજયપાલ અને ખેડુ કુમાર બંને કિલ્લાની સેના સાથે સમરક્ષેત્ર તરફ દોડતા આવે છે! કેશરીસિંહે વિકૃત સ્વરે બૂમ પાડતાં કહ્યું: "તમે સર્વ દૂર ઉભા રહો. કેશરીને એકલાને એ શિયાળવાં સાથે યુદ્ધ કરવા દો!"

વિજયપાલે મોટેથી હસતાં હસતાં કહ્યું: "કોની સાથે યુદ્ધ કરશો? પેલાં જુઓ, સઘળાં શિયાળવાં નાસી રહ્યાં છે! અરે અરે! આજ મોટી ઇચ્છા હતી કે હાથપગ બાંધવાનો સારી પેઠે બદલો લઉં. પણ હશે; નાસતા શત્રુઓના પ્રાણ લેવા એ તો ધર્મ વિરુદ્ધ છે!"

કેશરીસિંહે જોયું, કે મુસલમાન સેના રણક્ષેત્ર છોડી નાસી ગઈ છે. ક્રોધ અને દુઃખથી ગર્જના કરતાં તેણે કહ્યું: "નાસતાને મારવા એ ક્ષત્રિય-ધર્મથી વિરુદ્ધ છે!" આમ કહી તેણે પોતાની તલવાર દૂર ફેંકી દીધી; અને ખાલી હાથે નાસતી સેનાની આગળ ફરી વળી, હાથ પહોળા કરી તેમને રોકવાની ચેષ્ટા કરવા લાગ્યો! તેનો જમણો હાથ કપાઈને જમીન પર પડ્યો! કેશરી વળી નાસતા શત્રુઓના

આગળ ફરી વળી ડાબો હાથ ઉંચો કરી તેમને રોકવા લાગ્યો. તે હાથ પણ કપાઇને જમીન પર પડયો ! આટલાથી પણ કેશરી શૃગાલ-યુદ્ધથી નિવૃત્ત ન થયો. તે શીઘ્રતાથી વળી તેમની આગળ ફરી વળી તેમને પદાઘાત કરવા લાગ્યો. ક્ષણવારમાં છિન્નગ્રીવ કેશરીસિંહનો સુકુમાર વીર-દેહ માતા વસુમતીના ખોળામાં જઈ પડયો ! કેશરીનું શૃગાલ-યુદ્ધ પરિપૂર્ણ થઇ ગયું ! ક્ષત્રિય-રાજકુમારે, ભીષણ પાપનું ભીષણ પ્રાયશ્ચિત કર્યું. હિન્દુ વીર સંમુખ સમરમાં નશ્વર નરદેહ વિસર્જન કરી અનન્ત ધામમાં ચાલ્યો ગયો !

પરિચ્છેદ પંદરમો.

અબળા કે પ્રબળા ?

અફજલખાંએ ઘણે દૂર સુધી નાઠા પછી પાછાં ફરીને જોયું તો માત્ર એક ઘોડેસ્વાર પૂંઠ પકડીને આવતો જણાયો, ખાંસાહેબે વિચાર કર્યો, કે એક વાર જીવ લઇને નાસવું અને અમૂલ્ય જીવ બચાવવો; પરંતુ ઘોડેસ્વારનું મોં જોઇ તેના મનમાં કંઈક ભરોંસો આવ્યો. તેને લાગ્યું,

કે ઘોડેસ્વાર છેક છોકરવાદ છે. એવા એક બાળકની સાથે લડવામાં તેને કંઈ બહુ ભય ન લાગ્યો;પરંતુ બાળકને એકલો ધારી તેની સાથે લડવા જતાં તેની મદદ કોઈ આવી તો નહિ પહોંચે ? આવા ભયથી તેણે ચારેમેર દૃષ્ટિ ફેરવી જોયું, તો કોઈ આવતું જણાયું નહિ. જોતજોતામાં તે સૈનિક છેક પાસે આવી પહોંચ્યો. અફ્‌જલખાંએ ઘુરકીને કહ્યું: "કાફિર–યુવક! મારા હાથે વ્યર્થ પ્રાણ ગુમાવવા આવ્યો છો?"

આવનારે જવાબ આપ્યો: " યુવક નહિ; મૂર્ખ ! જરા આંખો ખોલીને જોઈ લે, કે હું એક સ્ત્રી–અબળા છું. તેણે પોતાની પાઘડી ઉતારી ફેંકી દીધી. કાળાં વાદળાંમાં પૂર્ણિમાના ચંદ્રની પેઠે ચંચલ–ચિબુકદામની અંદર કામિનીનું કમનીય મુખમંડળ પ્રકાશી રહ્યું ! વિલાસકુમારીએ કહ્યું: " યવન–સેનાપતિ ! હવે મને ઓળખી કે હું કોણ છું?"

ભય અને વિસ્મયથી તે ભુવન–મોહિની સુરેશ્વર–રૂપિણી મુખ–કાન્તિ નિહાળીને અફ્‌જલખાંએ ઉદાસ ચહેરે અને વિકૃત સ્વરે કહ્યું: " અહા ! તું તો વિક્રમસિંહની કન્યા!"

વિલાસકુમારીએ ઝપટ મારી અફ્‌જલખાંનાં ઝૂલ્ફાં પકડી લીધાં, અને બીજે હાથે તલવાર તાણી કહ્યું: "વિક્રમસિંહની કન્યા આજે પિતૃહન્તાના રક્તથી પરલોકગત પિતૃ

દેવનું તર્પણ કરે છે. રાક્ષસ ! જો શક્તિ હોય તો બચવાનો ઉપાય કરી લે.”

અફ્જલખાંએ કંપતે હાથે વિલાસકુમારીને લક્ષી તલવાર ચલાવી. પરંતુ તેની તલવાર વિલાસના ગળા પર પડે તે પહેલાંજ તેનું માથું વિલાસકુમારીના હાથમાં લટકવા લાગ્યું ! એક મુહૂર્ત બાદ આજના કેશરી ને શૃગાલનું યુદ્ધ સંપૂર્ણ થયું. હિંદુ વીરોએ જોયું, કે સામેથી ઘોડાની પીઠ પર નિશુંભ–નાશિની સિંહવાહિની દેવીની પેઠે યવનરુધિરથી રંગાયલું ભીમ કૃપાણ અને યવન–દાનવનું ભીષણ છિન્ન મુંડ હાથમાં લઈ રુધિરથી રંગાયલા દેહવાળી, છૂટા કેશવાળી રમણી–મૂર્તિ પોતાના તરફ આવી રહી છે !

પરિચ્છેદ સોળમો.

ચિર–સંન્યાસ.

બીજે દિવસે વિજયપાલ, અંબાલિકા, અને વિલાસકુમારી સાથે માતૃ–મંદિરમાં પાછા આવી પહોંચ્યા. ખેડુ–કુમારના અતુલનીય વીરત્વની કહાણી ચારે મેર ફેલાઇ ગઇ. આજકાલ એ પહાડી કિલ્લા ઉપર જેને મોઢે હજુ મૂછ પણ ફૂટેલી નથી, એવા તરુણ સૈનિકના વખાણની વાતજ

સર્વ કોઇને મોઢેથી સાંભળવામાં આવે છે. સર્વ કોઈ એ વાત ઉપર વિચાર કરી રહ્યું હતું, કે એ વીર યુવક કોણ છે અને ક્યાંથી આવ્યો છે. કેટલાએ રાજપૂત સૈનિકો ભાંગ પીને એ આનંદમય પ્રશ્નનું નિરાકરણ કરવાને મચ્યા રહેતા હતા!

એકે કહ્યું: " પૂર્વ જન્મે એણે કોઈ સુવિખ્યાત રાજકુળમાં જન્મ લીધો હતો. કોઈ ઋષિના શાપથી આ અવતારે આવા હીણા કુળમાં એને અવતરવું પડયું છે!"

બીજા એકે કહ્યું: " નહિ નહિ; તમારી સર્વની એક મોટી ભૂલ છે. વિના જાણે વીણે જે કંઈ નિશાની ઝુમમાં મનમાં આવે છે, તે કહી નાંખો છો. એની ખરેખરી વાત જાણવી હોય તો હું કહું તે સાંભળો. એ વીર કુમાર વિજયપાલને પણ ઝાંખા પાડી હાથમાં પતાકા લઈ મંદિરના શિખર પરથી નીચે ઉતર્યો, તેજ દિવસથી મેં એને ઓળખી કાઢયો છે! એ મનુષ્ય છેજ નહિ; કોઇ ભૂત-બચ્ચો છે! ગુપ્ત-વેશે અહિં આવી ખેડુ-પુત્ર તરીકે પોતાનું ઓળખાણ આપ્યું છે!"

એક વૃદ્ધ મારવાડીએ દાઢી હલાવતાં હસતે હસતે કહ્યું: " તમે લોક છેક બાળક છો, કંઈ સમજી શકતા નથી. બુઢ્ઢા ફકીરને પૂછીને મેં એનો ખરેખરો પરિચય મેળવ્યો

છે. એક દિવસ ફકીરે સ્વર્ગ ધામમાં ઇંદ્રની પાસે જઇ ઔરંગઝેબને મારી નાંખવાની પ્રાર્થના કીધી. સ્વયં ઇંદ્રદેવે મ્લેચ્છ-વધને માટે એ બાળકને સ્વર્ગ-લોકથી અહિં મોકલી આપ્યો છે. એ મનુષ્ય નથી; દેવકુમાર છે!

વિલાસકુમારી મુગ્ધા રમણીઓને એકઠી કરી ખેડુ-કુમારના વીરત્વની કહાણીઓ એકે એકે કહેવા લાગી: "જેની એકલાની તલવારે સેંકડો મ્લેચ્છોનાં શિર ભોંય ભેગાં થઇ ગયાં છે, અને અરવલ્લીની ખીણ રુધિરથી તરબોળ થઇ રહી છે; જેના અતુલ વીરત્વ અને અલૌકિક સાહસથી રાજનન્દિની અંબાલિકાનો યવનોના હાથમાંથી ઉદ્ધાર થયો છે; એવો વીર કદી કોઇએ જોયો છે? આ માતૃ-મંદિરમાં જન્મભૂમિની સેવાને અર્થે રાજસ્થાનના જે રાજવંશમાં ઉત્પન્ન થએલો મોટો વીર-સમૂહ એકત્ર થએલો છે, તેમાં કેટલા એ અજ્ઞાતકુલશીલ, નીચવંશોદ્ભવ, ખેડુ-કુમારની તોલે આવી શકે એવા છે?" વિલાસકુમારીએ દુઃખનાં માર્યાં મહારાણી અરુન્ધતી દેવીના તરફ જોતાં કહ્યું: "પરંતુ બહુ દુઃખની વાત છે, કે અહિં એવા વીર-યુવકને એનાં કૃત્યોને છાજતો પુરસ્કાર તો નથી, મળતો તો નથી મળતો; પણ એનું યોગ્ય સન્માન સરખું પણ કોઈ કરતું નથી!"

મહારાણીએ પૂછ્યું: “ વિલાસ! તું જાણે છે કે એ વીર સૈનિક અત્યારે ક્યાં છે ? ”

વિલાસકુમારીએ જરા ઉદાસ થઈ જઇ અંબાલિકાના તરફ કટાક્ષ કરતાં કરતાં કહ્યું: “ આ કિલ્લામાં એને માટે સ્થાન નથી; એથી તેઓ માર્ગમાંથીજ કાળાપહાડની વિદાય લઇ કંઈક ચાલ્યા ગયા છે! જતી વખતે કાળાપહાડે તેની સાથે ગુપચુપ ઘણી ઘણી વાતો કરી હતી. તેમને પૂછવાથી કદાચ આપ એ વિષે સઘળું જાણી શકશો. ”

મહારાણીએ વિજયપાલને બોલાવી લાવવાને દાસીને હુકમ કર્યો. દૂરથી સ્ત્રીઓને એકત્ર થએલી જોઈ કાળાપહાડ મનમાં ને મનમાં વિચાર કરવા લાગ્યા, કે મને યવનોએ સાંકળોથી બાંધેલો; તેથી મશ્કરી ઉડાવવાને આ રમણી મંડળે મને અહિં બોલાવ્યો હોય એમ લાગે છે. પરંતુ સૌ સમક્ષ જોધપુરની મહારાણી અરુન્ધતી દેવીને ઉભેલાં જોયાં, ત્યારે દાસીની વાતમાં તેને કંઈક વિશ્વાસ આવ્યો.

વિજયપાલ આવી પહોચતાં મહારાણીએ પૂછ્યું: “ પેલો ખેડુ-કુમાર ક્યાં છે ? ”

“ તે તો રસ્તામાંથી એકલો કોણ જાણે ક્યાં ચાલ્યો ગયો ! ”

“ તમને ખબર છે, કે તે કોણ છે ? ”

" તેને વારંવાર પૂછવાથી માત્ર એટલું જાણી શક્યો છું, કે મેવાડમાં માત્ર એની એક દુઃખિની માતા છે! તે પોતાની માતા પાસે પ્રતિજ્ઞા કરીને આવ્યો છે, કે બે વર્ષમાં તે પાછો આવશે. આવતી કાલે તેનાં બે વર્ષ પૂરાં થાય છે, તેથી તે આ તરફ ન આવતાં મેવાડ તરફ ચાલ્યો ગયો હશે ! "

" તમે પણ મહારાણા જયસિંહને મળવાને ઉદેપુર તો જવાના છો ને? ત્યાં ગયા પછી એ વીર યુવકનો પત્તો જરૂર મેળવજો. "

વિજયપાલે અંબાલિકા તરફ જોઈ હસતાં હસતાં કહ્યું: " હું તેને મારી સાથેજ અહિં તેડી લાવીશ. અંબર રાજનન્દિનીએ ફરી એને માટે જયમાળા તૈયાર રાખવી! "

વિજયપાલ હસતા હસતા ત્યાંથી ચાલ્યા ગયા. રાજનન્દિની અંબાલિકા પણ એક બાજુએ ચાલી ગઇ. અરુન્ધતી દેવીએ ત્યાં એકઠી થએલી રમણીઓને કહ્યું: " તમે સર્વ એક વાર અંતપુરમાં જાઓ, વિલાસકુમારી સાથે મારે કંઇ ગુપ્ત વાત કરવી છે. "

રમણીઓ એકે એકે ચાલી ગઇ. મહારાણીએ કહ્યું: " વિલાસકુમારી ! અમરસિંહનું ખરૂં ઓળખાણ હજુ

સુધી અહિં કોઇને થયું જણાતું નથી ! વિજયપાલ પણ હજુ ખરેખાતજ એને ખેડુ-કુમાર ધારે છે. પરંતુ હવે જ્યારે એમના અજ્ઞાત વાસનો સમય પરિપૂર્ણ થઇ ગયો છે, ત્યારે એમનો ખરો પરિચય આપવામાં કંઇ હાનિ છે ? ”

વિલાસે નમ્રતાપૂર્વક કહ્યું: “ રાણીજી ! હજુ થોડા વધારે દિવસ થોભો. અંબાલિકા તો લોકાલયનો ત્યાગ કરી નાથદ્વારા જવાને માટે તૈયાર થઇ, કેવળ આપની આજ્ઞાનીજ વાટ જોઇ રહી છે ! ”

“ હું સમજી છું, કે શા માટે નાથદ્વારાના સન્યાસાશ્રમમાં જવાને માટે અંબાલિકા આટલી બધી આતુર થઇ રહી છે. ”

“ આપ જાણતાંજ હશો, કે એણે એ ખેડુ-કુમારને આત્મ-સમર્પણ કરવાનો નિશ્ચય કરી દીધો છે ! પરંતુ તેના મનમાં એમ છે, કે એ નીચ કુળમાં જન્મેલા વીર સાથે એનાં લગ્ન થવાં સંભવિત નથી. એને હજુ ખબર નથી કે ખેડુ-કુમાર તે કોઇ નહિ; પણ મેવાડના પાટવી અમરસિંહજ છે ! આમ જ્યારે મનમાન્યાને મેળવવાનું બની શકે તેમ નથીજ, ત્યારે તેણે દૃઢ સંકલ્પ કર્યો છે, કે

ચિર-સંન્યાસ ગ્રહણ કરી આજીવન નાથદ્વારાના વિષ્ણુ-મંદિરમાં નિવાસ કરવો. આથી આપની પાસે ભિક્ષા માગું છું, કે આપ અંબાલિકા સાથે મને પણ નાથદ્વારા જવાની આજ્ઞા આપો. અમારા ગયા પછી આપ વિજયપાલને મહારાણીની પાસે મોકલી રાજનન્દિની અંબાલિકા સાથે મેવાડના રાજકુમારનાં લગ્ન કરવાની ગોઠવણ કરી દેશો. નાથદ્વારામાં અતુલ સમારંભથી મેવાડના યુવરાજ સાથે અંબરરાજનન્દિની અંબાલિકાનાં મંગલ લગ્ન થાય એવી મારી ઇચ્છા છે. ”

“ ત્યારે તું અત્યારેજ કેમ એ છદ્મવેશી ખેડુ-કુમારનું ખરૂં ઓળખાણ અંબાલિકાને આપી દેતી નથી ? ”

રાણીજી ! મેં નક્કી કર્યું છે, કે હમણાં એ પરપોટો ન ફોડતાં વિવાહના કેટલાક દિવસ આગમચ અંબાલિકાને ખેડુ-કુમાર અમરસિંહનો યોગ્ય પરિચય આપવો. અમાવાસ્યાની ઘોર અંધારી બહુ રાત્રિ પછી અરુણોદયની પેઠે દિવસના દુઃખ પછી સુખ, બહુ દિવસના વિરહ પછી મિલન, નારી-જીવનને અતુલ સંપત્તિ સમાન છે. વળી એક બીજી પણ વાત છે. રાણીજી ! મારા ગુરુદેવ મને હંમેશાં કહેતા હતા, કે ગૃહસ્થાશ્રમની શિક્ષા પણ બહુ

જરૂરની છે. તે તો જે હોય તે હોય; પણ જ્યારે ઘણા ઘણા દિવસની નિરાશા પછી લગ્ન સમયે અંબાલિકા જાણશે, કે તે દરિદ્ર નીચ વંશમાં ઉત્પન્ન થયેલો ખેડુ-કુમાર તે કોઈ નહિ પણ મેવાડાધિપતિ મહારાણા જયસિંહના પુત્ર અમરસિંહ છે, ત્યારે તેના આનન્દનો પારજ રહેશે નહિ."

"બેટા ! તને જેમ ઠીક લાગે તેમ કર. તું કેટલાક દાસદાસીઓને સાથે લઈ અંબાલિકાની સાથે નાથદ્વારા જા. તમે ગયા પછી હું વિજયપાલને મહારાણા પાસે લગ્નના પ્રસ્તાવ માટે ઉદેપુર તરફ રવાના કરીશ."

"હું અને અંબાલિકા કેવળ બે જણીજ નાથદ્વારના સંન્યાસાશ્રમમાં જવાની ઈચ્છા રાખીએ છીએ. અમારી સાથે માત્ર એક દાસી આવશે તો કામ ચાલી રહેશે. એ પછી લગ્ન થઇ જશે, એટલે અસંખ્ય દાસદાસીઓ આપની અંબાલિકાની સેવા કરશે."

અચાનક કોણ જાણે શી નવીન્ સ્મૃતિ અરુન્ધતીના માનસપટ ઉપર અંકિત થઇ. તેણે ધારીને વિલાસકુમારીના મુખમંડળ તરફ જોતાં કહ્યું: "આજે બહુ [illegible] વાત મને યાદ આવી છે. મેં સાંભળ્યું [illegible] કે [illegible]

જયસિંહના પુત્ર અમરસિંહનો વિવાહ સોલંકી સેનાપતિ વિક્રમસિંહની પુત્રી દેવયાનીની સાથે થયો હતો. વારંવાર મારા મનમાં આવ્યા કરે છે કે તુંજ તે દેવયાની–અમરની પત્ની અને વિક્રમસિંહની પુત્રી છે; અને તારૂં બીજું નામ વિલાસકુમારી છે. ફકીરની મસ્જિદમાં જે દિવસે તું મળી, તેજ દિવસે મેં એ વાત તને પૂછી હતી; પરંતુ તેં કહ્યું હતું કે તે વાત તદ્દન ખોટી છે ! મારૂં દૃઢ માનવું છે, કે તે દિવસે તેં તારો પરિચય મારાથી છુપાવ્યો હતો. આજ મને સ્પષ્ટ જણાવી દે, કે તુંજ તે દેવયાની અમરની પત્ની ખરી કે નહિ ? ”

એકાએક વિલાસકુમારીનાં દીર્ઘ નેત્રમાંથી અશ્રુ વહેવા લાગ્યાં. તે હાથ જોડી કંપતે સ્વરે બોલીઃ “રાણીજી ! મારો અપરાધ ક્ષમા કરશો. હું તે દિવસે આપની આગળ અસત્ય બોલી હતી. આપનું અનુમાન કેવળ ખરૂં છે. હુંજ તે અભાગિની દેવયાની છું ! મારી સાથે બચપણમાં મેવાડના પાટવીના વિવાહ થયા હતા. ઠીક, સાંભળો; હું આપને બધી વાત માંડીને કહી દઉં છું.”

એ પછી વિલાસકુમારીએ વિવાહ બાદની સર્વ [illegible] એકે એકે મહારાણીને યથાસ્થિત કહી સંભળાવી

મહારાણીએ કહ્યું: " વિલાસ ! આવી પરિસ્થિતિમાં અમરની સાથે અંબર-રાજનન્દિની અંબાલિકાનાં લગ્ન કદાપિ થઈ શકશે નહિ. હવે હું એવાં પગલાં ભરીશ, કે જેથી કુમાર અમરસિંહ તનેજ ઉદેપુરના રાજભવનમાં લઈ જાય. "

વિલાસકુમારી રુદન કરતી કરતી બોલી: " રાણીજી ! આપ આ શું કહોછો ? આવાં નિષ્ઠુર વચન કહી આપ કેમ મારા હૃદયને વ્યથિત કરો છો ? આપ શું એ જાણતાં નથી, કે એ વિવાહ ન થવાથી આપની અંબાલિકાનું હૃદય જન્મભર બળતુંઝળતુંજ રહેશે ? આપના મેવાડ રાજકુમાર જન્મભર દુ:ખીજ રહેશે ? આપ તો એ બંનેને અત્યંત ચાહોછો; છતાં આમ કેમ કહો છો ?

મહારાણીએ કહ્યું: " અને તને પણ હું એ બંનેના જેટલીજ ચાહું છું. તું અમરસિંહની વિવાહિત સ્ત્રી છે ! તારા સ્વામીને અને તને પ્રાપ્ય મેવાડના રાજસિંહાસનને તારી પાસેથી છીનવી લઇ હું કેવી રીતે અંબાલિકાનું કરી શકું ?

વિલાસકુમારીએ કહ્યું: " રાણીજી ! હું ઇશ્વરને સાક્ષી રાખી કહું છું, કે એમનાં લગ્ન થવાથી હું સદા આનંદમાં નિમગ્ન થઇ રહીશ ! અને જો કદાપિ એમાં

કંઇ વિઘ્ન આવશે, તો હું આજીવન વિષાદ–સાગરે ડૂબતી દુઃખ પામતી રહીશ. આપને વિશેષ શું કહું ? આપ શું નથી સમજતાં કે હુ રાજપૂત રમણી છું. હું પવિત્ર ક્ષત્રિય વંશમાં જન્મી છું. મારા સ્વામી અને મારી સખી રાજ-નન્દિની અંબાલિકાને જેથી સુખ થાય, એવું કરવાને આ અભાગિની દેવયાની હંમેશાં તૈયાર છે; અને તેમાંજ તેની જીવનભરની પ્રસન્નતા છે. કૃપા કરી આપ એમાં આડે ન આવશો ! ”

અરુન્ધતી દેવીએ કેટલાક સમય સુધી ચુપ રહી તથા વિલાસકુમારીને આલિંગન ભરી એક દીર્ઘ નિશ્વાસ મૂકતાં કહ્યું: “બેટા! આટલા દિવસ પછી મેં જાણ્યું, કે તું નારી–રૂપમાં સાક્ષાત્ દેવ–રમણી છે. અન્યથા આવી હૃદયની ઉદારતા શી રીતે સંભવે ?”

અમરસિંહ.

ખંડ ત્રીજો.

પરિચ્છેદ પહેલો.

કાળાપહાડનો પ્રસ્તાવ.

મહારાણા જયસિંહ પોતાના વિશ્રામગૃહમાં બેઠા છે. સામેજ સંગેમરમર જાતના પત્થરના આસન ઉપર વિજયપાલ બેઠા છે. વિજયપાલ દૂરના સંબંધે રાણા જયસિંહના બનેવી થાય છે. રાણાએ વાત આગળ ચલાવતાં કહ્યું: "વિજયપાલ! તમારી વાત હું સમજું છું; કિંતુ એક અપૂર્ણ વિવાહ પરિપૂર્ણ થતા પહેલાં અન્ય દારાનું પાણિ-ગ્રહણ કરવું, એ શાસ્ત્ર-સંમત નથી."

વિજયપાલે હસતાં હસતાં કહ્યું: "જો મારી કસુર માફ કરો તો એક વાત આપને પૂછું!"

" શું ? પૂછો. "

" મને જણાવવાને કૃપા કરશો, કે શાસ્ત્ર ઉપર આટલી પ્રગાઢ ભક્તિ મહારાણાના હૃદયમાં ક્યારની ઉત્પન્ન થઈ છે ? "

" કેમ આમ બોલો છો ? "

" દેવી કર્ણાવતીની ઇચ્છા ન હોવા છતાં પણ કમલાદેવીને માથે ચઢી બેસવાની અનુમતિ આપવી શું શાસ્ત્ર-સંમત છે કે ? શિશુપુત્ર ઉપર કુપિત થઈ, સાત વર્ષ સુધી અજ્ઞાતવાસમાં રહી કમલાદેવી સિવાય અન્ય કોઇનું મુખ ન જોવું, એ પણ શું શાસ્ત્ર-સંમત છે કે? મુસલમાનોની સાથે રાજપૂતોના ઘોર યુદ્ધને સમયે જય-સમુદ્રને કિનારે ભાગી જઇ કમલાદેવીના સ્નેહ-પાશમાં બંધાઇ રહેવું એ પણ શું શાસ્ત્ર-સંમત છે કે ? આપનાં આ સર્વ અદ્દભુત શાસ્ત્રોની પુરોહિતા તો કમલાદેવીજ હશે ! એક વાર તેનેજ આ સંબંધે પૂછી જુઓને ! "

ખંડની બીજી બાજુએથી કોણ જાણે કોણ બોલ્યું: " આવો, બેન ! હું સાથેજ છું; અહિં ભય કોનો છે ? "

વિજયપાલે આ શબ્દ સાંભળી કહ્યું: ' જુઓ, તેજ આમ આવે છે. એ અમરનાં લગ્ન સંબંધે શું કહે છે, તે

આપ કૃપા કરી પછી મને જણાવશો. હમણાં હું જરા આ-ડમાં ભરાઈ જાઉં છું ! ”

વિજયપાલ ઉત્તરની વાટ ન જોતાં બહાર ચાલ્યા ગયા.

કમલાદેવી મહારાણી કર્ણાવતીનો હાથ પકડી મહા-રાણી પાસે આવી બોલી: “ મહારાજ ! આપણે તો કશું જાણતાંએ નથી, કે આપણી ગેરહાજરીમાં આટલાં વાનાં થઇ ગયાં. બોલો, બેન ! કેમ ચુપ ઉભાં રહ્યાં છો ? ”

મહારાણાએ ઉત્તર આપ્યો: “ દેવી ! મેં વિજયપાલ પાસેથી સર્વ વાતો સાંભળી છે. ”

અભિમાનિની રાણી કમલાદેવીએ કહ્યું: “ તે તો સાંભળ્યું છેસ્તો ! પણ વારૂ, હવે કહો તો ખરા કે એનો આપે શો ઉપાય વિચારી કાઢયો છે ? ”

“ કઈ વાતનો ઉપાય ? ”

“ કઈ વાતનો ઉપાય ? શું અત્યાર સુધી આપ કશું સમજ્યાજ નથી ? સાંભળ્યું બેન ! તમે તો ઘણુંએ કહો છો કે રાણાજીની બુદ્ધિ પહેલાં જેવીજ છે; હમણાં—આ વૃદ્ધ ઉંમરે પણ તે જેવીને તેવીજ છે ! મહારાજ ! આપના હૃદ-યમાં શું જરાએ મમતા નથી ? મારા દિકરાએ બબ્બે વર્ષ સુધી ભારે કષ્ટ સહન કર્યું છે; આટલા દિવસ સુધી ખોવા-

એવું રત્ન પાછું મળવા છતાં પણ આપ મારા હૃદયની એટલી ઇચ્છા પૂર્ણ થવા નહિ દેવાના કે? બેન ! સાચુંજ કહું છું, કે વિધાતાએ પુરુષોનું હૃદય તો કાળા પાષાણનું ઘડયું હોય છે ! હું આપને મહારાણીજી ! સાફ કહી નાંખું છું, કે તમારે જેમ બને તેમ જલદી અંબર-રાજનન્દિની અંબાલિકા સાથે અમરનાં લગ્ન કરી નાંખવાનો વિચાર કરવો."

રાણીએ જવાબ આપ્યો: "ત્યારે તો એમજ કહો છો ને, કે એક લગ્ન પરિપૂર્ણ થતા પહેલાંજ બીજા લગ્નની તૈયારી મારે કરવા માંડવી ?"

"તે તો મારોજ અપરાધ હતો. મેંજ હઠ કરીને વિક્રમસિંહની કન્યા સાથે અમરનો વિવાહ કરાવી દીધો હતો. મને અભાગણીને તે સમયે શું ખબર હતી, કે અંબર રાજનન્દિની અંબાલિકા સાથે અમરની રાજ-સમુદ્રને કિનારે મુલાકાત થઈ હતી ? હાય ! હું કદી જબરજસ્તી આપને જય-સમુદ્રને કિનારે આવેલા પ્રમોદ-ભવનમાં ન લઈ જતી, તો શું મારા દિકરાને એક ગરીબ ખેડુ-કુમારના વેશે યવન-યુદ્ધમાં જવું પડતે ?"

આ વાત કહેતાં કહેતાં કમલાદેવીની આંખો અશ્રુપૂર્ણ થઈ ગઇ. તે હાથ જોડી, જળભરી આંખે મહારાણાને કહેવા

લાગી: " જે થવાનું હતું તે થઈ ગયું છે. બેને મારા સર્વ અપરાધ ક્ષમા કર્યા છે. હવે કૃપા કરીને, મહારાજ! સ્વામીન્! મારી અને બેનની એટલી ઇચ્છા પરિપૂર્ણ કરશો. અમરનું મન સ્થિર થયા પછી તે પોતેજ વિલાસકુમારીને તેડી લાવશે. કેમ બેન ? "

રાણાએ કર્ણાવતી તરફ જોતાં કહ્યું: " પ્રિયા! શું તમારી પણ એવીજ ઇચ્છા છે, કે અંબર–રાજનન્દિની સાથે અમરનાં ફરી લગ્ન કરૂં ? "

રાણીએ એક વાર કમલાદેવીના તરફ દૃષ્ટિ કરી અચકાતાં અચકાતાં કહ્યું: " મહારાજ ! એક ધર્મ–પત્ની હોવા છતાં પણ બીજું લગ્ન કરવાનો ચાલ આ રાજવંશમાં કંઇ નવોજ નથી. આપે પણ એ રિવાજ અત્યાર આગમચ કદી નઠારો નથી કહ્યો ! "

રાણો કર્ણાવતીના ટોણાનો મર્મ કળી ગયો. તેણે જરા શરમાઇને કહ્યું: " જે વાતમાં તમે સર્વ એકમત થઇ ચૂક્યાં છો, તેમાં હું આડો થાઉં તે વ્યર્થ છે. "

કમલાદેવીએ પૂછ્યું: " કેમ બેન ! આપણી સર્વ ઇચ્છાઓ એમને ચોખ્ખે ચોખ્ખી જણાવી દઉંને ? "

રાણાએ કહ્યું: " તો સાફ કહી કેમ નાખતાં નથી ? "

" મહારાજ ! શું તમે મારી વાત માનશો ? જો ન માનો તો કહીને વ્યર્થ પાછાં પડવાથી શો લાભ ? જો આપ મારી વાત માનવાનું વચન આપો તો કહું ! "

" પ્રિયા ! આજ સુધીમાં તારી કોઇ વાત ન માની એવું કદાપિ બન્યું છે ખરૂં ? "

" મહારાજ અમારી એવી ઇચ્છા છે, કે અમરનાં લગ્ન એવી ધામધુમથી કરવાં, કે જેવાં આખા રાજપૂતાનામાં અત્યાર સુધી કોઈ રાજકુમારનાં થયાં ન હોય ! મારાં કૂડાં કર્મથી મારો અમર દરિદ્ર ખેડુ-કુમારના વેશે યવન-યુદ્ધમાં ગયો હતો, તેથી મને અત્યંત દુઃખ થાય છે. મારૂં તે દુઃખ ત્યારેજ દૂર થશે, કે જ્યારે મારી ઇચ્છા મુજબના સમારોહથી મારા અમરનાં લગ્ન રાજનન્દિની અંબાલિકા સાથે થશે. બીજું એ પણ ખરૂં, મહારાજ ! રાજપૂતાનાના સર્વ રાજાઓને એમાં નિમંત્રણ કરવું પડશે ! "

" વારૂં પછી ? "

" અને વરયાત્રાની સાથે પાંચ સો હાથી અને દશ હજાર ઘોડેસ્વાર લેવા પડશે ! મારે પિયરથી 'દિગ્ગજ' હાથી અને ' દાનવ-દમન ' ઘોડો પણ મંગાવી લેવાનો. વળી એ હાથી અને ઘોડાઓને મોતીની માળાઓથી શણગારવા પણ પડશે ! "

" કુમલા ! મુસલમાનોના પગ તળે છુંદાએલા રાજસ્થાનમાં હાથી–ઘોડા સિવાય બીજી કંઇ સંપત્તિ બાકી રહી છે ખરી ? હાથી–ઘોડાની કંઈ કમીના નથી; પણ એટલાં મોતી ક્યાંથી લાવવાં ? "

કુમલાદેવીએ અભિમાનપૂર્વક ઉઠી, ઉભાં થઇ કહ્યું: " શું મહારાજ ! શું મહારાજ ! શું બોલ્યા ? ક્યાંથી લાવવાં ? આથીજ હું આપને કંઈ કહેતી નથી, સમજ્યાને ! "

મહારાણી કર્ણાવતીએ કુમલાદેવીનો હાથ ઝાલી, પાસે ખેંચી, ધીમે રહીને તેના કાનમાં કંઇક કહ્યું: કુમલાદેવી વળી રાણા પાસે જઇ બેઠી, અને હસતી હસતી કહેવા લાગી: " ઠીક કહો છો, બેન ! વારૂં, મહારાજ ! મારે પિયરથી ' દિગ્ગજ ' હાથીને ' દાનવ–દમન ' ઘોડો આવશે, તેને માટે તો મોતીની સજાવટની ગોઠવણ કરશો ને ? "

" અવશ્ય. "

" વારૂં. વળી નાથદ્વારાના મંદિરનું સર્વથી ઉંચું શિખર સોનેથી મઢાવવું પડશે. અમરને પણ મહામૂલ્યવાન હીરા–રત્નથી જડિત પોશાક પહેરાવી સુસજ્જ કરવો પડશે. વળી એક બીજી વાત ! જો સાંભળો તો કહું; બહુ દિવસે મને યાદ આવ્યું છે !

" કહો, શું કહો છો ? "

" બહુ દિવસથી આપની પાસેથી સાંભળતી આવી છું, કે જગતનું દુર્લભ રત્ન 'કોહેનૂર' જે પહેલાં મારા પિતૃ-વંશીય પરમાર રાજાઓના રાજમુગટમાં શોભી રહેતું હતું, તે હમણાં ઔરંગઝેબની પાસે છે. શું આપ તેનો યવનોના હાથથી પુનરુદ્ધાર નહિ કરો ? મહારાજ ! આપ એ સમયે જો એ અમૂલ્ય હીરાને જીતી લાવો, તો લગ્ન દિવસે મારા અમરના મંડિલને એનાથી શણગારું ! મને બહુ દિવસથી એવી ઈચ્છા છે, તે પૂરી નહિ કરો ? "

રાણાએ કશો જવાબ ન આપતાં દીર્ઘ નિશ્વાસ મૂકયો. કર્ણાવતીએ કમલાદેવીના કાનમાં ફરી કોણ જાણે શું કહ્યું !

વળી કમળાદેવીએ કહેવા માંડયું: " હું પણ જાણું તો છું, કે એ વાત એક રીતે અસંભવિત છે. પરંતુ એ લગ્નોત્સવ સમયે અમરને હું ' કોહેનૂર ' પહેરાવી શકત, તો મારા મનની કામના પરિપૂર્ણ થાત. વારું, પણ મહા-રાજ ! વિજયપાલ આપને શું કહેતા હતા ? "

ખંડની બહારથી કોઇએ ખડખડાટ હસતાં હસતાં કહ્યું: " વિજયપાલ સત્વર એ વાતના પ્રમાણની ઈચ્છા રાખતા હતા, કે અમરસિંહ ખરેખરજ મહારાણાના પુત્ર છે કે કોઈ ખેડુતના ! "

પરિચ્છેદ બીજો.

બે સંન્યાસિની.

નાથદ્વારામાં રાધાશ્યામના મંદિરની પાસે બનાસ નદીને કિનારે બે સંન્યાસિની ઉભી છે. બંને સુંદરી છે, બંને યુવતી છે, બંને સમોવડીએણ છે; પરંતુ બંનેના પોશાક ભિન્નભિન્ન છે. બંનેના મુખમંડળ ઉપર દૃષ્ટિપાત કરતાંજ એ જણાઇ આવે એમ છે, કે બંનેના મનના ભાવ પણ ભિન્ન ભિન્ન છે. એક ઉદાસ મોંએ નદીમાં પડતી અસ્તગિત સૂર્યની આભાને ટગર ટગર જોઇ રહી છે! બીજી સંન્યાસિની ઉજ્જવળ આંખે પોતાની સંગિનીના મુખમંડળ તરફ જોતી જોતી ગાન કરી રહી છે. એ રમણીને આ સન્યાસાશ્રમ સિવાય કોઇ જગ્યાએ કોઇ જુએ તો તે તેને સંન્યાસિની કહેજ નહિ. એના વસંતી રંગના ઝીણા પોતમાંથી સબ્જ રંગની ચોળી સાફ જણાઇ આવે છે. એના સુંદર કાળા કેશની વેણી પીઠ પર ઝુલી રહી છે. એના ગુલાબી અધરમાં પાનની લાલી સાફ જણાઇ આવે

છે. એનાં પ્રત્યેક અંગમાં કોઇને કોઈ પ્રકારનાં ફૂલનાં ઘરેણું શોભા આપી રહ્યાં છે. સંન્યાસાશ્રામમાં અલંકાર પહેરવાનો નિષેધ હોવાથીજ એ સુંદરીએ પુષ્પના અલંકાર વડે પોતાનાં અંગ શોભાવ્યાં હોય, એમ લાગ્યા વિના રહેતું નથી. ત્યારે શું એને કોઇએ જબરદસ્તી સંન્યાસાશ્રમમાં ઘસડી છે ? પાઠકગણુ એને ઓળખી ગયો હશેજ. પરંતુ એની સંગિની ખરેખરજ સંન્યાસિની છે. તેના સુકુમાર અંગ પર ગેરૂઆ રંગે રંગેલું વસ્ત્ર શોભી રહ્યું છે. તેના કેશ-ગુચ્છ ખુલ્લા ને લુખ્ખા છે; જાણે અભિમાનથી ધૂળમાં લોટતા ન હોય! તેના ચંદ્રમા જેવા મુખમંડળ ઉપર વિભૂતિ વ્યાપી રહી છે ! હાય ! એ સુકુમાર દેહ શું કઠોર યોગ સહન કરી શકશે ? વિધાતાએ શું આ નવીન તપસ્વિનીના કમનીય દેહને કાંચન-પત્રથી ઘડયો હતો ?

વિલાસકુમારીએ મૌન તોડતાં કહ્યુંઃ " રાજનન્દિની ! આજે ઉદેપુરથી તારે માટે શુભ સમાચાર આવ્યા છે. "

અંબાલિકાએ નિઃશ્વાસ મૂકતાં કહ્યુંઃ " મારે માટે શુભ સમાચાર કેવા બેન ? "

વિલાસકુમારી જરા રૂખા સ્વરથી મન વગરનું બોલવા લાગીઃ " તારે માટે શુભ સમાચાર કે મારે માટે ? મારે

માટે ? નહિ નહિ; તારે માટે !–મેવાડના રાજકુમાર ! હા ! ધિક્ ! તારે માટે !–એ શુભ સમાચાર તારે માટે છે કે મારે માટે ? ”

અંબાલિકાએ વિલાસકુમારીના મોં તરફ જોઇ આશ્ચર્ય-પૂર્વક કહ્યું: “ એ શું, વિલાસ ? એ તું શું લવે છે ? હું તો એમાં લગારે સમજી શકતી નથી ! તું શું મારા ઉપર નાખુશ થઈ છે ? ”

વિલાસકુમારી અંબાલિકાના પ્રશ્નનો ઉત્તર ન આપતાં જમીન ઉપર પડેલી પોતાની વીણા લઇ વગાડવા લાગી. કેટલાક સમય સુધી વીણા વાગી; પછી તે વીણાના સૂર સાથે પોતાનો સૂર મિલાવી ગાવા લાગી !

ગીત સમાપ્ત થયા પછી વિલાસકુમારી કેટલાક સમય સુધી ચુપ રહી, અને પોતાની છાતી પર હાથ મૂકી જાણે પોતાની જાતને કહેતી હોય તેમ બોલવા લાગી: “ હાય ! ગુરુદેવ ! આટલા દિવસ સુધી શું આપે વિષવૃક્ષમાં અમૃતનું સિંચન કર્યું હતું ? નહિ નહિ ! ”

તેણે અંબાલિકાના તરફ જોઇ કહ્યું: “ સખી ! કેટલાક દિવસ ઉપર તને મેં મારા હૃદયના એક રોગની વાત કહી હતી, તે શું તને યાદ નથી ? વચ્ચે વચ્ચે જાણે મારી

છાતીમાં આગ સળગી ઊઠે છે! પરંતુ તું જાણેજ છે કે એ એક ક્ષણસ્થાયી વ્યાધિ છે! લે જો! સઘળો રોગ ચાલ્યો ગયો! સખી! પ્યારી સખી!—" વિલાસકુમારીએ અંગાલિકાને ગળે લગાવી, આગળ કહેવા માંડયુંઃ "તને એક વાત પૂછવા ઈચ્છા રાખું છું; તું તેનો ખરોજ ઉત્તર આપીશ કે!"

"શી વાત, સખી?"

"સાંભળ, કહું છું. તું જેને ચાહે છે, તેનીજ સાથે જાણે તારાં લગ્ન થયાં. એ પછી બીજાં લગ્ન થતાં તે તને ભૂલી જાય, અને એક નવી નવોઢા સાથે પ્રેમમાં પડી જાય; તો તું શું કરે? બોલ, સખી! બોલ, કેમ ચુપ રહી?"

"શું કરૂં?"

"હા, શું કરે? કહે, બેન! કહે, સત્વર કહી દે!"

"અંગાલિકાએ હસતાં હસતાં કહ્યુંઃ "જો એવું થાય તો હું આત્મહત્યા કરૂં! એ પછી ડાકણ થઈ તેના કલેજાનું રુધિર ચુસી લઉં! લે! સાંભળ્યુંને?—પણ કહે તો ખરી; તું શું કરે?"

"મારે જો એવું થાય તો હું શું કરૂં? કહું?"

"હા, કહે સખી!"

હું મારા સ્વામી ઉપર તથા મારી તે શોક્ય ઉપર અધિક પ્રેમ કરવાનો અભ્યાસ કરૂં! હૃદયને કાબુમાં રાખતાં શીખું. અમારા બંનેના પ્રાણને એકરૂપ કરી નાખવા યત્ન કરૂં. હું તને ચાહું છું, તેનાથી પણ વિશેષ ભાવથી તેને ચાહવાનો યત્ન કરૂં! સ્વામી જ્યારે તેના પર પ્રેમ કરે, ત્યારે હું સમજું કે જાણે તે મારા ઉપરજ પ્રેમ કરી રહ્યા છે! સ્વામીજી જ્યારે તેને આદરપૂર્વક ગળે લગાવે, ચુંબન કરે, ત્યારે હું સમજું, કે તેઓ મારી સાથેજ પ્રેમાદરથી એ પ્રમાણે વર્ત્તે છે. મારી વાત તને નહિ ગમી હોય! કંઈ સમજી શકી? વારૂં, ચાલો જવા દો એવી નકામી વાતોને! તને જે શુભસમાચાર સંભળાવવાનું કહેતી હતી તે સંભળાવું છું. તારી સંન્યાસિની બનવાની ઈચ્છા તો પૂરી થઇ ગઈ; હવે ચાલ તને રાજ-રાણીનાં વસ્ત્ર પહેરાવી શણગારૂં!"

અંગાલિકાએ રોષ કરતાં કહ્યું: "તારૂં હસવાનું હજુએ પૂરૂં નથી થતું કે?"

"હસતી નથી, સખી! આટલા દિવસ સુધી તને કહ્યું નહોતું, પણ આજ તને કહું છું. જે દિવસે પહાડી કિલ્લામાંથી આપણે આ તરફ આવ્યાં તેજ દિવસે વિજય-

પાલ ઉદેપુર મહારાણા જયસિંહની પાસે ગયા હતા. એ વાત તને યાદ છે ? કેમ ગયા હતા તે તું જાણે છે કે ?"

"મારે એમાં શું લેવાદેવા છે ?"

વિલાસકુમારીએ મધુર હસતાં કહ્યું: "તારેજ લેવાનું છે તો ! સાંભળ; મહારાણી અરુન્ધતીએ મેવાડાધિપતિના કુમાર અમરસિંહ સાથે તારાં લગ્નનો પ્રસ્તાવ કરવા માટે વિજયપાલને ઉદેપુર મોકલ્યા હતા. સમજી ? કાલે રાત્રિએ તેમના તરફથી મારા ઉપર એક પત્ર આવ્યો છે. લે, જરા વાંચી જો; એથી બધીય સમજણ પડી જશે."

અંબાલિકાએ દુ:ખથી દીર્ઘનિ:શ્વાસ નાખતાં નાખતાં કહ્યું: "સખી ! મેં તો આ જીવન રાધાશ્યામના ચરણ-કમળમાં મારો દેહ સમર્પણ કરી દીધો છે. એવી વાત હવે મને શામાટે કહે છે ?"

"આટલા આટલા દિવસ તો સંન્યાસિની થઇને રહી; છતાં હજુ જેને ભૂલવાને માટે રાધાશ્યામના ચરણોમાં તેં આત્મસમર્પણ કર્યું છે, તેનો પ્રેમ વા તેની સ્મૃતિ સરખી-એ તારા સ્મરણ-પટમાંથી ખસતી તો છે નહિ !"

"તું નથી જાણતી, સખી ! એ પ્રેમ રાધાનાથના

અનન્ત પ્રેમમાં સંમિલિત થઈ ગયો છે! સ્મૃતિ પણ હવે તો તેમનીજ!"

વિલાસકુમારીએ હસતાં હસતાં કહ્યું: "હું પણ એજ કહું છું ને! રાધાનાથ તારા હૃદયનો અડધો ભાગ લેવા ઈચ્છા રાખતા નથી, તારા આ ક્ષુદ્ર પ્રાણનો અડધો ભાગ ખેડુ-કુમાર માટે રાખી બાકીનો અડધો લેવા તેઓ રાજીજ નથી! એના પ્રમાણમાં હું વિજયપાલે ઉદેપુરથી મોકલેલો આ પત્ર તારી સંમુખ રજુ કરૂં છું. વાંચી જો જરા!"

આમ કહી વિલાસે તે પત્ર અંબાલિકાના હાથમાં ન આપતાં પોતેજ વાંચવા માંડયો. પત્રમાં આ પ્રમાણે લખેલું હતું:—

"મેવાડના મહારાણા મારા પ્રસ્તાવથી પ્રસન્ન થયા છે. તેમના પુત્ર કુમાર અમરસિંહનાં નવીન સંન્યાસિની અંબર-રાજનન્દિની અંબાલિકા સાથે લગ્ન કરવા માટે તેઓ મોટી ધામધુમપૂર્વક નાથદ્વારા આવશે. હું પણ તેમની સાથેજ નાથદ્વારા આવીશ."

"રાજનન્દિની અંબાલિકાને કહેજો, કે તારા પેલા ખેડુ-કુમાર સાથે પણ મારે મુલાકાત થઈ છે! તેને પણ

હું સાથેજ તેડતો આવીશ ! રાજનન્દિની તેને માટે માળા ગુંથી રાખે તો કેવું સારૂં ! લિ૦ કાળાપહાડ ઉર્ફે વિજયપાલ. ”

અંબાલિકાએ જળભરી આંખે રાધાશ્યામના મંદિર તરફ જોતાં જોતાં કહ્યું: “ સખી ! તું જોઈશ કે ત્રિદિવ ધામના અધીશ્વર રાધાનાથની દાસીને સ્પર્શ કરવો પણ મર્ત્યલોકના મહારાણાને કેવળ અસાધ્ય છે ! ”

વિલાસે હસતાં હસતાં કહ્યું: “ જોઈશું હવે; એ દિવસો બહુ દૂર નથી. હશે, હવે જેમ થવાનું હશે તેમ થશે; પણ સખી આજ્ઞા હોય તો ‘ ગીત ગોવિંદ ’નું એક પદ લલકારૂં. ”

“ પ્યારી સખી ! તું મને હવે દુઃખ ન દે. બળ્યું ત્હારૂં ગીત, મારે નથી સાંભળવું. ”

આમ કહી અંબાલિકા રીસે ભરાઇ ત્યાંથી મંદિરના અંદરના ભાગમાં ચાલી ગઈ.

પરિચ્છેદ ત્રીજો.

સંન્યાસિનીની ભિક્ષા.

નાથદ્વાર તરફ વર-યાત્રા લઈ જવાનો સમય આવી પહોંચ્યો. રાણા જયસિંહે સત્ય કહ્યું હતું, કે તે મ્લેચ્છ-દલિત રાજપૂતાનાના અતુલ ઐશ્વર્યમાં હવે માત્ર હાથી-ઘોડાજ બાકી રહ્યા હતા !

ક્ષણભરમાં રાણી કમલાદેવીની આજ્ઞાનુસાર દશ તેજો-ગર્વ, રણકુશળ, સુંદર ઘોડા હીંહીંઆરી મારતા મહેલના ચોકમાં આવી ઉભા રહ્યા. એ પછી જોતજોતામાં પાંચસો પ્રકાણ્ડ-શરીર મહાબલશાળી હાથી ઝૂલતા ઝૂલતા આવીને રાજભવનના દરવાજા આગળ હાજર થઇ ગયા. કમલાદેવીની આજ્ઞાનુસાર તેના પિયરથી ‘ દાનવ-દમન ’ ઘોડો અને ‘ દિગ્ગજ ’ હાથી પણ આણવામાં આવ્યો હતો. ‘ દાનવ-દમન ’ને હીરા મોતીના હારથી શણગારવામાં આવ્યો હતો. તેને શણગારીને રાજભવનના પ્રાંગણમાં આણવામાં આવ્યો. સાથે સાથેજ ગંભીર મૂર્તિ, ઉન્નતકાય ‘ દિગ્ગજ ’ને પણ

હીરાના હારથી શણગારી, તેના પીઠ પર સુવર્ણની હીરાજડિત અંબાડી મૂકી મોટા ઠાઠપૂર્વક રાજ–પ્રાસાદની સમક્ષ આણવામાં આવ્યો. ગજરાજ ડોલતા ડોલતા રાજદ્વારને શોભાવી રહ્યા હતા. કમલાદેવીએ હર્ષપૂર્વક મહેલના આંગણા તરફ નજર કરી સર્વ તૈયારી થઇ ગયેલી જોઇ અમરસિંહને વસ્ત્રાલંકાર સજાવ્યા, અને એક દાસીને મહારાણી કર્ણાવતીને બોલાવવા મોકલી.

મહારાણી કર્ણાવતી આજે, આ આનંદોત્સવને દિવસે એકલી ઉદાસ ચિત્તે પોતાના ખંડમાં બેઠી બેઠી એક પત્ર વાંચતી હતી. ગઇ રાતે નાથદ્વારાથી એક દૂતી પત્ર લઇને ઉદેપુર આવી હતી. મહારાણીએ કેટલોક વખત શાંત ચિત્તે વિચાર કર્યો અને પછી પત્ર ઉઘાડી વાંચવા માંડયો.

પત્રમાં આ પ્રમાણેનો મજકુર હતો:–

રાજપૂત–રાજેશ્વરી !

“ સાંભળવામાં આવ્યું છે, કે આપના કુમાર અમરસિંહ એક સંન્યાસિનીની સાથે લગ્ન કરવા માટે મોટા સમારોહપૂર્વક નાથદ્વારા આવવાના છે. આ જન્મદુઃખિની અંબરરાજનન્દિની અંબાલિકાએ જે દિવસથી રાધાશ્યામના ચરણોમાં આશ્રય લીધો છે, ત્યારથી તેને સ્વપ્ને પણ

ખ્યાલ નહોતો, કે એ પવિત્ર સ્થાનમાં પણ મનુષ્યનો અધિકાર હોઇ શકે. વળી આ સાંભળીને તો હું વિશેષ આશ્ચર્ય—ચકિત થઇ ગઇ છું, કે મહારાણા જયસિંહે પોતે દયા—ધર્મને તિલાંજલિ આપી આ સંસાર ત્યાગિની સંન્યાસિનીને રાધાનાથના ચરણોમાંથી છીનવી લેવાની ઇચ્છા કરી છે ! પરંતુ જે ત્રિદિવનાથની દાસી છે, તે આ મર્ત્ય લોકના રાજાની જરા પણ પરવા કરે તેમ નથી. શું આપ પણ મહારાણાના એ મહાનિષ્ઠુર પાપકાર્યને નહિ રોકી શકો ? જો આપ એમને નહિ રોકો તો નક્કી જાણજો, કે આપના પુત્ર વરવેશમાં જાન લઇ આવતાંજ જાણશે, કે સંન્યાસિની અંબાલિકાએ શ્રી રાધાવલ્લભના ચરણકમળમાં પ્રાણ વિસર્જન કરી દીધા છે. આથી આપની પાસેથી ભિક્ષા માગું છું, કે જો આપ નિઃસહાય માબાપ વિનાની અંબર—રાજનન્દિનીનો જીવ બચાવવા ઇચ્છા રાખતાં હો, તો મહારાણાને આ વિવાહ—કાર્યમાંથી વિરત કરજો.

લિ.

સંન્યાસિની અંબાલિકા ”

પત્ર વાંચી મહારાણી કર્ણાવતી હતાશ અને મર્માહત હૃદયે વિચાર કરી રહી હતી, તે સમયે ખંડનું દ્વાર અચાનક ઉઘડયું, અને કમલાદેવી અંદર દાખલ થઈ. તેણે

કુણુવતીના મોં સામું જોઈ કહ્યું: " કેમ બેન ! આ શું ? તમારે લખવા–વાંચવાનો સમય છે ? લાડકડા દીકરાને પહેરાવવા માટે મેં મારે પિયરથી જે પોશાક મંગાવ્યો છે, તે તો તમે હજુ જોયોએ નથી. જો જોવાની ઇચ્છા હોય, તો શીઘ્ર ચાલો મારી સાથે."

કમલાદેવી ઉત્તરની રાહ ન જોતાં જબરદસ્તી કુણુવતીનો હાથ પકડી સત્વર પોતાના ખંડની પાસેના કુસુમોદ્યાનમાં લઇ ગઇ. ત્યાં બહુ સંખ્યક સ્ત્રીઓ–કુમાર અમરને ઘેરીને ઉભી હતી. કમલાદેવીએ હસતાં હસતાં અત્યંત આનંદથી પોતાને હાથે કુમારને મહામૂલ્ય રત્નરાશિથી શોભિત પોશાક અને હીરાના હારવાળી પાઘડી પહેરાવી રમણીમંડળને સંબોધીને કહ્યું: " જુઓ અલીઓ ! આવા ભુવન–મોહન વર રાજા તમે કોઇએ કદીએ દીઠા છે ? હું કહેતી હતી, કે અંબર–રાજનન્દિનીએ પૂર્વજન્મે મહાતપસ્યા કીધેલી એમાં કંઇ ખોટું છે ? પરંતુ મારી કેવળ એક ઇચ્છા પરિપૂર્ણ ન થઇ. આજે આનંદના સમયે હું મારાં પિતૃવંશના રાજાઓના ગૌરવના ધનરૂપ ' કોહેનૂર ' હીરાને અમરની પાઘડીમાં ગુંથી શકત, તો મારી સર્વ ઇચ્છાઓ પરિપૂર્ણ થઈ જાત !

પરિચ્છેદ ચોથો.

ફકીરનો પ્રસ્તાવ.

કાલિન્દીને કિનારે એક મસ્જિદમાં વૃદ્ધ ફકીર જમીન પર બેઠા હતા; અને વીર દુર્ગાદાસ તેમની સામે એક કામળા ઉપર બેઠા હતા. દુર્ગાદાસની આંખોમાંથી આંસુની ધારાઓ વહી રહી હતી. તેમણે આંસુ લૂછી ફકીરના મુખમંડળ તરફ જોઈ કહ્યું: “ આટલા દિવસે, દેવ ! આપને મુખે આવી નિષ્ઠુર વાત સાંભળવી પડી ! ”

ફકીરે ઉત્તર વાળ્યો: “ રાઠોડ વીર ! વિધાતાની ઇચ્છાથી વિરુદ્ધ કરવાનું મનુષ્યના અધિકારમાં નથી. એથીજ કહેતો હતો હતો, કે હમણાં કેટલાક દિવસ સુધી યુદ્ધ બંધ રાખો. છેલ્લાં કેટલાંક વર્ષો દર્મિયાન યુદ્ધમાં કેટલાએ હિંદુ વીરો માર્યા ગયા છે; માટે હાલ એ રક્તસ્રોત બંધ થાય એ વધારે સારૂં છે. દક્ષિણમાંથી તમે પાછા ફર્યા, તે પહેલાં શિશુરાજ અજીતસિંહને એમના અજ્ઞાતવાસ—આબુના પહાડોમાંથી જોધપુર લાવ્યા, એ બહુ સારૂં થયું છે.

ઔરંગઝેબ આ સમયે વિષહીન સર્પના જેવો થઇ ગયો છે. તેની મગદૂર નથી, કે તે બાળ રાજકુમારનો એક વાળ પણ વાંકો કરી શકે. આટલા દિવસો સુધી ઉંઘતી જાતિ હવે જાગી છે ! અસુરોના રકતથી ભારતની છાતી કર્દમિત થઇ રહી છે. મારો પણ અંતકાળ નજીક આવી પહોંચ્યો છે. આ જીવન નષ્ટ થાય તે પહેલાં આ ખૂનખરાબી સર્વ બંધ થઇ જાય, તો હું મૃત્યુની આનંદપૂર્વક મુલાકાત લઇ શકીશ ! ”

દુર્ગાદાસે અશ્રુપૂર્ણ આંખે કહ્યું: “ વિધાતાની શું એવી-જ ઇચ્છા છે ? હું એ વાત ઉપર વિશ્વાસ રાખતો નથી. નિખિલ જગત્‌ના અધિપતિ શું એવડા નિષ્ઠુર છે ? એજ શું એમનું મંગલમય વિધાન છે ? હાય ! દેવ ! અંતમાં શું આ નિષ્ઠુર સલાહ આપના તરફથીજ સાંભળવાની આવી ? મ્લેચ્છ-ઉચ્છેદક વ્રતને જલાંજલિ આપી દુર્ગાદાસ શી રીતે પોતાનુ જીવન ધારણ કરી શકશે ? આ સુવર્ણનું ભારત દિવસે દિવસે રસાતળમાં પ્રવેશ કરશે, તેને જોઇ દુર્ગા-દાસ શી રીતે નિશ્ચિન્ત રહી શકશે ? અનન્તજ્ઞાનશાળી, ત્રિકાલદર્શી, મહાયોગી ! આપનું એ દિવ્ય-જ્ઞાન આપની પાસેજ છો રહેતું ! આપના એ નિષ્ઠુર પ્રસ્તાવ સાથે એક-મત થવું વીર દુર્ગાદાસથી બની શકે તેવું નથી ! ”

રાઠોડ સેનાપતિ બાળકની પેઠે રુદન કરતા કરતા રુંધાયલા કંઠે કહેવા લાગ્યા: " મા ! ભારત-ભૂમિ ! નિખિલ ભુવનની અધીશ્વરી, અગણિત દેવતાઓની પ્રસૂતિ ! સસાગરા વસુન્ધરાની શિક્ષયત્રી ! રાઘવ ને અર્જુન, વાલ્મીકિ ને વ્યાસ, સીતા ને દ્રૌપદીની જનની ! તારો તે દિવસ પાછો ફરી ક્યારે આવશે ? "

ફુંકારે ઉત્તર આપ્યો: " ધૈર્ય ધરો, વીરવર ! ધૈર્ય ધરો. નિશ્ચય જાણજો કે ભારતનો આ અંધકાર ચિરસ્થાયી નથી. ધર્મનો જય અને પાપનો ક્ષય હંમેશાંજ થાય છે. વખત આવતાં વિધાતાના એ અલંઘનીય વિધાનને ભારતવાસીઓ પ્રત્યક્ષ જોઇ શકશે ! "

" હા, દેવ ! એ દિવસો ફરી ક્યારે જોઈ શકીશ ? "

" તમે શું જોતા નથી, કે મહાપાપી ઔરંગઝેબની મૂર્ખતાથી એના પાપ-રાજ્યનો ધ્વંશ થતાં હવે વાર નથી ? દાનવ-સમ્રાટ્ દક્ષિણમાંથી હવે રાજધાની તરફ આવી શકનારજ નથી. ઔરંગઝેબની ભ્રમાત્મિક રાજનીતિ ભવિષ્યમાં આ વીસ્તીર્ણ ભારતના રાજપુરુષોને શિક્ષાપ્રદ થઇ પડશે ! "

" અને ત્યાં સુધી શું અમારે સર્વેએ નિશ્ચિન્ત અને

નિશ્ચેષ્ટ બેસી રહી દાનવોની પરિચર્યામાં અમારૂં જીવન વ્યર્થ ગુજારવું ?"

ફકીરે હસતાં હસતાં કહ્યું: "ત્યાં સુધી આપણે સર્વએ આજની આ પૈશાચિક શકિતને બદલે આધ્યાત્મિક શકિતનો સંગ્રહ કરવો. જે જ્ઞાન-યોગથી ઉત્પન્ન થતા કર્મ-યોગથી આખું જગત્ એક વેળા ઝગઝગી રહ્યું હતું, તેજ કર્મ-યોગનો ફરી ભારતના અણુએ અણુએ પ્રચાર કરવા આપણે હિંદુ-મુસલમાનોએ હાથમાં હાથ મેળવી બહાર પડવું, અને તે અપૂર્વ કર્મ-યોગનો અભ્યાસ કરી કર્મયોગી વીર બનવું. તે અનન્ય-શકિત, અનાદિ મહાપુરુષ આ મહાયોગના યજ્ઞેશ્વર છે. તે અધર્મ, અત્યાચાર, ને ઉત્પીડનના મહાશત્રુ છે. નિશ્ચય સમજજો કે આ પુણ્ય વ્રતમાં તે અવશ્ય આપણા સહાય થશે !"

આ સમયે એકાએક થોડેક દૂર તરેહ તરેહનાં વાજાંનો અવાજ અને બહુ સંખ્યક લોકનો કોલાહલ સંભળાયો. દુર્ગાદાસે કહ્યું: "આ શું ? આજ આ વિષાદને દિવસે આ આનન્દ-કોલાહલ શો ?"

ફકીરે હસીને ઉત્તર આપ્યોઃ "વત્સ ! આપણે બહુ દિવસથી નવજીવનના સંગ્રામની વિભીષિકામય, રકતસ્રોત રંગભૂમિ ઉપર વિષાદના ભીષણ અભિનય જોતા આવ્યા છીએ;

આવો, ભાઇ ! એકવાર આજના એ આનંદોત્સવમાં આપણે પણ સંમિલિત થઇ જઇએ !

અસંખ્ય લોકનો આનંદ-કોલાહલ, નાનાવિધ વાદ્યોનો ગંભીર નિનાદ, અગણિત અશ્વ અને ગજયૂથોનો પદધ્વનિ ફકીરના મધુર આનંદમય કંઠસ્વરની સાથે મળી ગયો. વિજયપાલે કુમાર **અમરસિંહ**નો હાથ પકડી આગળ આવી ફકીરને અભિવાદન કરતાં દુર્ગાદાસને કહ્યું: “ આમને શું આપ ઓળખો છો ? ખેડુતોના વંશમાંથી કુમારોની ઉત્પત્તિ કદાચ અત્યાર આગમચ આપે કદાપિએ સાંભળી નહિ હોય ! ”

પરિચ્છેદ પાંચમો.

તોરણ-પ્રવેશ.

આજે વૈરાગ્ય-વ્રત સંન્યાસિનીના શાંતિમય આશ્રમ, રાધાશ્યામના પ્રેમ-નિકેતન **નાથદ્વારા**નું એકાએક કોલાહલમય રાજધાનીમાં રૂપાન્તર થયું છે ! મંદિરની પાસે

મોટી સંખ્યામાં તંબુઓ તાણવામાં આવ્યા છે; એની ચારે તરફ અગણિત સેનાની વચ્ચે સર્વથી વધારે કલગીથી સુ-શોભિત રાજસી પાઘડીઓ ચદ્રમાની ચાંદનીમાં ચમકાર કરી રહી છે! અચાનક જાણે કોઇ મોહિની-મંત્રના બળથી સંસારત્યાગી વૈરાગીગણ ચિરસંન્યાસ ભૂલી જઈ આજે ફરી સાંસારિક કોલાહલમાં સંમિલિત થઇ ગયો છે! સં-ગ્રામ-વ્રત ક્ષત્રિય યોદ્ધાઓ આજે સમર-પ્રાંગણ ત્યાગી તથા યવન-વધના મહાવ્રતને ભૂલીને આનંદોત્સવમાં મતવાલ બની ગયા છે! રાજપૂતાનાના લગભગ સર્વ રાજકુળની રમણીઓ આજનાં લગ્ન મહાલવાને આવી પહોંચી છે. જોધપુરની રાજમહિષી અરુન્ધતી દેવી પણ માતૃ-મંદિરની સ્ત્રીઓને લઇ ત્યાં આવી પહોંચ્યાં છે. આજે નરનારી સર્વના મુખ-મંડળ પર આનંદ આનંદ છવાઇ રહ્યો છે. કેમળ એક ન-વીન સંન્યાસિની આજના આ આનંદ-કોલાહલમાંથી છૂટી પડી ઘણે દૂર એકલી છેક નદી-કિનારે બેઠી બેઠી આંસુ સાર્યા કરે છે. તેનાં આંસુઓથી ભીંજાએલું ગેરૂઆ રંગનું વસ્ત્ર કમનીય કનકલતા જેવા તેના દેહથી દૂર થઇ ઉડી રહ્યું છે! તેના વિખરાએલા વાળ અનાદરથી આમ તેમ દેહલતાની આસપાસ જથરપથર પથરાઇ રહ્યા છે. તેનાં નીલોત્પલ જેવાં નયનમાંથી જળધારા એક સરખી વહી

રહી છે. પાઠકગણુને જણાવવાની જરૂર નથી, કે એ તપસ્વિ-
ની કોણ છે ! હા ! ખેડુ–કુમાર ! તમે એક વાર રાજાધિ-
રાજના કુમારને વેશે અંબર–રાજનન્દિની સમક્ષ આવી
ઉપસ્થિત થઇ જતા તો ?

મંદિરની સામે કુસુમની માળાઓ અને સ્તબકદામ
શોભિત તોરણ બાંધવામાં આવ્યું છે. એની એક બાજુએ
કુમાર અમરસિંહનો તંબુ અને બીજી બાજુએ સ્ત્રીઓનું
અંતઃપુર છે. પ્રદોષકાલ થતાં કેટલીક રમણીઓ ત્યાં એક-
ત્રિત થઇ. તેમના હાથમાં કુસુમનાં ધનુષ અને કુસુમનાં
બાણ હતાં. તોરણની બીજી બાજુએ રાજપુરુષગણ સૈનિક
પોશાકમાં અને સોનાનાં બખ્તરમાં સુસજ્જ થઇ સુવર્ણનાં
ધનુષ્ય અને સુવર્ણનાં તીર લઇ કુમાર અમરસિંહની પાસે
આવી ઉભો હતો. સૌની આગળ કુમાર વિજયપાલ ઉભા હતા.
અંબરમાં બહુ દિવસોથી એવો રિવાજ પ્રચલિત છે, કે
પાણિગ્રહણનો ઉત્સવ થતા પહેલાં વરવાળાઓને કુસુમા
યુધવાળી રમણીઓની સાથે યુદ્ધ કરી અંતપુરમાં પ્રવેશ
કરવો પડે છે. આ અપૂર્વ નરનારીના સંગ્રામમાં એક
બાજુના સેનાપતિ વિજયપાલ છે, અને બીજી પાસે વિ-
લાસકુમારી છે ! નારી–સેનાપતિ વિલાસ કુસુમવર્મથી સુ-

શોભિત થએલી હતી. આરંભમાં તે પુષ્પના ધનુષ્યમાં પુષ્પ-બાણુ સાંધી આગળ વધી. વિજયપાલ પણુ પુરુષોની સાથે કંઇક આગળ વધી ગાવા લાગ્યા !

પુરુષોનું ગાન સંપૂર્ણુ થયા પછી રમણીમંડળે પણુ એક મનમોહકર ગીત ગાયું. એ પછી વરવર્ગે તલવાર મ્યાનમાં મુકી દીધી; ધનુષ્ય-બાણુ જમીન પર ફેંકી દીધાં; અને સ્ત્રીઓ સમક્ષ હાથ જોડી કહ્યું: “ સુંદરીગણુ ! અમે તમથી હાર્યા ! અમે હાથ જોડી પ્રાર્થના કરીએ છીએ, કે અમને રસ્તો આપો. ! ”

અચાનક એ આનંદ-કોલાહલ અને નરનારી-યુદ્ધની મધ્યમાં કોઇના રડવાનો ભયંકર અવાજ સંભળાયો ! એક રમણી ઉચ્ચ સ્વરે રુદન કરતી કરતી આવી કહેવા લાગી: “ હાય હાય ! સત્યાનાશ વળી ગયું ! દોડો, તમે સર્વ જલદી દોડો ! રાજનન્દિની અંબાલિકાએ નદીના પ્રવાહમાં ઝંપાપાત કર્યો છે ? ”

આનંદ-કોલાહલ એકાએક શાંત થઇ ગયો ! નરનારીઓનું યુદ્ધ વચ્ચેથીજ બંધ થઇ ગયું ! પ્રેમ-કોલાહલ વિષાદના હાહાકારમાં પરિણામ પામ્યો ! સર્વ હાહાકાર

કરતાં નદી-કિનારે દોડી ગયાં. જ્યાં રાજનન્દિની અંબાલિકા કૂદી પડી હતી, તે સ્થળ પેલી સ્ત્રીએ આક્રંદ કરતાં કરતાં બતાવ્યું. તરંગિણી સુધાંશુને હૃદયમાં લઇ કલકલ ધ્વનિ કરતી નાચી રહી હતી. રાજનન્દિનીનો કશો પત્તો ન મળ્યો! હા! રાજનન્દિની! હા! અંબાલિકા! એવો રુદન-ધ્વનિ ચોતરફ પ્રસરી રહ્યો!

પરિચ્છેદ છઠ્ઠો.

ભારતની રમણી.

નાથદ્વારાથી અડધોએક ગાઉ દૂર બનાસ નદીના લતા અને પાંદડાંઓથી ઘેરાએલા નિર્જન ઉપવનમાં આપણા ચિરપરિચિત પેલા વૃદ્ધ મુસલમાન ફકીર બેઠા છે. તેમના ખોળામાં અંબાલિકાનું માથું છે; અને તે અચેતન દશામાં છે. સામે ઉભી ઉભી વિલાસકુમારી આંસુ ઢાળી રહી છે. ફકીરે કહ્યુંઃ “બેટા! રડ નહિ; ભગવાનની ઇચ્છા પરિપૂર્ણ થવા દે!”

વિલાસકુમારીએ ડસકાં ખાતાં ખાતાં હાથ જોડી કહ્યું: “ ગુરુદેવ ! આ જીવનની આશા કૃપા કરી પરિપૂર્ણ કરો; અને અંબાલિકાનો જીવ બચાવો.”

“ બેટા હજુ પણ મને સમજ પડતી નથી, કે તું અત્યંત બુદ્ધિમતી છતાં આવું મૂર્ખાઇ ભરેલું કાર્ય તારે હાથે કેવી રીતે થઇ ગયું ! તેં આટલા દિવસ સુધી જાણવા છતાં અંબાલિકાને કુમાર અમરસિંહનો ખરેખરો પરિચય કેમ આપ્યો નહિ ? જો તેં ખરૂં ઓળખાણ આપી દીધું હોતે, તો આજે આ જે ભીષણ દૃશ્ય જોવા વારો આવ્યો, તે કદાપિ આવતે નહિ. ખરેખરજ શું તું અંબાલિકા સાથે અમરનાં લગ્ન થએલાં જોવા ઇચ્છે છે ? ”

વિલાસકુમારીએ રડતાં રડતાં ઉત્તર આપ્યો: “ હા ! દેવ ! આટલા દિવસો પછી શું આપને મારી વાતમાં વિશ્વાસ આવતો નથી ? આ અભાગિનીના મનમાં એમ હતું, કે લગ્ન સમયેજ અંબાલિકા પોતે મનમાં માનેલા ખેડુ-કુમાર તે અમરસિંહજ છે એમ જાણશે, તો તેના આનંદનો અવધિ રહેશે નહિ; અને તે સર્વ દુ:ખ ભૂલી જશે. મારા મનમાં તો મોટી આશા હતી, કે અચાનક નવ-દંપતીને સુખ-સાગરની લહેરે ઝીલતાં જોઇ હું કૃત-

કૃત્ય થઇશ ! હાય ! ગુરુદેવ ! આ અભાગિનીની એટલી આશાએ દૈવ પરિપૂર્ણ નહિ થવા દે ? દેવ ! આ ક્ષુદ્રબુદ્ધિ બાલિકાનો અપરાધ ક્ષમા કરો, અને આ બાલિકાને જીવન-દાન આપો. બોલો, ગુરુદેવ ! બોલો. આપ ઉત્તર આપતા નથી તેથી મારૂં હૃદય ફાટી જશે ! આ ચિરદુઃખિનીની આ જીવનની એટલી એક માત્ર વાસના છે, તે પરિપૂર્ણ નહિ કરો ? ”

“ બેટા ! ગભરા નહિ. તારી સખીના જીવનમાં હવે કશી આશંકા રાખીશ નહિ. વિધાતાના મંગલમય આદેશથીજ હું યોગ્ય સમયે ત્યાં આવી પહોંચેલો. ”

વિલાસકુમારીએ હર્ષપૂર્વક કહ્યું: “ દેવ ! આજ્ઞા આપો, તો હું આ શુભ વર્તમાન મેવાડના રાજકુમાર અમરસિંહને સંભળાવું ! ”

“ જરા થોભ; તને મારે બીજી પણ કેટવીક વાતો પૂછવી છે, તે પૂછુંને જા. તારા સ્વામીની સાથે આ બાલિકાનાં લગ્ન થવાથી તો એ સદાને માટે તારૂં સ્થાન લઇ લેશે, અને તને પતિ-સુખથી વંચિત કરી મૂકશે. તારૂં ભવિષ્યમાં શું થશે, તે બાબતનો વિચાર કરતાં દુઃખથી મારૂં

હૃદય અત્યંત આકુલવ્યાકુલ થઇ રહ્યું છે ! વિધાતા ! અંતિમ સમયે શું મારા નસીબમાં આમ દુઃખજ લખ્યું હતું ? મેં આજે શું મારી આ પુત્રીતુલ્ય બાલિકાના સુખના ઉચ્છેદનું કારણ થઈ પડનારીને નથી બચાવી ? હાય ! ભગવાન ! ”

વિલાસકુમારીએ અત્યાર આગમચ કદાપિ ફકીરના મુખે આવાં નિર્બળતાભર્યાં વચનો સાંભળ્યાં નહોતાં. એણે તેમના આનંદમય મુખમંડળ ઉપર કદાપિ વિષાદ–વાદળીની છાયા જોઇ નહોતી ! ફકીરની આવી સ્થિતિ જોઇ તે ઘુંટણ ટેકવી બેસી ગઇ અને કરુણસ્વરે બોલી: “ ગુરુદેવ ! આપ તો અંતર્યામી છો. નારીઓની મનોવૃત્તિ શું આપથી ગુપ્ત રહી શકે તેમ છે ? કુમાર અમરસિંહ મારા સ્વામી છે, મારા આ જીવનના અધિષ્ઠાતા છે; મારા પરલોકના પણ અધીશ્વર છે ! મારા આ તુચ્છ પ્રાણ શું એમના કરતાં મારે વધારે છે ? આપ શું નથી જાણતા ગુરુદેવ ! કે એમના પગ નીચેના દર્ભાંકુરોને નષ્ટ કરી નાખવા માટે મારે મારા દેહનું રક્ત આપવું પડે, તોપણ મને અસીમ સુખ થાય તેમ છે. આશીર્વાદ આપો, કે મારા હૃદયેશ્વરનાં રાજનન્દિની અંબાલિકા સાથે લગ્ન થતાં જોઇ હું નારી સુખની પરાકાષ્ઠાએ પહોંચું. ”

ફકીર આકાશ તરફ દૃષ્ટિ કરી હાથ જોડી બોલ્યા, "હે દયામય ! આપજ જાણો છો, કે આ પાપતાપમય જગત્માં આ સુરસુંદરીને આપે શા અર્થે નિપજાવી છે !"

તેઓ કેટલાક સમય સુધી આંખો બંધ કરી ચિંતા કરતા બેસી રહ્યા; પછી કંપિત, મંદ, અને કરુણ સ્વરે બોલ્યા: " જા, દિકરી ! રાજનન્દિનીની જીવન-રક્ષણના શુભ સમાચાર કુમાર અમરસિંહને જણાવી આવ. આશીર્વાદ આપુ છું, કે દૈવ તારા મનોરથ સફળ કરે."

પરિચ્છેદ સાતમો.

રમણી-હૃદય.

નદીના કિનારે આવેલું નાનુંશું ઉપવન સૂર્યનાં પ્રાત:કાલનાં કિરણોના પ્રકાશથી મધુર હાસ્ય કરી રહ્યું છે ! સ્રોતસ્વિનીના કલ કલ રવથી અને પક્ષીઓના મધુર નાદથી બનાસના કિનારા પ્રતિધ્વનિત થઇ રહ્યા છે. ઉનાળાના દિવસોના પ્રભાતની ધીમી અને ઠંડી હવા કુસુમવાસથી

સુવાસિત થઇ આમતેમ રમતી રમતી આવી રાજનન્દિની અંબાલિકાની અલકલતા સાથે ગેલ કરી રહી છે. હજુ પણ અંબાલિકા તે નિર્જન વનમાં જમીન પર સૂતેલી છે. રાજકુમારી નિદ્રામાં સ્વપ્ન જોતી હતી, કે જાણે તે આ શોકતાપમય મર્ત્યલોકને છોડીને સુરલોકમાં આવી ગઇ છે; જાણે તે વિટપદલગુંજિત, અપ્સરાના કણ્ઠથી વિનન્દિત, મુક્તા-લતા અને હીરક-કુસુમથી સુશોભિત સુરલોકના અનિન્ધશ્રી ભ્રમરોના મધ્ય ભાગમાં ફકીર સ્વર્ગીય રૂપથી દેવ-સમાજને ઉજ્જવલ કરી રહ્યા છે. અંબાલિકાને દેખતાંજ જાણે ફકીરે ધીમે, મીઠે સ્વરે કહ્યું: “ આવ બેટા ! અહિં વિષાદ નથી, વૈષમ્ય નથી, અને વર્ણભેદ નથી. અહિં નાના અને મોટા, ધની અને દરિદ્ર, રાજા અને રંક, સર્વનો અધિકાર સમાન છે ! ” જાણે અંબાલિકાએ દીર્ઘ નિઃશ્વાસ મૂકી મનમાં ને મનમાં કહ્યું: “—તો પાપ-પૃથિવીનો પરિ-ત્યાગ કરી મારા ખેડુ-કુમાર આ શાંતિ-નિકેતનમાં કેમ નહિ આવતા હોય ? જાણે ફકીરે રમણી-હૃદયના મીઠા ભાવને સમજી જઇ મંદ મંદ હાસ્ય કરતાં કહ્યું: “ આ જો, બેટા ! પાપી નરક-લોકનો પરિત્યાગ કરીને ખેડુ-કુમાર પણ આ આનંદ-ધામમાં આવી પહોંચ્યા છે! રાજ-નન્દિનીએ જાણે આશ્ચર્યપૂર્વક જોયું, કે દેવતાઓ જેવા

સુંદર વેશમાં ખેડુ-કુમાર તેમની સામેજ ઉભા છે. જાણે રાજનન્દિનીએ આશ્ચર્ય, વિષાદ, અને અતિમાનથી ખેડુ-કુમારનો તિરસ્કાર કરતાં કહ્યું: "તમે આટલા દિવસ સુધી મને આ આનંદ-ધામમાં કેમ ન લાવ્યા? જાણે ખેડુ-કુમારે એમને પગે પડી વારંવાર એમના પગ ચૂમતાં કહ્યું: "ક્ષમા કરો, રાજનન્દિની! આ જીવનમાં ફરી કદાપિ તમારો પરિત્યાગ નહિ કરૂં."

એકાએક અંબાલિકાની ઉંઘમાં ભંગાણ પડી ગયું; અને સ્વપ્ને સમાપ્ત થઇ ગયું! તેણે સ્વસ્થ થઈ ઉંચું જોયું. શું દેખાયું?—રાજાધિરાજના વેશમાં ખેડુ-કુમાર ખરેખરજ તેના ચરણ પાસે બેઠેલા છે! તેણે કહ્યું: "ક્ષમા કરો, રાજનન્દિની! આ જીવનમાં ફરી તમારો કદાપિ પરિત્યાગ નહિ કરૂં!"

અંબાલિકાએ એક વાર આંખો બંધ કરી દીધી. વળી થોડી વારમાં આંખ ઉઘાડી જ્ઞાનશૂન્ય પેઠે તે પ્રેમમય, અમૃતમય મુખમંડળ જોવા લાગી! કુમારે રાજકુમારીના ચરણ ચૂમતાં કહ્યું: "ક્ષમા કરો, રાજનન્દિની!"

રાજકુમારીએ ક્ષીણ સ્વરે ધીમે ધીમે કહ્યું: "તમે

અહિં ક્યાંથી આવ્યા ? તમારો આ ઠાઠ શો ? તમે શી વાતની માફી માગો છો ? તમે મારો શો અપરાધ કર્યો છે ? હું તમારી વાતમાં કંઇએ સમજતી નથી !"

ખેડુ-કુમારે ઉત્તર આપ્યો: "તમને આટલા દિવસ સુધી કહ્યું નહોતું, અંબાલિકા ! કે હું મેવાડનો રાજકુમાર અમરસિંહજ છું !"

રાજકુમારી કેટલીક વાર સુધી ગુપચુપ એકીટશે અમરસિંહ સામે જોઇજ રહી; અને પછી તેણે પૂછયું: "ત્યારે તમે આટલા દિવસ સુધી—"

અંબાલિકા આગળ કશું બોલી શકી નહિ. તેનો કંઠ રુંધાઈ ગયો; આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી. અમરસિંહે એક હાથ ગળામાં નાખી બીજે હાથે અંબાલિકાનું વદન પકડી તેનાં જલભર્યાં નયનોનું એક વાર ચુંબન કર્યું ! અચાનક અંબાલિકાના ક્ષીણ દેહમાં જાણે ભૂત આવ્યું હોય, તેમ તે ઉઠી ઉભી થઇ, અને અમરસિંહનો હાથ ખસેડી નાખ્યો. તેનું પાંડુવર્ણું મુખમંડળ લાલ થઈ ગયું, નયન-યુગલ રાતાં ને જલપૂર્ણ થઇ ગયાં, ને અધર કંપવા લાગ્યો. આંસુભરી આંખે તેણે કહ્યું: "જાઓ, તમે બડા નિષ્ઠુર છો; તમારૂં હૃદય પાષાણમય છે. આટલા દિવસ

સુધી તમે ખરી વાત મારાથી કેમ છુપાવી? જાઓ, તમે લગારે ક્ષમાયોગ્ય નથી. જાઓ, હવે મને ન અડશો!"

અમરસિંહ ફરી તેને પગે પડી, તેના ચરણ પકડી કહેવા લાગ્યાઃ "રાજનન્દિની! રાજનન્દિની! મારી પહેલાંની બધી વાતો સાંભળશો, તો જરૂર તમે મને માફ કરશો. જનનીની આજ્ઞાથીજ આટલા દિવસ સુધી માતૃ-મંદિરના પહાડી કિલ્લામાં હું ખેડુ-કુમાર વેશે રહ્યો હતો!"

અંબાલિકા કુમાર સામે જોઈ રહી; કુમાર અંબાલિકા સામે જોઈ રહ્યા! બંનેનાં નયન મળ્યાં, ઢળ્યાં! હૃદયમાં લોહી વેગભર વહ્યાં!

એટલામાં ઉપવનના એક ખુણામાં આવી રહેલા કદંબ વૃક્ષને ઓથેથી કોણ જાણે કોણે લલકાર માર્યોઃ—

"સખી! તે કેશિમથન મુરારિ
મેળવ મદનમહોન્મત્ત મુજ શું રસબસ
કુંજવિહારી—સખી!"

વિલાસકુમારી ગીત ગાતી હસતી હસતી નવ-દંપતીની પાસે આવી ઉભી રહી. અમરસિંહ ઉઠી ઉભા થઈ ગયા!

અંબાલિકાએ ચોંકીને પોતાનાં જલભર્યાં નયન ઘુંઘટમાં છુપાવી દીધાં !

વિલાસકુમારી હસતી હસતી તાલ બજાવતી ગાવા લાગીઃ—

"પ્રથમ સમાગમની મુજ લજ્જા મધુર વચનથી હરંતા;
મરકલડું કરી મંદ હું વદતાં................"

અંબાલિકાએ સત્વર તેની પાસે દોડી જઈ હાથ વડે તેનું મુખ બંધ કરી દીધું ! આખરે તે બોલીઃ "અલિ વિલાસ ! તું તો બડી નિર્લજ્જ જણાય છે ને ! "

વિલાસકુમારીએ બેઉ-કુમાર તરફ હસતાં હસતાં કટાક્ષ કર્યો, અને કહ્યું:

"એમ તો ખરેસ્તો રાજનન્દિની ! "

પરિશિષ્ટ.

ફકીરે દુર્ગાદાસને જે વાત કહી હતી તેજ થઈ. થોડાજ દિવસમાં તેમણે કુમાર અજીતસિંહને જોધપુરના સિંહાસન પર બેસાડી યવન-યુદ્ધની પરિસમાપ્તિ કરી. મેવાડના મહારાણાએ અતિ આદરપૂર્વક અસીમ ગુણશાળી

વીર રાઠોડ-સેનાપતિને પોતાની રાજધાનીમાં તેડી આણી રાખ્યા. ઇતિહાસજ્ઞ પાઠકોને વિદિતિજ હશે, કે દુર્ગાદાસની આખીની જિંદગી મેવાડ-રાજધાની ઉદેપુરમાંજ વ્યતીત થઈ હતી. અમરસિંહ મેવાડની ગાદીએ બેઠા પછી તેઓ વીર દુર્ગાદાસને ઉદેપુરના રાજ-કોષમાંથી ખર્ચ પેટે રૂપિઆ પાંચસો રોકડા પ્રતિદિન આપતા હતા !

અમરસિંહના વિવાહોત્સવને દિવસે વિજયપાલે મનમાં ને મનમાં કલ્પના કરી હતી, કે એવાજ સમારંભથી તેઓ પોતે પણ એક બીજું લગ્ન કરશે. તેમના કહેવાનો મર્મ સમજી સ્ત્રીઓ તેમની પુષ્કળ ઠઠ્ઠા કરવા લાગી ! પરંતુ કાળાપહાડે તેમની જરાએ દરકાર ન કરતાં પોતાની એ પ્રતિજ્ઞા સંપૂર્ણ કરી એક મહિના પછી ચંદાવત સેનાપતિની કન્યા ઐલવિલાસ સાથે તેમનાં લગ્ન થયાં. તેઓ પોતે ઉ-દેપુર જોધપુર વગેરે સ્થાનોમાં ફરી સર્વને જાનમાં સાથે તેડી ગયા. !

અંબર-રાજનન્દિનીનાં લગ્ન થયા પછી ત્રણજ દિવસમાં ફકીરે માનવ-લીલા સંકેલી લીધી. અમરસિંહની આજ્ઞાથી અરવલ્લી પર્વત ઉપર માતૃ-મંદિરની નજીકમાં

તેમનો પવિત્ર દેહ દફનાવવામાં આવ્યો, અને એમની કબર ઉપર એક મોટો પથ્થરનો સ્મરણ-સ્થંભ ઉભો કરવામાં આવ્યો. આજ પણ તે સ્થાન સમાધિ-મંદિરના નામથી મશહુર છે.

લગ્નોત્સવ સંપૂર્ણ થયા બાદ વિલાસકુમારીને ફરી કોઇએ ન જોઈ. કેટલાક દિવસ પછીજ અમરસિંહ તથા અંબાલિકાને ખબર પડી કે વિલાસ અભાગી સોલંકી-સેનાપતિ વિક્રમસિંહની પુત્રી દેવયાની અને અમરસિંહની પરિણીત સ્ત્રી છે. તેમને એમ સમજતાં વાર ન લાગી, કે એ દેવ-રમણીએ કેવળ તેમના સુખને માટે પોતાના આત્માનું બલિદાન આપ્યું હતું ! અમરસિંહે ઘણા દિવસ સુધી જુદાં જુદાં સ્થાનોમાં વિલાસકુમારીની તપાસ કરાવી; પણ તેનો કંઈ પત્તો લાગ્યો નહિ.

ત્રણ વર્ષ વીત્યા બાદ એક દિવસ અમરસિંહ અંબાલિકાને સાથે લઈ ફકીરનું સમાધિ-સ્થાન જોવા ગયા હતા. નોકર ચાકરોને દૂર મૂકી, તે બંને એકલાં સંધ્યાકાળ પછી તે પવિત્ર સમાધિ-સ્થાનમાં આવી પહોંચ્યાં. સહસા તે પહાડ ઉપરના નિર્જન સ્થળમાં કોઈના ગીતનો ધ્વનિ સંભળાયો ! આગળ વધતાં તેમને જણાયું, કે એક શુભ્રવસન-

વાળી, છુટા કેશવાળી રમણી સ્મરણ-સ્થંભની પાસે ઉભી ઉભી ગીત ગાઇ રહી હતી. તે બંને પાસે જઇ પહોંચ્યાં, એટલે તેમને જણાયું, કે તે રમણી બીજી કોઇ નહિ; પણ વિલાસકુમારીજ હતી ! તે નિર્જન કૌમુદી-વિધૌત શૈલ-શૃંગ પર પવિત્ર સમાધિ-સ્થંભની સામે ધ્વંશાવિશેષ માતૃ-મંદિરના પત્થરોના ઢગ પર ઉભી રહી દૈવી રૂપથી દિશા-દિશાઓને પ્રકાશિત કરતી સુર-સુંદરી વિલાસ ગાતી હતી કે:-

"ધૂમકેતુવત વિકટ કુટિલ તરવારે મરડી
મ્લેચ્છસમૂહ વિદારે;
જય કેશવ કલ્કીરૂપ ! જય જગદીશ હરે ! "

સમાપ્ત